વિશ્વધર્મ-ઇસ્લામ.

અલીમોહમ્મદ સાજન.

VA૫

વિશ્વધર્મ-ઈસ્લામ.

ભાગ ૧--૨

કર્તા

વલીમોહમ્મદ સી. મોમિન.

માણાવદર-(કાઠીયાવાડ)

પ્રગટ કર્તા

નિઝામુદ્દીન એ. કુરેશી.

પાચપટી-અમદાવાદ.

આવૃત્તિ પહેલી — પ્રત ૧૦૦૦

સને ૧૯૨૪ — હિજરી ૧૩૪૨

કીંમત ત્રણ રૂપીયા.

આફ્રીકા ખાતે પોસ્ટેજ સાથે શી ૬

આ ચોપડી "ધી અમદાવાદ ફાઈન આર્ટ" પ્રિ પ્રેસમાં
સુલેમાન ઈબ્રાહીમે છાપી-જુમામસ્જીદ સામે
અમદાવાદ.

અર્પણ પત્રિકા.

મારૂ

આ પુસ્તક

દીલ્હીવાલા પ્રખ્યાત

મહાન સુફી અને ઉર્દુ

ભાષાના અજોડ લેખક

જનાબ મુસવ્વિરે ફિતરત

હઝરત ખ્વાજા હસન નિઝામી સાહેબ

ને તેમની અપાર ઇસ્લામી સેવાઓ

ની યાદમા ખરા

અંતઃકરણ પુર્વક

અર્પણ કરતા

આનંદ

પામું

છુ

સેવક,

વલીમોહમ્મદ મોમિન.

અનુક્રમણિકા

પ્રસ્તાવના.

ઇસ્લામ—જે આ લોક અને પરલોકની સલામતીનો વિશ્વ સદેશ છે જેના શિક્ષણમા સ્વાભાવિકતા અને સમાનતા છે, જે સલાહ અને શાતિનો પ્રસારનાર છે, તેના વિષે ગુજરાતી ભાષામા કેટલુક અજવાળુ પાડવાનો આ અલ્પ પ્રયાસ છે

ઇસ્લામના મુખ્ય મુળતત્વોનુ સ્વરૂપ એક કપોળ કલ્પિત કિસ્સામા ગુથવામા આવ્યુ છે જો કે તે કલ્પિત કિસ્સો છે તો પણ ઇસ્લામી શિક્ષણના સત્યોથી ભરપુર કિસ્સો છે એમ વાચનારને ખાત્રિ થયા વિના રહેશે નહી આવા સત્યો કલ્પિત કિસ્સામા ગુથાવાય એ કરતા જુદા જુદા વિષયોના રૂપમા ચર્ચાવાય એ તેની મહત્તાને વધારે યોગ્ય હતુ તોપણ કિસ્સામા રહેલી સત્યોની ગુથણી વધુ રસિક નિવડી સામાન્ય રીતે વધારે વચાય છે એ માટે એ રીત ગ્રહણ કરવામા આવી છે

આ દેશમા વસ્તી હિદુ અને મુસ્લિમ પ્રજાઓ એક બીજાના આશયો–ઉદ્દેશોથી વાકિફ થઇ–એક બીજા કેટલી હદ સુધી સલાહ સપની ખાતર છુટછાટ મુકી શકે છે એ સમજી આગળ વધે અને ભ્રાતૃભાવની સાધના સરળતાથી આવે એ મુદ્દો આખા કિસ્સામા ખાસ નજર આગળ રાખવામા આવ્યો છે

કિસ્સાની શરૂઆતમા પ્રજાકિય ધર્મોને પોતાના ધર્મો રજુ કરવાની છુટ આપવામા આવી નથી એમ વાચનારને

કદાચ લાગશે, પણ તે જેમ જેમ વાચતો જશે તેમ તેમ જોઇ શકશે કે ઇસલામના જે મુદ્દાઓ રજુ કરવામા આવ્યા છે તે મુદ્દાઓના મુકાબિલામા અન્ય ધર્મિઓના તેવા મુદ્દાઓ વિષે તેમને વાદવિવાદ અને તકરારની પુરી તક આપવામા આવેલી છે

જ્યારે પહેલામા ધર્મ ચર્ચાનો ભાગ વિશેષ છે ત્યારે બીજા ભાગમા તે ચર્ચાનુ વ્યવહારિક સ્વરૂપ એક કલ્પિત કથામા ઉતારવામા આવ્યું છે ધર્મના સપ્રદાયો વિષેની તકરારો કરતા માત્ર ઉચ્ચ ચારિત્ર અને ઉંચ આચરણ વધારે આકૃષક અને મન જીતનાર હોય છે એ દેખાડવાનો એમા પ્રયત્ન રહેલો છે

મુળ લખાણમા તેના સર્વ આશયો-ઉદ્દેશો અને રહસ્ય સમાઇ-ચર્ચાઇ જતા હોવાથી એ વિષે અહી વધુ લખવાનો પ્રસગ રહેતો નથી એટલે હુ મ્હારા પ્રયાસમા કેટલો સફળ થયો છુ એ જોવાનુ વાચકોની મુનસફી ઉપર રાખુ છુ

છેવટે મારે કહેવુ જોઇએ કે મારા ભાઇ સમાન સ્નેહી મી૦ નિઝામુદ્દીન કુરેશીના આગ્રહથી આ વિષય લખવામા આવ્યો અને તેમના પ્રયાસથીજ પુસ્તક રૂપે પ્રગટ થયો તેથી હુ તેમનો આભાર માનુ તો તે યોગ્યજ લેખાય, પણ તેમની અને મારી વચ્ચેની ઐક્યતાના કારણે આવા જાહેરી વિવેકની આવશ્યકતા જણાતી નથી વસ્સલામ

મુમતાઝ મનઝિલ.
ઝોરાવર બાગ-માણાવદર
(કાઠીઆવાડ)

વલીમોહમ્મદ સી. મોમિન.
(અમદાવાદી.)

૪૮૫

વિશ્વધર્મ-ઇસ્લામ:

ભાગ ૧ લો.

વલીમોહમ્મદ મોમિન.

VA૫

વિશ્વ ધર્મ-ઇસ્લામ.

વિશ્વ ધર્મ મંડળની સભા

એક દિવસ સાંજના હુ કલ્પનાપુરીમા જઇ ચઢયો ત્યા વિશ્વધર્મ મંડળની સભા ભરવાના મોહટા મોહટા જાહેરનામાઓ વાચવામા આવ્યા ગતનો વખત હતો વખતસર પહોચ્યો મી૦ વિશ્વપ્રેમી પ્રમુખસ્થાને બિરાજી ભાષણ માટે ઉભા થયા હતા, જગ્યા સારી મળી જવાથી અક્ષરે અક્ષર સાભળી શકયો તેમણે કહ્યુ –

"ભાઇઓ! આ સ્થાન અને માન માટે આભાર માનુ છુ મને લાબા ભાષણોમા આસ્થા નથી મુદ્દાસર વાત રજુ કરી માહોમાહે ચર્ચા કરવા જેટલો વખત તમોને તરત આપીશ આજે જગતની–આ રમણીય સૃષ્ટિની લિલાની શુ સ્થીતિ છે? જયા એકતાના મધુર સ્વર સભળાવા જોઇએ જ્યા સલાહ અને શાતિના વાજીત્ર વાગવા જોઇએ, જયા પ્રેમ અને ભાતૃ ભાવની ઉર્મીયો ઉછળવી જોઇએ ત્યા એક બીજાના ગળા કપાઈ લોહીની નદીયો વહે છે કેટલો ભયકર દેખાવ! કેવો ત્રાસદાયક અનુભવ! આવી દશા ઉત્પન્ન થવાનુ કારણુ? હુ તો સમજયો છુ કે માત્ર સ્વાર્થ સ્વાર્થ શાથી ઉત્પન્ન થાય છે? અજ્ઞાનતાથી કેમકે બીજાનુ નુકશાન કરી લાભ મેળવવાને સ્વાર્થ તરીકે અજ્ઞાનતાજ ઓળખે ને

છે પણ તે ખરો સ્વાર્થ હોતો નથી જે માણસ બીજાને નુકશાન કર્યા વગર કાઇ પણ દુખ દીધા વગર " જીવવુ અને જીવવા દેવુ " ના સિદ્ધાતે ચાલે છે તેજ પોતાનો ખરો સ્વાર્થ સાધે છે એવુ મારૂ માનવુ છે એકજ માબાપથી ઉતરી આવેલા, એકજ ભુમી ઉપર રહેતા, એકજ પ્રકારની સ્વાભાવિક જરૂરતો ધરાવતા આપણે આજે ભૂગોળના ભાગો વડે, જુદી જુદી ભાષાઓ વડે, જુદા જુદા સ્વાર્થ વડે અને જુદા જુદા ધર્મો વડે, જુદા જુદા તફાઓમા વ્હેચાઇ ગયા છીએ કારણ શુ ? સ્વાર્થ અને અજ્ઞાનતા આ સ્વાર્થ અને અજ્ઞાનતાનો નાશ કેમ થાય એ વિચારવાના હેતુથી આપણે અહી એકઠા થયા છીએ મે આ ઉપર ઘણો વિચાર કર્યો છે મને લાગ્યુ છે કે જ્યા સુધી માણસ પોતાના સ્વાભાવિક ધર્મ ઉપર-સ્વાભાવિક પ્રેરણા ધર્મ ઉપર ચાલતા નહી થાય ત્યા સુધી જગતનો ઉદ્ધાર નથી કારણ કે આ સ્વાભાવિક ધર્મ સર્વમા એક સરખી રીતે રહેલો છે આપણે આટલા બધા વ્હેચાઇ ગયા છીએ-એક બીજાને તીરસ્કારથી જોઇએ છીએ-કાળા ગોરાના ભેદનો ઈતિહાસ તૈયાર થઈ રહ્યો છે, છતા આપણી માણસ તરીકેની સર્વ જરૂરતો સામાન્ય છે ગોરાની જેમ કાળો જન્મે છે ને મરે છે, ખાય છે પીએ છે ને પહેરે છે-ડરાવે છે ને ડરે છે, આશાવત બને છે અને નિરાશ થાય છે, ત્યારે આ સર્વ જુદાપણામા પણ આ સામાન્ય એકપણાના લક્ષણ એક સામાન્ય સ્વભાવિક ધર્મને સુચવે છે આ સ્વાભાવિક ધર્મ માણસના પોતાના સ્વભાવમા સજ્જડ છપાએલો છે પરતુ તેના ઉપર હેતુસર અથવા સ્વાર્થથી અગર અજ્ઞાનતાથી આપવામા આવેલી કેળવણીના

પડળો ચઢેલા છે આ પડળો એક પછી એક ઉતારી નાખવામા આવે તો સ્વભાવિક ધર્મ પ્રગતી નીકળે કોઈ મહાત્માએ સત્ય કહ્યુ છે

All accidents reject, and essence take

"સત–તત્ત્વ ગ્રહી લ્યો અને સઘળી વધારાની ઉપાધિયો ત્યજી દયો" "આ સ્વભાવિક ધર્મની સ્થાપના સર્વને એક પ્રેમની ગાઠમા બાધશે, પ્રેમ જુઠા સ્વાર્થનો નાશ કરે છે સ્વાર્થનો નાશ સલાહ સપ અને શાતિને વધારે છે માટે ભાઈઓ, સર્વ ઉપાધિયો ત્યજી આ સ્વભાવિક સામાન્ય ધર્મ શોધી કાઢો અને તેનો પ્રચાર કરો, આ પ્રચાર કરવામા જેટલા ભોગ આપવા પડે તેટલા આપો, જેટલા સકટો ઉપાડવા પડે ઉપાડો કારણ કે તેમાજ જગતનો ઉદ્ધાર છે ભાઈઓ! મે મારો ઉદ્દેશ સમજાવ્યો છે હવે તમને માહો માહે સ્વભાવિક ધર્મના નિર્ણયની છુટ છે માટે વિવેકસર ચર્ચા શરૂ કરો"

આ રજા મળતા તરતજ મી૦ **ધર્મવિનાશી** ઉભા થયા, અને તેમણે કહ્યુ —

"કોઈપણ જાતના ધર્મમા મને આસ્થા નથી ધર્મ કાવા દાવા અને વૈર ઝેરનુ કારણ છે, સમાજમા સલાહ સપ અને શાતિ વધે, સમાજ સર્વના હિત ધ્યાનમા લઈ રચાય, અને 'જીવવુ અને જીવવા દેવુ'ના સિદ્ધાતે ચલાવાય એથી વધુ હુ કોઇપણ પદ્ધતી સ્વિકારતોજ નથી અમુક કાઈ માનવુ અને અમુક ન માનવુ એવી માન્યતાઓનો કાઈ ઉપયોગજ નથી ત્યારે મારા વિદ્વાન મિત્ર મી૦ **વિશ્વપ્રેમીને** વિનતી કરીશ કે વિશ્વ ધર્મ મડળના નિયમો ઘડાય અને તે નિયમો

આપણા હેતુ સાધનાર હોય એથી વિશેષ કાંઈ કરવાપણુ રહેતુ નથી કોઈપણ ધર્મના નામનો ત્િવકાર તો માન્ય રહેશેજ નહિ "

ધર્મ વિલાસી—વિશ્વ ધર્મ મડળના નિયમો બરાબર પાળવામા આવે તેની જામીનગીરી શુ લેવાશે ?

ધર્મ વિનાશી—જે નિયમ તોડશે તે મડળમાથી ડીસમીસ થશે અને મડળથી થતા લાભો અને ખાસ હકોથી નિર્ભાગી રહેશે

ધર્મ વિલાસી—પરતુ જો કોઇ માણુસ નિયમોને જાહેર પકડવામા ન આવે એવી ચતુરીની સાથે તોડે, બીજાઓ ન કળી શકે એવા કાવા દાવાઓથી નિયમોનો ભગ કરે અને તેથી મડળમા સડો પેશે એવા ભયથી મડળને બચાવવાની જામીનગીરી વિશે હુ પુછુ છુ

ધર્મ વિનાશી—(વિચારમા પડી) મડળમા દાખલ થનારો પ્રતિજ્ઞાથી બધાશે

ધર્મ વિલાસી—કોની પ્રતિજ્ઞા લેશે ? જ્યારે ધર્મની ભાવનાનોજ નાશ કરો છો ત્યારે કોના ભયથી તે નિયમ તોડતા રોકાશે ?

અહિં મી૦ **ધર્મ વિનાશી** ઘણા ઉચા નીચા થયા કાંઈ જવાબ સુઝયો નહિ

મી૦ **ધર્મ વિલાસીએ** આગળ ચલાવ્યું "માટે ધર્મની ભાવના જરૂરી છે, અને તે સર્વને માન્ય હોય, સર્વના સ્વભાવની સાથે હોય તેવી સ્થાપ્યા વિના ચાલશે નહિ કેળવણીથી, સગતથી, પ્રજાથી અથવા દેશથી દોરવાએલા માણુસ ગમે તેવો ધર્મ પાળતો હોય પણ તેનો સ્વભાવ

તેની પ્રકૃતિ તેની બનાવટ કર્તાને માને છે અને પોતાને તેનો જવાબદાર ગણે છે તેનાથી બીહે છે, તેનાથી લાભ પામવાની આશા રાખે છે જ્યા નિયમનો જાસુસ જઈ શકતો ન હોય, જ્યા સમાજનો ડર ન હોય, પકડાવવાનો સભવ ન હોય ત્યા એવી જગ્યાએ કોઈ પણ અનિતિનું અથવા પાપનુ કામ કરતા જો કોઈ માણસ અટકતો હોય તો તે પોતાના કર્તાના ભયથીજ અટકે છે આ ભય તેના સ્વભાવની સાથેજ હોય છે તે તે ભયના અવાજને ગણકારે નહિ, દરકાર કરે નહિ, તે જુદી વાત છે, પણ જો તેના અત કરણનો નાશ થયો ન હોય, વારવારની બેદરકારી અને બેપરવાઈએ તે અવાજને ખામોશ કરી દીધો ન હોય તો તે તેવા સજોગોએ અનીતિથી નિયમોના ભગથી બચી શકે છે આ એક કર્તાને માનવુ, આ એક હાકિમને સ્વિકારવુ તેનાથીજ આશા રાખવી એ માણસનો સ્વભાવિક ધર્મ છે આ સ્વભાવિક ધર્મની સાથે માણસ જન્મે છે, જીવે છે અને મરે છે એથી વિશેષ જે કઈ ધર્મના નામે ચાલતુ હોય તે માન્ય ન હોય તેજ સત્ય છે, અને તેનોજ સ્વિકાર ઉદ્ધારક છે આ સિદ્ધાન્તનાજ પાયા ઉપર સમાજ રચાય તો સર્વ દુખોનો અત આવે ભ્રાતૃભાવ વધે અને ચારે તરફ શાતિ પ્રસરે

ધર્મ વિનાશી—હુ મારો અભિપ્રાય પાછો ખેચી લઉ છુ પરતુ જણાવવાની રજા લઉં છુ કે હુ સ્વભાવિક ધર્મ સ્વિકારીશ કોઈપણ પ્રજાનો દેશનો કે વ્યક્તિ*ના નામે ચાલતો ધર્મ કબુલીશ નહી કારણ કે આપણે આખા વિશ્વને અનુકુળ ધર્મ સ્થાપવો છે

*શખ્સ, માણુસ

ધર્મ વિલાસી—બેશક હુ તમારા મતને મળતો છુ જો તેમ કરવામા ન આવે તો આપણે આપણા હેતુનોજ નાશ કરીયે પરતુ હાલ જે ધર્મો પ્રચલિત છે તેમાથી કોઈ "સ્વભાવિક ધર્મ" આપણને મળી આવે તો મને ખાતરી છે કે નવો સ્થાપી ધર્મોની સખ્યામા વધારો કરવાના બદલે તેનેજ સ્વીકારી તેનેજ આગળ વધારવાના પ્રયત્ન કરવાનુ આપણે પસદ કરીશુ આમા આપણા મડળને ઘણા લાભ થશે, તદન નવો ધર્મ સ્થાપવામા આપણા મડળે સહુને તે મનાવવા આખી દુન્યા વિરુદ્ધ જુમ્બેશ ચલાવવી પડશે અને જો આપણને એવો કોઈ ધર્મ-જે આપણને માન્ય હોય, તૈયાર મળી આવે તો તે ધર્મના સર્વ અનુયાયીઓને આપણા પક્ષમા લઈ શકીશુ આવી રીતે આપણા મડળના સભાસદોની ગણતરીની સખ્યામા પ્રથમથીજ અગણિત વધારો થશે

ધર્મ વિનાશી—તેવો સર્વને સામાન્ય ધર્મ-સ્વભાવિક ધર્મ હોય તેવુ હુ માનતોજ નથી, અને જો હોય તો તેના અનુયાયીઓ આપણામા ભળશે એની ખાતરી શી ?

ધર્મ વિલાસી—આપણે દરેક ધર્મની ગવાહી તપાસીશુ જો તેવો કોઈ મળશે તો તેનો સ્વિકાર કરીશુ **આપણે સત્ય શોધવા નીકળ્યા છીએ —હિત સાધવા બેઠા છીએ. તેઓ આપણામા નહી ભળે તો આપણે તેમનામાં ભળશુ, માત્ર એવી સ્થીતિમા મિથ્યા અભિમાનનો ભોગ આપવો પડશે પરતુ ભોગ વિના સત્ય સધાતુ નથી.**

ધર્મ વિનાશી—મારા હ્રદયમા-અતકરણમા-દિલની

ઉંડાણુમા–મારા સ્વભાવમા–આપણા ઉપર કોઇ મહાન હાકિમ રાજ્ય કરે છે એવી શાહેદી ખચિત જોઉ છુ પરતુ સ્થાપિત ધર્મોની અધાધુધી, સ્વાર્થ પરાયણુતા, સકુચિત સ્થીતી અને ધર્મોના નામે ચાલતા કુસપો અને અન્યાયો જોઉ છુ ત્યારે મને ક્રોધ આવે છે અને તેથીજ હુ કોઇ ધર્મને ન માનતા ધર્મ વિનાશી કહેવાયો છુ હુ મેઢાની પેઠે અથવા આધળાની પેઠે દોરાવા માગતો નથી જ્યારે તેવો મહાન હાકિમ રાજ્ય કરે છે ત્યારે તેને પક્ષપાત શા માટે હોય? જ્યારે તે એકજ નિયમે સૃષ્ટિને ચલાવે છે ત્યારે તે ધર્મનો પણ એકજ નિયમ શા માટે ન સ્થાપે? **વળી સાપ્રત સમયમા જ્યારે પ્રજાઓનો વ્યવહાર એક થતો જાય છે ત્યારે તો એકજ ધર્મ હોવો આવશ્યક છે,** જ્યારે સર્વ પ્રજાઓ ઉપર તે એકજ હાકિમ છે અને તેની નજરમા સર્વ સરખા અને સમાન છે ત્યારે એક પ્રજાને તે સરસાઇ આપે અને બીજીને ઉતરતી રાખે તે તેને શોભે નહિ હુ આ વિષયમા ઘણો મકકમ છુ ધર્મના નામમા કે નિયમમા લગારે પક્ષપાત હોય અથવા લેશ માત્ર પણ સમાનતા વિરૂદ્ધ હોય તે સ્વિકારી શકુ નહી, મને તેવા ધર્મની અદરની ગવાહી અને શાહેદી જોઇશે બહારની ગવાહી અને શાહેદી કબુલ કરી શકીશ નહી"

અહી સુધી મી० **ધર્મ વિનાશી** બોલવા પામ્યા હતા કે સર્વે જણાએ 'હીય'ર 'હીયર'ના પોકારો કરી મુક્યા **મી० સત્ય શોધકે** ઉભા થઇ પ્રમુખને વિનતી કરી કે 'અહી ઘણા ધર્મના પ્રતિનિધિઓ હાજર છે તેમને પોતપોતાના ધર્મો રજુ કરવાની પરવાનગી મળવી જોઇએ"

પ્રમુખ–હુ ખુશીથી રજા આપુ છુ પણ જેમનો ધર્મ પ્રજાના, દેશના કે વ્યક્તિના નામથી ચાલતો હશે તેમની ગવાહી લેવાશે નહિ કારણકે અમે તો આખા વિશ્વને અનુકુળ હોય જેમા સમાનતા હોય, જના નામમા પણ કશો પક્ષપાત ન હોય તેવા ધર્મની ગવાહી ચાહીયે છીએ

એક સ્વામી–આ શરત કાઢી નાખવી યોગ્ય છે આવી શરતથી તો કોઈપણ ધર્મને પોતાની ગવાહી રજુ કરવાની તક મળશે નહી આર્ય બૌદ્ધ, ખ્રિસ્તી, યાહુદી, મોહમેડન, સર્વ પ્રજાકિય ધર્મો છે

પ્રમુખ–વિશ્વધર્મ મડળના સિદ્ધાત વિરૂદ્ધ હોઈ હુ તેવી પરવાનગી આપી શકતો નથી

સ્વામીજી લાચાર થઈ બેસી જાય છે અને કહે છે કે "મારો ધર્મ તેવા બાધ રહિત છે સસારની સર્વ ઉપાધિયો ત્યજી એકજ પ્રભુમા જીવ લગાડી રાતિમય થઈ પ્રભુમા લય પામવુ એથી વધારે ઉચો આશય બીજો હોઇ શકે નહિ'

એક જણ બોલી ઉઠે છ 'યોગીરાજ' બેશી જાઓ તમારૂ સ્થાન તો કોઇ પર્વતની એકાત ગુફામા હોવુ જોઇયે અહી તો સમાજને આગળ વધારવાના, સસારમા રહી કલ્યાણ કરનાર ધર્મની શોધ ચાલે છે" યોગીરાજ બેસી જાય છે

સભામા ગધાટ વધી પડે છે કોઈ કહે છે કે આ વાત નીકળી જવી જોઇએ, કોઈ કહે છે કે જેના ઉપર પ્રજા, દશ, ક વ્યક્તિના નામની છાપ ન હેય તેવો નિસ્વાર્થી ધર્મ તો ક્યાથી નીકળે? એટલામા એક મુસલમાન ઉભો થાય છે અને કહે છે —

"તમરી શરત મુજબનો ધર્મ હુ રજુ કરી શકુ છુ"

અવાજ આવે છે "નહી, નહી, તમે મોહમેડન છો, બેસી જાઓ, બેસી જાઓ" મુસલમાન બુલંદ અવાજે પુકારે છે "**હુ મોહમેડન નથી હુ મુસલમાન છુ, મને મોહમેડન તમે કહો છો, હુ પોતાને મુસલમાન કહુ છુ મુસલમાન કોઈ દેશ નથી, કોઈ જાત નથી, કોઇ પ્રજા નથી, જે ઇસ્લામી ધર્મને** માને તે મુસલમાન કહેવાય છે"

એક જણે ઉભા થઇ પ્રમુખને વિનતી કીધી કે 'ભરી સભામા એક મુસલમાનને આવી રીતે પરવાનગી મળે ત ખરેખર અમારા અપમાન સમાન છે"

પ્રમુખ–એવુ કાંઈ નથી, અમારી શરતો પ્રમાણે જે ધર્મ રજુ કરે તેને તેમ કરવાની છુટ છે, માન અપમાન જેવુ તેમા કશુ છેજ નહી અમારા મ ડળમા જાતી ભેદ તદ્દન નથી મીયા સાહેબ! તમે શરતો સાભળી છે, તે પ્રમાણે સિદ્ધ કરી શકો તોજ અમારો વખત લેશો નહી તો અત્યારથીજ બેશી જશો

મુસલમાન–મારા ધર્મનુ નામ ઇસ્લામ છે જે તે ધર્મને કબુલ કરે તે **મુસલમાન** છે, તે ધર્મનો સ્થાપનાર કોઇ માણુસ નથી તે તો આ જગતના એકજ કર્તાનો–જેના અસ્તિત્વની શાહેદી દરેકના મનની ઉંડાણમા હોય છે–સ્થાપેલો ધર્મ છે હઝરત મોહમ્મદ (સ૦) ની મારફત કર્તાએ શીખવાડયો છે અને તેનુ નામ ઈસ્લામ છે ઇસ્લામનો અર્થ ખુદાના કાયદાઓને આધિન થઈ શાત અને સલામત બનવાનો થાય છે જે માણસ ખુદાના કાયદાઓને આધિન રહી શાતિમય જીવન ગાળે છે તે સલામત રહે છે અને

મુસલમાન કહેવાય છે આ ધર્મના પાળનારાને મોહમેડન કે મોહમ્મદી એવુ નામ અપાયુજ નથી તે એકજ કર્તા, એકજ હાકિમ, એકજ માલીકને માનના-પુજવાનુ શીખવાડે છે હઝરત મોહમ્મદ (સ૦) ની પોતાની તરફથી કાંઈ પણ શીખવવામા આવ્યુ નથી, હઝરત મોહમ્મદ (સ૦) કોઇની પાસેથી અક્ષરે શીખેલા હતા નહી તેઓ ભણેલા હતા નહી તેઓ તો કર્તાનો સંદેશો લોકોને પહોચાડવા પસંદ કરવામા આવ્યા હતા તેઓએ પોતાના માટે એથી વિશેષ પદવી ધારણ કરેલી નથી એટલે આ ધર્મ હઝરત મોહમ્મદ (સ૦) ના પોતાનો ધર્મ નથી ખુદાએ શીખવેલો ધર્મ ઈસ્લામ છે તે કોઈ ધર્મનુ ખંડન કરતો નથી તે તો સર્વ ધર્મોના સત્ય તત્વોને માન્ય રાખે છે જે સત્ય તે અગાઉના પેગમ્બરોએ શીખવ્યુ હતુ તેજ સત્ય-સનાતન સત્ય શીખવે છે અગાઉના સત્ય શીક્ષકોને માન આપવાનુ ને માનવાનુ શીખવે છે

સત્ય શોધક-તમે જે કહો છો તેની સાબેતી શુ છે?

મુસલમાન-ભાઈ, ઈસ્લામનુ મહાન પુસ્તક કુરઆન જે અક્ષરે અક્ષર ખુદાની તરફથી ઉતરેલ છે અને અત્યાર સુધી સલામત છે તે વાચી જુઓ ઇસ્લામ ધર્મને સ્વાભાવિક કહેવામા આવ્યો છે હઝરત મોહમ્મદ (સ૦) એ ફરમાવ્યુ છે કે 'આ સ્વાભાવિક ધર્મ-ઇસ્લામ ઉપર બાળક જન્મે છે માત પિતા તેને સ્વાભાવિક ધર્મ ઉપરથી ખસેડી ખ્રિસ્તી યાહુદી બનાવી દે છે આંખ જવુ જુવે છે તેવુ જોવુ તેનો સ્વાભાવિક ધર્મ છે, પણ જો કોઈ માણસને ચારે તરફ પીળો રંગ હોય તેવી જગ્યાએ રાખવામા આવે અને પછી ત્યાથી ખસેડી લેવામા આવે તો પણ તે ઘણીવાર સુધી

પીળુજ જોશે તે પીળુ જોવુ આ બનો સ્વાભાવિક ધર્મ કહેવાશે નહી, તે તો ધારણ કરેલો ધર્મ કહેવાશે અથવા જ્યારે બાળક જન્મે છે ત્યારે તે સ્વાભાવિક રીતે પોતાની માતના સ્તનને ધાવવા વળગે છે પણ જો તેને માતાના સ્તનનુ દુધ પીવા દેવામા ન આવે અને શીશીના દુધ ઉપર ઉછેરવામા આવે તો તે માતાના સ્તનને ભુલી જઇ શીશીને વળગે છે માતાના સ્તનને વળગવુ તેનો સ્વાભાવિક ધર્મ કહેવાશે ત્યારે તેનુ શીશી તરફ વળવુ ધારણ કરેલો ધર્મ ગણાશે તેમ ઇસ્લામ સ્વાભાવિક ધર્મ છે કેળવણી અગર સગતથી બીજુ ધારણ કરવામા આવે તો તે સ્વભાવિક નહી પણ ધારણ કરેલુ ગણાશે ખુદાએ આ એકજ ધર્મ સર્વ વિશ્વને માટે પસદ કર્યો છે લોકો ન માને તે જુદી વાત છે તેના શિક્ષણમા કાઇ નાના મોટાનો ભેદ નથી, સર્વને માટે એક સરખુ શિક્ષણ છે **એકજ હકિમ અને એકજ મલિકના રાજયમા સર્વની સમાનતા છે** કોઇને વધુ ઘટુ હકો અપાયા નથી, આ સમાનતાનો જીવતો જાગતો દાખલો હુ પોતે છુ તમે બધા સાભળીને આશ્ચર્ય પામશો કે હુ જે આહી તમારી સમક્ષ મવલાનાનો ઝુબ્બો પહેરી ઉભો છુ **તે તમારા ગામના ઢેઢ જેને તમે નાથીઓ કહતા તેનો પુત્ર જેને તમે હરકો કહેતા તે છુ** ’

બધા સ્તબ્ધ થઇ જાય છે, કેટલાક ઉચી ગરદનો કરી તેને જુએ છે, કેટલાક ઘોઘાટ કરે છે કે સજ્જનોની આ સભામા ઢેઢને પેશવા દઇ મોટુ અપમાન કર્યુ છે પ્રમુખ તેમને વારે છે, ઘોઘાટ બધ કરવા હુકમ કરે છે, સર્વ ચુપ થઇ જાય છે મુસલમાન આગળ ચલાવે છે

"મારી દાઢી, ઝુબ્બો અને પાઘડીના કારણથી હુ ઓળખાતો નહિ હોઉ પણ મી૦ ધર્મ વિલાસી! યાદ છે? હુ તમને અડકી ગયો હતો તેથી તમે મને નેતરની સોટી વડે માર માર્યો હતો! તમે અમને કુવામાથી પાણી ભરવા દેતા નહિ, તમારા મદિરોમા જવા દેતા નહી, રસ્તામા મળતા તો અડકી જવાના ભયથી લુગડા સકેલી ચાલતા દુકારાથી બોલાવતા તેજ આજે હુ ઇસ્લામની બરકતથી હરકાનો મવલાના અબદુલ્લા બની તમારી સમક્ષ ઉભો છુ પેગમ્બરની વશના ઉચામા ઉચા લોકોની સાથે બેસી જમુ છુ, મસજીદમા મોટામા મોટા અમીરોની હારમા ઉભો રહી એકજ ખુદાને સઉની સાથ નમુ છુ મુસલમાનો મને માન આપે છે, હુ તેમને માન આપુ છુ, ઇસ્લામે મારા માટે આ દુન્યા સ્વર્ગસમી બનાવી દીધી છે હુ આ ગામમાથી એક ખ્રીસ્તી પાદરીની સાથે નાસી ગયો હતો તેણે મને શિક્ષણ આપ્યુ—મને ભણાવ્યો ગણાવ્યો અને સુરાચાર કર્યો, પણ તેને ત્યા સમનતા હતી નહી, તે મને સાથે જમાડતો નહી, તેના ચર્ચમા સાથે પ્રાર્થના કરવા દેતો નહી, દેશીઓને માટે જુદુ ચર્ચ હતુ, પણ મને તો એ પણ નણ હતુ તે ગામમા એક સૈયદ અલીશાહ નામનો ફકીર હતો, તેમની પાસે હુ જતો આવતો હતો તેમણે મને ઇસુખ્રિસ્ત ખુદાના બેટા નહી પણ પેગમ્બર હતા, તેમના ઉપર માત્ર આસ્થાથી નહી પણ અમલથી મુક્તિ થાય છે એ મર્મ સમજાવ્યો, વળી ઇસુખ્રિસ્તે આ દુન્યાથી જતી વખતે કહેલુ બાઇબલમા હાલ પણ લખાએલુ દેખાડયુ કે મારા પછી મહાન પેગમ્બર આવે છે, તે પોતાથી નહી પણ ખુદાના ફરમાનથી તમને બોધ કરશે, અને મારાથી

જે ઘણુ કહેવાનુ બાકી રહી ગયુ છે તે તે આવનાર પુર્ણ તમને શીખવશે, તમે તેનુ કહેવુ માનજો, શાહ સાહેબના આ શિક્ષણથી મારી આખ ઉઘડી, મને ઇસ્લામનો પરિચય થયો, હુ રંગાઇ ગયો અને ખ્રિસ્તીમાથી મુસલમાન થઇ ગયો, મુસલમાન થતાજ **અલ્લાહના સામ્રાજ્યમા-સમાનતામા દાખલ થયો.** આજે આખા મુસલમાન સમાજ તરફથી હુ સરખુ માન પામુ છુ શ્રીમાનો ! મે મારો કેસ રજુ કર્યો છે, હવે વિચારી કબુલવો ન કબુલવો તમારૂ કામ છે ’

પ્રમુખ સાહેબ જેઓ ઉડા વિચારમા ગરકાવ હતા તેઓ બોલ્યા, “ તમે મને કહી શકશો કે હઝરત મોહમ્મદ (સ૦) કયા અને કેવા ખાનદાનમાથી હતા ? ”

મુસલમાન—તેઓ અરબ દેશના ઉચામા ઉચા અને પવિત્રમા પવિત્ર ખાનદાન બની હાશમમાથી હતા, તેમનુ ખાનદાન નિતિમાન અને ન્યાયી ગણાતુ હતુ, પેગમ્બરી પદવીની પ્રાપ્તિ પહેલા હઝરત મોહમ્મદ (સ૦) સત્યવાદી અને પ્રમાણિક મનાતા હતા

પ્રમુખ—વારૂ ! કાઇ સસ્કૃતિ પામેલા સુશિક્ષિત અથવા સુધરેલા દેશ, અથવા કોઇ સસ્કૃતિ પામેલી સુશિક્ષિત અથવા સુધરેલી પ્રજા મારફત ખુદાએ ઇસ્લામનો સદેશ ન મોકલતા તે કાર્ય માટે અરબ જેવી પછાત પડેલી પ્રજાને અને અરબ જેવા નિર્માલ્ય અને શુન્ય દેશને શા માટે પસદ કીધો હશે ?

મુસલમાન—કર્તાની હિકમત સમજવાની મારામા શક્તિ નથી હુ તેવો આડબર કરી શકુ નહી તોપણ એટલુ કહી શકુ કે કદાચ ઇસ્લામની સમાજને સુધારવાની-ઉન્નતિએ

લાવવાની આગળ વધારવાની કેવી ચમત્કારિક શક્તિ છે જેના ઉપરથી તેનુ સત્ય હોવુ, સ્વાભાવિક હોવુ, અને સામાન્ય હોવુ સિદ્ધ થઈ શકે એ દેખાડવાની હિકમત હશે હઝરત મોહમ્મદ (સ૦) કોઇના શિષ્ય ન હતા—ભણેલા નહતા દુન્યાની મોટી મોટી ઐતિહાસિક સસ્કૃતિયોના પરિચયમા આવ્યા ન હતા, અરબ જેવા શુન્ય દેશમા જ્યા રેતીના રણ વિના અવલોકન કર્યા જેવુ કાઈ નહોતુ જન્મી ત્યાજ ચાલીસ વર્ષની વયે પહોચ્યા હતા આસપાસ અધમતા, મૂર્તિપુજા, નીતિ, જુલમ, વ્યહેવાર ભ્રષ્ટતા અને કુસપનુ વાતાવરણ પ્રવૃત્તિ રહ્યુ હતુ, લોકો એવી જડ અને મદબુદ્ધિના હતા કે એ અધમતામા ખુશ અને મગ્ન હતા, કોઇને તેવી નીચ સ્થિતિમાથી નીકળવાનો વિચાર કે ખ્યાલ પણ આવ્યો ન હતો, એવા સમયે હઝરત મોહમ્મદ (સ૦) ને ઇસ્લામનો સદેશ મળ્યો. આ સદેશ દેતાની સાથ આખો દેશ ખળભળી ઉઠયો, સગા સ્નેહીયો દુશમન બન્યા હઝરત મોહમ્મદ (સ૦) અનેક સકટો અને આફતો વચ્ચે પોતાના કર્ત્તા તરફથી મળેલી ફરજ બજાવવામા મક્કમ રહ્યા તેવીસ વરસમા આખો અરબ દેશ ઝુકી ગયો જે અજ્ઞાની, જાહેલ, નીચ હતા તે જ્ઞાની આલિમ ઉચ વૃત્તિના બની ગયા પછાત પડેલી—કોઈ પણ નીતિરીતી કે આચાર વિચાર વિનાની અભણ પ્રજા જોત જોતામા માત્ર આ સદેશના પ્રતાપે વિજળીના વેગે આગળ વધી એક સદીમા મહાન રાજ્યો સ્થાપ્યા પોતાની સસ્કૃતિની છાપ સજ્જડ બેસાડી જ્ઞાનવૃદ્ધિમા દુન્યાના ઉસ્તાદ બન્યા કળાકૌશલ્ય ખીલવ્યા અનેક વિદ્યાઓના શોધક બન્યા અને ઈસલામી સામ્રાજ્યની આણ બોલાવરાવી

આ સર્વ ઇસલામના પ્રતાપે થયું જો આ સદેશ આરબો જેવી પછાત પડેલી પ્રજા વિના કોઇ સુધરેલી પ્રજાને, ભણેલી ગણેલી પ્રજાને અથવા પુરાતન સસ્કૃતિની માલેક પ્રજાને આપવામા આવ્યો હોત અને તે પ્રજા વિશેષ આગળ વધત તો એમજ કહેવાત કે તે પ્રજા માત્ર ઇસ્લામના શિક્ષણના બળથી નહી પણ પોતાના પુરાતન સુધારા કે સસ્કૃતિના કારણથી-બળથી આગળ વધી છે સાહેબ ! હાલની સુધરેલી પ્રજા પોતાનો જુઠો અભિમાન ત્યજી, દુન્યાના કલ્યાણની ખાતર જો ઇસ્લામનો સદેશો કબુલ કરીલે, તો હુ ખાત્રીથી કહુ છુ કે આ મડળ જેવી રચના સર્વત્ર જોવા માગે છે તેવી રચના જોત જોતામા રચાય

પ્રમુખ—દુન્યાની જ્ઞાનવૃદ્ધિ માટે દુન્યાને ગુલામીના બધનોમા મુકત કરવા માટે ઇસ્લામે ઘણુ કર્યું છે એ હુ ઐતિહાસો ઉપરથી જાણી શકયો છુ

મુસલમાન—હુ અતિશ્યોકિતના ભય વિના કહી શકુ છુ કે આજે દુન્યામા સાયન્સની જે વૃદ્ધિ છે, સ્વતત્રતાની જે હવા પ્રસરેલી છે, સમાનતાનો જે વેગ છે તે સર્વ ઇસ્લામનો પ્રતાપ છે જ્યા સુધી મુર્તિપુજાનો નાશ થયો ન હતો ત્યા સુધી માણુસની બુદ્ધિ વિકાશ પામી શકી ન હતી, કેમકે મુર્તિપુજા માણુસની બુદ્ધિ માટે બેડીઓ સમાન છે જે વસ્તુઓથી સેવા લેવાની હોય તેની સેવા કરવાનુ મુર્તિપુજામા બને છે, મુર્તિપુજામા સ્વામી સેવકને પુજે છે માણુસ સૃષ્ટિનો સ્વામી છે સૃષ્ટિ સેવક છે મુર્તિપુજા આવી રીતે માણુસને ગુલામીમા રાખનાર હોઈ ઇસ્લામેજ તેના સામે પોકાર ઉઠાવ્યો અને માણુસના અતિમ હિતના

માટે તેનુ ખડન કર્યુ યુરોપના ખ્રિસ્તીઓની સ્થિતિ મુર્તિપુજકો કરતા કાઇ વધુ સારી ન હતી પાદરીઓએ તેમની બુદ્ધિને પોતાના કબજામા જકડી રાખી હતી યુરોપની મધ્ય કાલિન તવારીખ વાચીશુ તો આ વાત જણાશે મુસલમાનોએ સ્પેન ફતેહ કરી ખ્રિસ્તીઓને આ ગુલામગીરીમાથી મુકત કર્યા મદ્રસાઓ અને વિદ્યાપીઠો સ્થાપિ સમાન ભાવથી જ્ઞાનનો પ્રસાર શરૂ કર્યો વિદ્યાઓ વધી, લોકો પોતાનો માર્ગ જોઈ શકયા અને પરિણામ સાયન્સની વૃદ્ધિમા આવ્યુ ભાઈઓ ! આજકાલ માત્ર પ્રાથમીક કેળવણી ફરજીયાત કરાવવા માટે કેવી ધમ પછાડી ચાલે છે, તે આપણે સર્વ જાણીએ છીએ પરતુ પ્રાથમિક કેળવણી ફરજીયાત થઈ શકી નથી પ્રજા કેળવણીથી ઉન્નતિ પામે છે પોતાના લાભ હાનીને જોઈ શકે છે સત્ય અસત્ય પીછાણી શકે છે એવી કુદરતની બક્ષીશને પ્રજાથી રોકવી એ કંઈચિહ્ન નજ ગણાય **પણ પ્રજાની અજ્ઞાનતામા જહાલતમા કેટલાક મોટાઓનુ સ્વાર્થ પોષણ રહ્યુ છે** દુન્યાની તવારીખ વાચો પ્રજાની જહાલત અને અજ્ઞાનતાના હથીયાર વડે પ્રજાને ગુલામીમા રાખવામા આવી છે પ્રજા જ્ઞાની હોય, ભણેલી હોય, સસ્કારી હોય તો ગેરવ્યાજબી કાબુ અને કબજામા રહે નહી એ ભય દરેક પુરાતન સસ્કૃતિના ઐતિહાસના પૃષ્ઠે પૃષ્ઠે જણાશે, પ્રજાની બુદ્ધિને ખીલવા દેવા પુરી તક આપવી, તેના માટે સમાન તક આપવી અને કેળવણી ઉપર કશો અકુશ ન રાખવો એજ પ્રજાની ઉન્નતિનો સીધો અને સરળ માર્ગ છે કેળવણીના માર્ગે પ્રજા ચડે સુધરે–સસ્કારી થાય ત્યારે પચિત પ્રજાની ઉચ્ચ ભાવનાઓ પ્રગટ થાય એ

અનુભવ સિદ્ધ છે આ માર્ગને, આ ચાવીને જ્યારે કોઈ જાણતુ નહતુ, જ્યારે તેનુ કોઈને સ્વપ્નુએ નહતુ ત્યારે માત્ર હઝરત મોહમ્મદ (સ૦) તેને ખુદાના પ્રતાપથી જોઇ શક્યા હતા, જેને આપણે કેળવણી કહીએ છીએ તેવી કેળવણીનો પ્રસાદ ન લીધો હોય, આસપાસ કેળવણીકે તાલીમના નમ નીશાન ન હોય, માત્ર અદર અદર લડવુ અને લુટી ખાવુ એજ લોકોનો નિયમ હોય, બીજા આકાશી ધર્મોના આચાર્યો પણ લોકોને અજ્ઞાન રાખી અનીતીમાન જીદગી ગાળતા હોય એવી સ્થિતિમા ઉછરી મોટા થએલા હઝરત મોહમ્મદ (સ૦)ને ખુદા વિના બીજુ કોઈ આ માર્ગ કે ચાવી સમજાવી શકતુ નહતુ હઝરતે પ્રજાના ઉદ્ધાર અને મુકિત માટે જ્ઞાનપ્રાપ્તિ–કેળવણી દરેક મુસલમાન પુરુષ અને દરેક મુસલમાન સ્ત્રી માટે ફરજીયાત ઠરાવી અને દીની કેળવણીનો મહિમા શહીદોના લોહી કરતા પણ વિશેષ વધાર્યો આ ફરજીયાત કેળવણીનુ પરિણામ હુ કહુ તે કરતા આચાર્ય પ્રફુલચદ્ર રોયના શબ્દોમા વધારે યોગ્ય ગણાશે અલીગઢ રાષ્ટ્રીય મુસ્લીમ વિદ્યાપીઠના પદવીદાન સમારભને પ્રસગે પ્રમુખ પદેથી તેમણે જે ભાષણ આપેલુ તેમાનુ કટીગ વાચી સભળાવુ છુ -

"હુ ઇસ્લામના ગૌરવને થોડેક અશે સમજ્યો છુ વિજ્ઞાન અને સાહિત્યના ક્ષેત્રમા ઇસ્લામની અગાધ સેવાઓની મને ખબર છે જ્યારે ખ્રીસ્તી ધર્મ તોપના ગોળાથી અને બેયોનેટની અણીથી પ્રસરવા લાગ્યો, તે મધ્ય કાળમા સત્યની સમાનતા કાયમ જાળવી રાખનાર, એ ધર્મની મશાલ વટોળમા

પણ નહિ બુઝાવા દેનાર ઈસ્લામના ગ્રથભોની મહામૂલી સેવાઓ મે પીછાણી છે બગદાદ અને કેરા કોરડોવા અને ગ્રેનેડાના એ કાળજુના ઝગઝગતા કિર્તિ ગ્રથભો કોણ ભૂલી શકશે? ઈસલામે એ સહિત્યના રસિક યુદ્ધમા—એ રસાકસીમા મેળવેલ વિજયો માટે પરધર્મીઓને આપેલી સજ્જડ થાપ સભારીને એક એશિયાવાસી તરીકે મારુ અતર આનદમા ગરક થઈ જાય છે, અને એ જમાનાના વિચાર સાગરમા કલ્પના શકિતને ડુબાવી દેવાનુ મને મન થઇ જાય છે જો ઈસ્લામે એ સસ્કૃતિને—સાહિત્યને એ ભ્રષ્ટતાના આઘાતથી બચાવ્યુ ન હોત, તો શી દશા થાત એ કલ્પી શકાતુ નથી, પણ એ મધ્યકાલિન સસ્કૃતિને-એ સાહિત્યને ઈસ્લામે એ રસાકસીમાથી બચવ્યુ ઉછેર્યું અને પોતે પોષ્યુ, એ સત અરબી ફકીરોના ઉપદેશે જગતને મુગ્ધ કરી નાખ્યુ, તેમણે જગતને શીખવ્યુ કે જ્ઞાન એજ પ્રભુને ઓળખવાનુ સાધન છે એજ સ્વર્ગની સીડી છે એજ મોક્ષછે સાક્ષરની શાહી શહીદના લોહી કરતા પણ વધરે પવિત્ર છે જ્ઞાનનો પિપાસુ પ્રભુના પ્રેમનો પિપાસુ બની રહે છે, પ્રભુની રચનામા નિમગ્ન થઇને એકજ કલાક એ અનત કૃપાનુ ચિતવન કર્વુ, એ જીદગી સુધીની પ્રાર્થનાઓ કરતા વિશેષ છે આવી ભાવનાથી પ્રેરાયલા સતોએ-પેગબરોએ જ્ઞાનના અમૃતના થાળ જગતની સમક્ષ રજુ કરી દીધા ઈ ૭૩૫ થી એ સસ્કૃતિના એ પાષણ શરૂ થયા હતા, પણ સુલતાન અલ-મામુનના વખતમા તો બગદાદ વિજ્ઞાનનુ—વિદ્યાનુ કેદ્ર હતુ, તેમા અનેક પુસ્તકાલયો હતા, વિદ્વાનોની દરબારમા પુજા થતી, પૃથ્વી ગોળ છે એ વાત તેણે પોતાના ભગોળવેત્તાઓની

મોટી ટુકડીયો પાસે અખતરા કરીને સિદ્ધ કર્યું હતુ, ખગોળ રસાયણ, અક્ષરગણિત, ભૂમિતિ, હિંદુસ્તાનનુ દશાશનુ ગણિત વગેરે વગેરે વિવિધ દિશાઓમા પ્રગતિ ઉપરાન્ત પુસ્તકો અને પુસ્તકાલયોનો પણ એ જમાનો હતો, ખલીફ અલ-મામુને સેકડો ઉંટ ભરી ભરીને હસ્તલિખિત પુસ્તકો બગદાદમા આણ્યા હતા ગ્રીકસમ્રાટ માઇકલ ત્રીજા સાથેની સધિમા એક શરત એવી હતી કે કોન્સ્ટેન્ટીનોપલનુ પુસ્તકાલય તેણે આપી દેવુ આવા પુસ્તકોના તેણે ભાષાતરો કરાવી તેનો ખુબ પ્રચાર કરાવ્યો હતા સ્પેનના ખલીફોના મોટા પુસ્તકાલયમા કુલ ૬૦૦૦૦૦ પુસ્તકો હતા, ઉપરાત બીજા ૭૦ પુસ્તકાલયો એન્ડેલુસીયામા હતા લોકોને પણ પુસ્તકોનો તેટલોજ શોખ હતો એક દાક્તરને પોતાના પુસ્તકોના માટે ૪૦૦ ઉટ જોઇએ, એટલે તેણે બુખારાના સુલતાનનુ નિમત્રણ જતુ કરેલુ ! તેજ પ્રમાણે કાગળ શાહી અને રંગ બેરગી–સુદર હસ્તાક્ષરની કળાને પણ ભારે પોષણ મળતુ હતુ ઇસ્લામી સસ્કૃતિના જમાનાની વિગતો વાચતા અને જાણતા તો રસન ધુટડા આવે છે, પ્રેમના ઉમળકા આવે છે” શ્રીમાનો ! જોઈ ઇસ્લામી સત્યની ખુબી ! સ્ત્રી કેળવણી પણ પુરૂષની સાથે ફરજીયાત ઠરાવવામા આવેલી છે જ્યારે આપણે હજી પુરૂષોના માટે ફરજીયાત ઠરાવી શકયા નથી આપણે પ્રાથમિક કેળવણી ફરજીયાત ઠરાવવાની વાતો કરીયે છીએ ત્યારે ઇસ્લામ તેવી સકુચિત શરતોથી અલગ રહી પુર્ણ કેળવણી–પુરૂ જ્ઞાન આપવાનુ ફરજ માને છે આમા પણ સમાનતાજ નજર પડે છે”

આ સ્થળે મી૦ ધર્મવિનાશીએ ઉભા થઈ કહ્યુ –

"મવલાના સાહેબ ! તમારૂ ભાષણુ સાંભળી મને ધર્મવિનાશી નામની શરમ આવે છે હવે હુ ધર્માભિલાશી કહેવાઉ તેવુ ચાહુ છુ વારૂ ! કોઈ પણુ સસ્કૃતિના ઉચ્ચાપણાનો ખ્યાલ આવવા માટે તેમા સ્ત્રીનુ સ્થાન કયા છે એ જાણુવુ જરૂરી છે તે તમે કહી શકશો ?"

મવલાના–ઈસ્લામમા સ્ત્રીનુ સ્થાન હલકુ **નથી** કુરઆને સ્ત્રીને પુરૂષના વસ્ત્ર અને પુરૂષને સ્ત્રીના વસ્ત્ર ફરમાવેલા છે હઝરત મોહમ્મદ (સ૦) એ સ્ત્રીયોને પ્રજાની માતા કહી ફરમાવ્યુ કે '**સ્વર્ગ તમારી માતાઓના પગ તળે છે**' આ ઉપરથી સ્ત્રીયોનુ સ્થાન કેટલુ મહીમાવાન છે તે તમે જાણી શકશો સ્ત્રીયોના વારસામા હક, પોતાની મિલકતના પોતે માલિક, ધર્મમા સ્વતત્રતા અને સમાનતાનો સ્વીકાર એ ઈસ્લામના સ્ત્રીઓને ખાસ દાન છે

શ કાશીલ–ત્યારે સ્ત્રીઓને પરદામા શામાટે ઘાલી રાખવામા આવે છે ?

મવલાના–પરદાનો અર્થ સ્ત્રીયોને ઘરની અદર કેદ રાખવાનો કરતા હોય તો તે લોકની કૃતિ છે ઈસ્લામને તેની સાથે સબધ **નથી** પણ પરદાનો અર્થ મર્યાદિત લિબાસ લજ્જાવાન પોશાક જેથી સ્ત્રીનુ માન સચવાય અને મુલાહેજો રહે એટલો હોય તો તે ઈસ્લામનુ ફરમાન છે

પ્રમુખ–આપણે સ્વભાવિક ધર્મની તપાસમા વિગતોમા જવા માગતા **નથી** માત્ર માન્યતાના મૂળ તત્વો (ઉસુલ) વિચારવા ચાહીએ છીએ એટલે વિગતો (કુરઅ)ના **સવાલ** મુકી દેશો

શ કાશીલ—વારૂ ! હઝરત મોહમ્મદ (સ૦) ને

પેગમ્બરી પદવીની પ્રાપ્તિ થઇ તે અગાઉ તેમને કોઈનો સત્સંગ હતો ?

મવલાના—સમાજ તે વખતે એવી અધમ દશામાં હતી કે આખા અરબ દેશમાં સત્સંગને લાયક કોઈ હતુંજ નહીં હઝરત મોહુમ્મદ (સ૦)ને એકાંતનો અને કુદરતનો સત્સંગ હતો તેઓ પોતાના વખતનો ઘણો ભાગ હિરા નામના પર્વતની ગુફાના એકાંત વાસમાં કાઢતા અનાથ બાળકો અને વિધવાઓની ખબરગીરીમાં આનંદ લેતા આ હિરા ઉપર તેમને ઇસ્લામનો સંદેશ મળ્યો જે તેમણે જગતને સંભળાવી ઈસ્લામ ધર્મ જેને વિશ્વધર્મ કહી શકીયે સ્થાપ્યો

શંકાશીલ—સંદેશ મળ્યો, એટલે શું ? તેમના મનમાં એ સંદેશ કુદરતના સમાગમથી ઉગી આવ્યો અને તેઓ સમજ્યા કે એ ખુદા તરફથી છે ?

મવલાના—જે માણસ સંસારની ઉપાધિયોથી વિમુખ થઇ નીતિમય-યોગમય જીવન જીવી આત્મશુદ્ધિ પ્રાપ્ત કરી કુદરત અને કુદરતના કર્તાનું ચિંતવન કરે છે, તે માણસને તેનો આત્મા અને સ્વભાવ નિર્મળ અને શુદ્ધ હોવાથી-આયના જેવો સ્વચ્છ હોવાથી સત્ય જેને આપણે સ્વભાવિક ધર્મ નામ આપ્યું છે તેમાં દેખાય છે તેના આત્માના આયનામાં કુદરતના કર્તાનો પ્રકાશ-ખુદાનું નૂર ઝગકી ઉઠે છે આ પ્રમાણે હઝરત મોહુમ્મદ (સ૦)ના પવિત્ર આત્મામાં ખુદાનું નૂર ચમકતું હતું અને તેઓ તેને તાદ્દશ્ય જોતા હતા જોકે આ સત્યના નિત્ય દર્શન થતા હતા, નિત્યનો સહવાસ અને સમાગમ અને પરિચય હતો છતાં તેને વિશ્વ

સંદેશ બતાવવા માટે વધુ અધિકારની રાહ જોતા હતા જ્યારે જ્યારે હઝરત પેગમ્બર જંગલમાથી પોતાના એકાત વાસમા જવા પસાર થતા અથવા એકાત વાસમાથી મક્કામા ઘેર પાછા આવતા ત્યારે ત્યારે તેમને આસપાસની કુદરતી લીલાઓ વસ્તુઓ, હે ! ખુદાના પેગમ્બર તારા ઉપર સલામતી હોજો, પુકારતી સભળાતી હઝરત પેગમ્બર અચબો પામતા અને એ કુદરતના કર્તા ઉપર વિશ્વાસ રાખી તેજ તેમના માટે એનો ભેદ ખોલશે એવી આશા રાખતા કારણ કે નિયમ છે કે જે બાબત આપણે ન સમજી સકતા હોઇએ તે બાબત વિશે આપણે આપણા સ્નેહી અને મિત્રનેજ પુછીએ, હઝરત મોહમ્મદ (સ૦)નો સ્નેહી અને મિત્ર-ખુદાજ હતો એટલે તેની તરફ તેમની નજર એ સ્વભાવિક છે આખરે એ ભેદ ખુલવાનો વખત આવી પહોચ્યો ખુદાના પવિત્ર ફરિશ્તા હઝરત જીબ્રઇલે (જેઓ અગાઉના પેગમ્બરો ઉપર સદેશ લઇ જતા) દેખાવ દીધો, હઝરત મોહમ્મદ (સ૦)ને વિશ્વસદેશ આપવાનો હતો આખુ જગત ખુદાના માર્ગમાથી ભટકી ગયુ હતુ જગતે ઉધો માર્ગ ધારણ કર્યો હતો તેમાથી તેને ઉગારવાનુ મહાભારત કામ કરવાનુ હતુ એવા કામની શરૂઆત કરાવવા હઝરત મોહમ્મદ (સ૦)ને તેમના સ્વભાવની-આત્માની શાહેદી-આસપાસની કુદરતી વસ્તુઓની સલામતી ચાહવા પોકારની શાહેદી ઉપરાત વધુ મજબુત સગીન અને શંકા રહિત શાહેદી પયગમ્બરીની સનદ ખુદા તરફથી મળવી જરૂરી હતી માત્ર પોતાના આત્માની શાહેદી-કુદરતી વસ્તુઓ પોકારની શાહેદી એવા મહાન કાર્ય માટે પુરતા નહતી આ સનદ,

આ પરવાનો હઝરત જીબ્રઇલ ખુદા તરફથી લાવ્યા, ખુદાનો હુકમ થયો કે તને જે હુકમો કરવામા આવે તે અમારા માનવતા રસુલ તરીકે આખા વિશ્વને પહોચાડી દે આવી રીતે હઝરત મોહમ્મદ (સ૦)ના આત્માના પ્ર તુ સ્વભાવિક સત્ય જે કુદરતના સમાગમમા રહેતા ને કુદરતની વસ્તુઓ ઝાડપાન—પત્થર વિગેરેની અવારનવારની સલામતી ચાહનારી પુકારો વડે, કુદરતના માલિક તરફથી મોકલવામા આવેલા મહાન પદવીના ફરિશ્તાના દેખાવ વડે, અને તે ફરિશ્તાની સાથે મોકલાએલા ખુદાના સદેશ વડે ટેકો અને અનુમોદન પામ્યુ હતુ આવી સનદ અને ખાતરી મેળવ્યા પછીજ જેમા સદેહ કે શકને સ્થાન ન હોય હઝરત મોહમ્મદ (સ૦) એ પોતાનુ રસુલ તરીકેનુ કામ આરભ્યુ હતુ

શકાશીલ—એ ફરિશ્તો ખુદા તરફથીજ આવેલો છે, એવી ખાતરી શા ઉપરથી થઇ?

મવલાના તે સ્વભાવિક—સનાતન સત્યનો સદેશો લાવ્યો હતો જગતના ઉદ્ધારનો સદેશો લાવ્યો હતો જગતને નેકી શીખવવાનો સદેશો લાવ્યો હતો ખુદાના માગમા લોકોને દોરવવાનો સદેશો લાવ્યો હતો ખુદા વિષે જ્ઞાન દેનારો—માહિતી આપનારો સદેશો લાવ્યો હતો તે જો ખુદા વિના બીજા કોઇની તરફથી આવ્યો હોત તો જેની તરફથી આવ્યો હતો તેની તરફના માર્ગનો સદેશો આપત

સાહેબો! કુરઆન અગાઉની સર્વ આકાશી કિતાબો અને સહુ આકાશી પેગમ્બરો, હઝરત મોહમ્મદ (સ૦) ને જીબ્રઈલદ્વારા છેલ્લો જગતના ઉદ્ધારનો પુર્ણ સદેશ ખુદા તરફથી મળશે એવુ અગાઉથી ભવિષ્ય ભાખી ગયા હતા

હઝરત મોહમ્મદ (સ૦) ની અગાઉની આકાશી કિતાબો મુળ ખરા સ્વરૂપમા રહી નથી, તેના સાચા શિક્ષણોમા ઘણુ જુઠ અને ઘડિત ભેળવી દેવામા આવ્યુ છે જેમાથી સત્ય કેટલુ અને જુઠ કેટલુ એ તારવવુ મુશ્કેલ થઇ પડયું છે તો પણ એવી સ્થિતીએ પહોચેલી અગાઉની આકાશી કિતાબોમા હાલ પણ હઝરત મોહમ્મદ (સ૦) ની રસુલ તરીકે પ્રગટ થવાની ભવિષ્ય વાણીઓ બતાવી શકાય છે, હાલ તે કિતાબોમા હઝરત મોહમ્મદ (સ૦) ના માટે અનેક ગવાહીઓ મોજુદ છે એવી કેટલીક ભવિષ્ય વાણિયો માટે હુ, મી વલીમોહમ્મદ ગી મોમીન કૃત **મીસ કીટનુ ઇસ્લામ** વાચી જોવાની ભલામણ કર્યા વગર રહી શકતો **નથી** એ ઉપરથી તમો મહુને પુર્ણ ખાતરી થશે

શકાશીલ-શુ આ છેલ્લો સદેશ હતો? હવે કોઇ સદેશ આવશે નહિ?

મવલાના-સ્વભાવિક ધર્મ સ્થાપ્યા પછી પુર્ણ શીખવ્યા જોગ શિખવ્યા પછી બાકીજ શુ રહે છે કે હવે સદેશ આવે? સર્વ સારોનો સાર સર્વ સત્યોનુ સત્ય મળ્યા પછી બીજુ કાઇ રહેવુ સભવતુજ નથી એટલે એ છેલ્લો ધર્મ સદેશ છે

શકાશીલ—એ સદેશ જો ગુમ થઇ જાય તો પાછો નવો સદેશ કા ન આવે?

પ્રમુખ-માફ કરો, તમે વળી વિગતામા પ્રવેશ કરો છો

મવલાના—મને પ્રશ્ન વિગતોમા જવા જેવો થાય છે

પ્રમુખ—મુળ તત્વો વિશે, અથવા મહત્વના સવાલો વિશે ચર્ચા કરો મુળતત્વો અને મહત્વના સવાલ સ્થાપિત

થએ વિગતો એની મેળે સિદ્ધ થશે

શકાશીલ—પ્રમુખ સાહેબ! કૃપા કરી થોડા પ્રશ્નની તક આપશો, પ્રસંગે યાદ આવેલા પ્રશ્ન વિસરી જવાશે, જો કે તે વિગતોમા જવા જેવા છે તોપણ સમજ્યા જેવા જરૂર છે

પ્રમુખ—(મંડળની મરજી જાણી) ભલે

શકાશીલ—મવલાના! આપે કહ્યુ ખુદા તરફથી ફિરિશ્તો સંદશો લઈ આવ્યો **ખુદાને સ્થાન કે મકાન નથી, તે નિરાકાર છે એટલે કયાથી અને કેવી રીતે સંદેશો મેળવી લાવ્યો હશે?**

મવલાના—ઠીક પ્રશ્ન કર્યો! વારૂ, તમે "**મી૦** શંકાશીલ' એટલે કોણ?

શકાશીલ—એટલે? હુ સમજ્યો નહી

મવલાના—એટલે તમે 'મી૦ શંકાશીલ' કોને કહો છો? તમે જેને 'હુ' કહો છો તેને કે તમારા 'શરીર'ને?

શકાશીલ—'મને' અને મારા 'શરીર' બન્નેને

મવલાના—વારૂ, તમારા હાથ પગ નાક કાન આખ અને જીભ જે તમારા શરીરના મુખ્ય અવયવો છે તેમને તમારા શરીરથી જુદા કરી લેવામા આવે તો 'તમે' રહેશો?

શકાશીલ—હા 'હુ' રહીશ

મવલાના—ત્યારે ખરા મુળ 'તમે' કોણ?

શકાશીલ—'હુ'

મવલાના—એ 'હુ' કોણ?

શકાશીલ—"મ્હારો આત્મા"

મવલાના—ખરો 'હુ' આત્મા ત્યારે 'શરીર' કોણ?

શકાશીલ—'ખરો આત્મા અને શરીર આત્માનુ તાબેદાર—કામ કરવાનુ હથીયાર'

મવલાના—બીજા શબ્દોમા 'આત્મા માલિક—હાકિમ, અને શરીર તાબેદાર હુકમ ઉઠાવનાર, ખરૂ કે નહી ?

શકુશીલ—'બેશક ખરૂ'

મવલાના—ત્યારે કહો કે 'આત્મા' શરીરમા કયે સ્થાને રહે છે ? કઈ જગ્યાએ છે ? આત્માનો આકાર કેવો છે ?

શકાશીલ—શરીરમા આત્માનુ ચેક્કસ સ્થાન તો બતાવી શકાય નહી, તેમજ તેને આકાર છે એવુ પણ કહી શકાય નહી

મવલાના—પરતુ શરીરમા ચોક્કસ સ્થાન વિનાના, આકાર વિનાના આત્માની આજ્ઞાઓ અને સદેશાઓ તાબેદાર શરીરના ભાગો જેવા કે હાથ, પગ વિગેરે, બજાવી લાવે છે—લગારે ખામી વિના આત્માની પુર્ણ મરજી મુજબ બજાવી લાવે છે કેમ ખરૂ કે નહિ ? ત્યારે કહો કે એ હાથ પગ આત્મા પાસેથી એ આજ્ઞાઓ અને સદેશાઓ કયે સ્થાને અને કેવી રીતે મેળવે છે ?

શકાશીલ—એ કહેવુ તો મુશ્કેલ છે

મવલાના—"ત્યારે જગતનો કર્તા—ખુદા માલીક છે—હાકિમ છે સઘળુ બ્રહ્માડ તેનુ તાબેદાર છે જેવી રીતે ને જ્યાથી તાબેદાર-શરીર માલિક 'આત્મા પાસેથી આજ્ઞાઓ અને સદેશાઓ મેળવી બજાવે છે તેવી રીતે ને ત્યાથી તાબેદાર ફિરીશ્તાઓ પોતાના માલિક હાકિમ ખુદા પાસેથી આજ્ઞાઓ અને સદેશાઓ મેળવી બજાવે છે

શકાશીલ તમે મિસાલ (દષ્ટાત) કાન પકડવા જેવી

આપી મને સતોષ થયો

પ્રમુખ—(આસન ઉપરથી ઉભા થઈ) આવો કઠણ સવાલ ઘણી સહેલાઈથી સમજાવ્યો મારી તરફથી તમને ધન્યવાદ આપુ છુ અહી સુધી ચર્ચા ચાલી હતી કે એક વૃદ્ધ વયના **ધર્મચુસ્ત** નામના શેઠ ઉભા થયા તેમણે કહ્યુ " હુ કાઈ બોલવા માગુ છુ મને બોલવા દેશો ?"

પ્રમુખ—ખુશીથી કાકા

ધર્મચુસ્ત શેઠ—હુ વૃદ્ધ છુ એટલે મારૂ માન રાખી આકળા ન થઇ મબુરીથી સાભળશો એવી પ્રતિજ્ઞા લ્યો

પ્રમુખ અને બીજાઓ—પ્રતિજ્ઞા છે, પ્રતિજ્ઞા ખુશીથી બોલો

ધર્મચુસ્ત શેઠ—હુ તો બહુ ખુશ થયો હતો કે તમે બધા ભણી ગણી હુશીયાર થયા છો પણ મારે કહેવુ જોઇએ કે તમે વઠેલ છો બાપદાદાનુ નામ બોળવા તૈયાર થયા છો, અલ્યા ! તમે તો કયાના મોટા આવ્યા કે ધર્મ સ્થાપવા નીકળ્યા છો ? આ ઢેડા શુ ? અને તમે શુ ? તમને તો કાઇ શરમ છે કે નહિ ?

શેઠના પુત્ર મી• **ધર્મસુધારક** બોલી ઉઠયા, "બાપા ! એ તો મુસલમાન થઇ ગયા છે હવે ઢેડ કયા છે ? '

શેઠ—બેસ રાડના, વઠેલ ! જાતભાત તે બદલાતી હશે ? ગધેડા ! તારા મોહોડે મુસલમાનોના ધર્મને 'પતીત પાવન' સાબીત કરે છે ? ધુળ પડી તારા જીવતરમા ને ભણતરમા, એક તરફ **સ્વરાજ્યની** બુમાબુમ કરો છો, બીજી તરફ **અસહકાર** ધરાવો છો-વિદેશી માલનો બહિષ્કાર-વિદેશી કાપડની હોળી, સરકારનુ અપમાન-જલ મહેલની

ધમાલ આ તમે માડયુ છે શુ ? અલ્યા ! સરકરના આગલા ભવના પુન્ય હશે ત્યારે તો રાજ કરે છે તમે જાગલાઓ સરકારનુ શુ છીનવી લેશો ? યાદ રાખો ! બરબાદ થઈ જશો, છોકરા છૈયા રઝળી મરશે તોએ ઠેકાણુ નહી પડે, હવે અધુરૂ હતુ તો નવયુગ ધર્મ ‘ વિશ્વધર્મ ’ મડળ સ્થાપવા નીકળ્યા છો મુસલમાન થઈ જાઓ મુસલમાન ! તમારા બાપદાદાની આબરૂ ઠીક કાઢો છો ! ભલા હો અને માથે જાત હો તો ધધે વળગો અને ભજન કરો, ભજન

એક અવાજ આવ્યો–“ બસ હવે અપમાનની હદ થઇ કાકા બેસી જાઓ, નહી તો જોવા જેવી થશે. અમારી પાસેથી પ્રતિજ્ઞા ગાળો ભાડવા લીધી હતી ? હવ નહી ચાલે

બીજાએ કહ્યુ “ જોઉ છુ, કોણુ શેઠનુ નામ લેનાર છે ?

પ્રમુખે જોયું કે ગડબડાટ વધી ગયો–લોકો ઉશ્કેરાઈ ગયા ત્યારે ઘાટો પાડી બોલ્યા “ શાત થાઓ શાન, વૃદ્ધ છે આપણે સાભળવા યોગ્ય છીએ, આપણે ઘણાઓનુ સાભળવુ પડશે ઉશ્કેરાઇ ગયાથી નહી ચાલે એક અવાજ થયો “ નહી શુ ચાલે ? ’ એક બીજા વૃદ્ધે આવી શેઠને બોલતા વારી ત્યાથી ખસેડી લીધા શેઠ સભા મુકી ચાલતા થયા, તેમના પુત્ર મી૰ ધર્મસુધારકે મવલાનાની માફી માગી બધુ શાત થયુ તે દિવસે સભા વિસરજન થઈ, બીજે દીવસે સભા ભેગી થવાનુ ઠર્યું

બીજે દિવસે સવારે પહેલા કરતા, વધારે મેમ્બરોએ હાજરી આપી બીજા શ્રોતાઓ પણ ઘણા આવ્યા, કારણ કે આખા ગામમા ગત્રે ચર્ચા ચાલી હતી કે વિશ્વ ધર્મ મડળની

સભામા નાથીઆનો છોકરો હરકો મવલાના બની આવ્યો છે અને તેણે એવુ ભાષણ કર્યું છે કે સર્વે દગ થઈ ગયા છે

મી૦ **વિશ્વપ્રેમી** આજે પણ પ્રમુખ ચુટાયા ભાષણ માટે ઉભા થયા—

'ગ્રહસ્થો અને બાનુઓ !"

આજની સભામા બાનુઓની હાજરી જોઈ મને ઘણો આનદ થાય છે જ્યા સુધી આવી સસ્થાઓમા બાનુઓ રસ લેતી નહી થાય ત્યાસુધી સુધારો અધુરોજ રહેવાનો ગઈ રાતના બનાવ વિષ હુ અત ઃકરણપુર્વક દિલગીરી જાહેર કરૂ છુ મવલાના સાહેબે જે સયમ જાળવ્યો અને હસ્તે ચેહરે સહી રહ્યા તે માટે હુ મવલાના સાહેબને મારી તરફથી તથા મડળ તરફથી અભિનદન આપુ છુ ભાઈયો! **ધર્મચુસ્ત** કાકા પુરાતન ખ્યાલના હોઇ ઉશ્કેરાઇ ગયા હતા (અવાજ આવે છે "સાઠીને બુદ્ધિ નાઠી," બીજો અવાજ આવે છે "ચુપ રહો ભાઇયો ચુપ રહો આ મડળમા અવિવેકી વાણી ન હોય) હોય! પણ તેઓ મડળ ઉપર ગભીર આક્ષેપ મુકતા ગયા સ્વરાજના બુમ બરાડા કે અસહકારની ચળવળ કે પરદેશી માલના બહિષ્કાર આદિ કોઈપણ જાતની રાજકીય હીલચાલની સાથે આ મડળને લેશ માત્ર પણ સબધ નથી એ સ્પષ્ટ કરવુ જરૂરી માનુ છુ આ મડળ કેવળ ધર્મ શોધ અને સસાર સુધારાના સામાન્ય અને સ્વભાવિક સુત્રો શોધી પ્રચાર કરી જુદી જુદી પ્રજાઓમા સલાહ સપ કેમ વધે એ માર્ગ તરફ નજર રાખે છે મવલાનાએ શ્રમ લઇ આપણી આગળ પોતાનો કેસ ઘણી મજબુતીથી રજુ કર્યો છે વિષય ધ્યાન દેવા જોગ-

અધ્યાસ કર્યા જોગ છે મુસલમાનો શુ છ? તેમનો ધર્મ કેવો છે ધર્મના ઉદ્દેશ શુ છે? આજ સેકડો વરસથી આપણે સાથે વસીયે છીએ, સેકડો વરસથી અન્યો અન્ય વ્યવહારમા ગુથાયેલા છીએ, છતા આપણે એ વિષે અધારામાજ રહ્યા છીયે એ કેવળ દુર્ભાગ્યજ ગણાય હુ સત્ય કહુ છુ કે કાલ સુધી ધ્યાન નહી દેવા જોગ-વિચારવા નહી જોગ હલકામા હલકો જો કોઈને ગણતો હતો તો તે મુસલમાન ધર્મનેજ, પરતુ આજે મારા તેવા અભિપ્રાય માટે હુ ઘણોજ પશેમાન થાઉ છુ એકજ દેશમા વસ્તી આવી નિકટના સબધવાળી પ્રજાના ગૌરવ જે આવા અનુપમ હોય અને તે આપણા જાણવામા ન હોય એનો કેટલોક દોષ મવલાના સાહેબ! માફ કરશો હુ મુસલમાનોને શીર પણ મુકુ છુ તેઓએ નતો પોતાના ધર્મ-ગૌરવ શિક્ષણ વડે અમને જણાવ્યા છે ન આચરણ વડે સિદ્ધ કરી દેખાડયા છે હા કેટલાક મુસલમાન યોગી અને ફકીરોએ બેશક પોતાના આચાર વિચારથી હીંદુઓ ઉપર સારી છાપ બેસારી છે ભાઇયો! એક બીજી પ્રજાના આશયો વિષે ગેર સમજુતી, એ પણ કુસપ અને અશાતિનુ કારણ છે આવી સભાએથી આવી ગેર સમજુતીઓ દુર થાય તોપણ આપણે ઘણુ કરી શકયા છીએ કહેવાશે **મસજીદ પાસે વાજા વગાડવાની હઠના, પીપળો કાપવાના, મુસલમાનોની ગૌવધની જીદના, તાબુતના દિવસોમા થતા કજીયાઓ ટટાઓ અને ફિસાદો બને પક્ષકારો ી સસ્કૃતિને ખચિત લજાવનારા છે** સમજુતીથી સલાહ સપથી જે કામ થઇ શકતુ હોય તે કાર્ય પશુબળથી કરવુ એ નાદાની નહી

તો શુ છે? ભાઇયો અને બ્હેનો! આજની ચર્ચામા કાલના જેવુ કડવાશનુ તત્વ દાખલ ન થાય એ ખાસ લક્ષમા રાખશો. મવલાના સાહેબ ગઈ કાલે તમારૂ થએલુ અપમાન ક્ષમા કરો ”

મવલાના—આપે મને જે અભિનદન આપ્યા તે માટે ઉપકાર માનુ છુ મારે કહેવુ જોઇશે કે આ મડળના સભાસદો મડળના નામના ભાવને પુર્ણ રીતે જાણવે છે મને આ ગામના લોકો તરફથી માનની આશા નહોતી, પણ મને ઘણુ માન અને આવકાર અહિ મળ્યો છે

હુ ખુદાના માર્ગમા ચાલતો એક અદના સેવક છુ મે સયમ જાળવ્યો તેમા મારી કશી ખુબી નથી ગામના અગ્ર શેઠને મને ભાળતા ક્રોધ આવે એ સમજાય તેવુ છે એટલે શેઠનો પણ દોષ નથી હુ તો એક અલ્પમા અલ્પ જીવ છુ હુ ઢેડ હતો અને મને ઢેડ કહેવામા આવ્યો તેમા શુ ખોટુ હતુ! સયમ, સબર અને ધીરજ એ તો મારા માલિક હઝરત મોહમ્મદ (સ૦) અને તેમના કુટુબીઓએ-એહલેબયત અને અસહાબોનો ધર્મ પ્રસારતા, સત્ય કહેતા, પર્વતોના કાળજા ચીરાઇ જાય તેવી મુસીબતો અને તેવા અપમાનો સહન કર્યા, પરતુ જીવ લેવા ઉભા થએલા શત્રુઓને શ્રાપ કે બદદોઆ દીધી નહી અપમાન કરે, ભલુ બુરૂ કહે, કોઇ પણ રીતે ચેન ન લેવાદે, દગલબાજીથી જીવ લેવાના કાવત્રા રચે, માર્ગે ચાલતા પથરાઓ મારી લોહી લુહાણ કરી મુકે, માર્ગમા કાટા પાથરે તોપણ ખુદાના આ વ્હાલાઓ મુખથી કહે તો એટલુજ કહે કે “હે! પરવરદીગાર આ લોકો અજ્ઞાન છે પોતે શુ બોલે છે અને કેવા કામો કરે છે તે નથી

સમજતા, માટે તુ તેમને સરી સમજ આપ અને ત્હારા માર્ગે ચઢવા સ્હાય થા" હઝરત મોહમ્મદ (સ૦) અને તેમના કુટુબીયો (એહલે બયત) અને તેમના અસહાબો ઐતિહાસિક વ્યક્તિઓ છે તેમની જીદગીનુ ન્હાનામા ન્હાનું કાર્ય પણ ઐતિહાસોમા નોધાએલુ છે એમના જીવનચરિત્રો અને કારકિર્દિઓ-વ્હેવારો જન્મથી મરણ સુધીના લખાએલા હયાત છે જુઓ તેના પૃષ્ઠે પૃષ્ઠે તેમના ચારિત્રના હીરાઓ ઝળકતા દેખાશે મોહરમના ગમગીન માસમા તમે જે તાબુતોના દૃષ્ય જુઓ છો તે તાબુતો શુ છે? આસ્થા (ઈમાન)ભક્તિ (ઈબાદત) અડગતા, શુરવીરતા, ન્યાય પરાયણતા નિસ્વાર્થ, આત્મભોગ વિશ્વપ્રેમ, દેશદાઝ પ્રજાદાઝ, ધર્મદાઝ, સયમ-સબર, ખુદાના માર્ગમા સ્વાર્પણ, ધન અર્પણ અને જુલ્મો અત્યાચારની સાથેના અસહકાર અને આત્મ ભોગની તક મળ્યાના ઉપકારની દરેક વર્ષે રજુ થતી જીવતી જાગતી તવારીખ છે કરબલાનુ ધગતુ રેતીનુ રણ નજરો આગળ તરી આવે છે ત્રીસ હજાર નરપિશાચો, દોલતની મસ્તીમા અધ બનેલા રાક્ષસો, ઈસ્લામી સમાનતા અને સસ્કૃતિનો નાશ કરવા ઉભા થએલા જુલમગારો, ઇસ્લામના મહાન પયગમ્બરના પૌત્ર હઝરત ઈમામહુસય (અ૦) અને તેમના કુટુબીઓને ઘેરી રહ્યા છે જુલમગારોએ ત્રણ દીવસથી દાણા પાણીના રસ્તા બધ કર્યા છે, હઝરત ઈમામ હુસયન (અ૦) તેમના કુટુબીઓ અને મિત્રો (જેમની સખ્યા-બહોતેરથી વધુ ન હતી-સાથે બીબીઓ અને બાળકો હતા) ત્રણ દિવસથી દાણો પાણી બધ થયેલ હોવાથી, ભુખ અને તરસથી, ધગશથી તડપી રહ્યા છે અલ

અતશ–અલ અતશ, તરશ તરશના પોકારો થઈ રહ્યા છે હઝરત ઈમામે હુસયન (અ૦) શાંત સ્વભાવે ગંભીર ચિત્તે બધુ વેઠે છે ખુદાના શુક્ર વિના એકે કટુ કે વિવેક રહિત શબ્દ ઉચ્ચારતા નથી સંયમ ખોતા નથી જુલમગારો તેમને પોતાના ભ્રષ્ટાચાર અને અધર્મતાના સહકારી બનાવવા માગે છે હઝરત તેમને આધિન થવા ના પાડે છે અને ઉલટો તેમને બોધ કરે છે અને સન્માર્ગ દેખાડે છે જુલમગારો પશુબળ ઉપર ઝઝુમે છે, ત્યારે હઝરત ઈમામ આત્મબળ અને ખુદા ઉપરના વિશ્વાસ ઉપર અડગ છે દસમી તારીખે ત્રીસ હઝાર પિશાચો વચ્ચે અને બહોતેર ખુદાના વહાલાઓ વચ્ચે યુદ્ધ જામે છે હઝરત ઈમામ યુદ્ધની શરૂઆત ન કરતા, સામેથી શરૂઆત થવાની વાટ જુવે છે, સામેથી તીર આવે છે અને અહીંથી શુરવીરો નીકળી પોતાના ઈમામ ઉપર જીવ અર્પણ કરે છે સાંજ સુધીમા સર્વ મિત્રો એક પછી એક શુરવીરતા અને આત્મબળના ઉજ્વળ દાખલા બેસાડી સ્વર્ગે પહોચે છે ઈમામના ભાઈઓ જુવાન ભત્રિજાઓ, ન્હાના ભાણેજો, હઝરત અલી અકબર (અ૦) જેવા અઢાર વરસની વયના જુવાન પુત્ર મળી અઢાર કુટુબીયો પણ ઈમામ ઉપર જાનિસાર કરી ચુકે છે ત્યારે ઈમામ પોતે તૈયાર થાય છે, પણ ખુદાની રાહમા આપવા બાકી રહેલી છ માસના બાળકની કુરબાની સાથે લઈ જાય છે રણમા આવી નર પિશાચો ને સંબોધી કહે છે "હુ તમારો ગુનેહગાર હઈશ પરંતુ આ તરશથી તરફડતુ બાળક નિર્દોષ છે તેને પાણીનુ એક ટીપુ આપો." ખુદાનુ અર્શ–આસન ધ્રુજે છે પૃથ્વી કંપે છે સુર્ય નિસ્તેજ થાય છે જુલમ,

અત્યાચાર અધર્મતા અને અમાનુષતા હદ ટપાવી જાય છે હુરમલા ગઝ્નનુ એક તીર આવે છે અને નિર્દોષ બાળકને વીંધી નાખે છે હઝરત વિધાએલા તરફડતા બાળકને આકાશ તરફ ઉંચુ કરી પ્રાર્થના કરે છે "ત્હારા માર્ગમા મારી આ નિર્દોષ કુરબાની કબુલ કર પરવરદિગાર હુ તારો નાચીઝ બદો છુ ત્હારો શુકર બજાવી લાવુ છુ ભાઈઓ! સયમ અને સબુરીની આવી મિસાલ અરબવારી પયગમ્બરના ઘર વિના બીજે ક્યાય બતાવો પછી ઈમામ પોતે યુદ્ધમા ઉતરે છે અને ખુદાના શુકરની સાથે તથા પોતાની પ્રજાના કલ્યાણ અને મુક્તિની પ્રાર્થના સાથે શહીદ થાય છે બીબીઓ બચ્ચાઓ લુટાય છે કેદ થાય છે, અપમાન સહે છે. પણ ખુદાના શુકર વિના બીજુ કાઈ બોલતા નથી ભાઈઓ આવા આદર્શ (નમુના રૂપ) જીવનો જ્યારે મારી નજર આગળ હોય, દરેક વર્ગે તેમની યાદગીરીના ચિન્હો વડે એ જીવનો યાદ કરવાના હોય ત્યારે મારા જેવા એક અલ્પ જીવ "ખુદાના માર્ગમા સાધારણ કડુ શબ્દ ન સહી શકે ત્યારે મારા મુસલમાન કહેવાવાનો અર્થજ શો ?"

સ્તબ્ધ બની ગએલી સભા ચમકી, "શાબાશ છે શાબાશ, ધન્ય છે તને અને તારી સમજને!" પુકારે છે પ્રમુખ વિશ્વ પ્રેમીનુ હૃદય ભરાઇ આવે છે એક જણ કહે છે કે "**જેને આપણે અધર્મ કહેતા, નીચ સમજતા તેને આવો ઉચ અને આત્મભોગી બનાવનાર શિક્ષણ ખરેખર અલૌકીકજ હોવુ જોઇએ**"

આખોમા આવેલા આસુ લુછી, મોલાના આગળ વધે છે—'પ્રમુખ સાહેબ! મુસલમાનોએ પોતાની સસ્કૃતિથી

બીજાઓને અજ્ઞાન રાખ્યા, ઈસ્લામી આચાર વિચાર અને સભ્યતાની છાપ હાલના મુસલમાનો ન બેસારી શકયા એ તમારી ટીકા અક્ષરે અક્ષર ખરી છે મારા એક મિત્રે મને એક વખત સત્ય કહ્યુ હતુ કે જ્યારે હુ ઇસ્લામી સાહિત્ય અને શિક્ષણ વાચુ છુ ત્યારે મને મુસલમાન નહીં હોવાની દીલગીરી થાય છે પરતુ જ્યારે મુસલમાનોના સામાન્ય સમુહની રેહણી કરણી અને આચરણ જોઉ છુ ત્યારે મને એવો ખ્યાલ આવ્યાનો અફસોસ થાય છે ભાઇઓ! હાલના ઈસ્લામી સમાજનો આ ખરો ચિતાર છે, તેમા ઈસ્લામનો દોષ નથી ઈસ્લામે તો પોતાનુ ગૌરવ સિદ્ધ કરી દેખાડયુ છે, તવારીખ તેની શાહેદી પુરે છે મુસલમાનોની આવી પડતી દશાના કેટલાક ઐતિહાસિક કારણો છે સામ્રાજ્ય સ્થાપન પછી એશ-આરામને આધિન થઈ પોતાનુ ખરેખરૂ ગૌરવ ગુમાવ્યાનુ જેમ બીજી પ્રજાઓમા બન્યુ તેમ અહી પણ બનવા પામ્યુ તોપણ ઈસ્લામ ધર્મ તરીકે શુદ્ધ હતો લોકોએ તેને પોતાના જીવનમા જે ઉતાર્યો હતો તે બાદ થઈ ગયો જેમ શરીરને આઘાત થવાથી શરીરની તાકાત નાશ પામે છે અને તે કોઈ કામ પુર્ણ વેગથી કરી શકતુ નથી, તેમ ઈસ્લામી સમાજના શરીરને સલતનતો છીનવાઈ ગયાનો આઘાત થયો આ આઘાતમાથી હજુ મુકત થયા નથી ચિત્તભ્રમ જેવા બની ગયા છે ધન ગુમાવ્યુ, મુફલિસીના શિકાર થયા, કેળવણીમા પછાત રહ્યા, મહા રોગ લાગુ થયો રોગી માણસ પોતાનો ઈલાજ કરી શકતો નથી જે **નિરોગી હોય જે સાજો હોય અને ઇલાજ જાણતો હોય તે ઈલાજ કરી શકે ઈસ્લામનો નુસ્ખો તઇયાર**

છે; પીવરાવી ગળે ઉતારનાર નિરોગી સાજો જોઇએ તેની વાટ જોવાય છે, ઇસ્લામી સમાજમા નવુ ચેતન આવ્યુ છે પણ નિર્ધન છે કેળવણી લઈ શકતા નથી, જેઓ કેળવણી લઈ શકે છે તેમને બીજાઓની સાથેની હોડમા તક મળતી નથી એટલે મુઝાયા છે અને તેથી તમના આચરણ ઉપર ખરાબ અસર થઈ છે ભાઇઓ! તમે તમના પાડોશી છો, તેમની સાથે પાડોશીયો જેવો વ્યવહાર રાખો તમની ઉન્નતિમા સ્હાયરૂપ થાઓ, પછી જુઓ પાછા તે કેવા ટટાર થાય છે? તેમનુ ટટાર થવુ તમારીજ સુખવૃદ્ધિનું કારણ થશે તમારા પાડોશીના ઘરની ફાટી ગએલી દીવાલ જ તમારા ઘરમા પડતી હોય, તે પાડોશી દુરૂસ્ત ન બનાવે અને તે દુરૂસ્ત ન બનાવી શકતો હોય તો તમે દુરૂસ્ત બનાવી આપો નહી ત્યા સુધી તમે પણ ભયમાજ રહેશો તમે ગમે તેવા સુધરેલ હો, મોહલ્લાના ઘરમા સારી સુઘડાઇથી રહેતા હો પણ તમારો ગરીબ પાડોશી ગંદકી રાખતા હોય તો તે ગંદકીથી બચવા માટે પાડોશીને સુઘડાઇથી રહેવા જેવી સ્થિતિનો બનાવવામા તમારૂજ સુખ છે નહી તો ભલે તમે સુવડાઇથી રહો પણ પાડોશીના ઘરના ગંદકીના જંતુઓ તમોને જરૂર હેરાન કરશે ભાઇઓ! અન્યોઅન્ય એક બીજાની સ્હાયની જરૂર છે આ સ્હાય અપાતી થાય તો ખરો **વિશ્વ ધર્મ** પ્રગટી નીકળે, એટલુ બોલી હુ બેસી જવાની રજા લઇશ ”

“હીયર હીયર”ના પોકારો વચ્ચે મવલાના બેસી જાય છે સ્વામિ દયાનંદ સરસ્વતિ સ્થાપિત **આર્યસમાજના એક** મેમ્બર જેઓ આર્યસમાજની તરફથી ઉપદેશકનુ કામ કરતા

અને સ્વભાવે હઠીલા હોઈ, **હઠયોગી**ના નામથી ઓળખાતા તે ઉભા થાય છે અને કહે છે કે "પ્રમુખ સાહેબ ! મવલાના સાથે પ્રશ્નોત્તર કરવા પરવાનગી આપવા કૃપા કરશો "

પ્રમુખ—અમારા સિદ્ધાંતોની બ્હાર નહિ જવાય એટલું યાદ રાખી ચર્ચા શરૂ કરશો"

હઠયોગી—મવલાના સાહેબ ! તમારા પેગમ્બર સાહેબ સમગ્ર વિશ્વને ઉપદેશવાનો સદેશ લાવ્યા હતા કે માત્ર અરબ જેવા દેશને ? જો આખા વિશ્વને માટે લાવ્યા હોય તો તેવી અદરની શાહેદી શુ છે ?

મવલાના—કુરઆનની શાહેદી, જેમા કહ્યુ છે કે **'તમને સર્વ માણુસો તરફ મોકલવામા આવ્યા છે.'** વળી કુરઆનમા એક જગ્યાએ તેમને '**લિલ આલમીન નઝીરા**' સમગ્ર આલમોને ડરાવનારા–ચેતવનારા કહેવામા આવ્યા છે એટલુજ નહી પણ કુરઆનમા તેમને '**રહમતુલ લિલ આલમીન**' સમગ્ર આલમો (રચનાઓ) માટે કૃપા રૂપ રેહમત અને આશીર્વાદરૂપ આલેખવામા આવ્યા છે માણુસ વિનાના બીજા જે આલમો એટલે રચનાઓ છે તેના માટે પણ હઝરત પેગમ્બર સાહેબ આશીર્વાદરૂપ છે એથી વિશેષ શાહેદી શુ હોઇ શકે ?

હઠયોગી—સદેશો અરબી ભાષામા શા માટે આવ્યો હતો ?

મવલાના—એતો દેખીતુ છે હઝરત પેગમ્બર સાહેબની ભાષા અરબી હતી એટલા માટે

હઠયોગી—આખા આલમનો સદેશો-આખા આલમની ભાષામા આવવો જોઇતો હતો

મવલાના—તેવી ભાષા કઈ હતી જે તે વખતે આખા આલમમા સામાન્ય હોય ?

હઠયોગી—(ઘણા ગટપટાય છે) સસ્કૃત ભાષા ન હતી ?

મવલાના—અરબ દેશમા તે ભાષા ન હતી અને વળી હીદુસ્તાનમા જ્યા હતી ત્યા મરી ચુકી હતી માત્ર પડીતોમા હતી સમુહ-(લોકો) તેથી અજ્ઞાન હતો વળી તે સદેશ અરબ દેશમા આપવાનુ કારણુ સમજાવી ગયો છુ તે સદેશને અનુકુળ ભાષા અરબી વિના બીજી નહતી, અરબી ભાષા ઉલુમ (વિદ્યાઓ) અને ફુનુન (કળા-કૌશલ્યો)ના ખજાનારૂપી હોવા ઉપરાત એક ખાસ ગુણ એ ધરાવે છે કે તે ઘણી વિશાળ છે જુદી જુદી વસ્તુઓ તેમના જુદા જુદા નામ પ્રકાર અને રગના કારણે સેકડો બલ્કે હજારો નામો વડે ઓળખાય છે દાખલા તરીકે શહેરના માટે એસી શબ્દો છે અજગરના માટે બસો શબ્દો છે શેરના માટે પાચસો, ઊંટ અને તરવારના માટે હજાર હજાર અને તલવારના માટે ચાર હજાર શબ્દો છે રિયાઝી (ગણીત શાસ્ત્ર) તબઇ (પદાર્થ વિજ્ઞાન) ફલસફા-તિબ (વૈદક) કાનુન (કાયદા) જુગરાફીયા (ભૂગોળ) તારીખ (ઐતિહાસિક)ના માટે જેટલા શબ્દો ઉર્દુ ભાષામા વપરાય છે તેટલા અરબી ભાષાના છે (કિતાબુન નહવ) અરબી શબ્દો તરજુમો કરતા આબાદ લેવામા આવે છે ઇંગ્રેજી ફ્રેંચ અને બીજી ઘણી ભાષાઓમા અરબી શબ્દો આબાદ લેવામા આવ્યા છે વળી તે વખતે જે ભાષાઓ બોલાતી હતી તે પુરાતન સસ્કૃતિના માલેકોની હતી આ સદેશ તો તેવાઓનો અધિકાર નાશ કરવા આવ્યો હતો

તેઓ આ સંદેશને પ્રસારત નહી, કારણ કે આ સંદેશ તો માત્ર એકનાજ સ્વિકારનુ અને બાકી બીજા બધાના જુઠા અધિકારના તિરસ્કારનું શિક્ષણ આપનાર હતો એ વાત સંસ્કૃત પ્રજાઓના અધિષ્ટાઓને ગળે ઉતરત નહી કોઇ પણ સંસ્કૃતિ વિનાની ભૂમી અરબજ હતી, એટલે ત્યાની ભાષામા તે સંદેશ અપાયો વળી આ સંદેશ સ્વભાવિક ધર્મનો હતો અને તેથી સ્વભાવિક ભાષા તેના માટે પસંદ થવી જોઇતી હતી વળી આ સંદેશના પ્રતાપે માણુસના લાભ અને સુખની સર્વ વિદ્યાઓ બંધન મુક્ત થવાની હતી, અને તે પુરાતન વિદ્યાઓ અરબી ભાષા દ્વારા વિશ્વમા પ્રસરી શકતી હતી આજે જે વિદ્યાઓ-વિજ્ઞાન પ્રચલિત છે તે સર્વમા અરબી ભાષાની છાયા પડેલી છે તેથી અરબી ભાષા પસંદ કરવામા આવી હોય એવુ સમજી શકાય છે

હઠયોગી—સ્વભાવિક ભાષા એ કેવી ભાષા ?

મવલાના—જે કોઇ પણ જાતના મિશ્રણ વિનાની હોય, શુદ્ધ હોય, તે ભાષાના શબ્દોમા તેના મુળ સ્વરૂપમા-સ્વભાવમા તેનો અર્થ છુપો હોય તેના શબ્દોના લાબા કાળના ઉપયોગથી પંડીતોએ-વિદ્વાનોએ મરડી મચડીને એકના અનેક અર્થ કર્યા નહોય હુ મુળસ્વરૂપ અને સ્વભાવ દાખલા વડે સમજાવીશ કુરઆન શરીફના દરેક સુરાનુ (પ્રકરણનુ) મુળ-આરંભનુ વાક્ય દાખલા તરીકે પસંદ કરૂ છુ -

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહિમ

રહમાન (કૃપાવાન) અને રહિમ (દયાવાન) અલ્લાહના

નામથી શરૂ કરૂ છુ

કેવુ સુદર—સત્ય—ખુબી ભર્યું વાક્ય છે !

રહમાન—રહીમના આપણે દયાવાન, કૃપાવાન દયાળુ કૃપાળુ કલ્યાણકારી શ્રેયકારી અર્થ કરી શકીએ પરતુ અરબી ભાષાના શબ્દોની ખુબી એ છે કે શબ્દ તેના મર્મને સમજાવી દે છે બીજી પુરાતન ભાષામા તેવું હશે પણ તે ભાષાઓએ લાબી સસ્કૃતિ જોએલી હોઇ તેનો એક શબ્દ અનેક ફેરફારોમા પસાર થએલો હોઈ અર્થમા કાઇનો કાઈ થઈ ગએલો હોય છે અને તેથી તેનો જે ભેદ ખુદા સમજાવવા ચાહતો હોય તે ભેદ કદાચ ન સમજી શકાય જુઓ ! રહમાનનો અર્થ—જે વસ્તુ પોષવા ઉછેરવાની હોય, તે વસ્તુને પોષવા ઉછેરવાના સાધનો અગાઉથી તૈયાર રાખવાની દયા કરે તેને રહમાન કહે છે દાખલા તરીકે માણસને જન્મવા પહેલા તેના પોષણ માટે જે જે વસ્તુઓની—સાધનોની જરૂર હોય છે તે તેણે પયદા કરી રાખ્યા હોય છે તેથી તે રહમાન છે

રહીમનો અર્થ—મહેનતથી મજુરીથી, પુરૂષાર્થથી જે ચીજો માણુસ પ્રાપ્ત કરી શકે છે તેવી વસ્તુઓ માણુસની મહેનત, મજુરી અને પુરૂષાર્થના પરિણામે—મહેનતના ફળ તરીકે બક્ષવાની દયા કરે તેને રહીમ કહે છે દાખલા તરીકે માણુસ જમીનમા દાણો વાવે છે, તેને પાણી પાવાની મહેનત કરે છે, વિગેરે વિગેરે તેના ઉપર ઘણો પુરૂષાર્થ કરે છે ત્યારે એકનો અનેક થઇ દાણો પ્રાપ્ત થાય છે એટલે ખુદા આ વાક્યમા પોતાનો પૂર્ણ નિયમ સમજાવે છે, અને શીખવે છે કે આ નિયમને ધ્યાનમા રાખી દરેક કાર્યનો આરભ

કરો **અલ્લાહ** તેનુ ગુણવાચક નહી પણ વિશેષ નામ છે હવે તે વાક્યનો તરજુમો નીચે પ્રમાણે કરી શકાય

પોષવા-ઉછેરવા જે જે સાધનોની જરૂર છે તે તે સાધનો અગાઉથી તૈયાર કરી રાખવાની કૃપા કરનાર, અને મહેનત અને પુરૂષાર્થના પરિણામે જે વસ્તુની પ્રાપ્તિ માટે પુરૂષાર્થ કરવામા આવ્યો હોય તે મહેનતના ફળ તરીકે બક્ષવાની દયા કરનાર અલ્લાહના નામથી આરભુ છુ

શ્રીમાનો ! મે દાખલા દલીલોથી સમજાવવા પ્રયત્ન કર્યો છે, હવે હુ ઐતિહાસિક દલીલોથી અરબી ભાષાનુ ગૌરવ સાબીત કરીશ જેઓ તવારીખથી વાકેફ છે તેઓ જાણે છે કે પુરાતન સસ્કૃતિની પુરાતન વિદ્યાઓ અરબી ભાષામા તરજુમો થઇ અરબી ભાષા દ્વારા યુરોપમા પહોચી અને ત્યા તે પુરાતન વિદ્યાઓ વૃદ્ધિ પામી-ખીલાઇ આજે જુદા જુદા સાયન્સોના રૂપમા જગતના સાપ્રત સસ્કૃતિના વિકાસ અને ઉન્નતિના કારણ બની રહી છે હુ આ સ્થળે કહીશ કે ખુદાની હિકમત અને કુદરતના ભેદોનો હુ જ્ઞાની નથી મને મારી બુદ્ધિએ જે સુઝ્યુ છે, તે તમારી આગળ રજુ કર્યું છે ખરા કારણ તો કુદરતનો કર્તા જાણે પણ ઉપર પ્રમાણે સમજી શકાય તેવુ છે

હઠયોગી—તમે ઇસ્લામનો મહિમા ગાઓ છો ખરા પણ તમે કહી શકશો કે ઇસ્લામ સર્વત્ર પ્રસરે તો પછી જગતને શાતિ નસીબ થશે અને સર્વ ટટા ફિસાદોનો નાશ થશે ?

મવલાના—વિશ્વ મડળ, સમાનતા-જેમા પ્રજા દેશ કે વ્યક્તિના નામનો પક્ષપાત ન હોય, વ્યવહારિક અને

સ્વભાવિક હોય તેવા ધર્મની શોધ ચલાવે છે, જેઇ, મે ઇસ્લામ ધર્મ જેવી રીતે હુ સમજ્યો છુ તેવી રીતે રજુ કર્યો છે ઇસ્લામ ધર્મ સ્વિકાર્ની સાથે સાથે તુરત માણસ પોતાના સ્વાર્થ ભુલી શાંતિ પરાયણ થઇ જશે એવો દાવો મે કર્યો નથી ઇસલામનો સ્વિકાર થાય અને તે ઉપર અમલ કરવામા ન આવે તો ઝગડા, ટંટા અને ફિસાદ ચાલુ રહે પરંતુ એટલુ તો કહી શકુ કે અશાંતિના અનેક કારણોમાનુ એક કારણ જ ધર્મની વિવિધવિધતા છે તે બેશક નાશ પામે, અને ઐકયતાનુ સુત્ર ઉત્પન્ન થએ સર્વ એ સુત્રથી બધાય

હઠયોગી—એવુ એકતાનુ સુત્ર કયુ છે?

મવલાના—સ્વભાવિક છે તેને અમે **કલમએ તવહીદ** એટલે **એકયતાનુ સુત્ર** કહીએ છીએ જ નીચ પ્રમાણ છે "**લાએલાહા ઇલ્લલ્લાહ મોહમ્મદુર રસુલુલ્લાહ**"— અલ્લાહ શીવાય કોઇ પુજ્ય નથી અને (હ૦) મોહમ્મદ (સ૦) તેના રસુલ છે

આ સુત્ર '**એકતાનુ સુત્ર** કહેવાય છે તે એકજ માલીક એકજ હાકિમ જે અલ્લાહ છે તેને તથા તે શીખવનાર હઝરત મોહમ્મદ (સ૦) ને રસુલ મનાવી તે નીચે સર્વત્ર પ્રજાઓનુ ઐકય સાધવાનો પ્રયાસ કરે છે

સભાસદો બોલી ઉઠે છે—"તેનુ નામ એકયતાનુ સુત્ર અને હેતુઓને સાધે છે તે રચના ખરેખર અનુપમ છે"

હઠયોગી—અલ્લાહને એક સ્વિકારાય, પણ હઝરત મોહમ્મદ (સ૦) ને શા માટે માનવામા આવે?

મવલાના—અલ્લાહને તમે હઝરત મોહમ્મદ (સ૦)

મારફત ઓળખ્યો એટલા માટે, અલ્લાહને તેમની મારફત પામો અને તેમનો સ્વિકાર ન કરો એ કેવળ હઠીલાઈજ કહેવાય

એક અવાજ આવે છે—"તેઓ નામે હઠીલાજ છે એટલે એવો પ્રશ્ન કરે તેમા નવાઈ શી? ' "ચુપ રહો ચુપ રહો," ના પોકારો થઈ પડયા

મવલાનાએ આગળ ચલાવ્યુ, "વળી અલ્લાહને એક માનવુ, તેનેજ ઝુકવુ—તેનેજ નમવુ, તેનીજ આશા રાખવી, તેનીજ સ્હાય ચાહવી, તેનાથીજ બીહવુ અને તેનાજ કાયદાઓએ ચાલવુ, હઝરત મોહમ્મદે (સ૦) જીવી બતાવ્યું છે એ જીવતરનો નમુનો માણસ પોતાના જીવતરમા ઉતારવો તેના આલોક અને પરલોકના શ્રેયના કારણભુત છે જો હઝરત મોહમ્મદ (સ૦) ને મુકી દો, તો અલ્લાહને એક માનવાનો કશો અર્થજ થતો નથી હઝરત મોહમ્મદ (સ૦) જે સદેશ એટલે કુરાન લાવ્યા છે તે આખુ કુરાન તેમણે જીવી બતાવ્યુ છે તેમના કુટુબીયોએ (અહલેબયત) જીવી બતાવ્યુ છે તેમના ઘણા અન્હાબોએ જીવી બતાવ્યુ છે અને તેથી સિદ્ધ કર્યુ છે કે આ સદેશ જીવવા જોગ વ્યવ્હારિક અને આધ્યાત્મિક ઉચ્ચ જીવનનો માર્ગ છે

હઠયોગી—આધ્યાત્મિક ઉચ્ચ જીવન, એ શબ્દનો મર્મ તો સ્વર્ગ માહેની હુરો વચ્ચે લીલા રમવાનો હશે?

મવલાના—તમારો આ પ્રશ્ન કટાક્ષરૂપે છે પરતુ મને તેની દરકાર નથી

એક જણ ઉભો થઇ કહે છે, "આ વિગતોમા જવાય છે વળી જેવી સભ્યતાની સાથે મવલાના અત્યાર સુધી ચર્ચા

કરતા રહ્યા છે તેવી સભ્યતા વિરૂદ્ધ છે, માટે મી૦ હઠયોગીને પોતાનુ વાક્ય સુધારવા ફરમાન થવુ જોઇએ

મવલાના—તેની કશી જરૂર નથી અત્યાર સુધી હુ ઇસ્લામના વ્યવહારિક બધારણ વિષે બોલી રહ્યો હતો તેની આધ્યાત્મિક બાજુ વિષે શબ્દે ઉચ્ચાર્યો નથી મે ઉપર આધ્યાત્મિક જીવનનો માર્ગ કહ્યો તે આ જીદગી માટેના આધ્યાત્મિક જીવન વિશે કહ્યુ છે પણ મર્ણ પછીની સ્થિતિ વિશે કહ્યુ નથી હવે મ્હારે તેમા પ્રવેશ કરવો પડશે.

પ્રમુખ—વિશ્વ ધર્મ મડળ હાલ આ જીદગીના વહેવારને જે અનુકૂળ હોય તેથી વિશેષ વિચારવા માગતુ નથી

ધર્માભિલાષિ—હાલતો આપણુ એટલુજ ધ્યેય છે આગળ ઉપર જોઇ લેવાશે

હઠયોગી—આપને મારા પ્રશ્નમા કટાક્ષ દેખાતો હોય તો હુ દિલગીર છુ ઇસલામ એકજ માલીક અને એકજ હાકિમને માનવાનુ શીખવે છે એ વાત ખરી છે, પણ બીજા ધર્મો જેવા કે—વેદાન્ત પણ એજ શીખવે છે, કઇ બીજુ શીખવતા નથી

મવલાના—જો એમજ હોય તો મારા હર્ષનો પાર ન રહે, હઝરત મોહમ્મદ (સ૦) દ્વારા આવેલો સદેશ પણ એજ કહે છે કે અગાઉના સર્વ પેગમ્બરો અને અગાઉની સહુ આકાશી કિતાબો એજ સનાતન સત્ય શીખવતી આવી છે લોકોએ પોતાની સ્વાર્થ બુદ્ધિથી એ સત્યને ગુમાવી દીધુ છે તે પાછુ યાદ દેવરાવવા—તે તાજેતર શીખવવા હઝરત મોહમ્મદ (સ૦) ને છેલ્લા રસુલ તરીકે મોકલવામા આવ્યા છે અગાઉના એ શિક્ષકો પોત પોતાની પ્રજામા

એ શિક્ષણ દેતા હતા હાલનો સમય સર્વ પ્રજાઓને એકત્ર થવાનો હોઈ એક શિક્ષક દ્વારા તે હમેશના માટે પાછુ ખોવાઇ ન જાય એવા પુર્ણ બદોબસ્તની સાથે મોકલવામા આવ્યુ છે મી૦ હઠયોગી! તમે આર્ય સમાજી છો, જે સમાજ દયાનદ સરસ્વતિએ આ સૈકામાજ સ્થાપી છે ખરૂ કે નહી?

હઠયોગી—હુ આર્ય સમાજી હોવાનુ ઉચિત માન ધરાવુ છુ

મવલાના—હુ તમને મુબારકબાદી આપુ છુ કૃપા કરી મને કહેશો કે આર્ય સમાજની સ્થાપના અગાઉ ભારતવાસીયો એજ સત્યને માનતા હતા?

હઠયોગી—બેશક એજ સત્યને માનતા હતા

મવલાના—ક્યા ધર્મ શાસ્ત્રના આધારે?

હઠયોગી—વેદના આધારે

મવલાના—ત્યારે સ્વામી દયાનદ સરસ્વતિએ આર્ય સમાજ, અને રાજા રામમોહન રાયે બ્રહ્મો સમાજની સ્થાપનાઓ શા માટે કીધી? જ્યારે લોકો એકજ કર્તાવાદને વેદને આધારે માનતા હતા, સત્ય ઉપર ચાલતા હતા ત્યારે આ સ્થાપનાઓની શી અગત્ય હતી?

હઠયોગી—લોકો મુર્તિપુજક થઈ ગયા હતા, એટલે સ્વામી દયાનદ સરસ્વતિએ મુર્તિપુજાનું ખડન કરી એકજ કર્તાવાદ સ્થાપ્યો

મવલાના—તેમના એ કાર્યને હું માનની નજરથી જોઉ છુ પરતુ હુ નથી સમજી શક્તો કે તમે એક વખત તો કહો છો કે લોકો વેદના આધારે સત્યવાદ જે એકજ

કર્તાવાદ છે તેને માનતા હતા અને બીજી વખત કહો છો કે મુર્તિપુજક થઇ ગયા હતા !

હઠયોગી—તેઓ એકજ કર્તા ને માનતા હતા છતા મૂર્તિને પણ પુજતા હતા એકજ કર્તાવાદ અને મુર્તિપુજા બન્ને અસંગત છે એકજ કર્તાને માનવુ અને મુર્તિને પુજવુ એક બીજાનુ ખંડન કરે છે એ મુર્તિ પુજાનો નાશ કરવા સ્વામિ દયાનંદ સરસ્વતિનો પ્રયાસ હતો

મવલાના—મુર્તિપુજાનુ ખંડન સ્વામીજી શા આધારે કરતા હતા?

હઠયોગી—વેદના આધારે

મવલાના—મુર્તિપુજા કરનાર લોકો મુર્તિપુજાને વ્યાજબી ઠરાવવા કોઇ શાસ્ત્રનો આધાર બનાવતા હતા?

હઠયોગી—એવા ઢોંગ અને ધતીંગને માટે શાસ્ત્રનો આધાર હોઈ શકે નહી !

મવલાના—હુ અભિપ્રાય પુછતો નથી હુ તો હકીકત પુછુ છુ

હઠયોગી—તેઓની પાસે કાંઇ આધાર હોય એવુ હુ માનતો નથી

મવલાના—હુ બીજી વાર વિનતી સાથ ચાર દેવરાવુ છુ કે હુ તમારો અભિપ્રાય કે માન્યતા પુછતો નથી હુ હકીકત ચાહુ છુ

હઠયોગી—મવલાના તમે હઠ કરો છો

અહી મી૦ નિરપક્ષપાતી ઉભા થાય છે પ્રમુખને સંબોધીને કહે છે 'સાહેબ! મવલાનાને ગેરઇન્સાફ આપવામા આવે છે સભાનો નાહક વખત વ્યર્થ જાય છે હુ મારી

પેઠે જાણુ છુ કે મુર્તિપુજકો આય સમાજીયોની સાથેના શાસ્ત્રાર્થમા વેદનો આધાર બતાવે છે, બન્ને પથો વેદનાજ આધારે શાસ્ત્રાર્થ કરે છે”

હઠયોગી—વેદમા મુર્તિપુજા છેજ નહી

નિરપક્ષપાતિ—પરતુ મુર્તિપુજકો તેમ માનતા નથી

પ્રમુખ—અહી આવી હઠ યોગ્ય નથી જો તમારે જવાબ ન દેવા હોય તો બેશી જાઓ

હઠયોગી—હુ હાર્યો નથી કે બેશી જાઉ

સલાહસુચક ઊભા થઇ કહે છે, ‘ભાઇ અહી હારજીતનો અખાડો નથી”

મવલાના—પ્રમુખ સાહેબ ! ભલે તેઓ હકીકત ન આપે વાતને વધારવામા માલ નથી ‘મી૦ હઠયોગી ! તમે કહી શકશો કે આર્ય સમાજના મુકાબલામા કોઇ જાતની બીજી સમાજ કે સભા સ્થપાઇ છે?”

હઠયોગી—તે હુ કહી શકુ નહી

નિરપક્ષપાતી—સાહેબ ! હવે હદ થાય છે અમારો વખત નકામો લેવાય છે

મવલાના—મી૦ નિરપક્ષપાતી ! કાંઈ ફિકર નહી તમે સબુરી રાખો મી૦ હઠયોગી ! સ્વામિ દયાનદે મુર્તિઓનુ ખડન વેદના આધારે કર્યુ ત્યારે વેદના સર્વ માનનારાઓએ તેને સ્વિકાર્યુ ?

હઠયોગી—જેઓ અજ્ઞાન હતા, મૂર્ખ હતા, વેદને સમજતા નહતા તેઓએ સ્વિકાર્યુ નહી

મવલાના—આ સમાજની સ્થાપના અગાઉ સર્વ મુર્તિપુજા કરતા હતા એ વાત ખરી કે નહીં?

હઠયોગી—બેશક જી

મવલાના—ત્યારે એ માનનારાઓમા વિદ્વાન પંડીતો હતા કે નહી ?

હઠયોગી—પંડીતો હતા પરંતુ વેદના ખરા અર્થ સમજતા ન હતા

મવલાના—તાત્પર્ય એ નીકળ્યું કે મુર્તિપુજકો અને મુર્તિઓનુ ખંડન કરનારાઓ બન્ને પક્ષોનો આધાર વેદ ઉપર રહેલો છે, બન્ને પક્ષોમા વિદ્વાન પંડિતો છે આર્ય સમાજી સ્વામિ દયાનંદ સરસ્વતિના શાસ્ત્રાર્થને સ્વિકારે છે, અને સામા પક્ષવાળા તેમનો શાસ્ત્રાર્થ સ્વિકારતા નથી કેમ ખરૂ કે નહી ?

હઠયોગી—હુ તો સ્વામિ દયાનંદ સરસ્વતિના શાસ્ત્રાર્થને સ્વિકારૂ છુ

પ્રમુખ—આ તકરારનો હેતુ શુ છે ? એ હુ સમજી શકતો નથી

મવલાના—કૃપા કરી મને તક આપશો હુ જે પરિણામે આવીશ તે ઉપરથી તમે તેનુ વ્યાજબીપણુ સમજી શકશો વારૂ ? પણ સામા પક્ષવાળા સ્વામિ દયાનંદ સરસ્વતિના શાસ્ત્રાર્થને સ્વિકારતા નથી, ખરૂ કે નહી ?

હઠયોગી—તેઓ જડબુદ્ધિના છે શાના સ્વિકારે ?

મવલાના-સ્વામીજીને વેદના એવા અર્થ કોણે શીખવ્યા ?

હઠયોગી—કેવા હસી કાઢવા જેવો સવાલ કરો છો ? તેઓ વિદ્વાન હતા

મવલાના—ચાલો જવાબ ન દયો તો ફિકર નહી તમારી પાસે કોઈ સ્નેહીનો પત્ર આવે જેના અમુક વાકયનો

અર્થ તમે અમુક કરો અને બીજો તમારો મિત્ર જુદો અર્થ કરે તો તેનો ચુકાદો—કે લખનારનો ખરો હેતુ શું છે તે કયાં કરાવશો ?

હઠયોગી—ત્રીજાને પુછીશું

મવલાના—હજુ ચુકાદો ન થયો તો ?

નિરપક્ષપાતી—જાડું કહી દયોને લખનારને પુછીશું કે ત્હારો હેતુ શું છે ?

મવલાના—સત્ય કહ્યું, હવે કહો ભાઇ હઠયોગી! વેદ ઈશ્વર કૃત છે, વેદ એ ઈશ્વરના સદેશ સમાન છે, તેના અર્થ વિશે માંહો માંહે તકરાર પડી છે, તેના જુદા જુદા ધર્મો ઉપસ્થિત થયા છે તકરારો વધતી જાય છે ત્યારે એ વેદનો રચનારજ ખરો અર્થ સમજાવે અને ભાજગડ તોડે એ ઉચિત અને ઇચ્છિત હોય કે નહી ?

ધર્માભિલાષિ બોલી ઉઠે છે, "એના જેવું તો બીજું શું હોય ?"

ધર્મવિલાશી—સર્વ ભાજગડજ ભાંગે ને

મવલાના—ત્યારે મ્હારે કહેવું જોઇએ કે તેવો ચુકાદો અપાઈ ગયો છે **અને તે જગતના કર્તા કૃત કુરઆનનો સદેશ છે** તેમાં એકજ કર્તાવાદને સ્થાપિત કર્યો છે અને મુર્તિપુજાનું ખંડન કર્યું છે અને સ્પષ્ટ કહી દીધું છે કે અગાઉના સદેશાઓ લોકોની સ્વાર્થ બુદ્ધિથી કરવામાં આવેલ મિશ્રણોથી તેના અસલ સ્વરૂપમાં ન રહેવાથી, તથા તે દરેક પ્રજાને જુદા જુદા આપવામાં આવેલા હોવાથી તથા હવે સર્વ પ્રજાઓ એકત્ર થવાનો વખત આવેલો હોવાથી ભુલાઈ ગએલો ખરો સદેશ પાછો નવેસર રોકડું

છુ અને તે આખા વિશ્વને માટે માર્ગ દર્શક છે

હઠયોગી—અમે કુરઆનને માનતા નથી વળી તે તો તકરાર અગાઉના સંદેશ છે

મવલાના—કુરઆનને આ એકજ તકરાર દુર કરવાની ન હતી કુરઆનને તો બીજી પ્રજાઓમા અપાએલા સદેશાઓ વિશેની માહોમાહેની તકરારો પણ દુર કરવાની હતી બાઇબલ વિષે પણ એજ તકરાર હતી અને તે સર્વ તકરારો એક વિશ્વ સદેશ આપી દુર કરવાની હતી વળી વેદ કુરઆન પહેલાનું છે અને વેદના શાસ્ત્રાર્થની તકરાર પુરાની છે સ્વામીજીએ પોતાના શાસ્ત્રાર્થ સિદ્ધ કરવા અગાઉના વેદાન્તીયોના શાસ્ત્રાર્થ અને ટીકાઓના જે આધાર લીધા છે તે મારી દલીલને મજબુત કરે છે કુરઆનનો સદેશ મળ્યો તે પહેલા સર્વ જગત મૂર્તિપૂજક બની ચુકર્યુ હતુ સત્ય તદન ખોવાઈ ગયુ હતુ વેદના ખરા અર્થના અનર્થ થઇ ચુકયા હતા કુરઆને પાછુ તે સત્ય નવેસર સ્થાપિત કીધુ મૂર્તિપૂજાના ખડન અર્થે સ્વામીજીએ આર્યસમાજ સ્થાપવા વેદના નવા અર્થ કરવા જરૂર ન હતી કુરઆનને સ્વિકાર્યુ હોત તો પુર્ણ હેતુ સધાત

હઠયોગી—ગમે તેમ પણ સ્વામીજીનો શાસ્ત્રાર્થ કુરઆનથી સિદ્ધ થાય છે અને તમારી શાક્ષીથી સ્વામીજી વિરૂદ્ધના લોકો ઉધા માર્ગે છે એવી કબુલાત મળે છે

મવલાના—તે હુ કબુલ કરૂ છુ પરતુ મ્હારે કહેવુ જોઇએ કે સ્વામિજીએ કુરઆનનો સ્વિકાર કર્યો ન હતો તેમનો સ્વભાવ—તેમનુ અતકરણ તેમને એકજ કર્તાવાદ તરફ દોરતુ હતુ તેમના અતકરણને મૂર્તિપૂજા સત્ય દેખાતી

ન હતી એટલે તેઓ વેદમાથી અને વેદના ટીકાકારોના લખાણોમાંથી પોતાના સ્વભાવિક ધર્મના માટે ટેકો શોધતા હતા તેમાથી તેમને જેટલો મળી શકયો તેટલો લઇ લીધો પણ વદ અને વેદના ટીકાકારોના લખાણો અસલ સ્વરૂપમા નહી હોવાથી અથવા પુરાતન ભાષામા હોઇ અનેક અર્થ કરી શકાતા હોઇ, ખરો એકજ કર્તાવાદ સ્થાપી શકયા નહિ જો તેઓ કર્તાના ચુકાદા—કુરઆનનો આધાર લેત તો તેમને ખરો એકજ કર્તાવાદ મળત દાખલા તરીકે, મારી જાત વિશે, મારા અભ્યાસ વિશે, મારા ગુણ વિશે, મારા કાર્ય વિશે, મારા ઠેકાણા વિશે, મારી ઇચ્છાઓ અને ઉદેશ વિશે બીજાઓ મારી આસપાસના સજોગો જોઈ નિર્ણય કરે ત કરતા મારા પોતાના વિશે હુ પોતે માહેતી આપુ ત વધારે ખરી હોય

હઠયોગી—તમો તો જુઠુએ બોલો

મવલાના—પણ હુ જુઠો ન હોઉ, અને ખરી માહિતી આપવા માગતો હોઉ તો ?

નિરપક્ષપાતિ—કર્તા વિશે કર્તા પોતે માહેતી આપે તે ખરેખર પુર્ણજ હોય

હઠયોગી—પરતુ સ્વામિજીએ એકજ કર્તાવાદ સ્થાપ્યો છે કયા બીજો સ્થાપ્યો છે ?

મવલાના—હુ તમને ઉત્તર દઉ તે પહેલા સભાને કાંઇ કહેવા માગુ છુ

ગૃહસ્થો ! આપણે વિશ્વધર્મની તપાસ ચલાવીએ છીએ મારૂ કહેવુ એવુ છે કે તેવો ધર્મ ઇસ્લામ છે કારણ કે વિશ્વધર્મને લાયકની તમામ પુર્ણ શરતો તેમા છે મી૦

હઠયોગી આર્યસમાજ સ્થાપિત એક કર્તાવાદ રજુ કરે છે તે કેવળ પ્રજાકિય અને વ્યકતિ સપ્રદાય છે, વિશ્વધર્મ તેનો અગીકાર કરે નહિ અને તેથી વિશ્વધર્મ સ્થપાય નહિ જે લોકો જગતના કર્તાના સ્થાપેલા ધર્મનુ અનુસરણ કરતા હોય તે લોકો એક વ્યકિતના-માણસના સ્થાપેલા ધર્મના સ્વિકાર કેવી રીતે કરી શકે? એક પુસ્તક પાક પરવરદિગારે રચ્યુ છે અને એક તેના બનવેલ માણસનુ રચેલુ છે તમે મારી સાથે ઉચિત એક મત થશો કે વિશ્વધર્મ સઘળો વિશ્વ—પતિ (પરવરદિગાર)નુ રચેલુ પુસ્તકજ માન્ય રાખે જેઓ પુરાતન ધર્મોના અનુયાયી છે તેઓએ પોતાના ધર્મમા સુધારા કર્યા હોય, પણ તેથી એ લોકો કે જેમની પાસે સપુર્ણ અને લગાર ખામી વિનાનો ધર્મ મોજુદ હોય તે પુરાતન ધર્મમા ભળે નહિ એ સ્વભાવિક અને વ્યાજબી છે અને તેથી સ તફાવો રહે વિશ્વધર્મ સ્થપાય નહી માટે વિશ્વધર્મ સ્થાપના માટે અને દુનીયાના-એકત્રતા માટે એ પુરાતન ધર્મના અનુયાયીઓએ સપુર્ણ અને છેલ્લામા છેલ્લો ધર્મ જે હોય તે કબુલ કરી લેવો જોઇએ

હઠયોગી—મારો સવાલ ઉડાડી દેવામા આવશે નહિ આર્ય સમાજનો "એકજ કર્તા મત છે અને તેને વેદોના ટેકા હોઇ તે વાદ પુર્ણ રીતે સ્થાપિત થયા છે

મવલાના— પ્રમુખ સાહેબ! મારે વિગતોમા જવુ ન પડે એટલા માટે મે ઉપલો સાર ખુલાસા રૂપ કહી દીધા પણ હવે મને વિગતામા જવા આમત્રણ થાય છે માટે મને દોષ ન દેવાય

ધર્મવિલાસી—મી૦ હઠયોગીની સાથેની આજની

ચર્ચા વિગતો જેવીજ થઈ છે જો કે સભાને તેમા ઘણુ નવુ જાણવાનુ મળ્યું છે પણ અત્રે જો આ ચર્ચા ન હોત તો અમારા મુદ્દાને અગે બીજુ ઘણુ જાણી શક્યા હોત

નિરપક્ષપાતી—નહી આજની ચર્ચા વિગતોની ન હતી એકજ કર્તાવાદ એ સ્વભાવિક ધર્મ છે અને તે વિશ્વધર્મ મડળનુ ધ્યેય છે એટલે એ વાદને અગે જેટલી ચર્ચા થાય તે વિગતોની નહીં ગણાઈ શકે

ધર્માભિલાસી—પ્રમુખ સાહેબના ચુકાદો સર્વને માન્ય રહેશે

પ્રમુખ સાહેબ—એકજ કર્તાવાદના મુદ્દાના અગની ચર્ચા—વિગતોની નહિ ગણાય એમ હુ માનુ છુ માટે મવલાના તમે શરૂ કરો

મવલાના—વારૂ મી૦ હઠયોગી ! આત્મા (રૂહ) અને માયા (માદ્દા) તમારી માન્યતા પ્રમાણે આદિ (પયદા કરવામા આવલી) છે કે અનાદિ (જે પયદા કરવામા આવેલ હોય પરતુ અનાદિકાળથી—અનત હોય) છે ?

હઠયોગી—એકજ કર્તાવાદની ચર્ચામાથી આત્મા અને માયાના વાદમા ઉતરવુ ચોખ્ખુ વિગતોમા જવુ છે એવા વિગતોના સવાલમા જવુ એ ઉદ્દેશ વિરૂદ્ધ છે

નિરપક્ષપાતી—(અકળાઇને) એનો સભાએ નિર્ણય કરી લીધો છે જે તમે સાભળ્યો છે માટે જવાબ આપવો પડશે

હઠયોગી—પ્રમુખ સાહેબ ! મી૦ નિરપક્ષપાતી દરેક વખતે મવલાનાનો પક્ષ કરતા જણાય છે, અને વચમા ચર્ચા વિગતો જેવીજ થઈ છે જો કે સભાને તેમા ઘણુ નવુ જાણવાનુ મળ્યું છે પણ અત્રે જો આ ચર્ચા ન હોત તો અમારા મુદ્દાને અગે બીજુ ઘણુ જાણી શક્યા હોત

નિરપક્ષપાતી—નહી આજની ચર્ચા વિગતોનો ન હતી એકજ કર્તાવાદ એ સ્વભાવિક ધર્મ છે અને તે નાહકની દખલગીરી કરે છે માટે તેમને અટકાવશો

પ્રમુખ—આ સભામા વ્યાજબી રીતે પ્રશ્ન ઉત્તરની અને ચર્ચાની છુટ છે દરેકને વ્યાજબી બોલવાનો હક છે

હઠયોગી—મને જણાવવાને દીલગીરી થાય છે કે આ મડળ શરૂઆતથીજ મવલાનાનુ તરફદાર છે તેમને જે સગવડ અપાય છે તે બીજાને અપાતી નથી જુદા જુદા બહાનાઓ નીચે જુદા જુદા ધર્મોના પ્રતિનીધિઓની બોલવાની છુટ છીનવી લેવામા આવી છે

પ્રમુખ—મડળ ઉપર આ તમારો ગેર વ્યાજબી આક્ષેપ છે અહી કોઈનો પક્ષ કરવામા આવતો નથી તમારે જો ચર્ચા કરવા ઈચ્છા હોય તો મવલાનાનો જવાબ આપો નહી તો બીજાને ચર્ચા કરવાની તક આપો

હઠયોગી—મવલાનાનો ઈસ્લામની સરસાઈ વિષેનો ગર્વ બીજો ઉતારી શકશે નહી

ધર્માભિલાષી—આવા સ્પીરીટની સાથે આવી તકરારી ચર્ચામા ઉતરવુ ખચિતજ આ મડળના હિતની વિરૂદ્ધ છે સત્ય શોધનમા માણસે પોતાનુ અતકરણ શુદ્ધ રાખી નિર્વિકારી બની સામેના પક્ષના મુદ્દાઓનો નિખાલસપણે વિચાર કરવો એજ હેતુ સાધક છે અમુક વિચારો પહેલાથી બાધી લેવા અને તેનુ ખડન થાય તો પણ તેને વળગી રહેવુ એ તો કવળ દુરાગ્રહજ કહેવાય મી૦ હઠયોગી! આ મડળ શાત ચિત્તે અને શુદ્ધ ભાવે સારા સાર વિચારવા માગે છે જો તમે તમારા મનમાથી રોષ કાઢી ન શકો તો ચર્ચા બધજ કરશો

હઠયોગી–મારા બધાએલા વિચારો કાંઈ અસત્ય નથી કે જેથી તેમને હુ મુકી દઉં, તો પણ હુ મ ડળનો વખત લેવા માગતો નથી વારૂ, મવલાના ! અમે આત્મા અને માયાને અનાદિ અને અન ત માનીએ છીએ, હવે તમારે શુ કહેવુ છે ?

મવલાના—અને કર્તા–ઇશ્વરને કેવો માનો છો, આદિ કે અનાદિ ? એ પુછવુ છે

હઠયોગી—ઇશ્વર તો અનાદિ અને અન ત છેજ

મવલાના—ત્યારે તમે ત્રણ અનાદિ અને અન ત વસ્તુઓને માનો છો ખરૂ કે નહી ? ત્યારે એ ત્રણમાથી જગતનો કર્તા કોણ છે ?

હઠયોગી—એક ઇશ્વર

મવલાના—ત્યારે અનાદિ અને અન ત (Infinite) ઇશ્વર પોતાના જેવી બીજી બે અનાદિ અને અન ત વસ્તુઓ ઉપર કેવી રીતે કાબુ મેળવી શકયો ? અનાદિ અન ત વસ્તુ એજ કહેવાઈ શકે કે જે પોતાની મેળે હસ્તીમા (Self-existent) હોય તેના સર્વ ગુણો પણ અનાદિ અને અન ત હોય ત્યારે આ બે વસ્તુઓએ પોતાનુ અનાદિપણુ અને અન તપણું કેવી રીતે ગુમાવ્યું અને કેવી રીતે અ તવાન (Finite) બની પોતાના જેવાજ ઇશ્વરના કાબુમા આવી ગઈ ? તમે કહો છો કે અમારો વાદ એકજ ઇશ્વર વાદ છે તમે તો આવી રીતે ત્રણ અનાદિ અન ત વસ્તુઓના (જે હોઈ શકે નહી–તર્ક–ન્યાય બુદ્ધિ જેને સ્વિકારીજ શકે નહીં) ઉપાસક છો **એકજ વસ્તુ અનાદિ અને અન ત હોઇ શકે અને તેના વિના બીજુ જે કાંઈ હોય તે આદ અને અ તવાન હોય.** આપણે આ જગતની સર્વ વસ્તુઓને

જોઇશુ તો તે સર્વ મર્યાદિત (હદવાળી) અને અંતવાન માલુમ પડશે આમ મર્યાદિત અને અંતવાન વસ્તુઓના પૃથક્કરણ કરતા કરતા આપણે એક અમર્યાદિત અને અનંત કારણ (જેને અલ્લાહ કહીયે છીયે) સુધી પહોંચીશુ **ત્રણ અમર્યાદિત અને અનંત તો સંભવેજ નહી. એક બે અને ત્રણની ગણતરીજ એક બીજાને મર્યાદિત અને અંતવાન સાબિત કરે છે** માટે તમે એક ઈશ્વરવાદી કેવી રીતે કહેવાઈ શકો? અને જ્યારે તમે એક ઈશ્વરવાદી નથી અને વળી પ્રજાકિય ધર્મના અનુયાયી છો ત્યારે તમારો ધર્મ સ્વભાવિક ધર્મ નથી--સામાન્ય ધર્મ નથી એ સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે

હઠયોગી—ત્યારે જો આત્મા અને માયા ન હતી ત્યારે ઈશ્વરે સૃષ્ટિ શાથી રચી?

મવલાના—આપણે સૃષ્ટિની રચનાના એક કારણ સુધી પહોંચી શકીય-જે અનાદિ અને અનંત હોય જગતની રચનામા યુક્તિ અને યોજના જોઈ રચનારને મહાન યોજક ચતુર--કુશળ--નિપુણ અને જ્ઞાની માની શકીયે આવી અનુપમ રચના જોઈ તેને મહા શક્તિવાન હોવો સમજી શકીયે, પણ તેણે સૃષ્ટિ શાથી રચી અને કેવી રીતે રચી એ ન કહી શકીયે જ્યારે આ ન કહી શકીયે અને ન સમજી શકીયે ત્યારે બીજા કારણો (ઈશ્વરો) જે તર્ક-બુદ્ધિ-ન્યાય અને અંતર્જ્ઞાન (Intu rition) વિરૂદ્ધ હોય તેવા યોજીએ એ કેવળ અધર્મતાજ કહેવાય

જો આત્મા અને માયા જેના આપણે બનેલા છીયે તે અનાદિ અને અનંત હોત તો આપણુ જ્ઞાન પણ અનંત હોત, કારણ કે અનાદિ અને અનંત વસ્તુઓના ગુણ પણ

અનાદિ અને અનત હોય છે પણ આપણે અનુભવિયે છીયે કે આપણુ જ્ઞાન મર્યાદિત અને અતવાન હોઈ, જે અનત જ્ઞાન છે તેને ઘેરી શકે નહીં અને તેથી તેણે સૃષ્ટિ શાથી રચી અને કેવી રીતે રચી તે સમજી શકીયે નહીં આપણે તો તેના મુળ એક કારણ સુધી પહોચી શકીયે આ મુળ એક કારણ એજ સ્વાભાવિક ધર્મ છે

હઠયોગી—આત્મા અને માયા, અનાદિ અને અનત ઈશ્વરમાથી ઉદભવ્યા છે માટે તેને અનાદિ અને અનત કહીયે છીયે

મવલાના—ત્યારે પહેલા એકજ અનાદિ અને અનત ઈશ્વર હતો એ માન્ય રાખો છો જો તેમ હોય તો આ અગાઉનુ તમારૂ બધુ કહેવુ રદ થાય છે

હઠયોગી—શાથી રદ થાય છે? અનાદિ અને અનત વસ્તુમાથી નીકળેલી વસ્તુઓ પણ અનાદિ અને અનતજ હોય બીજુ સભવેજ નહી

મવલાના—આ નહી સમજવામા આવે તેવુ તર્ક શાસ્ત્ર છે વારૂ આત્મા અને માયાના સયોગથી રચનાનું જે સ્વરૂપ બધાયુ તે સ્વરૂપને, તે રચનાને આદિ શા માટે માનો છો? આ સ્વરૂપ પણ ઈશ્વરમાથી આવ્યું ને? તેને શા માટે અનાદિ અને અનત માનતા નથી? એવી રીતે સર્વ સૃષ્ટિને અનાદિ અને અનત કેમ માનતા નથી?

હઠયોગી—તમે શુ કહેવા માગો છો? તમારી માન્યતા શુ છે?

મવલાના—ખુલ્લી છે, જગતની ઉત્પતિનુ એકજ કારણ અલ્લાહ છે આત્મા, માયા, જે હોય તે સર્વ તેનું ઉત્પન્ન

કરેલુ છે તેણુ કેવી રીતે ઉત્પન્ન કર્યું શાથી ઉત્પન્ન કર્યું તે કહી શકવુ મર્યાદિત માણુસની શકિત અને સમજ બહારનું છે

નિરપક્ષપાતિ—એજ ખરો ધર્મ છે જે વસ્તુ સમજમા ન આવી શકે તેને સમજાવવાના પ્રયત્નો વ્યર્થ છે અને તેવા પ્રયત્નો કરનારા, લોકોને સવળે માર્ગે ચઢાવવા કરતા અવળે માર્ગે ચઢાવે છે, મતભેદ વધારે છે—અને છેવટે તેને માન્યતાનો વિષય બનાવી—ધર્મનું નામ આપી પોતાનો સ્વાર્થ સાધે છે

હઠયોગી—તમે સહુ મવલાનાના પક્ષપાતી છો તમારા જેવાઓની સભામા આવવુ, બોધ દેવો એજ મુર્ખાઈ છે તમને લગારે તમારા ધર્મનુ કે દેશનુ અભિમાન નથી તમે અગ્રેજી કેળવણી લઈ સ્વતત્રતાના નામથી અજાઈ ગયા છો ખરેખર આર્યાવ્રતની આથી વધારે દુર્દશા કળી શકાય નહી આપણા દેશના સત્ય ગુરૂઓ મહાત્માઓ રૂષિયો મુનિઓને કયા જ્ઞાન ન હતુ કે આપણે એક વિદેશીના શિક્ષણના હાજતમદ હોઈએ

નિરપક્ષપાતિ—અમે આપણા દેશના સત્ય ગુરૂઓ, મહાત્માઓ ઈત્યાદી માટે ગર્વ ધરાવીયે છીએ તેમના આપેલા જ્ઞાન દાનમા અમને આસ્થા છે પણ તેઓનું જ્ઞાન તેના અસલ સ્વરૂપમા લોકોએ રહેવા દીધુ ન હોય ત્યારે અમારે તેમનુ શીખવેલુ ખરૂ સત્ય શુ છે તે શોધવુજ જોઇયે

હઠયોગી—ઈસ્લામમા કયા એકજ વાત છે? કયા તફાઓ નથી. મતભેદ નથી ફીરકાઓ નથી? ઈસ્લામમા

પણ અનેક પથો ચાલુ થયા છે એ તમે કયા જાણો છો?

નિરપક્ષપાતિ—મવલાના' આ શુ સત્ય છે?

આ વખતે મવલાનાએ જે કુનેહ વાપરવી જોઈતી હતી તે વાપરી શક્યા નહી તેમને ધ્યાન રહ્યુ નહીં દરેક વિવાદ કરનારે જે પોતાની સામેના પક્ષના વિવાદીને મુઝવી રહ્યો હોય યાદ રાખવુ જોઈયે કે હારતો હરીફ સટકવાનો કાઈ ને કાઈ લાગ તાકી રહ્યો હશે, અને તેથી તેણે ઘણી સમય સુચકતા રાખવી જોઇયે અને ગાફિલ રહેવુ જોઇયે નહી મવલાના ઘણા હુશીયાર વિદ્વાન અને ચાલાક હતા પણ પોતાની ધુનમા આ બાબત જોઈ શકયા નહી અને જવાબ દીધો કે—

"સત્ય **છે. પરંતુ**"—

હજુ મવલાના કાઈ બોલે તે પહેલા લાગની તાકમા બેઠેલા મી૦ હઠયોગીને અનુકુળ પ્રસગ પ્રાપ્ત થયો તેઓ અવામ—અજ્ઞાન સમુહની પ્રકૃતિથી વાકેફ હતા અને તેમને એકદમ કેમ ઉશકેરવા અને પોતાના પક્ષમા દોરી લેવા એ સારી પેઠે યાદ હતુ તુરતજ બોલી ઉઠયા

"જોઇ લેજો ભોપાળુ"-ભાઈઓ આ તમારા મવલાના' સહુ ભેદ ખુલી ગયો અને ભોપાળુ ખુલ્લુ પડયુ"

આ શબ્દો વિજળીના વેગે પ્રસરી ગયા, અલ્યા ભોપાળુ જોયું ભોપાળુ, ચારે તરફ થઈ રહ્યુ પ્રમુખ ઘણા વારે છે પણ માને છે કોણ? ગડબડાટ અને કોલાહલ વધી પડયો મવલાના અને બીજાઓ ધાટા પાડી સમજાવે છે કે ભાઇયો સાભળો, વાત તો પુરી સાભળો, પણ મી૦

હઠયોગી પુકારે છે "સાભળ્યા એવા ઢોગ ધતીગ! લોકો ગાડા નથી કે છેતરાય!" શુ થયુ એ જોવા ઘણા લોકો ઉભા થઈ જાય છે અને સાભળો સાભળો કહે છે ભોપાળુ અલ્યા ભોપાળુ તો થતુજ હતુ, એમા સાભળો સાભળો, બેશી જાઓ બેશી જાઓ નો શોર વધ્યો વાલન્ટીયરો ગાભરા થઈ તેમને બેસારવા આવે છે એમ ભેટમ ભેટા થાય છે તેવામા કોઇએ વચમા પગરખુ ફેકયું, પગરખાનું આવવુ હતુ કે કુરશીયો ઉછળી, આકણીયો અને ખડીયા ફેકાયા અને બાઝી અધા ધુધી ચાલી, નામમ નામા શરૂ થઈ પ્રમુખ ભીડમા હડસેલા ખાઈ કયા ના કયા પહોચી ગયા, મવલાનાની પાઘડી ગળામા ઉતરી પડી, મી૦ નિરપ ક્ષપાતી કચડાઈ ગયા અને આખી સભા એવીજ અવ્યવસ્થા અને તોફાનની શિકાર થઈ છીન ભીન્ન થઈ ગઈ જે કાર્યમા અજ્ઞાન સમુહ હોય અને તેનો આગેવાન કોઈ સ્વાર્થિ પણ દાનો, હુશીયાર, ચાલાક અને સમય સુચક હોય તે નાગમા સાગ કામને પણ આવી રીતે જોત જોતામા બગાડી નાખે છે ઉચામા ઉચ હેતુ, આશય અને ઉદ્દેશનો નાશ કરે છે લોકોએ વણીવાર કોઈ નિખાલસ મનના ઉચ પ્રકૃતિ અને સસ્કૃતિના નિસ્વાર્થિ માણસને પોતાનો આગેવાન બનાવેલ હોય છે-એક વખત સુધી લોકો તેનાથી દોરવાય છે કેટલીક વાર તે પોતાની ઈચ્છા વિરૂધ લોકોની મરજી રાખવા લોકોથી દોરવાય છે તો પણ તેવો માણસ લોકોનાજ હાથથી પડે છે અગર માર્યો જાય છે, આજ પણ લોકો એટલે સમુહ એજ માર્ગે ચાલતા જોવાય છે તવારીખનો આ ક્રમ અચળ છે તવારીખની સમાનતા

સર્વ કામમા રહેલી છે લોકોની બહુમતીવાળા રાજ્ય તત્રની સ્થાપનામા આવો ભય કાઈ જેવો તેવો હોતા નથી જેઓ અજ્ઞાન બિન સમજના જાહેલ અને આવેશોને વશ હોય છે તેમને જવાબદાર રાજ્ય તત્ર સ્થપાય એ કરતા ખુદાને આ જગતના માલિકને જવાબદાર હોય એવુ રાજ્ય તત્ર સ્થાપી શકવાની જો કોઈ રીત કે યુકિત કાઢી શકાતી હોય તો એ વધારે પસદ થાય અત્યારે લોકોને જવાબદાર–બહુમતીવાળા રાજ્યતત્રમા જગતનો ઉદ્ધાર હશે પણ તેવુ રાજ્યતત્ર અચલિત–જાયુતુ અને હમેશ નભનારૂ હોવાની કશી ખાતરી રાખી શકાય નહી No taxation without representation લોકો ઉપર લોકોની મરજીથીજ કર નાખી શકાય એ નિયમ તદન ન્યાય યુકત છે અને તેથી વહીવટદાર અગર સરકાર લોકોનેજ જવાબદાર હોય એ પણ માન્ય છે પરતુ કર ભરનારો કર ભરે છે એટલે તેને મત આપવાનો અધિકાર પ્રાપ્ત થાય છે ત્યારે આ સૃષ્ટિ જેનો બનાવેલી છે, આ સૃષ્ટિ જેની મીલકત છે, આ સૃષ્ટિ માહેની દરેક વસ્તુ જેના કબજાની છે તેવા આ સૃષ્ટિના માલિકના મતની પ્રાપ્તિ વિશે આપણે શુ કર્યું છે? જેની મીલકત છે તેની મરજી કે મત વિના આપણે તેની મીલકતનો વહીવટ કરીયે એ શુ અન્યાય નથી? માટે પ્રથમ માલિકને જવાબદાર અને પછી લોકો પુરતુ લોકોને જવાબદાર રાજયતત્ર સ્થપાય તોજ કાઈ ઉદ્ધારનો માર્ગ મોકળો થાય નહિ તો નવા નવા અખતરા કરે જવા અને હેરાન થતા જવુ એજ નસીબમા રહેશે

વિશ્વધર્મ મડળની સભા વિખરાઈ ગઈ પણ તે

સભામા હાજરી દેનારાઓ અનેક ગાફ્વાઓ ઉગાડવા લાગ્યા તે સભામા હાજરી દેનાર પોતે આશ્ચર્ય યુક્ત થઈ પુછતો કે ભાઈ તોફાન શાથી જાગ્યુ તે કાંઈ સમજાયુ નહી બીજો કહે ભોપાળુ ભોપાળુ કહેવાતુ હતુ ત્રીજો કહે કે પ્રમુખ સાહેબે કાંઈ કટુ શબ્દ ઉચ્ચાર્યો હતો, ચોથો કહે કે એ બધા નિરપક્ષપાતી ભાઈના છાટા હતા પાચમો કહે કે મવલાનાનો ચોખો પક્ષ કરવામા આવતો હતો સભામા ઉશ્કેરાઈ જઈ તોફાન કરનાર પોતે તોફાનનુ કારણ શોધતા હોય એ તેમની બુદ્ધિની ખુબી નહી તો બીજુ શુ છે? બીજે દીવસે છાપાઓમા મોહટા મોહટા આર્ટીકલો લખાયા કોઇનુ હેડીગ "**વિશ્વધર્મ મડળમા ફુટફાટ**" કોઇનુ "**મી૦ હઠયોગીની ખુલ્લી જીત અને મવલાનાની હાર**" ત્યારે કોઈનુ હેડીગ "**વેદાન્ત ધર્મનો જય અને ઇસ્લામનો પરાજ્ય**" કોઇએ ચીતર્યુ "**મી૦ હઠયોગીએ બાર્યા વર્તની સાચવેલી આબરૂ**" ત્યારે કોઇએ લખ્યુ "**શરમાઈ ગએલો મુસલમાન મુલ્લા.**" વળી એક પત્રે તો મી૦ હઠયોગીને હીદુ સમાજ તરફથી પબ્લિક માનપત્ર આપવાનુ અને તેમના વરઘોડો કાઢવાનુ સુચવ્યુ બીજી તરફ મુસલમાન પક્ષ ઉશ્કેરાઈ ગયો તેમણે મારવા મરવા તૈયારીઓ કરવા માડી દીન જગવવા ઉભા થયા સ્થાનિક સરકારે ગભરાઈ મીલીટરી બોલાવી તેણે ગામનો કબજો લીધો લોકોએ હડતાળ પાડી મી૦ વિશ્વપ્રેમી અને તેમની પાર્ટી આ સર્વ જોઈ હેરતમા આવી ગઈ સરકારે તમને બોલાવી ઘણા વમકાવ્યા મવલાનાના સલાહનો ભગ ન થાય એ માટે રૂ ૨૦૦૦) ના જામીન લેવાયા તેમણે

ઘણુ સમજાવ્યું કે આમાની કશી હકીકત ખરી નથી તો પણ વાત ગળે ઉતરે શાની? વિશ્વધર્મ મડળે ખાનગી સભા ભરી તો સમાજે પોતાની સભા બોલાવી આખરે બહાર ગામના લીડરો મી૦ **વિશ્વબધુ** મી૦ **દેશહિત-ચિતક** મી૦ **શાતિરાય** દોડયા આવ્યા પુગ એક અઠ-વાડીયાની હડતાલ અને ધમાલ પછી સમાધાન થયુ હીદુ મુસલમાનોનો હસ્ત મેળાપ કરાવવા બન્ને પક્ષ તરફથી પાર્ટીઓ અપાઈ, હીદુ મુસ્લિમ ઐકયતાના જયનાદ થયા હીંદુઓએ **અલ્લાહો અકમરના** મુસલમાનોએ **વંદેમાતરમના** પોકારો કર્યા ખરેખર જન સમુહના સ્વભાવની વિલક્ષણતા તો ન્યારીજ છે

વિશ્વપ્રેમીને બગલે.

તોફાન થયાને, સર્વ શાત અને સમાધાન થયાને લગભગ ત્રણ ચાર માસ થઈ ગયા હતા દરેક પક્ષના લોકો શુદ્ધ મનથી એવુ અણઘટતુ તોફાન કરી પાડવા માટે દિલગીર હતા—અને પાછી વિશ્વધર્મ મડળની સભા ભરાય એ નિખાલસ મનથી ઇચ્છતા હતા મી૦ **વિશ્વપ્રેમીને** બગલે સાજના ટેનીસ રમી મી૦ ધર્માભિલાષિ, મી૦ નિરપક્ષપાતી, મી૦ ધર્મવિલાસી, મીસ સુશીલા, વિગેરે કમ્પાઉંડમા ચા પીતા બેઠા હતા અને આનદની વાતો કરતા હતા મી૦ વિશ્વપ્રેમીનું ધ્યાન ટપાલ વાચવામા હતુ એક પત્ર ખોલી થોડો વાચી બોલ્યા કે—" લ્યો દોસ્તો! **વિદ્યા નગરથી** મી૦ હઠયોગીનો પત્ર આવ્યો છે" પત્ર વાચી સભળાવે છે

સુજ્ઞ મહાશય '

વિશ્વધર્મ મ ડળની સભાના પ્રસ ગે મવલાનાની સાથેના વિવાદમા મ્હારે કારણે ભ ગાણ પડ્યું તે મારી ઉદ્ધતાઈનો મને પશ્ચાતાપ થાય છે હુ સત્ય કહુ છુ કે મવલાનાનો વિવેક અને સ યમ મા-ા તરફની એવી વર્તણુકને શરમાવનારા હતા તમે સર્વ સભાસદો પણ જે ઉદારતા ભાવ દાખવતા હતા તે પણ મ્હારી શરમની લાગણીને વધારે છે મારે કહેવુ જોઈશે કે આમા હુ મી૦ ધર્મચુસ્તના હાથમા રમકડુ બન્યો હતો તેણે મને ચઢાવ્યો હતો અને સાથે કેટલાક તોફાની માણસો આપ્યા હતા જેનુ તે પરિણામ હતુ જ્યા સુધી હુ ભાઈયોની માફી ન ચાહુ ત્યા સુધી મારૂ હૃદય મને ડખ્યાજ કરે એટલે હૃદયની એ પીડા ટાળવા આ માફી પત્ર લખ્યો છે મવલાના આહી છે તેમને હુ મળ્યો છુ તેઓ તો જાણે કાઈ બન્યુ હોય તેવુ જાણતાજ ન હોય એવા ભાવથી વર્ત્યા છે જો તમો સાહેબો વિશ્વધર્મ મ ડળની સભા અહી વિદ્વાનગરમા ભરવાનુ ઠરાવશો તો મને માફી મળી સમજી તે સભાના કાર્યને આગળ વધારવાનુ મ્હારાથી બનતુ કરીશ-ઉત્તર લખશો

સેવક,

હઠયોગી

સુશીલા—(પત્ર સાભળી) હવે સમજાયુ, ભાઈ ધર્મવિલાસી ! ત્યારેજ **ધર્મચુસ્ત** કાકા તમને મ્હેણુ મારતા હતા કે જોયુ ને ચઢયાતા તે કેવા પડયા ?

ધર્માભિલાષિ—જ્યા સુધી એવા ધર્માધ ડોસાઓ હયાત છે ત્યા સુધી સમાજની દશા મોળીજ રહેવાની મને

તો ઘણી વાર શૂર ચઢી આવે છે કે પાછી વિશ્વધર્મ મડળનો સભા બોલાવુ અને એજ મવલાનાને બોલવાની તક અપાવુ ?

નિરપક્ષપાતી—હવે મવલાના જમાનતમાથી મુક્ત થયા છે અને સભા બધિનો કાયદો પણ અમલમા નથી, પણ વિદ્વાનગરમા સભા ભરાય તોએ ખોટુ શુ છે ?

ધર્માભિલાષી—ધર્મચુસ્ત કાકાને સજ્જડ થાપ મારવા હુ તો આહીજ સભા ભરાય એ ચાહુ

વિશ્વપ્રેમી—આપણે આહીજ તૈયારી કરીયે બીજી વખત ભગાણુ ન પડે એટલા માટે પાસો કાઢીયે જે સભામા આવવા જોગ હોય તેનેજ પાસ આપીયે

સુશીલા—એજ યોગ્ય છે મી૦ હઠયોગીને આહીનુ આમત્રણ કરવુ અને તેમને લખવુ કે વિશ્વધર્મ મડળ ઉદાર વૃતિના કેળવાએલા ગ્રહસ્થોનુ બનેલુ છે Forget and forgive—ગઇ ગુજરી વિસરી જવુ અને માફ કરવુ એજ તેનો મુદ્રા લેખ છે

ધર્મ વિલાસી—પણ હવે મવલાનાને પાછા બોલાવવા અને તેમને બોલવાની તક આપવી—એ મ્હારા પોતાના માટે મને ઠીક લાગતુ નથી

સુશીલા—કેમ વારૂ ?

ધર્મવિલાસી—મવલાનાના ભાષણે મ્હારા ઉપર ઉડી અસર કીધી છે જ્યારથી મે તેમનો વિવાદ સાભળ્યો છે ત્યારથી મારૂ અતકરણ મને કરડયા કરે છે મવલાનાની વાતો અક્ષરશ ખરી છે તેજ ધર્મ—વિશ્વધર્મ બની શકે છે બીજામા વિશ્વધર્મ બની શકવા જેવા તત્વો નથી આ

વિચાર મારા મનમા તે દહાડાનો રમ્યાજ કરે છે હુ ઘણોએ કાઢી નાખવા પ્રયત્ન કરૂ છુ પણ નીકળતો નથી-ત્યારે શુ ઇસ્લામ કબુલ કરી મુસલમાન થઈ જવુ ? અને પણ મુસલમાન તે કેમ થવાય ? ઇસ્લામ ધર્મ વિશે આવુ અજવાળુ પડવાનુ હતુ તો હુ સભામા ગયોજ શા માટે એવો ખ્યાલ આવી જાય છે મ્હાના મનનો ઉદ્વેગ પહેલીજ બેઠકમાથી શરૂ થયો હતો મ્હારે જો એજ સત્ય હોય તો શુ સ્વિકારવુ અને મુસલમાન થઈ જવુ ? અથવા સત્ય હોવાની શાહેદી અ ત કરણ આપે છતા મનની નિર્બળતા દાખવી જે અ ધ કારમા પડયા છીયે-જીવીયે છીયે તેમાજ પડયા રહેવુ અને અ ધકારનો નાશ કરવામા કશો ફાળો ન આપવો ? અ ત કરણની આ જાગૃતિ મને પીડાકર થઈ પડી છે એમા જો મ્હારા મનને કાઇ આશ્વાસન મળ્યુ હોય તો એકજ વાતથી, અને તે એક ઇસ્લામમા પણ ઘણા પ થો થઈ ગયા છે પણ સાથે સાથે અ ત કરણ કહે છે કે એ ઇસ્લામના જુદા જુદા પ થો કેવી રીતના છે એની વાકેફગારી તને નથી આ વાકેફગારી મવલાના આપવા જતા હતા એટલામા સભામા ભ ગાણ પડયુ અને તે વાત અધુરી રહી હવે જો મવલાનાને પાછી તક મળે અને તેવી વાકેફગારી આપે અને તેનાથી હુ મ તોષાઉ તો મ્હારી સ્થીતિ અકથનિય થઇ પડે, હુ મુસલમાન ન થાઉ તો નિર્બળ મનનો કહેવાઉ, અને જો થાઉ તો કેવી રીતે થાઉ ? જેમને હુ હ મેશા હલકી નજરથી જોતો આવ્યો છુ જેમનામા મને કાઇ ગૌરવજ દેખાયુ ન હતુ-જેમના મુકાબલામા હુ મ્હારી જાતને-મારા ધર્મને, મ્હારા દેશને ઉચામા ઉચો સમજતો

આવ્યો છું એ મારૂં સર્વ અભિમાન ધુળધાણી થઈ જાય. માટે મારી ઈચ્છા એવીજ થાય છે કે એ પ્રશ્નનો નિકાલ ન થાય તો મ્હારા મનનું કાંઈ આશ્વાસન બાકી રહે. પણ જો મવલાનાએ તેવી તક લીધી અને તેમની દલીલો મ્હારૂં મન જીતી શકી તો મ્હારાથી મુસલમાન તો થવાશે નહીં પણ ખરેખર મ્હારા અંતરની સ્થિતિ ઘણીજ દુખદાયક થઈ પડશે

વિશ્વપ્રેમી—ઈસ્લામી ધર્મ આવો સ્વાભાવિક–સનાતન–સામાન્ય અને સમાનતાવાળો વ્યવહારિક હશે એવું કોઈને સ્વપ્નુએ ન હતું બેશક તેના હાલના અનુયાયીઓ તેને જેવો ઉંચ છે તેવી ઉંચતાની સાથે જીવતરમાં ઉતારી દેખાડી શકતા નથી પણ તે અનુયાયીઓની ખામી કહેવાય ઈસ્લામને માથે તેનો દોષ હોય નહીં મુસલમાન થવું તો કોઈના ગળે ઉતરે નહીં એમ તો મને પણ લાગે છે, પણ અંતર અંદરથી મહા કલ્પાંત કરી રહ્યું છે, તમારી વાત તદ્દન ખરી છે કોઈ સત્ય ઉપર ચાલે નહી માટે આપણે સત્યનો સ્વિકાર કરવો નહીં એ તો અંતઃકરણ ઉપર ઘા કર્યા સમાન લેખાય અને તેથી આ સર્વ વાતો ભુલી–વિસરી જવાય એજ હું પસંદ કરૂં છું પણ તે ભુલાતું નથી હું તમારી સ્થિતિ સમજી શકું છું

સુશીલા—ત્યારે તમે બન્ને તમારાં અંતઃકરણોને છેતરવા માગો છો? પણ અંતઃકરણ છેતરાશે નહીં એ યાદ રાખજો તમે બીજાઓને અભિમાનનો–પોતાની સંગત–કેળવણી કે દેશકાળથી ઉત્પન્ન થએલી ભાવનાઓનો ભોગ આપવાનો બોધ આપવા આ માટે નીકળ્યા હતા?

ધર્મવિલાસી—ત્યારે શુ બ્હેન ! સત્યને હિમતથી કબુલવુ અને મુસલમાન થઈ જવુ? એવી સલાહ તુ આપે છે?

સુશીલા—હુ મુસલમાન થઇ જવાનુ કહેતી નથી પણ ઇસ્લામના સત્ય જાણી પોતાના જીવનમા ઉતારવા, એ સત્ય બીજાઓને શીખવાડી આપણા દેશના લોકોને ગુલામીમાથી મુક્ત કરવા—અને દેશની એ હીંદુ—મુસ્લિમ પ્રજામા સમજુતી પેદા કરી—સામાન્ય આશયો અને ઉદ્દેશો જગવી—સમાજનુ કલ્યાણ સાધવુ, આવા હેતુથી ઇસ્લામના શિક્ષણો શીખવામા પુર્ણ હિમ્મતથી કામ લેવામા હુ કાઇ વાધો જોતી નથી

નિરપક્ષપાતી—મીસ સુશીલાનુ કહેવુ તદ્દન સત્ય છે—પણ જે સત્યના આધારે—હથિયારે આવુ મહાભાગ્ત પરાક્રમ બજાવી શકાય તે સત્યનુ નામ ધારણ ન કરવુ એ માત્ર મિથ્યા અભિમાનના કારણથી, એ તો ખરૂ ને?

સુશીલા—સત્ય જ્યાથી મળે ત્યાથી ગ્રહણ કરી પોતાનામા ઉતરવુ જોઇયે આ મિથ્યા અભિમાનનો ત્યાગ ન થઈ શકતો હોય એટલા માટે—સદતર સત્યનો ત્યાગ એ તો શોભે નહીં વળી કોઇપણ જાતનુ અભિમાન વૃદ્ધિ પ્રેરક છે વિશેષ મવલાનાના ખુલાસા કદાચ સતોષનારા નિવડે નહી એ પણ યાદ રાખવા જેવુ છે

ધર્મવિલાસી—સ્વાભાવિક ધર્મ—અને સમાનતા વિશે—હુ ખરૂ કહુ છુ કે મને ભ્રાન્તિ થઈ ગઇ છે કે તે માત્ર ઈસ્લામમાજ છે

સુશીલા—તમે મવલાનાનુ એક અગત્યનુ કથન ભુલી

જાઓ છો તેઓએ માત્ર આ જીંદગીના વ્યવહાર પુરતી ઇસ્લામની ચર્ચા કરી છે આપણને એટલુજ કામ છે અને આપણે એટલુજ તેમનાથી સાબીત-ઇસ્લામનો-માણસને તેના કર્તાના સમાગમમા મુકવાનો કેવો પ્રભાવ છે એ વિશે આપણે ચર્ચા કરવાની નથી જેથી આપણે કર્તા તરફની જવાબદારીની લાગણીથી મુકત થઇશુ

ધર્મ વિલાસી—મીસ સુશીલા તુ સભા ભરાય એ ચાહે છે માટે મને સમજાવે છે, હુ સભાની વિરૂદ્ધ નથી મે તો મ્હારા મનનો કલ્પાત સમજાવ્યો છે આપણે ઇસ્લામના વ્યવહારિક ગૌરવ કરતા વિશેષ ચર્ચામા ન ઉતરીએ તો પણ તે જગતના કર્તાનો સદેશ છે-એટલુ મનને સિદ્ધ થઇ ગયુ હોય તો આપણે તે પુર્ણ સ્વિકારવા બધાએલા છીએ અને ન સ્વિકારીએ તો કર્ત્તા તરફ જવાબદાર છીએ એમ ત્હારે માનવુ જ પડશે

સુશીલા—આપણે મુસલમાન ન થઈ શકતા હોઈએ તો શુ આપણે તેમના ધર્મમાથી જેટલા લાભો મેળવી શકતા હઈયે તે ન મેળવવા ? હુ તો વ્યવહારિક દ્રષ્ટિએ દરેક સવાલને જોઉ છુ અને અંતઃકરણનો અવાજ તો આપણે ઘણી વખત દાબી દઈએ છીએ આમાજ આટલો બધો આગ્રહ શા માટે હોય ?

સર્વ વિશ્વધર્મ મંડળની સભા ભરવાનુ ઠરાવે છે, મી૰ હઠયોગીને પત્રનો જવાબ દેવામા આવે છે, મવલાનાને આમંત્રણ દેવાય છે, અને બીજા ગ્રહસ્થો માટે પાસો કાઢવાની તજવીજ થાય છે, મીસ સુશીલા તેમને આ ઠરાવ ઉપર લાવવાની જીત મેળવવા માટે હરખાય છે

નિરપક્ષપાતિ—અસ્થિર મનના યુવાનને સ્ત્રીજ સ્થિર બનાવ છે ના હિમ્મતને હિમ્મતવાન તેજ બનાવે છે પોતે નાજુક હોય છે છત નામાવાળામા અપુર્વ મજબુતાઈ અને દ્રઢતા પ્રેરે છે એવી સ્ત્રી જાતિના જેટલા મહિમા ગવાય તેટલા થોડા છે

સુશીલા—સ્ત્રી જાતિ તરફથી હુ તમારો ઉપકાર માનું છુ લોકો આ સત્યને જોતા થયા છે એ માટે ઈશ્વરનો પણ આભાર, પરતુ ધર્મ શાસ્ત્રોએ અને ધર્મ ગુરૂઓએ તો અમારો ઘાણજ કાઢયો છે પુરૂષને બધા હક્કો પણ અમને કાઇ નહિ સુખ લેવુ હોય તો અમે સાધન, શાન્તિ સ્હાવી હોય તો અમે તેના દાતા અમે ભોગ અને પુરૂષ ભોગતા, પુરૂષ અનેક પરણે અમે વિધવા થઈ જઈએ તો અમારાથી બીજુ ઘર કરવાનુ નામે ન લેવાય "સોળ વર્ષની સુદરી સ્વામિ વરસે સાઠ" એવા અનેક દુખમય અનુભવો અમારા માટે, અમને તો બોલવાનો એ અધિકાર ન મળે ગાય તો ન ગમતી વસ્તુને રીગડુએ મારે, અમારે તો કોગડાએ નહિ વૈતરૂ અમારા માટે, ત્યારે પુરૂષો માટે મોજશોખ, એ સર્વ શાસ્ત્રકારો અને ધર્મ ગુરૂઓ તરફથી અમારા ગવાએલા મહિમા હશે ? કેમ ખરૂ કે નહિ ? જે શાસ્ત્રકારો અને ધર્મ ગુરૂના માનાર્થે અમે અભિમાન ધરાવીએ જેમની કીર્તિ અખડિત રહે એટલા માટે અમે બીજા મત્યોમા ન ભળીએ તે શાસ્ત્રકારો અને તે ધર્મ ગુરૂઓના અમન આ દાન ?

ધર્મવિલાસી—આ તો જવાળા પ્રગટી નિકળ્યો ?

સુશીલા—આવો જવાળા અનેકના હ્રદયને બાળી

ભસ્મ કરી ગયો છે, પણ જ્યારે પુરૂષજ કાર્યહિણ છે ત્યારે અમો અબળાઓનુ બળજ શુ ?

નિરપક્ષપાતી—આવા કારણોથી તો નવયુગ ધર્મ,—વિશ્વધર્મ સ્થાપવાનો છે

ધર્મવિલાસી—પરંતુ ઈસ્લામ ધર્મના દાતા—કર્તાએ સ્ત્રીનુ આ સર્વ દુખ ભાગ્યુ છે, વિધવા બીજુ ઘર કરી શકે છે, કોની સાથે પરણવુ અને કોની સાથે ન પરણવુ એ કહેવાનો અધિકાર ધરાવે છે પુરૂષને જ્યારે તલાક આપવાનો હક છે ત્યારે સ્ત્રીને તલાક માગવાનો પણ હક છે ધર્મ ક્રિયાઓમા પણ સમાનતા છે કેળવણી અને વિદ્યા અભ્યાસમા પણ સરખો હક છે પુરૂષ પાસેથી ભરણ પોષણ, સારી વર્તણુક અને કોલકરારની અદાયગીનો જવાબ લઈ શકે છે ખ્રિસ્તીયોમા લગ્ન પછી સ્ત્રી જેમ પોતાનુ વ્યકિતત્વ ગુમાવે છે તેમ ઈસ્લામમા સ્ત્રી ગુમાવતી નથી

સુશીલા—અહો ! ભાઈ ધર્મવિલાસી તમે તો ઈસ્લામ ઉપર એક સારૂ ભાષણ આપી શકો તેવા છો ?

ધર્મવિલાસી—આજ બે ત્રણ માસથી હુ ઇસ્લામી સાહિત્ય વિના બીજુ કશુ વાચતોજ નથી એ તુ ક્યા જાણતી નથી ?

સુશીલા—સ્ત્રીઓ વિષે—ઇસ્લામના શિક્ષણ વિષે મે પણ એક બે ભાષણો સાભળ્યા છે પરંતુ હઝરત પયગમ્બર સાહેબ સ્ત્રીયોના માટે સમાનતાના પ્રચારક હતા, છતા પુરૂષને ચાર સુધી પરણવાનો વિશેષ હક શા માટે આપી ગયા હશે ?

ધર્મવિલાસી—એ તો દેખીતું છે, ચાર સ્ત્રીઓ

પરણવાનો પુરૂષોને હક હોવો એ સમાનતાના નિયમ વિરૂદ્ધ નથી પુરૂષની જીંદગીમા કેટલાક ખાસ પ્રસગો એવા આવે છે કે, જ્યારે તેને એ છુટ હોવી જરૂરી હોય છે વળી પુરૂષને આ હક, સમાજને દુર્દશામાથી બચાવવા તથા સ્ત્રીયોનુ ખરૂ માન જાળવવા માટે અપાએલો છે ચાર પરણવાની આજ્ઞા નથી ચાર સુધીની હદ બાંધી આપી છે જે દેશમા બેહદ સખ્યાની સ્ત્રીયો પરણી શકાતી હોય તે દેશમા તેને ઘટાડીને ચારની હદમા લાવવુ એ મહા પ્રાક્રમ છે વળી તે ચારમા કોઇને ગેર ઇન્સાફ ન મળે તેના માટે શરત રાખવામા આવી છે જે એવી છે કે જે ચારેમા અથવા ચારની અદર જેટલી પરણ્યો હોય તેટલીમા સર્વ રીતે બરાબર ઇન્સાફ (અદાલત) કરી શકતો હોય તેજ એકથી વધુ પરણે

સુશીલા—આમા સ્ત્રીઓનુ માન જાળવવાનુ શા ઉપરથી કહો છો? એતો સ્ત્રીઓની નાજુકમા નાજુક ભાવનાના ઉપર અને તેમની સમાનતા ઉપર એક સખત ઘા છે?

ધર્મવિલાસી—'આ આપત્તિ ધર્મ' છે, આવશ્યક નથી જ્યારે દુષ્કાળના કારણથી અગર કોઇ ચેપી રોગ ફાટી નીકળવાથી અગર કોઇ મ્હોટી જગના કારણથી પુરૂષોની સખ્યા ઘટી જતી ત્યારે વણી સ્ત્રીઓ ઘરબાર વિનાની—નિર્વાહ વિનાની રઝળતી થઈ પડતી તેવા અસાધારણ પ્રસગને પહોચી વળવા—તથા પુરૂષના કેટલાક ખાનગી દુખોનુ નિવારણ કરવાને માટે એ કાયદામા અપાએલી પરવાનગી છે આનો મુળ ઉદ્દેશ સ્ત્રીઓનુ સન્માન અને સમાનતાજ છે યુરોપમા—છેલ્લી દારૂણ જગ પછી અસખ્ય

સ્ત્રીઓ ધરબાર વિનાની થઇ પડી છે તેમના ધર્મમા આવી છુટ નહિ હોવાથી ને બીબીઓને પુછો કે તેવી છુટ ન હોવી તેમનુ કેટલુ અપમાન કરાવે છે? મને કહેતા શરમ આવે છે કે એવી છુટ નહિ હોવાથી ઘણી સ્ત્રીયોને નહિ છાજતા-સ્ત્રીના નામને કલંકિત કરે એવા ધંધે વળગવુ પડે છે રઝળતી દશા હોઈ ઘણા બદમાશોને તેમનુ અપમાન કરવાની હિમ્મત થાય છે પરન્તુ આવા પ્રસંગોએ ઇસ્લામી દેશોમા સ્ત્રીઓની આવી સ્થિતિ થતી નથી ઇસ્લામી સમાજ આવા કલંકથી શુદ્ધ રહે છે ઇસ્લામી દેશમા-સુધરેલા કહેવાતા દેશ જેવી નિર્લજતા કોઇ સ્થળે ભાળશો નહિ આ સર્વ આ છુટ અને કાયદાનુ પરિણામ છે તે સ્ત્રીની નાજુકમા નાજુક ભાવના વિષે કહ્યુ એ સત્ય છે પરતુ યાદ રાખવુ જોઈએ કે જયારે સામાન્ય હિતના માટે કોઈ કાયદો ઘડાતો હોય ત્યારે વ્યકિતની ભાવનાનો તેમા ખ્યાલ રહે નહિ, તેમજ વળી વ્યકિતના હિતનો પણ તેમા વિચાર રહે નહિ સામાન્ય હિત માટે કરવામા આવતા કાર્યમા એક નહિ પણ અનેક વ્યકિતઓને ખમવુ પડે પણ વ્યકિતની ખાતર સામાન્ય હિતનુ કાર્ય ત્યજાય નહિ એજ નીતિ શાસ્ત્ર છે રેલના અકસ્માતથી ઘણા કચડાઈ જતા હોય-ઘણા-અનાથ થઈ જતા હોય અને ઘણી વિધવાઓ બની જતી હોય તો પણ રેલ સામાન્ય હિતની હોઇ રેલનો નાશ કરવામા આવે નહિ, હા એવા અકસ્માતથી બચાવવા પૂરતા સાધનો લેવામા આવે એવીજ રીતે આમા પણ પૂરતા સાધનો લેવાયલા છે-હુ વધુ સ્પષ્ટ કરવા મ્હારી જીંદગીનો મ્હારા

અનુભવનો દાખલો આપુ છુ તુ "અહિંસક ધર્મ પાળે છે! "અહિંસા' ત્હારી નાજુકમા નાજુક ભાવના છે, હિંસાના નામથી તુ ધ્રુજે છે, અહિંસાને અચળ ધર્મ તરીકે સેવે છે, મને પણ એજ અહિંસામા શ્રદ્ધા છે પણ જ્યારે પીતાશ્રીને લકવો થયો, ડાક્ટરોના ઈલાજથી કાઇ ફાયદો થયો નહિ,—ત્યારે હકીમ સાહેબને બોલાવવામા આવ્યા હકીમ સાહેબે પીવાની દવાની સાથે—પકડાએલા ભાગો ઉપર કબુતરનુ લોહી ચુસવાની ભલામણ કીધી ત્યારે આપણુ આખુ ઘર અરે ગામ ગામ કરી ધ્રુજી ગયુ કેમકે આપણે સર્વ "અહિંસક" અને દયા ધર્મ પાળનારા હતા હકીમ સાહેબને પૂછ્યુ કે કાંઈ બીજો ઉપાય નથી? હકીમ સાહેબે કહ્યુ મને તેમાજ શ્રદ્ધા છે બીજામા નથી—ત્યારે સહુથી પહેલા તેજ સુશીલા! મને કહ્યુ હતુ કે "ભાઈ બાપાને સારૂ થતુ હોય તો એમા શુ વાધો છે? આપણો ચોકીદાર નુરીઓ બધુ કરી લેશે કહે સુશીલા એ વખત ત્હારી નાજુકમા નાજુક અને પવિત્રમા પવિત્ર ભાવના ક્યા ગઈ હતી? એ ભાવના ખરેખર હતી, પણ એ ભાવનાના સેવન કરતા બાપાની જીદગી વધારે પ્રિય હતી—કેમ ખરૂ કે નહિ? બાપાને નુરીયો ચુસતો ત્યારે તુ પાસે ઊભી રહેતી—તને તે વખતે સુગે ન આવતી? ત્યારે સ્રીયોની એ ભાવના કે પતિ બીજી ન કરે એ માન્ય રખાઇ છે—પણ જ્યારે સ્રીયોનાજ માનભંગ થવાનો વખત આવે ત્યારે વધુની છુટ અપાઈ છે

નિરપક્ષપાતિ—ભાઈ ધર્મ વિલાસી! સ્ત્રીયો તો સમાનતાનો જુદોજ અર્થ કરતી હશે, બહેન માફ કરશો—કહુ?

સુશીલા—જે સમાનના સ્ત્રીયોના સ્વભાવ વિરૂદ્ધ હોય તેને તો ધિક્કારજ હોય

ધર્મવિલાસી—હઝરત પયગમ્બર સાહેબ સ્ત્રી રત્નના કેટલા અને કેવા રક્ષક હતા તે જ્યારે વાચુ છુ વિચારૂ છુ ત્યારે મને આશ્ચર્ય થાય છે કે અરબ જેવા અધમ દેશમા એવા કૃપા અને દયાની મુર્તિ સમા કેવી રીતે થયા ? હિન્દુસ્તાનમા જેમ પુત્રિ જન્મે અને અળખામણી લાગે તેમ અરબમા પણ અળખામણી લાગતી આહી જેમ દુધ પીતી કરી દેતા તેમ ત્યા દીકરી જ્યારે યુવાન થાય ત્યારે ઘરેણા ગાઠા પોતાની આબરૂ પ્રમાણે પહેરાવી જીવતી ને જીવતી દાટી દેતા

સુશીલા—અરે રામ ! રામ ! આવી નિર્દયતા—આટલી અધમતા ? એતો માણસ હશે કે રાક્ષસ ?

ધર્મવિલાસી—પુત્રિના બાપ થવાને મ્હાટી નામોશી ગણુતા હઝરત પયગમ્બર સાહેબે આ રીવાજનો સદંતર નાશ કર્યો લોકોને બોધ કરી સમજાવ્યા, કે, પુત્રિનો જન્મ આશિર્વાદ સમાન છે,—અલ્લાહની રહેમત છે—પુત્રિના માબાપ સ્વર્ગમા સ્થાન મેળવે છે આવી રીતે હઝરત પયગમ્બર સાહેબે સ્ત્રીયોનો મહિમા વધાર્યો પોતે પુત્રિનાજ પિતા હતા—જે પુત્રિનુ ઘણુ સન્માન કરતા અને પુત્રિનીજ અવલાદથી તેમનો વશ ચાલે છે હુ એ દયાસાગરના કયા સુધી વખાણ કરૂ ?

નિરપક્ષપાતિ—લ્યો ! ભાઈ તો મુસલમાન થઇ ગયા !

સુશીલા—સત્ય તો કબુલવુ જ જોઈએ બરેબર ભાઇ ! હુ પણ એવા દયાસાગર મહાન પયગમ્બરને નમન કરૂ છુ,

તેમને મ્હારા અભીનંદન છે

નિરપક્ષપાતી—ક્યો ! આ બ્હેન પણ ભળ્યા ! સત્ય કહુ છુ કે તમારે ઇસ્લામી સાહિત્યનુ વાચન ત્યજી દેવુ અને જો તેમ ન કરવુ હોય તો મુસલમાન થઈ જવુ, પણ આત્મ ઠગાઇ કરવી નહિ

સુશીલા—અમારા અંતકરણો હમેશા સત્યને નમનારા છે, તેમા મુસલમાન થઈ જવાનો સવાલજ ક્યા છે ? વારૂ ! ભાઇ જ્યારે સ્ત્રી અને પુરૂષની સમાનતા ઇસ્લામી સંસ્કૃતિમા સ્વિકારાઈ છે ત્યારે આ પરદાની રીત તેમા કેમ પ્રચલિત છે ?

ધર્મ વિલાસી—કેટલીકવાર ભાવનાદર્શક સુત્રો માણસોને સારા સારના વિચાર કરવા દેતા નથી તુ પણ આજ રીતે સમાનતાના સુત્રથી તણાઈ કાઈ વિચાર કરતી નથી, સમાનતા એટલે શુ ? વારૂ હુ તને પુછુ છુ કે, પુરૂષને દાઢી મુચ્છ હોય છે—સ્ત્રીઓને નથી હોતી ત્યારે એ બન્ને સમાનતા નહિ જને ? પુરૂષ માથે પાઘડી અને નીચે ધોતીયુ પહેરે છે, સ્ત્રીયો સાડી વાળે છે—એમા કયા સમાનતા છે ?

નિરપક્ષપાતિ—(વચમા બોલી ઉઠે છે) સ્ત્રીઓ સંતતીની માતા કહેવાય છે ત્યારે પુરૂષ પિતા કહેવાય છે, કયા સમાનતા રહી ? સ્ત્રી ન્હાની હોય તો પુત્રિ અને મ્હોટી થઈ પરણે તો પત્નિ કહેવાય છે—જેમકે તમે હવે થોડા વખત પછી મીસના મીસીસ બની જશો પુરૂષ ન્હાનો હોય તો પુત્ર અને મ્હોટો થઈ પરણે તો પતિ કહેવાય છે ભાઈ ગણાવે બાઉ દાખલા ?

સુશીલા—આજે તમે ઠીક રમુજ ચઢયા છો

નિરપક્ષપાતિ--પરન્તુ એ રમુજમા પણ રમુજ છે

સુશીલા—સત્ય છે ત્યારે મ્હારે સમજવુ શુ?

ધર્મવિલાસી—અંત કરણ ઉપરના સર્વ પડળો દુર કરી વિચારવુ અને જોવુ કે આ ભાવના કેવી છે અમલમા મુકી શકાય તેવી છે કે, માત્ર વાર્તાના પ્રસગોએ વાપરવા જેવી છે જુઓ પરદો એટલે પોતાના શરીરને મર્યાદિત અને લજ્જાવાન પોશાકથી ઢાકવુ અને તે સ્ત્રીયોના સનમાનની ખાતર, સ્ત્રીયોની પવિત્રતાઇની રક્ષાની ખાતર માન્ય રખાયો છે જેને હઝરત પયગમ્બર સાહેબ પ્રજાની માતાનુ નામ આપે છે, જને શાન્તિ—શુદ્ધ પ્રેમ અને રહેમત સમાન ગણે છે, તેવી મહિમાવાન પવિત્ર સ્ત્રીયોનુ વાણી—વચનથી તો શુ પણ મલિન વિચાર કે મલિન દ્રષ્ટિથીએ અપમાન ન થાય એના એ મર્મ છે સુશીલા તુ જ્યારે ગાડીમા બેસી કોલેજમા જતી ત્યારે તુ પેલા હલકા બદમાશ લોકોના મહેલ્લામાથી પસાર થતી વખતે ગાડીની ચીકો શા માટે ખોલી નાખતી? હુ એક વખત ત્હારી સાથે હતો અને તે જ્યારે તે પ્રમાણે કર્યુ અને મે પુછયુ ત્યારે તે નહોતુ કહ્યુ કે, આ મહોલ્લાના લોકો બદમાશ છે સ્ત્રીયોને જોઈ ચાળા કરે છે અને ઇશારા કરે છે માટે હુ ચીકો પાડી નાખુ? જો સુશીલા આ સ્વભાવિક ધર્મ હતો જેણે તને ચીકો પાડવા પ્રેરી તુ તેમની મલિન અને કુટિલ દ્રષ્ટિ સહી શકી નહિ, કેમ ખરૂ કે નહિ? ત્યારે ઇસ્લામ પણ સ્વભાવિક ધર્મ છે અને તેના શિક્ષણ પણ સ્વભાવિક છે અને તે સમાજના અંતિમ હિતના સાધક છે

સુશીલા—ત્યારે શુ વિશ્વ ધર્મ મંડળ, સ્ત્રીયોના માટે

પરદાનોએ સ્વીકાર કરશે ?

વિશ્વપ્રેમી—(જે રસ પૂવક સાભળી રહ્યા હતા તે આવી નિર્દોષ કુમારિકાનો ગભરાટ જોઈ બોલી ઉઠયા) ગભરાઓ નહિ, વિશ્વ ધર્મ મડળને તેની સાથે કાંઇ સબધ નથી ઇસ્લામમા બેશક તે ખુદાની આજ્ઞા છ, અને તે પળાવી જોઇએ, પણ વિશ્વધર્મ મડળ આચાર વિચારની વિગતોમા ઉતરવાનુ નથી પરતુ એટલો તો ચોકકસ વિચાર છે કે, વિશ્વધર્મ મડળની સભા ભરાએ ત્યારે સ્ત્રીયોની બેઠક જે સર્વની હારમા હોય છે, તે હવેથી જુદી ગણવી કા સુશીલા ! આમા ત્હારો શુ અભિપ્રાય છે ?

વિશ્વપ્રેમીએ આથી સુશીલાને અગાઉની સભાઓમાની એક સભાનો પ્રસગ યાદ દેવરાવ્યો સભામા સુશીલાની પાસે એક વિદ્યાર્થી બેસતો તે સુશીલા તરફ એટલુ ધ્યાન દેતો કે તેટલુ ધ્યાન દેવાવુ તેણીને પસદ આવતુ નહિ તેણે અકળાઇને વિશ્વપ્રમીને વાત કરેલી, જે ઉપરથી વિશ્વપ્રેમીએ તે વિદ્યાર્થીની જગ્યા બદલી નાખેલી, વિશ્વપ્રેમીએ ઉપર પ્રમાણે સવાલ કર્યો અને તે સવાલમા એટલુ સિદ્ધ કરી દેખાડયુ કે, પુરૂષ અને સ્ત્રીમા કાઇ અતર હોય તે સારૂ છે સુશીલા શરમાઈ ગઇ અને બોલી – 'હવે મન તમારા અભિપ્રાયમા ભળ્યા વિના નહી ચાલે'

વિશ્વપ્રેમી—(ધર્મ વિલાસીને) સુશીલાને પરદાનુ વ્યાજબીપણુ મનાયુ છે પણ તેઓ મુસલમ નો જેવો બુરખો તો કદી ઓઢશે નહિ,

એવામા લેડી ડાકટર મીસમેરી પ્રવેશ કરે છે વિશ્વપ્રેમી ઉભા થઇ હસ્ત મેળાપ કરી સુશીલા અને મિત્રોની ઓળખાણ

કરાવે છે ' આ લેડી ડાક્ટર એક અઠવાડીયુ થયા કલ્પના પુરીમા સેટલ થયા છે અને પ્રેકટિસ માટે ડીસ્પેનસરી ઉઘાડી છે જ્ઞાનપુરની કોલેજમા પાસ થયા છે” “આ મીસ સુશીલા કલ્પનાપુરીના અગ્ર શહેરી સમાજ સુધારકના પુત્રી, અને વિશ્વધર્મ મડળના બાનુ સભાસદ છે મડળના કાર્યમા ઘણો રસ લે છે અને ગ્રેજ્યુએટ છે' “બીજાઓ મ્હારા મિત્ર અને મડળના અગ્ર હોદ્દેદારો છે'

મેરી—હુ તમને સહુને મળીને ઘણી ખુશી થઈ છુ

સુશીલા—મને સુલક્ષણા બ્હેન તમારા વિશે કહેતા હતા

મેરી—તેઓ મ્હારા પેશન્ટ છે

સુશીલા—તમે ક્રિશ્ચીઅન છો ?

મેરી—ના, હુ મુસલમાન છુ

વિશ્વપ્રેમી—શુ તમે મુસલમાન છો ? તમારૂ નામ તો ક્રિશ્ચીયનો જેવુ છે

બીજાઓ પણ આશ્ચર્યથી મેરી તરફ જુવે છે

મેરી—મ્હારૂ ખરૂ નામ મરિયમ છે, કોલેજમા સહુ ‘મેરી, મેરી’, કહી બોલાવતા તેથી મેરીના નામે ઓળખાઉ છુ

સુશીલા—તમે મુસલમાનોમાની કઇ જ્ઞાતિના છો

મેરી—મને મ્હારી જ્ઞાતિની ખબર નથી હુ મુસલમાન છુ એટલુ કહી શકુ છુ

સહુ તાજુબીમા પડે છે

સુશીલા—ત્યારે તમે મુસલમાન કેવી રીતે થયા ?

મેરી—મારી દાસ્તનાન લાબી છે, મને મારા માત પિતાની કશી ખબર નથી મને જે ઉદાર અને ભલા કુટુબે-પાળી પોષિ મ્હોટી કીધી, ભણાવી ગણાવી હુશિઆર

કીધી, તેમના મોહથી જે સાંભળ્યું છે તે કહું છું હું નાગપુરના ચામડાના કારખાનાવાળા શેઠ અબદુર રહેમાન શિકારમાં ગયા હતા બપોરનો વખત હતો, શિકારમાં થાકી ગએલા હોઇ જંગલમાં આરામ લેવા પડાવ નાખ્યો હતો પાસે એક વાવ હતી—વાવમાં નમાઝ માટે વઝુ કરવા માટે શેઠ ગયા ત્યારે ત્યાં પડેલી મને જોઇ હું એક બે દિવસની હઇશ, શેઠ તરતજ મને લઇ બહાર નીકળ્યા ખુદાનો શુક્ર કર્યો તેમણે ઘણી તપાસ કરાવી કે હું કોણ છું પણ કાંઈ પત્તો લાગ્યો નહિ તેમણે મને પોતાને ઘેર લાવી તેમના બીજા બચ્ચાઓની સાથે પાળી પોષિ મહોટી કીધી ભણાવી ગણાવી હુશિઆર કીધી મહારા માબાપ તો તેઓજ છે તેમના બેગમ પણ પોતાના બચ્ચાઓ કરતા વિશેષ મારી ખબર રાખતા હું જ્યારે તેમના બચ્ચાઓની સાથે લડતી—કજીયો કરતી ત્યારે તેઓ મ્હારોજ પક્ષ કરતા, નોકર ચાકર સહુને એજ હુકમ હતો કે જુઓ! કોઈ મરિયમને રંજાડશો નહિ, તેને રોવરાવશો નહિ તે અનાથ છે, તે યતીમ છે, હદીસમાં છે, કે **જ્યારે અનાથ (યતીમ) રડે છે ત્યારે ખુદાનું અર્શ—આસન ધ્રુજે છે.**

સુશીલા—હદીસ એટલે શું?

મેરી—અમારા પેગમ્બર સાહેબના, (તેમના નામ ઉપર મ્હારો આત્મા કુરબાન થાઓ) 'બોધવચન' હદીસ કહેવાય છે (તેની આંખમાં આંસુ ભરાઇ આવે છે—તે ગળગળી થઇ જાય છે) બ્હેન! જો પેગમ્બર સાહેબનું આવું શિક્ષણ ન હોત તો હું ક્યારનીએ વાઘ વરૂની શીકાર થઈ ગઇ હોત મ્હારૂં જીવતર તેમનેજ આભારી છે અને એવી અનેક

જીંદગીયો તેમના પ્રતાપે બની હશે એમના શિક્ષણના આધારે હું બની એટલુજ નહિ, પણ અમીરીની સુખમય જીંદગી ગાળી રહી મ્હારા જન્મ માત પિતા નિર્દય અને કઠોર નિવડ્યા પણ આ અનાથોના નાથે મને આશ્રય આપ્યો ખુદા ત્હારો શુક્ર!

સુશીલા મુગ્ધ બની જાય છે વિશ્વપ્રેમી, ધર્મવિલાસી અને નિ પક્ષપાતિના હૃદય પીગળી જાય છે, આંખોમાથી આંસુ વહે છે મેરી આગળ સભળાવે છે—

જ્યારે મે જ્ઞાનપુરના કોલેજમાથી ડીગ્રી લીધી ત્યારે મને મ્હારા પિતા–શેઠ સાહેબ તરફથી અને માતુશ્રી તરફથી મુબારક બાદીના તાર મળ્યા મને ભેટો મોકલવામા આવી અને હુન્નરપુર હર્ષ અને આનંદની સાથે બોલાવવામા આવી અહીં હું જાણે મ્હારા ઘરમાજ રહેતી હોઉ તેવી રીત રહેવા લાગી પાચ છ માસ પછી મ્હારા લગ્નની તૈયારીઓ થવાની ચર્ચા મ્હારે કાને આવી તેઓ મને અલીગઢ કોલેજના એક ગ્રેજ્યુએટની સાથે પરણાવવા ચાહતા હતા હુ હાલ કોઈને પણ પરણવા માગતી ન હતી તેથી મ્હારે શુ કરવુ એ મહોટો વિચાર થઈ પડ્યો ઘરમા તૈયારીઓ ચાલતી હતી, તમ તેમ હુ વધુને વધુ ગભરાતી હતી મ્હારા આશ્રય દાતા અને મારા પાળક માત પીતાને દુખ થાય એવુ તો પગલુ મ્હારાથી નજ ભરાય, તેમની લાગણી મ્હારાથી કોઈ વખત પણ ન દુભાય એ મ્હારો ધર્મજ ગણાય જેમણે મ્હારા માટે આટલુ બધુ કર્યુ હોય તમના માટે હુ મારી ભાવનાનો ભોગ પણ ન આપી શકુ તો બીજુ મહાભારત કામ તેમની શેવાનુ શુ

કરી શકવાની હતી ? એ ખ્યાલથી હુ કાઈ નતોપાઈ, મ્હારા નિત્યક્રમમા મન વળગાડી દિવસો નિર્ગમન કરવા લાગી એક દિવસ સાજના શેઠની સલામે તેમના દીવાનખાનામા ગઇ તેઓ એકલા બેઠા હતા મને આવકાર આપી બેસાડી બોલ્યા—

"બેટા હુ તને મગાવાજ ચાહતો હતા ઠીક થયુ તુ આવી" મેં કહ્યુ –

"હુ હાજર છુ બાવાજાન

તેમણે કહ્યુ—બેટા હવ તુ ભણી ગણી પાસ થઇ જુવાન થઇ બચ્ચુ અને તમા બસુસ બેટી જ્યારે જુવાન થાય ત્યારે માબાપની પહેલી ફરજ તેના માટે શાદીની ચોગ્ય ગોઠવણ કરવાની હોય છે, એ પ્રમાણે અમે ત્હારા માટે એક ગોઠવણ કરી છે એમા તુ રાજી છે કે નહિ એ મ્હારે પુછવુ હતુ

હુ શરમાઈ ગઇ મ્હારૂ મોઢુ બધ થઇ ગયુ નજર નીચી નમી થઇ, કાઈ બોલી શકી નહિ તમણે કહ્યુ –

"બેટા શરીઅતમા (ધર્મમા) શરમ ન હોય

મે કહ્યુ—મ્હારે કાઈ કહેવાનુ હોય તો પણ હુ આપની ઇચ્છા કે આજ્ઞા ઉલઘી શકુ નહિ

તેમણે કહ્યુ—આ કાર્યમા મ્હારી ઇચ્છા કે આજ્ઞા હોઇજ ન શકે, એમા તો કેવળ ત્હારીજ ઇચ્છાની જરૂર છે જો તુ ભણી ગણી હુશીઆર થઈ ન હોત, ત્હારા લાભ હાનીને પીછાણી શકતી નહોત તો તે જુદી વાત હતી, પણ તુ હુશિઆર અને સમજુ છે માટે ત્હારી મરજી વિરૂદ્ધ હુ કઈ કરી શકુજ નહિ, ત્હારી માતુશ્રી પણ એજ ઇચ્છે છે

મ કહ્યુ—મ્હારી શાદીની ગોઠવણ મુલતવી રહે એમ હુ ઇચ્છુ છુ આટલુ બોલતા તો મને પરસેવાના ઝોબે ઝોબ આવી ગયા

તેમણે કહ્યુ—શામાટે? તને એ ગોઠવણ પસદ ન હોય તો તુ કહે ત્યા ગોઠવણ કરીએ? **પણ ઉમર લાયક થએ શાદી થવી અવશ્ય છે.**

મ કહ્યુ—હુ આપના ચરણોથી અલગ થવા ચાહતી નથી

તેમણે કહ્યુ—એ ત્હારી ભાવના સ્વભાવિક છે, પણ સમાજનો નિયમજ એવો છે

મે કહ્યુ—આગળ ઉપર જોઇ લેવાશે

તેમણે કહ્યુ—અમારી સાથે રહેવાની ભાવનાના કારણથી તુ ન ચાહતી હોય તો તે પુરતુ કારણ નથી બીજુ કશુ હોય તો ખુલ્લા મનથી મને કેહ

મ કહ્યુ—હુ આપની રૂણી છુ, હઝરત પૈગમ્બર સાહેબનુ ફરમાન છે કે "જે માણસ, માણસ પ્રતિનો એહસાન-આભાર માનતો નથી તે માણસ અલ્લાહનો એહસાન-આભાર પણ માનતો નથી" આપને ખુદાએ સર્વ કાઇ આપ્યુ છે, આપનો એહસાન મ્હારાથી વાળી શકાય તેમ નથી તો પણ મને આપે જે વિદ્યાદાન આપ્યું છે તે વડે સમાજની સેવા કરી તેનાથી પ્રાપ્ત થતા પુન્યમા આપને સહકારી બનાવવા ચાહુ છુ હુ જો લગ્નની ગાઠથી બધાઇ જાઉ, અને સજોગો મને સમાજ સેવાથી અલગ રાખે તો સમાજ સેવિકા તરીક જીવન ગાળવાના મ્હારા ઉદ્દેશને હાનિ પહોચે"

સર્વ ધન્ય છે તને, ત્હારી કેળવણીને અને ત્હારા પવિત્ર સંસ્કારને પુકારી ઉઠો !

શેઠે કહ્યુ—બેટા આવા ઉચા ખ્યાલ ત્હારામા ઉત્પન્ન થવા એ મ્હારા ઉપર મ્હોટામા મ્હોટી બક્ષીસ છે અને તેના માટે હુ તેના જેટલા શુકરાના બજાવુ તેટલા અવશ્ય થોડા છે બેટા! **જુવાન પુત્રિનો પહેલો ધર્મ શાદી કરી સસાર ચલાવવાનો હોય, તો પણ ત્હારી સ્વતત્રતા ખડિત ન થાય અને ત્હારા ઉચ હેતુને હાનિ ન પહોચે એટલા માટે હુ એ ઈરાદો મુલતવી રાખુ છુ** કહે, તુ કેવી રીતે સમાજ સેવા બજાવવા ચાહે છે, હુ તને મ્હારાથી બનતી મદદ કરીશ

મે કહ્યુ—સમાજમા લેડી ડાકટરોની ઘણી ખોટ છે પરદેનશીન લજ્જાવાન બાનુઓ વૈદકના પૂર્ણ જ્ઞાનના અભાવે, અનેક બિમારીઓની મુસીબતમા ફસાય છે, તેઓ પોતાના બાળકોની સુખાકારી ગુમાવે છે, ડાકટરોના પાસે ઇલાજ કરાવવા શરમના કારણે જઇ શકતી નથી, તેમને મ્હારૂ જીવન અર્પિશ, જે શ્રીમત હશે તેમનીજ પાસેથી મ્હારા ગુજરાન પુરતુ લઇશ અને ગરીબોની સારવારમા, તેમની સહાયમા અને તેમના દુખ નિવારણમા આનદ માનીશ બાનુઓમા કેળવણીનો પ્રચાર થાય અને તેમનો સસાર સુધરે એવા પ્રયત્નો અને પ્રચારના આદરીશ

શેઠે કહ્યુ—અલ્લાહ તારી મદદ કરે, નેક કામમા ઢીલ નહિ, બેટા! જ્યારે તને નાણાની જરૂર પડે, ત્યારે ખુશીથી મ્હારી પાસેથી મગાવી લેવા અને એટલુ યાદ રાખવુ કે જગતમા "**જેટલુ ઘોળુ એટલુ દુધ હોતુ**

નથી. સર્વ કામમા અલ્લાહની મરજી અને હઝરત પયગમ્બર સાહેબના ફરમાન, નજરની સામે રાખવા

"અર્થાત ત્યાગ પછી હ ત્યાગીઓ ફરી સર્વના સાથે હળી મળી આટલી આવી મેટલ થઇ છુ

સુશીલા—ભલે પધાર્યા ! તમારા ઇતિહાસમા અમને ઘણો રસ આવ્યો છે, તમારા આવવા અગાઉ અમે તમારા પયગમ્બરનાજ મહિમા ગાતા હતા તમારા કથને એ મહિમામા ઔર વધારો કર્યો છે કે સમાજમા આવુ અલૌકિક ચેતન પ્રેરી શકે, જે આ દુઃખમય સમાજને આવુ સ્વર્ગ સમુ બનાવી શકે, તેને અમા સહુના અભિનંદનજ હોય ' સહુ બોલી ઉઠે છે "સત્ય છે બોલો હઝરત પયગમ્બર સાહેબની જય

સુશીલા—વારૂ ! મને કહેશો કે એ ઉદારતા અને પરમાર્થના જીવતા નમુના જાતે કયા છે ? કારણ કે મુસલમાનોમા પણ જાત કે વર્ગ જેવુ તો પિછાણ માટે કાંઈ હોય છે ?

મેરી—તેઓ જાતે **કસાઇ** છે

"હે ! શુ **કસાઇ** ? જેઓ માસ વેચવાનો ધધો કરે છે તે **કસાઈ** ? બોલતા સહુ ઉભા થઈ જાય છે ' એતો મ્હોટી નવાઈ ?'

મેરી—હા કસાઈ, તમનો મીલટરીમા મટન પુરો પાડવાનો કન્ટ્રાક્ટ છે, અને ચામડા રંગવાનુ કારખાનુ છે તેઓ ઘણાજ ધર્મવાન છે, જાહેરદાન ઉપરાત ગુપ્તદાન પણ ઘણ કરે છે કોઇનુ એ દુઃખ તો જોઈ શકતાજ નથી

ધર્મવિલાસી—આ તો નહિ સમજાય તેવો ગુચવાડો

છે, કસાઈ અને તેના મનમા દયા? એ બનેજ કેમ? કહેવાય છે કે માસાહાર નિર્દયતા અને હૃદયની કઠોરતા ઉત્પન્ન કરે છે પણ અહિ તો માસાહાર ઉપરાંત ગળા કાપવાનો ધધો ચાલે છે છતા દયા ધર્મ તો જેવો ને તેવો અચળિતજ છે!!!

મેરી—દયા ધર્મ તો અચળિતજ છે માસ ખાઓ કે ન ખાઓ બલકે મને માસ નહિ ખાનારા અને દયા ધર્મના ફીડા ર બનારા ઘણાઓનો અનુભવ છે કે તેઓ માણસનુ લોહી ચુસે છે

વિશ્વપ્રેમી—યુ આર ક્વાઈટ રાઈટ મીસ મેરી! તમારૂ કથન તદ્દન સત્ય છે

મેરી—અમારા પેગમ્બર સાહેબ માસ ખાતા હતા અને તેમણે માસ ખાવાની છુટે આપી છે પણ મુગા પ્રાણિઓ ઉપર તમને કેવી પ્રીતિ હતી તે જોતા તો તેમના ઉપર ફીદાજ થવાય તેઓ એક વખત આરામ કરતા હતા પહેરણની બાહ્ય મ્હોટી હતી તે ઉપર એક બીલાડી આવી ઉંઘી ગઈ તેઓ જાગ્યા, કાઈ કામ માટે ઉઠવા ચાહતા હતા કે બાહ્ય ઉપર બીલાડી જોઈ જો હવે ઉઠે છે તો બીલાડીને જગાડવી પડે છે તમને બીલાડીની ઉંઘમા ખલલ નાખવુ ગમ્યુ નહિ ખુદાનુ પ્રાણી છે—તેને પણ આરામ-અને વિશ્રાંતિ જોઈએ, એ ખ્યાલથી બીલાડી પોતાની મેળે જાગી, ચાલતી થઈ નહિ, ત્યા સુધી સુતાજ રહ્યા

ધર્મવિલાસી—ડીયર-ડીયર-ડાર્લીંગ મને મુસલમાન થવાનો-ડા આ ચર્ચાજ બન્ધ કરો

મીસ મેરી ચમકે છે

સુશીલા—ભાઈ, ઘણાજ કાચા મનના હો ??

મેરી—(હસતા-હસતા) કાચા મનના કે ખરા દૃઢ મનના ?

સુશીલા—જે વાત અમે કરી શકતા ન હોઈએ-તે વાત વારવાર ઉચ્ચારવી એતો કાઈ રીત છે ?

વિશ્વપ્રેમી—મવલાનાનુ કહેવુ યાદ આવ્યુ, જો કોઈ પુરાતન સસ્કૃતિ વાળી પ્રજાને ઇસ્લામનો સદેશ અપાયો હોત તો તે પોતાની સસ્કૃતિના અભિમાનમા તેને સ્વિકારત નહિ તેમજ પ્રસારત નહિ આપણી સમાજ ખરેખર મિથ્યા અભીમાનમાજ રહી જુઓ માસાહાર વિરૂદ્ધ કેવી ઝુબેશ ચલાવે છે ? જો માસાહારમા કાઇ પણ અવગુણ અગર દોષ હોત તો આટલો બધો પ્રસરેલો ધર્મ કેમ હોત ?

સુશીલા—અરે મી૦ વિશ્વપ્રેમી ! તમે માસાહારના પક્ષમા બોલો છો મને વળી તાજુબી થાય છે ! !

વિશ્વપ્રેમી-બ્હેન ! તમને અનુકુળ ન હોય તો તમારે ન જમવુ પણ બીજાઓને તેવી બેડીઓ પહેરાવવી એ કેવળ જુલમ અને અન્યાય છે બ્હેન ! માફ કરશો ! મારે કહેવુ જોઇએ કે હુ તેવી બેડીયોથી મુક્ત છુ અને જ્યારે જ્યારે મન થઈ આવે છે ત્યારે ત્યારે હુ તો "કલબ ઓફ યુનીવરસલ બ્રધર હુડ"મા જઈ જમી આવુ છુ

સુશીલા—હવે વધુ બોલશો નહિ હદ થઈ ? ધર્મવિલાસી નિરપક્ષપાતી વગેરે વિશ્વપ્રેમીની સાથે જોડાય છે

વિશ્વપ્રેમી—સુશીલા ! તમે ભાવનાને વળગી રહેવા માગો છો કે જુદા જુદા લોકોના લક્ષ બિદુઓથી વાકેફ થઈ સત્ય તપાસવા માગો છો ? હુ એટલુજ પુછુ છુ કે

માંસાહાર વિરૂદ્ધ તમારી પાસે કાંઈ આધાર છે કે અમથા હાકેજ રાખો છો ?

સુશીલા—કેમ નહિ ? ધર્મ આધાર

વિશ્વપ્રેમી—ક્યો ધર્મ વારૂ ?

સુશીલા—વેદજ હશે બીજો તો ક્યો ? તમે વધુ જાણો છો

વિશ્વપ્રેમી—હું શું જાણું છું ? **મને તો અત્યાર સુધી હિન્દુ ધર્મની વ્યાખ્યાજ મળતી નથી. કે હિન્દુ એટલે કોણ ?**

સુશીલા—તમે તો છેલ્લે પાટલે જઈને બેઠા

વિશ્વપ્રેમી—જો વેદ હોય તો–વેદમા માંસાહારનો નિષેધ નથી વેદનો મોટો ભાગ તો યજ્ઞ યજ્ઞાદી અને બલિદાનની વિધિયોનું શિક્ષણ આપે છે (પાસેની ન્ટેડમાથી એક અંગ્રેજી પુસ્તક ખેંચી કાઢી) જુઓ આ The vicissitudes of the aryan civilization in India by M M Kunte B A Head Master of the Poona High School, 'વાંચો **આર્યન પ્રજાની ઉન્નતિના** કારણેમાનુ **એક મોહટુ** કારણ **આ જાનવરોના બળીદાનોને ગણાવવામા આવેલુ** છે

સુશીલા—(બતાવવામા આવેલા ફકરા વાંચી આભીજ થઈ જાય છે અને પુછે છે) ત્યારે હિન્દુ સમાજમા માંસાહાર વિરૂદ્ધ મત ક્યાંથી બંધાયો હશે ?

વિશ્વપ્રેમી—જૈન ધર્મના અને મહાત્મા બોધના શિક્ષણથી એ મત પ્રસર્યો છે, પરંતુ જુઓ એજ પુસ્તકના પૃષ્ઠ ૪૭૧ મા શુ લખ્યુ છે ? એ દયા ધર્મની મુર્તિએ દેહ

ત્યાગ કેવી રીતે કર્યો? વાંચો

"After such important results had been achieved surfeited with delicious pork, Buddha Goutama died The cause of his death is unworthy of his life'

'આવા અગત્યના પરિણામ નિપજાવ્યા પછી બુદ્ધ ગૌતમે લજ્જતદાર સ્વાદિષ્ટ ડુક્કરનો માસ ઠાસી ઠાસી ખાઈ દેહ ત્યાગ કર્યો તેમના દેહ ત્યાગનુ કારણ તેમની જીદગીને નહિ છાજતુ છે' બ્હેન શ્રી! હવે કહો! અમે ઐતિહાસને પકડીયે–કે અવળુ સવળુ સમજાવનારાઓનુ કહેવુ માનીએ?

સુશીલા વિચારમા પડી જાય છે

વિશ્વપ્રેમી—હુ નથી કહેતો કે તેની છુટ–પરવાનગી આપવાની જરૂર છે પરંતુ એટલુ તો કહીશ કે જેઓ ખાય છે તેઓ કોઈ પણ જાતનું અધર્મ કરે છે એમ નહિ કહી શકાય સત્ય કહો મેરી! મારી વાત ખરી છે કે નહિ?

મેરી—આ વિષે વાત કરતા હુ હમેશા ઘણી અચકાઉ છુ કારણ કે હિન્દુઓની લાગણીનો એ સવાલ છે અને તે ન દુખાય એ ખ્યાલ રાખવાનુ મને શીખવવામા આવ્યુ છે માટે માહો માહે તમે ચર્ચા કરી લેશો મને પણ તમારી ચર્ચાથી માંસ વિરૂદ્ધ જે ચળવળ છે તેમા કેટલુ સત્ય છે અને કેટલુ ભાવનાનુ કારણ છે તે જાણવાનુ મળશે

સુશીલા—પરંતુ હાલના ધર્મગુરૂઓ તેમા પાપ માને છે!

વિશ્વપ્રેમી—વેદમા વિધિ હોય- વેદના સમયના રૂષિયો

મુનીઓ ખાનાખીતા હોય—વેદ ઈશ્વરકૃત મનાતા હોય ત્યારે હાલના ધર્મ ગુરૂઓ તેનો પ્રતિબંધ કરનાર કોણ?

નિરપક્ષપાતી—ભાઇઓ ટુકુ કરો એવી વાતોથી કટાળી આપણે વિશ્વધર્મ સ્થાપનાની અગત્ય જોઇએ છીએ એક અસગતિ વાળી વાત હોય તો પહોચી શકાય અનેકને તો નજ પહોચાય

સુશીલા—પરતુ એ તો દેખીતુ અ ાટ ઉપજાવ તેવુ નિર્દય તો છેજ ને?

વિશ્વપ્રેમી—જો નિર્દય હોય તો આખો કુદરતનો ક્રમ નિર્દય છે પણ તમને કોણ જબરદસ્તી ખવરાવે છે? પણ જે ખાનાર હોય છે તેમની સામે વાંધા ઉઠાવવાનો તમને શો હક છે?

સુશીલ—દુનિયામા દયા વધે અને ક્રુરતા ઘટે એ શુ ઇચ્છિત નથી?

વિશ્વપ્રેમી—માસાહારી પ્રજામા જેવા દયાવાન, ધર્મવાન, વિશ્વપ્રેમી, ઉદ્યમી—ઉદાર—સાવજનિક હિતના સાધક—હુન્નર કળાના યોજક—વિશાળ બુદ્ધિના અને નર્મ હૃદયના જેમના નામો તવારીખોમા ઉજ્જવળ અક્ષરે લખાયા છે, અને હજુ લખાતા જાએ છે તેવા શુ થયા નથી અને હાલ થતા નથી? હિન્દુસ્તાનમા માત્ર ગણ્યા ગાઠ્યા લોકો માસનો ત્યાગ કરે છે—માસાહારીમા જ્યારે શૌર્ય—હિમ્મત વિશાળ દૃષ્ટિ—અને વિશ્વપ્રેમ દેખાય છે—ત્યારે માસ ત્યાગનારા નિર્બળ મનના સકુચિત દ્રષ્ટિના—અને કાર્યહિણ જણાય છે **જ્યારે આર્ય પ્રજા માસાહારી હતી ત્યારે હિન્દુસ્તાનની અનાર્ય પ્રજાને** હટાવી હિન્દુસ્તાનમા વસી શકી અને

સસ્કૃતિની પ્રભાતી ચળવી શકી, પણ જ્યાસ્થી માસાહારનો ત્યાગ કર્યો ત્યાસ્થી ગુલામીમા પડી મુસલમાનો નિર્ધન છે પરતુ જ્યારે ધનવાન હતા ત્યારે તેમની સાર્વજનિક સખાવતો કેવી હતી? એ જુઓ, હાલ પારસી કોમ માસાહારી છે, છતા દયા ભાવની લાગણી કેવી ધરાવે છે? તેમની સાર્વજનિક સખાવતોની સસ્થાઓ તેમના દયા ધર્મની ગાહેદી પુરતી નથી? માસાહાર યુરોપને જુઓ માણસોના સુખના માટે કેવા કેવા સાધનો યોજ્યા છે? માસ ત્યાગીનુ હૃદય ઘણે ભાગે સકુચિતજ સિદ્ધ થશે ત્યારે કહો માસાહાર ક્યો દુર્ગુણ ઉત્પન્ન કરે છે? જેથી તે ત્યાજ્ય મનાય?

સુશીલા—શરીરમા અનેક વ્યાધિઓ ઉત્પન્ન કરે છે

વિશ્વપ્રેમી—હમ્બગ છે માસાહારી પ્રજાઓ વધારે નિરોગી અને શૌર્યવાન હોય છે પુરૂષાર્થના પુતળા હોય છે, તે જો રોગ ઉત્પન્ન કર્તા હોય તો હિન્દુ ધર્મ ક્ષત્રિયોને જેમનો ધર્મ પ્રજાનુ રક્ષણ કરવાનો છે લડવાનો છે તેમને માસાહારની છુટ શા માટે આપે? મેરી! આમા તમને અભિપ્રાય આપવામા વાધો નહિ હોય

સોમ—ઉલટા અમે તો કેટલાક રોગ નિવારણમા સુપ વિગેરે પ્રીસ્ક્રાઈબ કરીયે છીએ

નિરપક્ષપાતિ—હીયર—હીયર

મેરી—અલબત કેટલીક વ્યાધીઓ એવી હોય છે કે તેમા તે ત્યાજ્ય છે

વિશ્વપ્રેમી—એ જુદી વાત છે જેને અનુકુળ ન હોય તે ન ખાય કાઇ **માસાહારી ધર્મો તમારે ખાવુજ**

એવુ શીખવતા નથી ત્યારે શા માટે પ્રાણી રક્ષક સસ્થામા ધન ઉરાડો છો ? લોકોના ઉદ્ધારમા એ ધન ખરચો તો કેવુ હિત સધાય ?

નિરપક્ષપાતી—વ્યાજ વટાવનો ધધો કરનારા—ચોગણુ વ્યાજ લઈ ખેડુઆના લોહી ચુસનારા—ત્યારે વરસાદમા—પાણીના વહેળામા વહેતા મકોડાને પાદડાઓ પર ચડાવી બચાવવાને પ્રયત્ન કરતા હુ જોઉ છુ ત્યારે તેના ઉપર કેવળ હસવુજ આવે છે એ તેની આત્મ ઠગાઈ નહિ તો શુ છે ? સકુચિત દ્રષ્ટિ નહિતો બીજુ શુ ?

સુશીલા—(વચમા એકદમ કાઈ યાદ આવ્યુ હોય તેમ) પણ જે જાનવરો માસ ખાતા નથી તે મહેનત કરવામા વધારે બળવાન હોય છે માસાહારી ચાલુ મહેનત કરી શકતા નથી

વિશ્વપ્રેમી—પરતુ માસાહારી રાજ કરે છે—સ્વતત્ર હોય છે—પરવશ હોતા નથી ત્યારે માસ ત્યાગી જાનવરો પરતત્ર, પરવશ અને ગુલામીમા હોય છે એ કેમ ભુલી જાઓ છો ? વળી માસાહારી જાનવરને માસ ખાતા કોણે શીખવ્યુ ? કુદરતે શીખવ્યુ કે નહિ ? ત્યારે કુદરતને એ ગમે છે કે નહિ ?

સુશીલા—પરતુ માણસો તો બુદ્ધિ ધરાવે છે ?

વિશ્વપ્રેમી—એ સત્ય છે પણ કુદરતનો ધણી કયા બુદ્ધિવાન નથી ? કયા શક્તિમાન નથી ? એને જો એ કાર્ય ન ગમતુ હોત તો સર્વે જાનવરોને ફળફળાદી ખાનારા બનાવત તેમા માસાહારી બનાવતજ નહિ જો બહેન ! ત્રણ જાતના જાનવરો છે એક માસાહારી, બીજા માસ ત્યાગી,

ત્રીજા માંસ ખાય છે અને અનાજ તથા ફળફળાદી પણ ખાય છે માણસ Evolution વૃદ્ધિના ઉંચામા ઉંચા સ્થાને છે માણસ સીવાયના બીજા પ્રાણીયો માણસથી નીચા સ્થાને છે એટલે માણસમા નીચેના વર્ગના સર્વ પ્રાણીયોનો વનસ્પતિ–અને ખનીજનો સ્વભાવ રહેલો છે તેને પોષવા નીચેના સર્વ તત્વો આવશ્યક છે ત્યારે તો વૈદ્યક શાસ્ત્ર પ્રમાણે દવાઓ રોગ નિવારણ કરી શકે છે માટે માણસને માંસાહારનો કુદરતી જન્મ સિદ્ધ અધિકાર પ્રાપ્ત છે આવા તેના કુદરતી હકની આડ આવવા પ્રયાસ કરવા–ફરીયાદ કરવા અને કુસંપો કરવા કરાવવા એ અન્યાય વૃત્તિ અને સંકુચિત દૃષ્ટિનુ પરિણામ છે હુ તો ખરો દયાવાન સેરીના પાલક કસાઇને કહુ મી૦ નિરપક્ષપાતી વ્યાજનો ધંધો કરનારને નહિ સમજ્યા બહેન? જીવ દયા ધર્મનો અર્થજ સમજ્યા નથી, પ્રાણી રક્ષા ભાવના તરીકે ગમે તેવી ઉંચી હોય નિર્દયતા અને કઠોરતા નાશક હોય તો પણ તે માયા મોહ–લોભ લાલચ નિર્બળતાની પોષક છે માંસાહારી જેવી રીતે જીવ લે છે તેવી રીતે જીવ આપે પણ છે બહાદુર માણસ બીજાના ભલાની ખાતર પોતાના જીવને જોખમમા નાખે છે કારણ કે તે જીવની કિંમત એટલી બધી આકતાજ નથી આગ લાગી હોય, માણસ ડુબતો હોય પલેગ ચાલતો હોય, ત્યારે માણસ જાતને સળગતી અગ્નિમાથી, પાણીમાથી અથવા પલેગમાથી બચાવવા–કેટલાએ જીવ દયાના હીમાયતીઓએ પોતાના જીવને જોખમમા નાખ્યા છે? એતો માંસાહારી–અંગ્રેજ–ખ્રિસ્તી પારસીઓમાથીજ એવા વીરલાઓ નીકળ્યા છે જ્યારે આપણે મરવાને–જીવ આપવાને

મહાકષ્ટ સમજ્યા હોય ત્યારે માંસાહારીઓ જીવ આપવાને નજીવી રમત સમજ્યા છે અને તેથી તેઓ નિખાલસ મનના—ભોળા શુદ્ધ હૃદયના—આનંદી અને નિષ્કપટ હોય છે પણ જેઓ જીવની કિંમત આંકે છે તેઓ જીવવા ઉપર એવા ચીકણા હોય છે કે તેઓમાં જીવવાની ખાતર મોહમાયા—લોભ અને લાલચ પોષાય છે માંસાહારી ઓપાહીની બાજુ ખુલી હોય છે ત્યારે બીજાઓની છુપી ત્યારે માંસ ત્યાગથી આવા નીચ દુર્ગુણો પોષાય છે એ શું ઇચ્છિત હોય? કર્તાએ માણસને સૃષ્ટિનો સ્વામી બનાવ્યો છે સર્વ સૃષ્ટિ ઉપર તેને સરસાઈ આપી છે—માણસને આ અધિકાર તેના માલિક મળ્યો છે એટલે તે પોતાના હિત માટે પોતાથી ઉતરતી સૃષ્ટિનો ઉપયોગ કરી શકે છે એજ ન્યાયે આપણે ખનીજ ખોદી કાઢીએ છીએ જમીનને ખેડીએ છીએ જે ખેડતા હજારો ને લાખો જીવોનો નાશ થાય છે ઝાડ કાપીએ છીએ સમુદ્રોમાં વહાણ હંકારીએ છીએ જેથી પાણીના જીવોની અતિ હાનિ થાય છે પ્રાણીઓના દૂધ વગેરેથી લાભ ઉઠાવીએ છીએ—પછી ભલે તેના બચ્ચાઓને ઓછું દુધ મળે અને તેથી તેઓ કુદરતી—પુરૂં જીવન—ન જીવી શકે માંસાહારી એક પગલું આગળ વધે છે અને તેને જરૂર હોય છે ત્યારે તેના માંસથી પણ લાભ ઉઠાવે છે જો તમારા ઉપલા માલીકીના હક્કથી તમે ઉપજાવેલી હાનીથી જીવદયા ધર્મમાં કાંઈ બાધ આવ્યો નહિ તો આ એક પગલું આગળ વધનારના એક વિશેષ—હકથી શું જીવ દયામાં ફેર પડયો?

સુશીલ—પ્રાણ લેવા—જીવને મારી નાખવું

નિર્દયતા નથી ?

વિશ્વપ્રેમી—કોઈ પણ હેતુ વિના જીવનો નાશ કરવો બેશક નિર્દયતા છે પણ પોતાને પોષવા જેમ બીજા ફાયદાઓ લઇએ છીએ તેમ લેવામા શાની નિર્દયતા ?

સુશીલા—ત્યારે તો માણસના પ્રાણ લેવામા એ શુ વાધો હોય ?

વિશ્વપ્રેમી—આપણને કુદરત તરફથી માણસ જાત ઉપર સ્વામિત્વ—માલેકીપણુ મળ્યુ નથી—માણસ જાત ઉપર કર્ત્તાનુ પોતાનુ સ્વામિત્વ છે તેની આજ્ઞા હોય તોજ આપણે માણસના જીવ લઈ શકીએ

સુશીલા—અરેરે, એ દયાળુ એવા નથી

વિશ્વપ્રેમી—તમે મને એવા વિષયની ચર્ચામા ઘસડી જાઓ છો કે મારી દલીલો મજબુત હશે—ખરી—હશે—ચુપ કરી દેનારી હશે તો પણ એ ધર્મ ધુરધરો મહા ઉત્પાત મચાવશે છાપાઓમા ટિકાઓ લખશે અને ધર્મ ભાવનાનો ઉપયોગ કરી મહારી વિરૂદ્ધ લોકોને ઉશ્કેરશે તો પણ મ્હારે સત્ય તો કહેવુજ જોશે બેશક તે દયાળુ છે—પણ તેના દયાળુપણાને તમે સમજ્યા નથી કહો બ્હેન ! શ્રી કૃષ્ણ, પરમાત્માના અવતાર મનાય છે કે નહિ ? તેઓએ અર્જુનને "ગીતા"નો બોધ શા ઉદ્દેશે આપ્યો ? અર્જુન સગાસ્નેહિઓ જેઓ માણસ હતા તમને મારતા થરથરાટી ખાતો હતો પણ શ્રી કૃષ્ણે તેમને મારવા, તમનો સહાર કરવાને ધર્મ કહી સમજાવ્યો ગીતા ઘેર ઘેર વચાય છે અને વાચનારા અહિસા ધર્મનો મહિમા ગાય છે ત્યારે અહિસાનો અર્થ કાઈ જુદો ખરો કે નહિ ? માણસ જાતના

અંતિમ લાભને માટે—સમાજના ઉદ્ધારને માટે—અધર્મતાના નાશને માટે જો માણસની હિંસા કરવી પડે તો તે પણ શ્રી કૃષ્ણના ઉપદેશથી સિદ્ધ છે હવે કહો વારૂ આથી શું પ્રભુના દયાળુપણામાં કાંઈ બાધ આવ્યો ? જુઠી—કહેવાતી—ઢોંગી નિર્દયતાની ખાતર માંસનો ત્યાગ કરવો ઉચિત—પણ લોભ—લાલચ—મોહ—માયા સ્વાર્થ—અને નિર્બળતા જેવા દોષો પોષાય તેની પરવા નહિ? દાખલા દલીલોથી, ધર્મથી સીદ્ધ થાય તો પણ પોતાનો કક્કો ખરો અને બીજાનો ખોટો એ બીના પણ ન્યારીજ છે હું ખરૂં કહું છું કે લોકો સ્વાશ્રયિ રહ્યા નથી તેનું આ પરિણામ છે તેઓ એટલા બધા પરવશ છે કે પોતાને વિચારવાનું કામ પણ બીજાઓને વિચારવા સોંપે છે માંસાહાર ધર્મ વિરૂદ્ધ છે, જીવ દયા વિરૂદ્ધ છે ત્યારે શ્રી રામચંદ્રજી મૃગયા (શીકાર રો માટે રમતા એવો પ્રશ્ન જ્યારે કરવામાં આવે ત્યારે બાપડાને એમ કહી સંતોષાય કે તેઓને સજીવન કરવાની શક્તિ હતી તમને શક્તિ નથી. બહેન! વિચાર કર આ જીવ દયાના ઉપાસકો લોકોની બુદ્ધિને, વિચાર શક્તિને કેવી અધમતાથી ચગડી નાખે છે? બુદ્ધિ માણસનું ખરૂં ભુષણ છે, પ્રાણી રક્ષાના પડદા નીચે તેઓ વિચારની પ્રકાશતી ખીલતી બુદ્ધિનો જેના ઉપર હજારો પ્રાણીઓ કુરબાન થાય એવી નિર્દયતાથી નાશ કરે છે? આવા પ્રજાની બુદ્ધિને નાશ કરનારાઓ, ધર્મી ગણાય, અને અમારા જેવા માંસ ખાનારાઓ જેને શાસ્ત્રો, આખી આલમની પ્રજાઓનો, વૈદકનો, બુદ્ધિનો ટેકો હોય તેઓ અધર્મિ નિર્દયિ મનાય એ અમારા જેવા સ્વતંત્રપ્રિયને અપમાન જેવુંજ લાગે

અને તેથી અમે એવી સમાજ વિરૂદ્ધ અવાજ—પોકાર ઉઠાવીએ તેમા નવાઈ જ શી? જ ખાતા હોય તે પોતાના ધર્મ સિદ્ધ અને જન્મસિદ્ધ હકથી ખાય છે તેમના હકને છીનવી લેવા પ્રયત્ન અને પ્રયાસ કરવા એ કુસપ વધારવુ નહિ તો બીજુ શુ કહેવાય? ભોળી પ્રજાના ધનનો આવો ઉપયોગ અસહ્ય છે

સુશીલા—વારૂ, તમે કહ્યુ કે કર્ત્તાનુ માણસ ઉપર સ્વામિત્વ અને માલીકી પણ છે તેનીજ આજ્ઞા હોય તો માણસનો જીવ લઈ શકાય, આવી આજ્ઞા ધર્મ સકટે કેવી રીતે પ્રાપ્ત થાય?

વિશ્વપ્રેમી—આવા પ્રસગોએ તેણે પોતાની કીતાબમા જ આજ્ઞાઓ આપી હોય તે ઉપરથી તારવી શકાય

ફી—(વિશ્વપ્રેમીને) તમે હાથ ધરેલા વિષયને પુર્ણ ઈન્સાફ આપ્યો છે, હુ તમારૂ ભાષણ સાભળી ઘણી ખુશ થઈ છુ તેમાથી મને ઘણુ જાણવાનુ મળ્યું છે મીસ સુશીલાને "તમે પણ સવાલો કરવાના કાંઈ મણા રાખી નથી?"

સુશીલા—થેંક્યુ મને તો એમજ થાય છે કે હુ ગ્રેજ્યુએટ થઈ પણ હજુ સુધી જાણે કઈ શીખીજ નથી દુનિયામા કેટલુ બધુ શીખવાનુ છે—જોવાનુ છે??

વિશ્વપ્રેમી—એ આજ કાલની કેળવણીનો પ્રતાપ ગ્રેજ્યુએટ થયા એટલે શુ થયુ? વરસોના વરસ સુધી માથા ફોડ કરી મગજ ખરચી—વિદ્યા દ્વાર સુધી પહોચ્યા પણ પ્રવેશ તો હજુ બાકી છે

સુશીલા—ગ્રેજ્યુએટ થયા એ શુ? પ્રજાઓના—ધર્મોના—દેશોના ઇતિહાસ જાણવા તેમના બધારણ સમજવા—

સામાન્ય તત્વો તેમાથી ચુટી લેવા-ઇત્યાદી, મોહ્ટો ક્રમ હજુ બાકી છે વારૂ મેરી! તમે વિશ્વધર્મ મડળના બાનુ સભાસદ તરીકે નામ નોધાવશો?

મેરી—મે વિશ્વધર્મ મડળના હેતુઓ-ઉદ્દેશો અને આશયો વાચ્યા છે હુ તે સર્વને પસદ કરૂ છુ પણ હુ ઇસ્લામ ધર્મની જે કેવળ કર્તા સ્થાપિત છે મેમ્બર હોઈ મુસલમાન કહેવાઉં છુ તમારૂ મડળ કાઇ જુદા આશયો નુ નથી તો પણ કર્તા સ્થાપિત તો નહિજ એટલે મહાગથી મેમ્બર તો થવાશે નહિ પણ તેના કાર્યને આગળ વધારવા મહાગથી જેવો બની શકશે તેવો તન મન ધનથી મ્હારો ફાળો આપીશ

સુશીલા—ત્યારે શુ મુસલમાનો આ મડળના મેમ્બરો થશે નહિ?

મેરી—બ્હેન તમેજ વિચારોને. જ્યારે તમે સહુ સમજો છો કે ઇસ્લામ સત્ય છે છતા તમે માણુસ સ્થાપિત ધર્મ ત્યજી એ ધર્મમા કેવળ અભિમાનના કારણે ભળી શકતા નથી ત્યારે મુસલમાનો શુ કર્તા સ્થાપિત ધર્મમાથી નીકળી માણુસ સ્થાપિત ધર્મમા-ઉપરથી નીચે ઉતરી ભળશે? તેમને કાઈ અભિમાન નહિ હોય?

અહીં ધર્મવિલાસી બોલી ઉઠે છે "તમે બેશક સત્ય કહ્યુ છે' મી૦ નિરપક્ષપાતી કહે છે "તેઓ મૂરખા હોય તોજ ભળે કોઈ પોતાની પાયરી ઊતારતુ હશે?"

સુશીલા વિચારમા પડી જાય છે વિશ્વપ્રેમી "એ તો જગત એમજ ચાલતુ આવ્યું છે અને ચાલતુ રહેશે, માત્ર તેની વૃદ્ધિમા આપણાથી બનતો ફાળો આપવો, આપણો

ધર્મ આપણે બજાવવો આપણે શુ કર્યું છે એટલાજ પુરતા આપણે જવાબદાર હોઈએ. અને બીજાના નહિ' કહી આનદ માનવાની ભલામણ કરે છે

રાત ઘણી ગઈ હતી એટલે સહુ પોત પોતાને ઘેર સીધાવે છે

ફિતનએ ઇરતિદાદ.

વિશ્વધર્મ મડળની બીજી સભામા ભગાણુ પડયા પછી મી૦ હઠયોગીને ઘણો પસ્તાવો થયો હતો મી૦ હઠયોગી સ્વભાવે હઠીલા અને આકળા હતા તો પણ અતકરણ ધરાવતા હતા–સત્ય અસત્ય જોઈ શકતા હતા અને છેવટે ભુલ કબુલ કરતા હતા. તેમને પોતાના ધર્મ વિશે ઘણો પક્ષપાત હતો પોતાના કરતા બીજો કોઇ ધર્મ ચઢીયાતો કહેવાય એ લગારે સાખી શકતા નહીં અને તેથી મવલાનાની સાથેના વાદ વિવાદ પછી–ઇસ્લામનુ ખડન પુર્ણ કરી શકાય તેવા હેતુથી–તેઓએ ઈસ્લામી સાહિત્યનું વાચન શરૂ કર્યું હતુ આ વાચનથી તથા મવલાનાના અવાર નવા ના પરિચયથી તેમની હઠીલાઇમા ફેર પડયો હતો– દરેક વિષયમા વિચાર કરીનેજ જવાબ દેતા મવલાના, વિદ્યા નગરમા મુસ્લિમ આશ્રમ ચલાવતા, તેમા લગભગ પાણોસાથી સો જુદી જુદી જાતીના પણ ઈસ્લામ ધર્મ કબુલ કીધેલા વિદ્યાર્થિયો અભ્યાસ કરતા. આ આશ્રમ, વિદ્યાર્થિયોના ઉદ્યમની આમદાનીથી ચલાવવામા આવતુ સર્વ વિદ્યાર્થિઓ ભાઈ ભાઈ સમા થઈ આશ્રમમા રહેતા અને એક ખરા મુસ્લિમ જેવુ જીવન ગાળતા આ આશ્રમમા દરેક શુક્રવારની સાન્જે મવલાના એકાદ ઇસ્લામી વિષય

ઉપર ભાષણ આપતા જે સાભળવા ગને તેને આવવાની છુટ હોઇ દરેક જાતીના લોકો આવતા, મી૦ હઠયોગી પણ આજે શુક્રવાર હોઇ મવલાનાનુ ભાષણ સાભળવા મુસ્લિમ આશ્રમ તરફ જઈ ગયા હતા –

રસ્તામા તેમને વિદ્યા નગરની જુમા મસજીદના પેશ ઈમામ **મવલવી હક** સાહેબ મળ્યા, આ મવલવી સાહેબ પણ ભાષણ સાભળવા જતા હતા મી૦ હઠયોગીએ તેમને જોઈ ઈસ્લામી રીત પ્રમાણે સલામ અલયક કીધી, મવલવી હક સાહેબે ઈસ્લામી રીત પ્રમાણે જવાબ ન દેતા કહ્યુ કે "હમ તુમ્હારી સલામ કબુલ નહી કર સકતે, હમારી તુમ્હારી મિત્રાચારી ટુટ ગઈ, તુમ લોગોને યેહ **ફિત્નએ ઇરતેદાદ** (હીંદુમાથી મુસલમાન બનેલાઓને પાછા હીંદુ બનાવી લેવાની હીલચાલ), ઐસા ગરૂ કીયા હૈય કે ઇસ્કે બાદ તુમ્હારી દોસ્તીકા દમ ભરના હમ મુસલમાનોકો લાઝિમ નહી હમને હર તરાહસે તુમ્હારી રિઆયત (પક્ષ) કી તુમ્હારે ખાતિર હમને અપને બાઅઝે કૌમી શિઆર (લક્ષણ–રીત ભાત) પર પાની ફિરાયા મગર તુમ્ને ખુલુસસે (શુદ્ધ અ ત કરણ) કામ ન લિયા વોહી તુમ્હારી નેશઝની (ડખ મારવો) કાયમ રહી ક્યા બાર બારકે તજરૂબોંકે (અનુભવ) બાદ ભી હમ તુમસે ધોકા ખાએ ? જવાબ હઠયોગી સાહબ' તુમ લોગોમે હક પરસ્તી હોતી, ખુદાકા ડર હોતા, નફસાનીયત ઔર ખુદ ગરઝી (સ્વાર્થ) ઓર બેજા તફાખુર (મિથ્યા અભિમાન) તુમ્હારા શેવા (રીત) ન હોતા તો મુલકમે જબ દોનો કૌમોમે ઈત્તિફાકકા (સ પ) જઝબા (ઉમગ) પૈદા

હો ચુકાથા એક નયા ફિત્ના ઔર ફસાદ શરૂ ન કરતે ? યેહ ફિત્ના સાબિત કર રહા હૈ કે ન તો તુમ્હે મુલ્કકી બ્હેતરીસ મંજુર હે ન તુમંકો મઝહબો મિલ્લતકી (ધર્મ અને પ્રત) પરવાહ, તુમ તો સિર્ફ આપસમે લડવાકે અપના ઉલ્લુ સીધા કરના ચાહતે હો ”

હઠયોગી મવલવી હકના આ ઉભરો વધુ સાભળી શકયા નહી, તરતજ ભડકી ઉઠતા બોલ્યા —

“જનાબ મવલવી સાહબ ! બસ કીજીયે કયા અપને ધર્મકા પ્રચાર કરના દોષ હે ? ધર્મકા પ્રચાર ફિત્ના હે ? અગર ઐસાહી હૈ તો તુમ ભી તો ઇસ દોષસે કબ બચે હો ? કલ તુમ ઢેડ ઔર ચમારોમે જાકર કયુ ઉપદેશ કર રહેથે ? ઉન્કે અતરોમે હમ લોગોકી તરફ-દ્વેષ ઔર દુશ્મની પૈદા હો ઐસી ભાષા નહી વાપરતેથે ? નીચ જાતોકી તરફ હમારી બદ સુલુકીયા (ગેરવર્તણુક) નહી ગીનવા રહેથે ? યેહ કયાથા ? હીદુસ્તાનમે આકર લાખો બલકે કરોડો હીદુઓકો ધર્મ ભ્રષ્ટ કીયા, મુસલમાન બનાયા ઉસપર તો હમ કુછ નહી કહતે, જબ હમને ઐસે ધર્મ ભ્રષ્ટોકો શુદ્ધ કરના શુરૂ કીયા તો લગે ક્રોધ કરને ? કયા યેહ ન્યાય હૈ ?”

મવલવી હક—ધર્મકા પ્રચાર (ઈશાઅતે મઝહબ) હરગીઝ ગુનાહ નહી, દોષ નહી માફ કરના **વેદ ધર્મ ઇશાઅતી (પ્રચારક) ધર્મ હી નહી. તુમ્હારા મઝહબ તો સિર્ફ ચદસાલસે ગેરોકો અપને ધરમમે લેના રવા સમઝા હે. આમ હીંદુ ધર્મ ઇસ્કે ખિલાફ હે.** શ્રી કૃષ્ણને ગીતામે સાફ કહે દીયા હે અપને અપને ધર્મમે

રહેના યેહી હરેકકા ધર્મ હૈ લેકીન તુમ્હારે ધર્મ પુસ્તકોકે આધારસે તુમ્હે પ્રચારકા હક નહી મગર સ્વામિ દયાનંદકે ચેલોને ગૈરોમે પ્રચાર કરના શરૂ કીયા ઔર હમકો ઇનસે કોઈ મુખાલિફ્ત (વિરોધ,) નહી લેકિન યેહ પ્રચારકે અર્થ યેહ નહી કે તુમ ગરીબ રાજપુત મુસલમાનો પર બેજા દબાવ ડાલકર સાઝીશે (કાવત્રા) કરકે, ઉન્કો સતાકર મુરતદ (વટલાવવુ) બનાવ, અગર કીસીકો પ્રચાર કરનેકા હક હે તો ઇતનાહી વોહ વાઅઝ કહે, ઉપદેશ કરે, અપને મઝહબકી ખુબીયા બ્યાન કરે, દુસરે મઝહબોકી ખામીયા શાઇસ્તા (સભ્ય) અલફાઝમે (શબ્દ) ઝાહિર કરે ન કે તુમ્હારી તરાહ મઝહબકે પેશવાઓકો ગાલીયે દે ઓર બુરા ભલા કહે. જબસે તુમ્હારા આર્ય સમાજ કાયમ હુવા હૈ કઇ સાલ હો ગએ તબસે તુમ પ્રચાર કરતે હો, હમારે મઝહબકે ખિલાફ કિતાબે લીખતે હો, હમારે બુઝુર્ગોં કે લીયે બુરી ભલી બાતે શાયે (પ્રગટ) કરતે હો લેકીન હમને સીવાએ તુરકી બ તુરકી જવાબ દેને કે તુમ્હારે પ્રચારક કારયકે ખીલાફ કબ સદાએ અહતજાજ (પ્રોટેસ્ટ) બલદકી હે ? (અમે ક્યારે વાંધો ઉઠાવ્યો છે ?) હમતો ખુશ હે તુમભી પ્રચાર કરો ઓર હમભી પ્રચાર કરે યેહ પ્રચારકા અખાડા ખુલા હુવા હોગા તો ઝોરાવરહીકી ફતેહ હોગી, હમકો હમારે મઝહબ-ધરમકી રૂહાની (આત્મિક) તાકતપર પૂરા ભરોસા હે હમારા એતરાઝ (વાંધો) તો તુમને ઇસવક્ત જીસ નિય્યત ઓર ઇરાદેસે યેહ ફિત્ના મજમુઇ ઓર કોમી હયસીયતસે જગાયા હૈ ઉસ નિયત ઔર ઇરાદેપર હૈ મુલ્કમે હીંદુ મુસ્લિમ ઇત્તેફાક (એક સંપી)કી હવા ચલ રહીથી

દોનો કોમોમેસે એક દુસરેકી બદ ગુમાનીયા (શક) દુર હો ગઈથીં મુસલમાન સમઝને લગેથે કે હીંદુ ભાઈ હમારે સાથ અચ્છા સુલુક (વર્તણુક) કરેગે ઓર હીંદુ મુસલમાનોકી નરફ્સે સાફ દિલ હો રહેથે ઓર અચ્છે બરતાવકી ઉમીદ રખતેથે ઓર મુસલમાન ગાવકુશી (ગૌવધ) બદ કરનેકી કોશીશ કરકે અપને અચ્છે બરતાવકા સુબુતભી દે રહેથે. ઈત્નમે તુમ્ને યેહ ફિત્ના જગાયા જીસમે તુમારા મતલબ કોમીયતકા બઢાનાથા ધર્મકા પ્રચાર નહી તુમ લોગોકો યેહી ઉપદેશ કરને લગે હો કે મુસલમાન તઅદાદ (ગિનતી)મે બઢ રહે હૈ ઓર હમ હીંદુ ઘટ રહે હૈ અગર ઈસ્કા બંદોબસ્ત ન કીયા જાયગા તો ચંદ સાલમે મુસલમાન ગાલિબ આ જાઈગે–હમપર વિજય પાએગે અગર તુમ્હારા મતલબ ધરમકા પ્રચાર થાતો અપને ધરમકી બહેતરી ઔર અચ્છી તાલીમ (શિક્ષણ)કા ઉપદેશ કરતે મગર તુમ્હારા મતલબ તો મુસલમાનોકી તાકતકો ન બઢને દેનેકા હૈ બલકે ગેર હીંદુ કૌમ કે ધર્મ સ્થાનોપર કબઝા કરકે વૈદિક ધર્મકા ઝંડા ઉડાના ચાહતે હો? ક્યા તુમ્હારે બડે બડે શાસ્ત્રી ઈસ બાતકો ઝાહિરન ધ્યાન નહી કરતે? જબ હમારે તુમ્હારે દરમીયાન દોસ્તી હો ગઈ, હમ તુમસે બે ખોફ (નિડર) હુવે તુમ હમસે બે ખોફ હુવે તબ તુમ્હારા એસા ખ્યાલ કે મુસલમાન બઢ જાએગે ક્યા બતાતા હૈ? યેહી તો બતાતા હૈ કે તુમ્હારે દિલ હમસે સાફ નહી હુવે તુમ્હારે દિલોમે હમારી નરફ્સે કીના (દ્વેષ) હૈ અગર યેહ ખુલી હુઇ બાત હમ ન દેખ સકે તો બેશક હમ બેવકુફ હય ઔર ઈસી લીયે

હમ યેહ કહેતે હૈ કે તુમ્હારી નિય્યત–મતલબ ઝાહિર હો જાનેસે હમારી દોસ્તી તુટ ગઇ તુમ યેહ ગલત કહેતે હો કે કલ મેને દેરા ઔર ચમારોમે જો વાઅઝ કહા ઉસ્મે મૈને ઉન્કે દિલોમે તુમ લોગોકી તરફ નફરત (તિરસ્કાર) પૈદા હો એસી બાતે કહી, હરગીઝ નહી મે તો સિર્ફ ઇસ્લામકી બરકાત (ફાયદાએ) સમઝા રહાથા ઔર તુમને યેહ દુસરી બાત જો કહી કે હમને હીંદુસ્તાનમે આકર લાખો બલ્કે કરોડો હીંદુઓકા ધર્મ ભ્રષ્ટ કીયા યેહભી ગલત! મુસલમાનોને કીસીકા ધર્મ ભ્રષ્ટ નહી કીયા, કીસી તરાહકી ઝબરદસ્તી નહી કી, દેખો **મૈ કાયસ્થ કોમકા હીંદુ હું.** મને મુસલમાની ધર્મ અપની ખુશીસે કબુલ કીયા હૈ તુમકો ઝબરદસ્તી બનાયા હુવા મુસલમાન હરગીઝ નહી મીલેગા અગર કીસીને એસા કીયા તો ઉસ્ને ઇસ્લામકે હુકમકે ખિલાફ કીયા દેખો કુરઆને શરીફ ક્યા હુકમ દેતા હૈ સુનો

"લોગોકો નરમી—અચ્છાઇ ઔર પન્દ વ નસીહત (સારી શીખામણ–અને હિકમત)–સાથ ખુદાકે રસ્તેકી તરફ બુલાઓ–ઉન લોગોસે મુબાહસા (ધર્મવાદ) કરનેમે ભી મુનાસિબ (યોગ્ય) ઔર અચ્છી બાતે કહો," કુરાન શરીફકા એસા સાફ નરમી ઔર નસીહતકે સાથ પ્રચાર કરનેકા હુકમ હોનેપર મુસલમાન ઝબરદસ્તી કરકે ઝોર ઔર ઝુલમ કરકે મુસલમાન બનાએ યેહ કૈસે હો સકતા હૈ? અગર કોઇ નાદાન મુસલમાન ઐસા કરે તો કરે મગર યેહ મુસલમાનોકા કૌમી શિઆર (રીત) કયસે હો સકતા હૈ? જનાબ હઠયોગી સાહેબ! હીંદુ ઔર

મુસલમાનોમે ઇત્તેફાક હો ગયા, સમઝોતા હો ગયા તબ તુમકો હીંદુઓકી ગીનતી બઢાનેકી ક્યા ઝરૂરત પેશ આઈ? યેહ તુમ્હારી ચાલ નહી તો ક્યા હૈ? જબ હીંદુસ્તાનકી તમામ કોમોકા એકા (સપ) હો ગયા તો ફીર કમ ઓર ઝયાદા ગીનતીકી કોમોસે ડરનેકા ક્યા સબબ હૈ? કોઇભી હો સબ હીંદી હૈ રાજપુત મુસલમાન અગર મુસલમાની ધમ પાલતે હૈ તો ક્યા વોહ હીંદી નહી રહે? હમ તુમકો તુમ્હારે ધર્મ કે પ્રચારકી મના નહીં કરતે હમતો હીંદુઓસે યેહ કહેતે હૈ કે હમને તુમ્હારે ખાતિર ગાય વગેરાકો છોડા મગર તુમ્હારે દિલ સાફ નહીં હૈ ઓર મુસલમાનોસે યેહ કહેતે હૈ કે દેખના ધોકા ન ખાના, સોચ સમઝકર કદમ ઉઠાના હીંદુભાઇયો કે ઈરાદે સાફ નહી નઝર આતે, ઉન્કે દિલોમેસે અપની કોમીયતકા ખ્યાલ નહી ગયા, તુમકોભી અપની કોમીયતકા ખ્યાલ નહી છોડના ચાહીયે

આહી સુધી વાત પહોંગી હતી કે સામેથી મી૦ વિશ્વપ્રેમી, મી૦ ધર્મ વિલાગી, મી૦ ધર્માભિલાષિ અને મીસ સુશીલા જઓ કલ્પનાપુરીથી સવાર્નો ટ્રેનમા મવલા નાનુ ભાષણ સાભળવા આવ્યા હતા તેઓ ભેળાયા

મી૦ વિશ્વપ્રેમીએ, મી૦ હઠયોગી અને મવલવી હકની વાતચીતથી માહેન થઈ ઉમેર્યુ —

"જુઓ મવલવી સાહબ! હુ આ વિશે વિશેષ કહેવા ચાહતો નથી, માત્ર એટલુજ કહેવા ચાહુ છુ કે હિંદુ અને મુસલમીન કોમો વચ્ચે એકસપી થયા પછી આ જે ફીસાદ જાગ્યો છે તે મુસલમીન કોમ અને આર્ય સમાજી વચ્ચેનો છે સમગ્ર હીંદ કોમને તેની સાથે લેવા દેવા નથી એટલે

એ ફીસાદ તે હીંદુ મુસલમીન કૌમ વચ્ચેનો ફીસાદ કહેવો તે મોટી ભુલ થાય છે માટે મ્હારી વિનતી એટલીજ છે કે **તેને હીંદુ મુસલીમ વચ્ચેની કડવાશનો વિશય ન બનાવો તો સારૂ.**

મવલવી હક—મે ગુજરાતી સમઝ સકતા હુ મગર બોલ નહીં સકતા વાસ્તે માફ કરના આપ તો ઉર્દુ સમઝતે હૈં?

વિશ્વપ્રેમી—હુ ઉર્દુ સમજુ છુ પણ બોલી શકતો નથી

મવલવી હક—બહોત અચ્છા, સુનીયે, હમ તો જો અપને આપકો હીંદુ કહે ઉન્કો હીંદુ સમઝતે હૈ આર્ય અપને આપકો હીંદુ કહેતે હે બાકી તો યેહ લફ્ઝ (શબ્દ) એસા હે કે ઇસ્કા સચ્ચા મફહુમ (અર્થ—સમજ) સમઝના દુસ્વાર હે બુત પરસ્ત (મુર્તિપુજક) અપને આપકો હીંદુ કહેતા હૈ તો બુત પરસ્તકા ખંડન કરનેવાલા ભી હીંદુ કહેલાતા હય ખુદાકો માનનેવાલા હીંદુ તો, નહીં માનનેવાલા ભી હીંદુ, ગોશ્ત ખાનેવાલા હીંદુ તો ગોશ્ત નહીં ખાનેવાલા ભી હીંદુ ઢેડ હીંદુ, ચમાર હીંદુ આર્ય હીંદુ, અનાર્ય હીંદુ, એસી હાલતમે હમ ક્યા તફરીક (જુદાઈ) કર સકતે હૈ?

આટલુ બોલવા પામ્યા હતા કે મુસ્લિમ આશ્રમ આવી ગયુ તેના કમ્પાઉંડના દરવાજા ઉપર અરબી સુશોભિત મ્હોટા અક્ષરોમા હઝરત પેગમ્બર સાહેબની નીચલી હદીસ કોતરેલી હતી

તલબુલ ઇલ્મો મિનલ મહદે એલલ લહદ

ઘોડીયાથી લઈ ઘોર (કબર) સુધી જ્ઞાન પ્રાપ્તિ કરો જ્ઞાન પ્રાપ્તિ વિશે આવુ પ્રભાવવાન શિક્ષણ વાંચી

મી૦ વિશ્વપ્રેમી ચકિત થઈ ગયા

મવલાના સામેથી દોડતા આવ્યા, સર્વને આવકાર આપી સનમાન અને આદરભાવ પુરવક આશ્રમમા લઈ ગયા.

ભાષણનો ઓરડો ખિચોખીચ ભરાઈ ગયો હતો ભાષણના વખતને હજુ વાર હતી મીસ સુશીલાને મવલાનાની સાથેના પ્રશ્નોત્તર સાભળવાની ઘણી જીજ્ઞાસા હતી તેથી તેણીએ ભાષણ થતા સુધીનો વખત પ્રશ્નોત્તરમા ગાળવાની ભલામણ કીધી મવલાનાએ ખુશીથી તે ભલામણ ઉપાડી લીધી તરતજ પ્રથમના મી૦ **ધર્મવિનાશી** પણ હાલના મી૦ **ધર્માભિલાષી**એ ઉભા થઇને પુછયુ કે–"મવલાના સાહેબ ! વિશ્વધર્મ મડળની પહેલી સભામા ધર્મભાવનાની જરૂરત છે એ વિશે જે સુક્ષ્મ અને સરળ રીતે મને સમજ પાડવામા આવી હતી તે ખરેખર મને **ધર્મવિનાશી**નો ધર્માભિલાષી બનાવનાર નીવડી છે તોપણ મને તે વિષય વધુ સમજવાની અગત્ય જણાય છે માત્ર કોઈ પણ જાતની ધર્મ ભાવના હોય તો પુરતુ છે ધર્મના સર્વ કાયદાઓ અને ક્રિયાઓના બધનની શી આવશ્યકતા છે ? માત્ર એકજ કર્તાને માનવાની ભાવના હોય તો પછી ધર્મના નામે આ પ્રમાણે થવુ જોઇએ અને તે પ્રમાણે થવુ જોઈએ તેવા બધનો નિરર્થક છે એમ હુ માનુ છુ '

મવલાના–જવાબમા હુ પુછીશ કે માણસને સીવીલ લૉ (દીવાની કાયદો) અને ક્રીમીનલ લૉ (ફોજદારી કાયદો)ની શી જરૂર છે ?

ધર્માભિલાષી—માણસને આ દુન્યામા જીવવા માટે વ્હેવારનુ બધન આવશ્યક છે, જો આ વ્હેવારનુ બધન

ન હોય તો સમાજ વિખરાઈ જાય અને સમાજનું ગાડું સલાહ શાંતીથી ચાલતું અટકી પડે સરલતાથી વહેવાર ચાલતા રહે—સમાજ વૃદ્ધિ કરી શકે એટલા માટે દુન્યાના દાનીશમંદ અને ડાહ્યા લોકોએ એ કાયદાઓ ઘડયા છે પણ જ્યારે એ કાયદાઓ સમાજની જરૂરતોને પુરા પડી શકે છે ત્યારે ધર્મના કાયદાઓ ક્રિયાઓ જે કેટલીકવાર અગમ્ય અને રહસ્ય સમજાયા વગરના હોય છે તે નિરર્થક છે

મવલાના—તમને એટલું તો માન્ય છે કે સમાજ તદ્દન સ્વતંત્ર સંભવે નહીં તેના માટે કાયદો જરૂર જોઈએ એજ તમારી માન્યતા તમારા પ્રશ્નનો પ્રત્યુત્તર છે સમાજની આ જરૂરતો એટલી મુખ્ય અને અગત્યની છે કે તેના માટે મોટી મોટી લેજીસ્લેટીવ કાઉન્સીલોની સ્થાપના કરવી પડે છે જે કાયદાઓ ઘડે છે અને અમલમાં મુકે છે

ધર્માભિલાષી—તે માન્ય છે પરંતુ પ્રશ્ન એ છે કે ધર્મના કાયદાઓની શી જરૂર છે ?

મવલાના—જવાબ એટલોજ છે કે તમારો પ્રશ્ન ઉંધો છે જ્યારે ધર્મના કાયદાઓ હયાત હતા ત્યારે આ લોકો કૃત કાયદાઓ શા માટે બનાવવામાં આવ્યા ? હાલના કાયદાઓ જે હેતુ સમાજને એકત્ર રાખવાનો સારે છે તેજ હેતુ ધર્મના કાયદાઓ સારવાને પુરતા હતા

ધર્માભિલાષી—જુદા જુદા ધર્મોના જુદા કાયદાઓના કારણથી કુસંપ વધતો હતો સમાજમાં ફાટફુટ પડતી હતી તેથી એ પ્રમાણે સમાજની જરૂરતને લક્ષ્યમાં રાખી કાયદા ઘડાયા લાગે છે

મવલાના—પરંતુ એથી સર્વ સમાજ એકત્ર થઈ

નહી જેમ જેમ જુદા જુદા ધર્મોના જુદા જુદા કાયદાઓ છે તેમ જુદા જુદા દેશના જુદા જુદા કાયદાઓ છે અને કુસપ દ્વેષ અને ઇર્ષાની માઠી આ સદીની દારૂણ જંગ પુરી રહી છે

ધર્માભિલાષી—એ સત્ય છે, પરંતુ ધર્મ પણ એ પ્રમાણે નિષ્ફળ નીવડેલ છે

મવલાના—ત્યારે વિવાદનુ પરિણામ એજ આવે છે કે નતો જગતને ધર્મના કાયદાઓની જરૂરત છે ન લોકો કૃત કાયદાઓની જરૂરત છે કારણ કે બન્ને જગતમાથી માહોમાહેના કુસપનો નાશ કરી શકેલ નથી

ધર્માભિલાષી—એમ તો કહી શકાશે નહી કોઈ પણ જાતના કાયદાઓનુ બંધન સ્વિકારવુ પડશે

મવલાના—ત્યારે તમારા પ્રશ્નનો ઉત્તર અપાઈ ગયો છે

ધર્માભિલાષી—પરંતુ ધર્મ પોતાનો હેતુ પાર પાડવામા નિષ્ફળ નીવડેલ છે

મવલાના—તમે ફરી ફરીને ત્યાને ત્યા આવો છો હુ કહુ છુ કે લોકો કૃત કાયદાઓ પણ નિષ્ફળ નીવડેલ છે માટે સમાધાની મુશ્કીલ છે જ્યારે કાયદાના બંધનની આવશ્યકતા સ્વિકારો છો ત્યારે પ્રશ્ન એમ કરો કે બન્નેમાથી કયા કાયદાઓનુ અનુકરણ સમાજને વધારે કલ્યાણ કર અને અને સુખદાઈ છે

ધર્માભિલાષી—સત્ય છે, હવે એજ વિચાર કરવો પડશે

મવલાના—ત્યારે હુ એક ઉદાહરણ આપુ છુ એક માણસે પોતાના અમુક હેતુઓ પાર પાડવા માટે એક કારખાનુ બનાવ્યું—તે કારખાનુ ચાલુ રાખવા માટે હજારો

કામદારોને કામે વળગાડ્યા હવે આ કારખાનાનો વહીવટ માલીક પોતાના હાથમા ગણી તેને ચાલુ ગણવાના નિયમ બતાવશે કે તે કામદારોને સોપશે ? જો તે નિયમોનુ બધારણ પોતાના હાથમા ગણશે તો તેણે જે હેતુ માટે કારખાનુ બનાવ્યુ છે તે હેતુને લક્ષમા રાખી તેના નિયમો બનાવી તે મુજબ ચાલવા કામદારોને હુકમ કરશે પણ જો તેનો વહીવટ કામદારોને સોપશે તો કામદારો પોતાના હેતુને લક્ષમા ગણી કારખાનુ ચલાવી માલીકના હેતુને નુકશાન કરશે આજ કારણથી આખા જગતમા આજકાલ "કેપીટલ" અને "લેબર" માલીકો અને કામદારો વચ્ચે રમાકશી ચાલી રહી છે તે તમો જાણો છો આવી સ્થીતિમા માલીકો શુ પોતાના કામદારોને કારખાનાનો વહીવટ સોપી દેશે ?

ધર્માભિલાષી—નહી સોપશે હા તેઓ પોતાના પુરા હેતુ જતા કરે તો સોપે

મવલાના—ત્યારે કારખાનાની સલામતી અને તેના હેતુની સાધના માલીકના નિયમોના પાલણમા રહેલા છે એમ માનશો ?

ધર્માભિલાષી—કેમ નહી

મવલાના—ત્યારે એજ પ્રમાણે આ આખા જગતના કારખાનાનો વિચાર કરો જગતનુ કારખાનુ ચાલતુ રહેવા માટે તેના કર્તા તરફથી નિયમો અને કાયદાઓ બધાવા જોઈએ કે કારખાનાના કામદારો તરફથી? કર્તાએ જે યોજના પાર પાડવા જગત રચ્યુ છે તે યોજનાના નિયમો માણસ પોતાની અજ્ઞાનતાથી—સ્વાર્થ પરાયણતાથી તોડી ધર્મને નિષ્ફળ નિવડતા ગણે છે જેમ કામદારો પોતાના

માલીકના નિયમો તોડી પોતાના નિયમો દાખલ કરી માલીકના હેતુને નુકશાન પહોચાડે છે તેમ જગતના કારખાનાના કામદારો પોતાની સ્વાર્થ બુદ્ધિથી પોતાના નિયમો બનાવી માલીકના હેતુની આડે આવે છે અહીં માલીક સર્વ સત્તા ધારી અને સર્વ શક્તિમાન હોઇ પોતે કાંઈ નુકશાન ઉઠાવતો નથી પણ તેના કાયદાઓ જે જગતની સલામતી માટે બનાવેલા છે તેને લોકો તોડી લોકોજ નુકશાન ઉઠાવે છે જ્યારે ધર્મના કાયદાઓ માલીકના હેતુ પાર પાડનાર છે ત્યારે લોકો કૃત કાયદાઓ લોકોના પોતાના હેતુ પાર પાડનાર છે, એમ દીન દુન્યાની બાબતોમા રસાકસી ચાલી રહી છે પણ સત્ય પહેલી બાબતમા છે, માલીકના હેતુઓ તેની જાત માટે નથી તે લોકોના કલ્યાણ અર્થેજ છે પણ લોકો જ્ઞાનની ખામીને લઈ સકુચિત દ્રષ્ટિવાળા હોઈ પોતાના હેતુ અને હિતને કર્તાએ ઠરાવેલા હેતુ અને હિતથી જુદુ માને છે અને ધર્મનો અનાદર કરે છે,

ધર્માભિલાષી—પરતુ માલિક શા માટે લોકોને પોતાના કાયદા તોડવા દે છે? તે તો સર્વશક્તિમાન છે

મવલાના—તમો મુલ મુદ્દા ઉપરથી હઠી જાઓ છો, સવાલ એ હતો કે ધર્મની શી જરૂર છે? અને ધર્મના કાયદા અને લોકો કૃત કાયદામાથી ક્યાનુ અનુકરણ સમાજને વધારે કલ્યાણ કર અને સુખદાઈ છે?

ધર્માભિલાષી—આ સ્થીતિમા તો કર્તાના કાયદા વધારે અનુકરણ કરવા યોગ્ય લાગે છે પણ લોકો કૃત કાયદા કાઈ નીતી વિરૂધના હોતા નથી

મવલાના—માત્ર ખાવા, પીવા, પહેરવા ઓઢવાની

જરૂર અને જીવવાની જરૂરતના કારણે વ્યાપાર રોજગાર હુન્નર અને વ્હેવાર બધાએલા છે લોકો કૃત કાયદાઓ એથી વધારે હદ ઓળગી શકતા નથી પણ તે માયિક અને દયહિક જરૂરતો ઉપરાત માણસોની બીજી આધ્યાત્મિક (રૂહાની) જરૂરતો રહી છે તેને પોષવા માટે કોઈ પણ રીતે પુરતા નથી તેના પોષણ અને કલ્યાણના કાયદા લોકો બાધી શકે તેવી સ્થીતિમા નથી કારણ કે આ વિષયમા લોકોને જ્યા સુધી આધ્યાત્મિક બધારણ શુ છે ને તે સૃષ્ટિની લીલા કેવી છે એ કોઈ ખુદાના ખાસ બદા (જેને ખુદ ખુદા તરફથી જ્ઞાન મળ્યુ હોય) તરફથી શીખવવામા ન આવે ત્યા સુધી કશી ખબર પડે નહી લોકોનુ જ્ઞાન સકુચિત અને મર્યાદિત હોય છે તેની દ્રષ્ટિ જે કાઈ દ્રશ્ય છે તેની આગળ જઇ શકતી નથી તેને તો જે અનુભવ થયો હોય અને તે અનુભવ તે સાચવી શકયો હોય તો તે માત્ર માણસની આ જીદગી જેને આપણે થોડા વર્ષથી માપીયે છીએ એટલે જન્મથી મરણ સુધીની ગણીયે છીયે તેટલાજ પુરતો કામનો હોઈ શકે તે માણસને જન્મથી મરણ સુધીનોજ જોઈ શકે છે **પણ માણસ તેવો નથી, માણસ કર્તાનો સેવક અને સૃષ્ટિનો સ્વામિ છે, સૃષ્ટિના અણુઅણુની સાથે તેનો સબધ છે આકાશમા ફરતા ગ્રહો વાતાવરણ અને અતર માહેની સર્વ વસ્તુઓ–પૃથ્વી ઉપરની દરેક દરેક વસ્તુ અને પૃથ્વી માહેની સઘળી ચીજો એક તારમા બધાએલી છે, અને એક બીજા ઉપર ગુઢ અસર કરે છે માણસ અઝલ (આદ)ના દેશમા, અઝલના કાળમા જનમ્યો છે, અબદ (અનત)ની તરફ પરિયાણ કરે છે અઝલ અને અબદની વચ્ચે એક બાધ છે જેના ઉપર**

દુન્યાનો પુલ છે, અઝલમાંથી અબદ તરફ જવા માટે આ પુલ ઉપરથી પસાર થાય છે આવા માણસના સબંધમાં જેનું સ્વરૂપ આટલું અલૌકિક છે જેનો સબંધ અઝલથી અબદ સુધી બંધાએલો છે, લોકો કૃત કાયદા જે માત્ર આ જીંદગીને જોઈ શકે છે અને આ જીંદગી પુરતી જરૂરતો પુરી પાડવાના બંદોબસ્ત કરવાનો આડંબર કરે છે, કેવી રીતે સંતોષકારક ગણી શકાશે? આપણને એક એવા કાયદા બનાવનારની જરૂર પડશે જે આપણી અઝલથી અબદ સુધીની જરૂરતોને જોઇ શકતો હોય, અને તે મુસાફરી સહેલાઇથી કરી શકીયે તેવો રસ્તો બતાવી શકતો હોય અને તેવો કાયદો બતાવનાર આ જગતના માલિક વિના બીજો કોઈ હોઈ શકે નહી, આવી રીતે લોકો કૃત કાયદા હોય તોપણ આપણું હિત અને આપણું જીવન જેટલું ટુંકુ લેખાય છે તેટલું ટુંકુ નહી હોઇ આપણને આ પુલ ઉતર્યા પછીના જીવનમાં જેને ધર્મની ભાષા આખેરત (પરલોક) કહે છે પ્રવેશ કરી શકીયે અને ત્યાં સુખ ચેનથી રહી શકીયે એટલા માટે ધર્મની જરૂરત રહેશે ધર્મના કાયદા માનવા આપણા માટે વધારે કલ્યાણ કર અને સુખદાઈ નીવડશે

ધર્માભિલાષી—કોઈ ઉદાહરણ અને દાખલાથી વધુ સ્પષ્ટ કરી સમજાવશો તો કૃપા થશે

મવલાના—માણસનો આ જીંદગીમાં આવવા પહેલાનો સબંધ જુવો ક્યાં છે? માણસ એક નુત્ફો (વિર્ય) હતો બીજા માણસમાં ઉત્પન્ન થયો હતો તે લોહીનો બન્યો હતો લોહી જંતુઓ હતુ તે વનસ્પતિ અને અનાજમાંથી

ઉદ્ભવેલા હતા. અનાજ અને વનસ્પતિ ભુમીમાથી બીજમાથી અને એ સર્વ મુળતત્વો ખુદાની કુદરતવડે ઉત્પન્ન થયા હતા આકાશી તત્વોથી તેમનો પુરો સબધ હતો સુર્ય ચદ્ર, તારા આદી સર્વ એ તત્વોને પોષનાર હતા ખનિજમાથી વનસ્પતિમા વનસ્પતિમાથી પ્રાણીમા—માણસોમા આવી માણસનુ સ્વરૂપ ઉત્પન્ન થયું હતુ અને તે સર્વ આકાશમા રહેતી વસ્તુઓના અસરથી પોષાયુ હતુ માણસનું સ્વરૂપ બધાયા પહેલા ઉપર પ્રમાણે તેના શરીરના અણુઓ જુદા જુદા ફેલાયલા હતા કુદરતના વૃદ્ધિના નિયમથી તે વૃદ્ધિ પામી માણસ સ્વરૂપે જોડાયા હતા આ સ્વરૂપમા જોડાયા પહેલાની સ્થીતિમા જો કોઇ પણ નિયમ તુટેલો હોય તો તેની ખામી ઠેઠ પહોચ નહિ ખામી હોય તો તેનો અસર મરણની પેલે પાર સુધી જાય ત્યારે માણસની વૃદ્ધિ અને ઉન્નતીના માટે જે કાયદા ઘડાવા જોઈયે તે માણસની આદી અને અત સુધીની સ્થીતિનુ નિરિક્ષણ કરનારા જોઇયે, અને તેવા કાયદા જો કોઈ ઘડી શકતુ હોય તો તે માણસનો કર્તાજ ઘડી શકે છે લોકોની સભાઓનુ તે કામ હોઈ શકતુ નથી લોકો કૃત કાયદાઓ ઘણા સારા ઘડાયા હોય સમાજને તે અનુકુળ હોય સમાજની સલાહ શાતિ જાળવી શકતા હોય તોપણ તે કાયદાઓ માણસની આધ્યાત્મિક પ્રગતિ (રૂહાની તરક્કી)ને હાની કરતા છે કે નહીં તેનો જન્મ પહેલાની સ્થીતિ અને મર્ણ પછીની સ્થીતિ, તે સ્થીતિયોના ચડતી પડતીના કારણો જાણતા નહી હોવાથી, નીર્ણય કરી શકાય નહીં દાખલા તરીકે લોકો કૃત કાયદામા પુરૂષો માટે સોનુ પહેરવામા કશો બાધ નથી કાયદાએ તેને દોષ ગણેલો નથી ધર્મ,

પુરૂષો માટે સોનાના ઉપયોગનો નિષેધ કરે છે સોનાનો ઉપયોગ માણસની આધ્યાત્મિક ઉન્નતીને અટકાવનાર છે એવો તેનો અસર લોકોની જાણમા નહીં હોવાથી કાયદામા તેનુ દોષિત હોવુ માન્ય રખાયું નથી પણ ધર્મે તેના નુકસાનથી માહિત હોઈ તેને હરામ ઠરાવ્યુ છે એવીજ રીતે રેશમ વિશે સોનાના ઘરેણા અને રેશમી લુગડા પુરૂષત્વનો નાશ કરે છે, અને સ્રીત્વને પોષે છે નાજુકાઈ વધારે છે હિમ્મત, મરદાઈ, બહાદુરી, ખત, વિશ્વાસ, ભોગવૃત્તિ, સાદાઈ જેવા ઉત્તમ શણગારરૂપ ગુણોનો નાશ કરે છે રેશમી કપડા જનખાપણુ લાવે છે સોનાના વાસણ કુસણનો ઉપયોગ લોભ લાલચ અને ધનસગ્રહની મમતાને વધારે છે મનની શાતિની જગ્યા ભય, ત્રાશ, અને અવિશ્વાસ લે છે કુટુબમાથી ખરો પ્રેમ નાશ થાય છે કેવળ સ્વાર્થ-બુદ્ધિ કેળવાય છે બખીલી જેવા મહાદુર્ગુણ ઘર કરી બેસે છે વિગેરે વિગેરે ઘણા આધ્યાત્મિક નુકસાનો માત્ર સર્વનો કર્તાજ જાણી શકે છે અને તેજ તેનાથી બચવાનુ સમજાવી શકે છે

ધર્માભિલાષી—સોનાના ઉપયોગથી અથવા રેશમી લુગડાના વપરાશથી આવા દુર્ગુણો આવી શકતા હોય તે માનવા હુ તૈયાર નથી

મવલાના—તમે માની શકો નહીં તે વાત સત્ય છે પણ જેને તેનો અનુભવ છે, જે વસ્તુઓના માહો માહેના એક બીજાની સાથેના અન્યો અન્ય અસર અને સબધને જાણે છે તેને તે સભવિત લાગશે, બાહ્ય વસ્તુઓના અતરની માનસિક સ્થીતિ ઉપર અસર થવાના કેટલાક દાખલા હું આપીશ

આરીસાની સામે ઉભેલા એક મહાન વિદ્વાન અને ગભીર માણસને તમે જોશો કે આરીસા સામે કેવા ચાળા કરે છે? જે ચાળા એક ગભીર સ્વભાવના માણસને નહી છાજતાજ કહેવાય તો ગમે તેવા ઉદાસિન વિચારમા બેઠા હો પણ જો તે વખતે કોઈ બાળક રમતુ આવી જાય તો તેને જોઈને તમારામા કેવી પ્રેમની ઉર્મિયો ઉભરાય છે? વળી જો તે તમારા ખોળામા આવે તો તમે પણ બાળક બની તેની સાથે કેવા ગેલ કરો છો? તમે કાઈને સ્ત્રીના લુગડા પહેરાવો તો તે તરત સ્ત્રીયા જેવા નખરા કરવા શરૂ કરશે અગ્રેજો જેવા લુગડા પહેરાવો તો અક્કડખા બનીને ચાલશે જોગીયોના લુગડા પહેરાવો તો તેની વાણીમા વિવેક અને વિનય આવશે માલવીયો જેવા લુગડા પહેરાવો તો ગભીર પણુ અને મોટાઈ આવશે નામર્દ અને નપુષક માણસને તલવાર બધાવો તો પેતરા ભરશે સીપાહી જેવી હિમ્મત દાખવશે ઘોડે ચઢાવો તો છાતી કાઢીને બેસશે મઝહબથી બેદરકાર ખુદાના સ્મરણથી નાસનારના હાથમા તસ્બીહ આપો તો તેનુ લક્ષ તરત ખુદાના સ્મરણ તરફ જશે આવી રીતે પરિચયથી કિવા દેશ કાળના અસરથી વસ્તુઓમા અન્યો અન્ય સબધ છે તે એક બીજાને સારા નરસા અસર કરે છે, અને જે અસરોની કૃતિનો ક્રમ કર્તાજ જાણી શકે છે જો તે આપણને ન બતાવે તો આપણે આપણી મેળે જાણી શકીયે નહી અને નુકસાનથી બચી શકીયે નહી હુ ગણબના દાખલો આપીશ કે શરાબ પીનારની આર્થિક અને માનસિક સ્થીતિને બરબાદ કરે છે તે આ લોકને તથા પરલોકને (આખેરતને) બરબાદ

કરે છે એટલુ ‘ નહીં પણ તેની થનારી વગેરેને પણ બરબાદ અને ખેદાન મેદાન કરે છે પરંતુ લોક કૃત્ય કાયદાઓએ તેને ગુનાહ ઠરાવેલ નથી જો આવા પ્રસંગે લોકોની મુકિતના માટે ધર્મનુ શિક્ષણ ન હોત તો લોકોની શી વલે થાત? લોકો કૃત કાયદાઓ કેટલીકવાર દેશકાળ સ્થાપિત ભાવનાઓને પોષવા કિંવા ઉભી થતી અડચણોને ટાળવા અગર જરૂરતોને પહોચી વળવા ઘડાય છે ત્યારે ધર્મના કાયદાઓનો ઉદ્દેશ અને આશય દરેક વ્યકિતની અઝલથી અબદ સુધીની સ્થીતિની પ્રગતી અને સુધારણાનો હોય છે એ હુ ફરી ફરીને કહીશ ધર્મના કાયદાઓ માત્ર ભાવનાઓને પોષતા નથી તો તે જે આશય અને હેતુ માટે માણસ સરજાયો છે તે આશય અને હતુએ માણસને પહોચાડે છે સૃષ્ટિ ખુદાની ગીફાતો (ગુણો)ને જાહેર કરે છે, માણસમા સર્વ સૃષ્ટિની લીલા અને ગીફાતો હસ્તી ધરાવે છે અને તેથી માણસ તેની સર્વોત્તમ સૃષ્ટિ હોવા ઉપરાત તેની ગીફાતોનો પ્રતિનિધી છે માણસનો દેહ, અણુની દશામાથી ચઢતો ચઢતો જ્યારે માણસની દશામા બધાઈ આત્માના સ્થાનને લાયક બને છે ત્યારે આત્મા આવી તેમા વાસો કરે છે આત્માની ઇચ્છા ઉચે ચઢવાની હોય છે તેની ઉચાઈની પરિસિમા કર્તાની જાત સુધીની છે જ્યારે આત્માને પયદા કરવામા આવ્યો ત્યારે તે અનુભવ વિનાનો હતો કારણ કે ખુદાનો અન્ય ગીફાતોનુ ઝહુર થએલુ હતુ નહીં **તેની ઇચ્છા તેની પાસ (કુર્બે ઇલાહીમા) રહેવાની હોય છે પણ તે ખુદાની સીફાતોના ઝહુરથી અનુભવ પામી તેને યોગ્ય થએલો નહીં હોવાથી તેને તે અનુભવ પામી પોતામા રહેલી ખુદાની સીફાતોના ઝહુરના ચિન્હોને ખીલવી કેળવી**

શકે માટે દેહમા મોકલવામા આવે છે દેહમા વાસ થયા પછી પોતાની પ્રગતી અને ચઢતીના નિયમોનુ જો તે પાલણ કરી શકે તોજ તે પોતાને ઇચ્છિત સ્થાને પહોચી શકે આજ નિયમો અને કાયદાઓના શીક્ષણનુ નામ ધર્મ અથવા મઝહબ છે આ શીક્ષણમા દુન્યાની જીદગી એક ભાગ તરીકે આવી જાય છે માટે લોકો કૃત કાયદાઓ તાત્કાળિક ગરજ સારતા હોય પણ તે પાર ઉતારનાર નહી હોઈ ધર્મનોજ આશ્રય લેવાની જરૂર રહેશે

ધર્માભિલાષી—મને તમારૂ કહેવુ સમજાય છે પરંતુ ધર્મના કાયદાઓ ઉપરાત ધર્મે જે ક્રિયાઓ શીખવી છે જેમકે ઝીક્ર અઝકાર (ખુદાના નામોનુ રટણ સ્મરણ) નમાઝ રોઝા વિગેરે તેની શુ આવશ્યકતા છે? માત્ર માણસ નીતિના નિયમે ચાલે તો તેથી શુ તેનુ કલ્યાણ થાય નહી

મવલાના—માણસના શરીરની ખીલવણી અને કેળવણીના માટે જે નિયમો છે તેજ નિયમો રૂહાની ખીલવણી કેળવણીને લાગુ પડે છે આખનો ઉપયોગ તજી દેવામા આવે તો આખે જોવાનુ કાર્ય તજી દેશે એમ દરેક અવયવને ખીલવવા ઉપયોગ કરવામા નહી આવે તો તે અવયવ નકામુ થઈ પડશે એવીજ રીતે રૂહાની શીફાતોને કેળવવામા નહી આવે તો તે નકામી થઈ જશે જેમ શરીરની ખીલવણીના માટે અભ્યાસની જરૂર છે તેમ રૂહાની કેળવણી માટે અભ્યાસની આવશ્યકતા છે **જેમ શરીરના પોષણ માટે શરીર જે તત્વોનુ બનેલુ છે તે તત્વોના બનેલા પદાર્થો દાણો પાણી વિગેરે ખોરાકની જરૂરત**

છે તેમ રૂહ (આત્મા) અમરે ઈલાહીથી ઉત્પન્ન થએલી હોઇ તેના પોષણ માટે તેને રૂહાની ખોરાકની જરૂરત છે. આ રૂહાની ખોરાક જે મુળમાથી તે આવેલ છે તે ખુદાનુ ધ્યાન અને સ્મરણ ઝીક્ર અઝકાર છે. વળી રૂહને આ દુન્યાની સફર પુરી કરી જે પ્રદેશમા—આખેરતમા જવાનુ છે તે પ્રદેશની સ્થીતિથી ટેવાવાની જરૂર છે આ ટેવાવાથી તે પ્રદેશ પ્રતિ આકૃષાય છે અને જ્યારે ત્યા જાય છે ત્યારે શાતી પામે છે આ ટેવ અને આકૃષણ ખુદાની નીકાતોના ચિતનથી, ધ્યાનથી, ઈબાદતથી અને ઝીક્ર અઝકારથી પયદા થાય છે જો આ પ્રમાણે રૂહ આકૃષાયલી ન હોય પોતાની સાથે દુન્યાની સફરમાથી તે પ્રદેશને યોગ્ય કેળવણી ન લઈ ગયેલ હોય તો ત્યા તેના દુખની પરિમિમા રહે નહી એક માણસ ઇગ્લાડ જવા વિચાર કરે છે ત્યાના રીત રીવાજોનો માહિતી મેળવે છે, ત્યાની આદતોની ટેવ આહીથી પાડે છે ત્યાની ભાષા શીખે છે અને પછી ત્યા જાય છે ત્યારે તેને કશો ગભરાટ થતો નથી કારણ કે તે ત્યા જેવી ટેવ પાડી ગએલો હોઈ ત્યાના લોકોમા ભળી જાય છે પણ જો તે ત્યા તેવુ કશુ કર્યા વિના અચાનક જઇ ચઢયો હોય તો તેના ગભરાટની અને દુખની કાઈ હદ રહે નહીં એવી રીતે રૂહ આહી ઝીક્ર અઝકારથી ટેવાએલી હોય તો તેને આખેરતના પ્રદેશમા દુખ થાય નહી આવા કુદરતી દુખથી બચાવવા ખુદાએ ઝિક્ર અઝકાર શીખવ્યા છે તે વડે રૂહ અભ્યાગી થાય છે અને આખેરતમા શાતિ સાથે ગમન કરે છે હવે કહો વારૂ, જ્યા આટલો બધો ક્રમ

પુરો કરવાનો હોય ત્યા ધર્મ અને મઝહબની જરૂર ખરી કે નહી ?

ધર્મવિલાસી—મવલાના સાહેબ હુ આપનો બરાબર ઉપકાર માનુ છુ મહારા મનનુ સમાધાન થયુ છે અને હવે શંકાને સ્થાન છુ નથી બેશક ધર્મ વિના સમાજની સ્થીતિ ભયકર થઈ પડે

આ પ્રશ્નોત્તરમા લોકાને ઘણો રસ આવ્યો લોકો હજુ વધુ સાભળવા ઉત્સુક હતા પણ મગરિબની નમાઝનો વખત થઈ આવ્યો હતો એટલે આજનુ ભાષણ બધ રાખવામા આવ્યુ અને લોકો વિખરાઈ ગયા

આર્યસમાજ મદીર

આજે આર્યસમાજ મદીરમા શુદ્ધિ વિશે ખાનગી બેઠક હતી જેમા રજપુત મુસલમાનોને પાછા હીંદુ બનાવવાની અનેક તજવીજો અને યુક્તિઓ યોજવામા આવી હતી **હઠયોગી** આ સર્વ તજવીજો અને યુક્તિઓની રચના જોતો હતો અને મનમા ને મનમા કાઇ ઉડા વિચારમા પડી ગએલો જણાતો હતો તેને લાગ્યુ કે રજપુત મુસલમાનોને પાછા હીંદુ બનાવવા માટે કાઇ સગીન દલીલ આપવાને બદલે અથવા આર્ય ધર્મના કાંઈ અનેરા ગારવ દેખાડવાને—સમજાવવાને બદલે માત્ર તેમના બાપદાદાઓની આબરૂ અને કિર્તીનુ શુર ચઢાવવામા આવે છે તે બાબત આર્ય ધર્મની સરસાઈ સાબિત કરનારી નથી તેને લાગ્યુ કે આમા ધર્મ કરતા—મુક્તિ અથવા મોક્ષના માર્ગ મેળવવાના પ્રયત્ન કરતા—રાષ્ટ્રિય હેતુ સાધવાનો પ્રયાસ વધારે છે તેને

લાગ્યુ કે મુસલમાનો તવહિદ, રિસાલત, કયામત વિગેરે ધર્મના મુળતત્વોને જેવી રીતે સાબિત-સિદ્ધ કરી લોકોને પોતાની તરફ ખેંચી શકે છે તેવુ કશુ આર્યસમાજમા નથી તેને લાગ્યુ કે મુસલમાનોમા આત્મિક શક્તિ છે તેવી લેશ માત્ર આત્મશક્તિ આર્યસમાજમા નથી દિલ્હીના બુઝુર્ગ પીર હઝરત ખ્વાજા હસન નિઝામી સાહેબ જે ચમત્કાર દેખાડવાનુ ચેલેન્જ મોકલ્યું તેનો જવાબ આપવામા આર્યસમાજ લાચાર રહી. (આ ચેલેન્જ કેટલાક ચમત્કાર દેખાડવા વિશેનુ છે અને તે લગભગ બધા પેપરોમા છપાઈ ગએલ છે) તેને લાગ્યું કે આખી હીંદુ સમાજ હજારો વર્ષથી વેદને જેવી રીતે સમજતી આવી છે તેનાથી જુદા પાડવામા કાંઈ ખાસ હેતુ આર્યસમાજનો છે અને હેતુ ધર્મ-શિક્ષણ શિવાય બીજો કશો છે તેમા સંદેહ નથી તે નીચ જાતિઓને સમાજમા લેવાનો આડંબર કરે છે પણ લીધા પછી તે જાતિઓની સાથે સમાન ભાવે વર્તતી નથી કોણ જાણે આજે શુ હતુ કે હઠયોગીને સર્વ વિચારો આર્યસમાજ વિરૂદ્ધજ આવતા હતા જે યુક્તિઓ અને તજવિજોમા પોતે અત્યાર સુધી ભાગીદાર હતો, તે યુક્તિઓ અને તજવીજો આજે તેને ચાલબાઝી દેખાવા લાગી તેને દેખાયુ કે હીંદુ મુસ્લીમ કોમ વચ્ચે વધતા જતા ઐક્યને પ્રસંગે આવી હીલચાલની શરૂઆત ખરેખર એક દેશદ્રોહ સમાનજ છે તેને દેખાયુ કે આજ અરધી સદી જેટલો વખત, આર્યસમાજ સ્થપાયાને થયો છતા તે પરધર્મીઓમા જે કામ કરી શકેલ છે તે, કરવામા આવેલ ખરચ અને આપવામા આવેલા ભોગના પ્રમાણમા, તદ્દન

નજીવુ છે, પ્રથમ પ્રથમ એક બે મુસલમાનોને ભોળવીને-લલચાવીને સમાજમા લેવામા આવ્યા હતા તે સહુ આજે પાછા મુસલમાન થઈ ગયા છે હાલ જે હીલચાલ શરૂ થએલ છે તેમા પણ દિવસે દિવસે સમાજ હારતી જાય છે સમાજે પાછા મેળવેલા ઘણાઓ પાછા મુસલમાન થઈ ગયા છે અને તે ઉપરાત ખાસ ચુસ્ત સમાજીઓ પણ મુસલમાન થઈ જવાથી ગુમાવ્યા છે તેને તાજુબી થઈ કે ઈસ્લામમા એવુ તે શુ હશે કે એક વખત તેના દામનમા પનાહ લીધા પછી બીજા કાઈ દામનમા જવા મન ચાહતુ નથી તેને ખાત્રી થઈ કે એ ઈસ્લામની સચ્ચાઈની તાકત વિના બીજુ કશુ નથી તેને વિચાર આવ્યો કે ઈસ્લામીયોનો પોતાના ધર્મ પ્રચાર વિશેનો જોગ જોતા બીજા ધર્મ વાળાઓનો જોગ કૃતિમ છે તેને દેખાયુ કે ઈસ્લામીયો કેવળ ધર્મનો પ્રચાર ધર્મની બાત કરે છે અને તે પણ આજથી નહી પણ જ્યારથી ઈસ્લામી ધર્મ સ્થપાયો છે ત્યારથી જીવના જોખમે પણ ખુદાનુ નામ પોકારે છે ત્યારે બીજા ધર્મ વાળાઓ દેખાદેખી પ્રચાર કરતા શીખ્યા છે તેને લાગ્યુ કે આર્યસમાજીયો માત્ર ધર્મના નામે લોકોને પોતાની તરફ બોલાવી પોતાની સખ્યા વધારી રાષ્ટ્રિય હેતુને સાધવા માગે છે ત્યારે મુસલમાનો પોતાની કેવળ પુરાતન-કાળાકાળની ફરજ બજાવે છે તેને વિચાર આવ્યો કે જો રજપુત મુસલમાનો પાછા આર્યસમાજમા ભળી શુદ્ધ થાય તો તેથી તેમને શુ પ્રાપ્ત થવાનુ છે ઇસ્લામમા રહેવાથી તો તેઓ આખા ઈસ્લામી આલમની સાથે ભાઇચારાના સબધથી જોડાએલા રહે છે પણ આર્ય થયાથી તો તેઓ એક ન્હાના

ટોળાના સબધમા જોડાય છે તેને દેખાયુ કે જો ધર્મનો અર્થ માત્ર સસારિક લાભોજ હોય તો મોહટા જથામા ભળવામા—રહેવામા ખરો લાભ છે—જો ધર્મનો સબધ બુદ્ધિની સાથે હોય તો બુદ્ધિ તો એમજ સુચવે છે કે માત્ર ઇસ્લામ બળવાન ધર્મ છે—જે ધર્મના અનુયાયીઓ કોઈ પણ જાતના એકત્ર પ્રયાસ વિના ચાલીસ વર્ષના અદર માત્ર હીદુસ્તાનમા બે કરોડ જેટલા વધવા પામ્યા હોય તે ધર્મની અદર એવુ ગૌરવ અને મહાન બળ ખચિત હોવુ જોઇએ જે ધર્મ તેરસો વરસથી પ્રગતિ અને ચઢતીજ કરતો ગયો હોય તે ધર્મ ગમે તેવી તાકાતથી પણ ટક્કર ઝીલવા તયારજ હોય ત્યારે રજપુતોને તેમના ચારસો વરસ અગાઉ બાપદાદાઓનો ધર્મ યાદ દેવરાવી પાછા આર્ય ધર્મમા લેવાના પ્રયત્ન નિષ્ફળજ નીવડવાના રજપુત મુસલમાનો વિચારશે તો તેમને શુ એમ નહી દેખાય કે આર્ય ધર્મ કબુલવાથી તેઓ પોતાના મુસલમાન થઈ જનારા બાપદાદાઓને મુર્ખ અને અણ સમજુ ગણે છે? તેઓના બાપદાદાઓ જોર જુલમથી મુસલમાન બન્યા હતા કે રાજીખુશીથી મુસલમાન થયા હતા એ હકીકત તેમને વારસામા ખચિત મળેલીજ હશે તે હકીકત સમજવા માટે તેઓ આર્ય સમાજીયોના મોહતાજ નહીજ હોય **શુરવીર રાજપુતોને જોર જુલમથી મુસલમાન બનાવવામા આવ્યા હોય તેમ કલ્પના કરવી એ રાજપુત લોહીના હડહડતા અપમાન સમાન છે રજપુત લોહી ટેકીલુ અને સત્યને અનુસરનારૂ છે જે વસ્તુ તેને ગળે ઉતરી ન હોય તે વસ્તુ જીવ આપે પણ**

કબુલે નહીં એ રાજપુતોનુ ખાસ લક્ષણ છે ત્યારે મુસલમાન થએલા રાજપુતો જોર જુલમથી મુસલમાન થયા છે એ કેમ મનાય ? જો મુસલમાનોનો એવોજ જુલમ હત તો આ રાજપુતો લડીને—મુકાબલો કરીને જીવ આપત પણ મુસલમાન તો નજ થાત લોહીની નદીઓ વહેવરાવત પણ ઇસ્લામમા વટલાત નહી પણ ખરી વાત એજ છે કે તેઓ ઇસ્લામને સત્ય સમજીને રાજી ખુશીથી—સ્વતત્ર મરજીથી મુસલમાન થયા હતા આ હકીકત રાજપુત મુસલમાન ભુલી ગયા નહી હોય આવી રીતે મી હઠયોગીને વિચારો આવતા હતા પણ એટલામા ત્યા સ્વામિ મસ્તાનદ આવી પહોચ્યા અને બોલ્યા—"હઠયોગી ! આજકાલ તમે મવલાનાની સાથે ઠીક હળ્યા છો ! મને કહેવામા આવ્યુ છે કે તમે કાઇક ઇસ્લામનો તરફ ઝૂકતા જાઓ છો હુ એ માનતો નથી, તો પણ ભાઈ ! ધ્યાન રાખજો જો જો આપણી સમાજને કાંઇ લાછન લગાડતા આજકાલ આપણી સમાજને પ્રતિષ્ઠાની ઘણી જરૂર છે

હઠયોગી—(હસીને) મવલાનાની સાથેના સારા વિશેષ પરિચયથી કોઇને એમ દેખાયુ હશે અને વાતે ખરી છે કે મને મુસલમાન થઈ જવાનુ મન પણ થઈ આવે છે તો પણ સમાજના પ્રતિષ્ઠાની ખાતર મુસલમાન તો નહીજ થાઉં એવો દૃઢ નિશ્ચય કરેલો છે

મસ્તાનદ—તમારા મનની એ વલણ આવા પ્રસગે ભયકર છે પણ તમે સમાજમા એવી શુ ખામી જોઇ છે કે તમને એવુ મન થઈ આવે છે ?

હઠયોગી—આર્ય ધર્મમા આત્મિક બળ નથી એ

મસ્તાન દ—કેમ ?

હઠયોગી—હઝરત ખ્વાજા હસન નિઝામી સાહેબના ચેલેન્જનો કાંઇ જવાબ આપી શકાયો નહી

મસ્તાન દ—પણ એતો દેખીતી શોબદા બાઝી અને હાથ ચાલાકી છે

હઠયોગી—તમે પણ એવી શોબદા બાઝી કરી દેખાડો

મસ્તાન દ—ખરા ધર્મનુ મડાણ શોબદા બાઝી ઉપર હોય નહીં એ કેમ ભુલી જાઓ છો ?

હઠયોગી—એ હુ ભુલતો નથી ઇસ્લામ ધર્મ જ્યારે માત્ર પોતાના આત્મિક બળથી આગળ વધે છે ત્યારે આપણને કાવા દાવા લાલચ અને સજોગોના દબાણનો આધાર લેવો પડે છે જો આપણામા સત્ય અને આત્મિક બળ હોય તો બીજા કશાના આધારની શી જરૂર છે ?

મસ્તાન દ—એવા આધાર લેવાની તો સૌને જરૂર પડે જગતનું કોઇ કાર્ય સાધન વિના સધાતુ નથી

હઠયોગી—ઇસ્લામનો પ્રચાર એવા સાધના વિના થએલો છે તે પોતાના ઉચ્ચ શિક્ષણનાજ પ્રભાવે આગળ વધ્યો છે એ અસખ્ય ઐતિહાસો ઉપરથી જાણી શકયો છુ

મસ્તાન દ—ઇસ્લામનો પ્રચાર તલવારની ધારથી થયો છે

હઠયોગી—એ કેવળ જુઠુ છે તલવાર સહુના હાથમા હતી એકલા મુસલમાનોનાજ હાથમા ન હતી જેમ દરેક તેનો ઉપયોગ કરતા, એમ મુસલમાનો પણ પોતાનો અર્થ સારવા તલવારનો ઉપયોગ કરતા પણ તે

ઉપયોગ ઇસ્લામના પ્રચાર અર્થે કદી થયો નથી કહો આપણે જે ઘણા ભાઇયોને શુદ્ધિના મેદાનમા રાજપુતોની શુદ્ધિ કરવા મોકલ્યા તેઓમાના કોઈ ત્યા જઇ મુસલમાની શિક્ષણના પરિચયમા આવતા પોતે મુસલમાન કેમ થઈ ગયા ? શુ હાલ મુસલમાનોના હાથમા તલવાર છે ? શુ મુસલમાનો રૂપીઆની લાલચ આપે છે ? આપણે કબુલવુ ન હોય તે જુદી વાત છે પણ જેવુ જેના હૈયુ તેવુ કહ્યા વિના તો ચાલશે નહી

મસ્તાન દ—તમે પ્રશ્નને એકજ બાજુએથી તપાસો છો તેની બહુ બાજુઓનો વિચાર કરતા નથી મુસલમાનોને વધવામા ફાળો આપવો એ આપણા પગ ઉપર કોહાડી મારવા સમાન છે આપણા આર્યવૃતની ગુલામીની દશામાથી નીકળવાનો એ એકજ રસ્તા છે આપણી સખ્યા વધારી વેદ ધર્મનો મહિમા વધારવો અને પોતાનુ રક્ષણ કરવુ ગુલામીમાથી મુકત થવુ એ સર્વ આપણી મહત્વાકાક્ષાઓ છે તે કેમ વિસરી જાઓ છો ?

હઠયોગી—તેમ થએ પણ ઇસ્લામના મુકાબલામા તમે ફાવી શકશો નહી જેનામા જીવવા જેવુ બળ છે તેજ જીવી શકે છે તેવુ બળ મને આપણામા લાગતુ નથી જાતિ અભિમાન આપણને કાઈ ટકાવી રાખે છે પરન્તુ આ જાતિ અભિમાનનુ પોષણ થાય તે કરતા આપણે એક આખા આલમની બિરાદરીમા શામીલ થઇએ એ વધુ શ્રેયકર અને માનનિય ગણાય એમ મને લાગે છ

મસ્તાન દ—તમે જો આ સર્વ વાત ખરા અન્ત-કરણથી કહેતા હો તો હુ ખરેખર ઘણો દિલગીર છુ આ

મવલાનાની સોબતની અસર છે

હઠયોગી—બેશક મવલાનાની સોબતની એ અસર હશે પરંતુ હું મવલાના સાહેબ કરતા તમારી સોબતમા વધુ રહ્યો છુ એ વિસરી જવુ ન જોઈએ

મસતાનંદ—જે માણસ વિશ્વધર્મ-મંડળની બીજી સભા પ્રથમજ બાહોશી, કુનેહ અને ચાતુરીની સાથે વાતવાતમા તોડી પાડી આખી આર્યસમાજ તરફથી માન મેળવે તેજ માણસ આજે વિચારોમા આટલો બધો બદલાઈ જાય એની મને ઘણી નવાઈ લાગે છે હઠયોગી ! તમારા સબંધમા આવી આશા ન હતી વારુ, મ્હારી એટલી વિનતી છે કે તમે સમાજની પ્રતિષ્ઠાને કોઈ રીતે પણ કલંક લાગવા દેશો નહિ

હઠયોગી—મ્હારૂ મન ઇસ્લામ તરફ ખેંચાય છે એ કબુલ્યા વિના ચાલશે નહી પણ હુ તે તરફ નહીં જાઉ—બલકે સમાજના હિતની ખાતર ઈસ્લામીઓને નિષ્ફળ નિવાડવા મ્હારાથી બનતુ કરીશ

મસતાનંદ—ઇસ્લામ વિરૂદ્ધની ક્રિયામા મચ્યા રહેવાથી મન પણ સુધરી જશે વારૂ ! મે સાભળ્યુ છે કે થોડા દિવસ પછી વિશ્વ ધર્મ—મંડળની ત્રીજી સભા ભરાવાની છે અને તેમા મવલાનાને બોલવાની તક અપાશે આ સભાનુ પરિણામ પણ બીજી સભા જેવુ આવે એવી કાઈ યુક્તિ તમે યોજી રાખી છે? ઈસ્લામીયો ઉપરાત આપણે આ વિશ્વધર્મ મંડળની હીલચાલોથી પણ ચેતતા રહેવાનુ છે

હઠયોગી—તમને જાણીને તાજુબી થશે કે વિશ્વધર્મ મંડળની આ ત્રીજી સભા કેવળ મારા આગ્રહથીજ ભરાઇ

છે અને તેમા કોઈ અનઇચ્છિત તત્વ દાખલ થવા ન પામે તેની પુરી સભાળ લેવાઈ છે

મસ્તાનદ—વારુ ! તમારા ઇસ્લામ વિશેના ખ્યાલાત તમે મવલાના આગળ કોઇ વખત જણાવ્યા છે ?

હઠયોગી—નહી, કદી નહી હુ તો જ્યારે જ્યારે તેમને મળ્યો છુ ત્યારે ત્યારે ઇસ્લામને સખત રીતે વખોડતો રહ્યો છુ આનો જવાબ આપતા મવલાના જે ખુલાસો કરતા તે ખુલાસો મને સતોષકારક નિવડતો અને મ્હારા ઇસ્લામ વિશેના ખ્યાલાતમા સુધારો થતો સ્વામિજી મ્હારે કહેવુ જોઈએ કે આપણે ઇસ્લામને તઅસ્સુબ (દુરાગ્રહ)ની નજરે જોયો છે આપણે ઈસ્લામને જેવી રીતે ઇસ્લામીયો સમજ્યા છે તેવી રીતે સમજ્યા નથી ઇસ્લામી શાસ્ત્રના ઇસ્લામીયોમા શુ અર્થ થતા આવ્યા છે, તે કેવી રીતે ઇસ્લામમા સમજાય છે તે જોવાને બદલે આપણે આપણી મરજી મુજબ ઇસ્લામી શાસ્ત્રોના અર્થ બ વ બેસારીયે છીએ અને ઈસ્લામીયો ઉપર ટીકાઓ કરીએ છીએ, અને તેમ કરી આપણે ઈસ્લામીયોને હરાવીએ છીએ એમ માનીયે છીએ પણ ખરી રીતે આપણે પોતે હારીયે છીએ એ આપણે જોઇ શકતા નથી

મસતાનદ—આપણી એ ખામીયો અને ત્રુટીઓ ધ્યાન દેવા જોગ છે એમા શક નથી પણ હાલતો આપણે મેદાને પડી ચુકયા છીએ મેદાન હાથ કરવુ એટલુજ ધ્યેય છે યુદ્ધમા સારૂ શુ અને નરસુ શુ એ જોવાનુ નથી આ યુદ્ધના તમે પણ એક માનનિય યોદ્ધા છો યોદ્ધા ધર્મ બજાવશો એટલીજ સમાજ તમારી પાસેથી આશા રાખે છે

હઠયોગી—હુ મ્હારી ફરજ બજાવતા લગારે ડગીશ નહી એ નિશ્ચય માનજો

મસતાન દ—તમારૂ કલ્યાણ થાઓ! હવે હુ રજા લઉ છુ

ફકીર અને હઠયોગી

થોડા દિવસથી હઠયોગી કાઇક ઉડા વિચારમા ગરકાવ રહેતા હતા આર્યસમાજની ચાલુ પ્રવૃતિઓથી તે અસતોષાયો હોય એમ સ્પષ્ટ દેખાતુ હતુ જે પ્રવૃતિથી દેશમા અશાતિ ફેલાય અને લોકોમા એક બીજાની સાથે વેરભાવ ઉત્પન્ન થાય એ તે લગારે ચાહતો ન હતો ધર્મ પ્રચારનો હક દરેક પ્રજાને છે તમા કોઇને વાધો લેવા જવુ હોય નહી અને તે પ્રમાણે દરેક ધર્મ પ્રચાર કરતા આવ્યા છે એક બીજાના ધર્મના ખડનો પણ થતા આવ્યા છે પણ દેશમા હાલની સ્થિતિએ જેવા સજોગો વચ્ચે આર્ય સમાજે ધર્મ પ્રચારનુ કાર્ય શરૂ કર્યુ છે તે સર્વને અપ્રિય થઈ પડયુ છે એ નિસદેહ છે આર્ય સમાજમા આત્મિક શકિત તદ્દન નથી એ **હઝરત ખ્વાજા હસન નિઝામી** સાહેબના ચેલેન્જના જવાબમા શરમના૨ ચુપકીદીથી સિદ્ધ થઈ ગયુ છે આત્મિક શકિત કેળવાય અને માણસનુ આલોક તથા પરલોકમા શ્રેય થાય એટલુ જ ઇચ્છિત હોય એમ તેને દખાવા લાગ્યુ હતુ મુસલમાની ધર્મમા જે જે ખામીયો અને ત્રુટીઓ આર્યસમાજ તરફથી સમજાવવામા આવી હતી તે તે મવલાનાના પરિચય વડે ખામીયો અને ત્રુટીઓની જગ્યાએ ખુબીઓમા બદલાએલી તેને દેખાતી

હતી **અર્થના અનર્થ** કરવા-ઉંધુ **સમજાવવુ એમા તેઓ કાએલ છે એવી શિકાયત માત્ર મુસલમાનોની નહી પણ સનાતન હિંદુઓની પણ ચાલુ રહેલી હતી.** ત્યારે આવી સ્થિતિમા પોતાની શુ ફરજ રહેલી છે એ તપાસવા વિચારમા લિન થએલા અને કાઇક આત્મિક પ્રભાવ શોધવા બેઠેલા હઠયોગીને કાને મકાન બહારથી કોઈ ફકીરનો "**સુનલે બાબા ફકીરફકીલી સુનલે**" અવાજ આવ્યો હઠયોગી આ અવાજથી એવો ખેચાયો કે તરત બહાર નીકળી આવ્યો આજ સુધી તે કોઇપણ ભિક્ષુક-માગણ કે ફકીરની તરફ કદી ધ્યાન દેતો નહી આ વર્ગના લોકો દેશમા આળસ અને દારિદ્રતા વધારનારા તેને લાગતા પણ આ ફકીરની નદામા એવુ શુ આકર્ષણ હતુ કે તે પોતાની ટેવ વિરૂદ્ધ બહાર ખેચાઈ આવ્યો એ તેને પણ સમજાયુ નહી તેણે બહાર આવી એક મજબુત બધાનો કાન્તિવાન ચહેરાનો અધેડ ઉમરનો ફકીર જોયો અને પુછ્યુ-"ક્યા હે શાહસાબ ?"

ફકીર—ઓર ક્યા ? અલ્લાહ રસુલકે નામ પર સવાલ હે

હઠયોગી—(અલ્લાહ રસુલના નામથી રીસે ચઢી બોલ્યો) કાહેકા સવાલ હે ? મે અલ્લાહ રસુલકો નહી માનતા કિસી મુસલમાનકે ઘર જાઓ

ફકીર—(હઠયોગીની તરફ લાલ લાલ આખો જમાવી) ક્યા તુ અલ્લાહ રસુલકા નહી માનતા ? ગલત ઓર અસત્ય કહેતા હે તુને અપને આપકો પહેચાના નહી ઈસ વાસ્તે ઈન્કાર કરતા હે ક્યા તુ વોહ પરમાત્મા જો નિરંજન

નિરાકાર હય–જ્યોતિ સ્વરૂપ એકહી હય–જો સબ જહાનોકો પયદા કરનેવાલા, પાલનેવાલા માલિક હય–જો અયસા એક હય કે ઉસ્કે જઈસા દુસરા કોઇ નહી–ઓર કુચ્છભી નહી–જો ન જનતા હય ન જના ગયા હય–અનાદિ ઓર અનંત હય–જીસકો જુદે જુદે ઓર વિવિધ નામોસે પુકારા જાતા હે, ઉસકો નહી માનતા? વોહી તો **અલ્લાહ** હય તુમ નામો કે ઝગડેમે પડકર અસલકો–હકીકતકો ભુલ ગએ સબ ધર્મવાલે ઉસકો *સિફાતી નામોસે પુકારકર આપસમે ઝગડતે થે ઇસ્લામને સિફાતી નામ ભી સિખાએ ઓર ઝાતી +નામ જો **અલ્લાહ** હય સિખાકર એહસાન કીયા ઓર ઝઘડા મિટાયા અયસે **અલ્લાહ**કો નહી માનતા? નામોકે ભેદસે અસલકો છોડ દેતા હે? હકીકત ભુલ જાતા હે? બંદે! અયસા તંગ નઝર મત હો

હઠયોગી—મહારાજ! ભુલ હુઈ મગરમે રસુલકો નહી માનતા મે મુસલમાન નહી હું

ફકીર—યેભી અસત્ય કહેતા હય **જ્ઞાનસે તુ માન ચુકાહે માત્ર વહેવારસે તુને નહી માના.**

"જ્ઞાનસે તુ માન ચુકા હય"–આ વાક્યથી હઠયોગીને અજાયબી થઈ, કારણ કે ઘણીવાર તેના મનમા ઇસ્લામની સત્યતાનો પ્રકાશ ચમકી ચુકયો હતો ઘણીવાર તેના મનમા મુસલમાની ધર્મ અને હઝરત રસુલ (સ૦) સત્ય હોવાનુ ઉગતુ હતુ અને તેથી તેણે પુછયું—

હઠયોગી—મૈને જ્ઞાનસે કયસે માના હય?

ફકીર–જ્ઞાની હોકર અજ્ઞાની મત હો અલ્લાહકો માના

* ગુણવાચક, + વિશેષ નામ

હય તો રસુલકોભી માના હય અલ્લાહ કિસને દિખાયા? આજ ચાલીસ કરોડ મનુષ્ય જો અલ્લાહ કે નામને સર ઝુકાતે હય ઔર દિનમે પાંચ મરતબા ઉસકી બડાઈ પુકારતે હય વોહ કિસકે મખબસે? ક્યુ મય બતા યેહ રસુલ ન થે? અગર અલ્લાહ કે પ્યારે મ તુઝે જેર કરના યોગ્ય નહી અગર મત ઉચ્ચારકે મે રસુલકા નહી માનતા **મે તો તેરી પેશાની પર ઈસ્લામકા પ્રકાશ ચમકતા દેખતા હુ.** આશ્ચર્ય હય કે તુ ખુદ નહી દેખતા!!

હઠયોગી આ ગાઢાથી કાંઈ એવો મહાત થાય છે કે તે બોલી ઉઠે છે "આપ સત્ય કહતે હય પરન્તુ મુઝે મુસલમાન પ્રતિ તિરસ્કાર હય

ફકીર—તેરી અસત્ય તુઝે તિરસ્કાર નહી તુઝમે તિરસ્કાર પયદા કીયા ગયા હય ખુદીકા યેહ દોષ હય ઉસકે દિલસે તિરસ્કાર દ્વેષ ઔર રોષ હોતા હય વોહ દિલમે અધકાર વ્યાપિત હોતા હય તુઝમે તો આત્મપ્રકાશ હો ચુકા હય

હઠયોગી વિચારમા પડી જાય છે ફકીરને ઘરમા બોલાવે છે અને તેમનો શુ સવાલ હતો એ પુછે છે ફકીર વજુ કરવા માટે તેના કમ્પાઉન્ડના કુવામાંથી પાણી ભરવાની રજા માગે છે મી૦ હઠયોગી આવી નજીવી માગણીથી આશ્ચર્ય પામે છે પાણી હાજર થાય છે ફકીર વઝુ કરી ઝાડ નીચે મુસલ્લો બિછાવી મગરિબની નમાઝ પડે છે, અને હઠયોગીની રજા માગે છે, હઠયોગી તેમને વધુ રોકવા આગ્રહ કરે છે ફકીર આનાકાની કરે છે મી૦ હઠયોગી પુછે છે—

"મહરાજ! આપકા થાનક કહાં હય"?

ફકીર—ફકીરકા થાનક સબ જહાન હય, સબ બ્રહ્માંડ હમમે હય ઓર હમ બ્રહ્માંડમે હય, **બચ્ચા અપને આપકો પા, સબકુછ પાયગા**

હઠયોગી—અપને આપકો કયસે પાઉ?

ફકીર—વિધિસે-ક્રિયાસે

હઠયોગી—કોનસી ક્રિયાસે?

ફકીર—બુદ્ધીકો મિટા મૈ પનેકા નાશકર કામ ક્રોધ, હર્ષ, શોક, જીત, હાર, દ્વેષ ઓર રોષ, અભિમાન ઓર નેકનામી યા બદનામી યે સબ મૈપનેકે પ્રકાર હય, કેવલ ઉસીકા હો રહે બુદ્ધિ ઓર તર્ક કે પ્રકાશમે નહી પરન્તુ કેવલ અપને આત્મા કે પ્રકાશમે—અપને શુદ્ધ સ્વભાવ કે પ્રકાશમે ઉસકો દેખ, બુદ્ધિ ઓર તર્ક યે તો સંસાર કે વ્યવહારકી સિદ્ધી કે લીએ ઉપયોગી હય, માત્ર જ્ઞાન ઉસકી પહેચાન કે લીએ હય

હઠયોગી—યેહ તો બહોત કઠીન હય

ફકીર—(હસે છે) બચ્ચા! વિચિત્ર બાત કરતા હય સબ હીંદુસ્તાન કે રહેનેવાલોકો આર્ય ધર્મમે દાખલ કરને કે પ્રયત્નકા તુમને જો આરંભ કીયા હય ઉસસે જ્યાદા કઠિન નહીં એક તરફ અયસી બુલંદ હિમ્મત, ઓર દુસરી તરફ અયસી પસ્ત હિમ્મત અશક્ય ઓર સંભવિતકા ત્યાગ કરતા હય? બચ્ચા! સત્ય કઠિન નહી હોતા સત્યકા ગ્રાહક હો સ્વાર્થકા નહી નિશ્ચય કરલે ફિર બેડા પાર હય

હઠયોગી—કયા હમારી સમાજકી યેહ પ્રવૃતિમે

કામયાબી નહીં?

ફકીર—કામયાબી સર્વ વ્યાપિન સત્યકી પ્રાપ્તિમે હોતી હય નિસ્વાર્થમે હોતી હય સ્વાર્થમે નહી

હઠયોગી—આપ સર્વ વ્યાપિત સત્ય કિસે કહતે હ ય?

ફકીર—યેહ પ્રશ્ન અપને દિલસે કર વોહ બતાદેગા બલકે તુઝે બતાદિયા હય બસ ઉસકા ગ્રાહક હો ફિર ગુમરાહ નહોગા **ઓર તુઝે મિલેગા** બસ મે અબ જાઉગા ફકીરકા ઝયાદા બાત કરના અચ્છા નહી

હઠયોગીના ઘણા આગ્રહ છતા ફકીર રોકાતો નથી આશિર્વાદ દઈ ચાલતો થાય છે હઠયોગીને ફકીરના "મે તો તેરી પેશાની પર ઇસ્લામકા પ્રકાશ ચમકતા દેખતા હુ"-અને "જ્ઞાનને તુ માન ચુકાહે માત્ર વ્હેવારમે તુને નહી માના" એ વાકયો માર્મિક અને અર્થસુચક દેખાય છે ફકીરની વાણીમા એવી કોઈ આત્મિક શક્તિ અને આત્મિક પ્રભાવ હતો કે તેના પડઘા દરેક પળે તેના મન ઉપર પડયા હતા તે ફકીરની મુલાકાતનો અસર મનમાથી કાઢવા માગતો હતો પણ નીકળતો ન હતો તેનુ મન આર્યસમાજ તરફથી હઠતુ જતુ અને તે ફકીરની બીજી વાર મુલાકાત થાય તો ઘણા સવાલોનુ નિરાકરણ કરી શકાય એમ ઇચ્છતો હતો, તેના મનમા ભય ઉત્પન્ન થતો હતો કે શુ હુ મુસલમાન તો થઈ જનારો નહીં હોઉ? પણ સાથે તે મનને સમજાવતો હતો કે એવુ પગલું તો તેનાથી ભરાશેજ નહી મુસલમાન થઈ જવાની બદનામી અને નામોશી જેવી તેવી નથી, પણ તરત તેને ખ્યાલ થતો કે બદનામી અને નામોશી એ તો ખુદીના અને મૈ

પણાના પ્રકાર છે તેના તો ત્યાગજ યોગ્ય છે આવી રીતે ઘણા ઉલટા સુલટા વિચારોથી ગભરાઇ આડો પડી તે નિદ્રાને વશ થાય છે

બકરી-ઈદ.

વિશ્વધર્મ મંડળની ત્રીજી સભા ભરાય એ અગાઉ મુસલમાનોનો બકરી ઈદનો તહેવાર આવવાનો હોવાથી આજે મી૦ વિશ્વપ્રેમી ઘણી ઉંડી ચિંતામાં હતા વિશ્વધર્મ મંડળની સભાઓ પાછળ પોતાની જાગીરની આમદાનીનો મોટો ભાગ ખરચતા અને તેથી બકરી-ઈદના દિવસે હિંદુ મુસલમાનોમાં જો તોફાન જાગે તો ભરનારી સભા માટે લીધેલા પરિશ્રમ અફળ જવા ઉપરાંત નાહક ખરચ માથે પડે અને મહા કષ્ટ ઉપાડી હીંદુ મુસલમાનોમાં બંધાએલી એક સંપી નાશ પામે એ ભય તેમની ચિંતાને વધારતો હતો "ફિત્નએ ઇરતેદાદ"ની શરૂઆત થયાથી મુસલમાનો ઘણા ઉશ્કેરાઈ ગયા છે અને તેથી આવતી બકરી ઈદમાં હીંદુભાઇઓની લાગણીના માનમાં રાજી ખુશીથી ત્યજેલી ગાયની કુરબાની પાછા શરૂ કરનારા છે એવું તેમને કહેવામાં આવ્યું હતું **મી૦ વિશ્વપ્રેમી મી૦ ધર્મવિલાસી** અને બીજા કેટલાક કેળવાએલા હીંદુ ગ્રહસ્થોની કોશીશોથી બે ત્રણ વર્ષ થયા **કલ્પનાપુરી**ના મુસલમાનો ગાયની કુરબાની તદ્દન કરતા નહીં ફિત્નએ ઇરતેદાદના કારણે આ સર્વ કોશીશો અને પ્રયત્નો ઉપર પાણી ફરી જવા જેવો વખત આવી લાગ્યાનું તેમને દેખાતું હતું હીંદુઓ પણ સરખાજ ઉશ્કેરાએલા સાંભળાતા હતા **કલ્પનાપુરી**માં મુસલમાનો

ગાયની કુરબાની કરી ન શકે એનો પુરતો બંદોબસ્ત કરવાનુ કહેવાતુ હતુ ગાયનુ રક્ષણ કરતા જો મુસલમાનોની સાથે મારામારી કરવી પડે તો તેમા પણ પાછી પાની કરવી નહી એવો નિશ્ચય કરી બેઠેલા જણાતા હતા મુસલમાની પક્ષના આગેવાન **મવલવી હક** હતા ત્યારે હીંદુ પક્ષના આગેવાન જીવદયાના ચુસ્ત હીમાયતી **મી૦ તુમાખીદાસ** હતા બન્ને પક્ષના સમજદાર અને કેળવાએલ લોકો કોઈપણ રીતે સમજુતી કરવાય અને તોફાન ન જાગે એમ ખરા મનથી ચાહતા હતા પણ ધર્મ લાગણીથી ઉશ્કેરાએલો સમુહ કાબુમા રહે એ મુશ્કેલ દેખાતુ હતુ **મી૦ તુમાખીદાસને** કેટલાક શ્રીમંતોનો ટેકો હતો **મી૦ વિશ્વપ્રેમી** અને તેમની મંડળીને માથે ઉતારી પાડવા માટે **ધર્મચુસ્ત** શેઠ **તુમાખીદાસને** નાણાની મદદ આપી ખાસ પાણી ચડાવ્યુ હતુ બન્ને કોમોમા સલાહ જળવાય એ કામ ભારેલુ હતુ તેથી **મી૦ વિશ્વપ્રેમીને** ચિંતા થાય એ સ્વાભાવિક હતુ તેઓ અત્યારે એજ વિચારમા હતા એટલામા **મી૦ તુમાખીદાસ** અને **મી૦ હઠયોગી** તેમને બંગલે આવ્યા **વિશ્વપ્રેમી**એ તેમનો સત્કાર કરી આશ્ચર્યથી પુછ્યુ '**ભાઈ તુમાખી**' આજે તો તમે કૃપા કીધી?

તુમાખી—હા હુ તમને મળવા નીકળી આવ્યો, એક અગત્યનુ કામ છે તમારી સહાયની જરૂર છે

વિશ્વપ્રેમી—મ્હારા લાયક હોય તે ખુશીથી કહો મ્હારાથી બનતુ જરૂર કરીશ

તુમાખી—તમે જાણો છો કે મુસલમાનોની

બકરીઇદને હવે થોડાજ દહાડા રહ્યા છે સાભળવામા આવ્યુ છે કે આ વખતે તેઓ ગાયની કુરબાની કરવાના છે અહિસા આપણો પરમધર્મ છે હિસા અટકાવવી એ આપણી મુખ્ય ફરજ છે, માટે એ જો ખરૂ હોય અને ગાયની કુરબાની થાય તો આપણે માથે મહાપાપ બેશે આ પવિત્ર આર્ય ભુમી ઉપર બાપડા મુગા પ્રાણીયોના લોહી વહે અને આપણે હાથ જોડી બેશી રહીયે એ તો નજ બની શકે એટલે અમે તે વિશેનો એક ફાળો ખોલ્યો છે ધર્મચુસ્ત શેઠે રૂપીયા પાચ હજારની રકમ તે ફાળામા ભરી છે તમે પણ તમારા ગજા પ્રમાણે એમા રકમ ભરો એ વિનતી છે તમે ધર્મચુસ્ત કાકા કરતા જાઓ તેવા નથી વળી દયા ધર્મનો મહિમા સમજો છો એટલે સારીજ રકમ ભરશો એવી આશા છે

ધર્મચુસ્ત શેઠનુ નામ સાભળી વિશ્વપ્રેમી ચમકયા આ માગણીમા તેમને ધર્મચુસ્ત શેઠની આબાદ યુકિત દેખાઈ જો તેઓ ફાળામા કાઈ ભરે છે તો તેમના સિદ્ધાતનો નાશ થાય છે અને જો કાઇ નથી ભરતા તો **ધર્મચુસ્ત** શેઠના હાથે વગોવાય છે, એ તેમને ચોકખુ દેખાતુ હતુ, તેથી થોડીવાર વિચારમા પડી બોલ્યા—"વારૂ, તમે આ ફાળામા ભરાએલી રકમનો શુ ઉપયોગ કરવા માગો છો?"

તુમાખી—જે મુસલમાનો કુરબાનીના જાનવરો લઈ જતા હશે તેમને નાણા આપી જાનવરો છોડવામા આવશે, અને ગાયની કુરબાની તો કોઈ રીતે કરવાજ દેવામા નહી આવે દરેક મહોલ્લાના નાકે મજબુત લડવૈયા

વોલન્ટીયરો મ્હોટી મ્હોટી ડાંગોથી સજ્જ થએલા ઉભા રાખવામાં આવશે આ વોલન્ટીયરો પ્રથમ તો લોકોને વિનયથી સમજાવશે નાણાની લાલચ આપશે અને છતાં નહીં માને તો બળજોરીથી અટકાવશે ધર્મની રક્ષા ખાતર આ માર્ગ ન ચાલતાં લેવા પડશે

વિશ્વપ્રેમી—મુસલમાનો પોતાનો ધર્મ પાળતાં નાણાની લાલચમાં પડશે નહીં ત્યારે શું એથી સુલેહનો ભંગ નહીં થાય ?

તુમાખી—જે થવાનું હશે તે થશે પણ હવે એ વગર છુટકો નથી, ધર્મની રક્ષા તો જીવ સટોસટ છે

વિશ્વપ્રેમી—ભાઈ હઠયોગી ! શું તમે પણ આજ વિચારના છો ? તમે તો માંસ ખાવામાં બાધ માનતા હો એમ લાગતું નથી

હઠયોગી—બેશક હું માંસ ખાઉં છું પરંતુ ગૌવધ વિરૂદ્ધ છું

વિશ્વપ્રેમી—ગૌવધ વિરૂદ્ધ તો હું પણ છું, પણ જેઓ ગૌવધ વિરૂદ્ધ નથી બલ્કે ગૌવધને ધર્મનું ફરમાન ગણે છે તેમને તેમના ધર્મ પાળતાં અટકાવીએ એવું માનનારો નથી અહિંસા ધર્મના મહિમાને હું સમજું છું અને હિંસા ઓછી થાય એ ઇચ્છું છું પણ આપણે જે માર્ગ લઈએ છીએ તે ઉંધો માર્ગ છે **એથી તો હિંસા ઘટવાને બદલે ઉલ્ટી વધે છે એ તમે કેમ જોઈ શકતા નથી ?**

તુમાખી—(ઉતાવળો થઈ) એ કેવી રીતે ?

વિશ્વપ્રેમી—એ ચોકખું છે તમારે એતો

માનવુ જ પડશે કે કુરબાની જેમનો ધર્મ છે તેઓ કુરબાની કર્યા વગર તો રહેશેજ નહી. તમે વધુમા વધુ કરી શકો તો ગાયની કુરબાની સમજુતી અને મિત્રાચારી વડે અટકાવી શકો પણ એથી વધુ જીવોની હિસા અને હાની થાય એ સમજાય તેવુ છે. મુસલમાની ધર્મમા દરેક જણ ઉપર કુરબાનીની આજ્ઞા છે દરેક જણે એક જીવની કુરબાની કરવી જોઇએ પણ હા જો તેઓ ગાયની કુરબાની કરે તો સાત જણ મળીને એક ગાયની કુરબાની કરી શકે પણ બકરો કે વેટો કરવો તો તેની કુરબાનીમા એક જણ કરતા બીજો કોઇ વધુ ભળી શકે નહી હવે જો ગાયની છુટ ન હોય તો સાત જણ મળી એક ગાયનો જીવ લે અને જો ગાયની છુટ ન હોય તો સાત જણ સાત બકરાઓના જીવ લે એવીજ રીતે ખોરાકના વિષયમા પણ બને વારો કે સો માણસો એક ગાયથી તૃપ્ત થાય ત્યારે સો માણસોને તૃપ્ત થવા દસ બાર બકરા જોઇએ ત્યારે ગૌવધના પ્રતિબંધથી વધારે જીવોની હિસા થાય ખરીને? અને એ વધારે જીવોની હિસા કરાવનારા આપણે બનાને? માટે મ્હારો અભિપ્રાય તો એટલોજ છે કે જો આપણે અહિસક રહેવા માગતા હઇયે તો 'જે કરશે તે ભરશે' સમજી ચુપ બેસી રહેવુ જોઇએ આપણે વધારે જીવોની હિસાના કારણ ભુત ન થઇએ એજ આપણો ધર્મ કહેવાય વળી ભાઈ તુમાખી! તમે જે ડાંગાવાળા મજબુત લડવૈયા રાખવાનુ કહ્યુ તે તો વધારે ઉશ્કેરનાર કારણ થઈ પડે અને હિસા વધારનાર નિવડે એ વિચારવા જેવુ છે એથી તો આપણા હાથે માણસોની હિસા થવાનો સભવ ઉભો થાય છે આપણે જે

પ્રાણીઓની હિંસાના નામથી ધ્રૂજીએ છીએ તે વળી માણસોની હિંસા કેમ સહન કરી શકીએ? શું તમે એમ માનો છો કે મુસલમાનો તમારી સામા નહીં થાય અને ડાંગોનો જવાબ ડાંગોથી નહી આપે?

તુમાખી—સામા થશે અને લડશે તો જીતશે તો નહીજ આ વખતે આપણી પાસે બળ છે ધન છે અને સરકાર દરબારમા લાગવગ એ છે

વિશ્વપ્રેમી—એ બધું ભલે હોય પણ એવા તોફાનમા માલ નથી જે પ્રજા તેરસો વર્ષથી અનેક સંકટો અને મુશ્કેલીઓમાંથી પસાર થઈ દુનિયાની અનેક બળવાન પ્રજાઓની ટક્કર ઝીલી પોતાના ધર્મને બચાવતી આવી હોય—જે ધર્મના કાર્યમા મરવાને રમત સમજતી હોય—ધર્મ અર્થે પ્રાણ આપવાના—શહીદ થવાના પ્રસંગ શોધતી હોય તે પ્રજાને ડાંગીયા પલટનથી ડગવી શકાય એ મ્હારાથી તો માની શકાશે નહી આથી તો જે જે સમજુ મુસલમાનો કેવળ આપણી લાગણીની ખાતર ગોવધ અટકાવવામા આપણી સાથે છે તેમને પણ ગુમાવી બેસવાનો વખત આવે અને તેથી આપણી અહિંસક પ્રવૃત્તિને નુકશાન પહોચે એ સ્પષ્ટ છે માટે હું એ ફાળામા કાંઈ ભરી શકીશ નહી તમને નિરાશ કરવા માટે હું ઘણો લાચાર છુ

તુમાખી—ધર્મના કામમા લાંબા વિચારો હોય નહી એ તો તેમા ઝિપલાવેજ છુટકો અહિંસા આપણા ધર્મનું પવિત્ર ગૌરવ છે તેની રક્ષા ગમે તે ભોગે કરવીજ ઘટે

વિશ્વપ્રેમી—કુરબાની એ ઈસ્લામ ધર્મનું ગૌરવ છે તેની રક્ષાએ મુસલમાનોની ફરજ ન હોય? **ન્યાય એ**

ધર્મનુ ખરૂ ગૌરવ છે તમે તમારો ધર્મ પાળો તેઓ પોતાનો પાળે એ દેખીતો ન્યાય છે તેમના કાર્ય માટે તમે જવાબદાર નથી અન્યો અન્ય એમ છુટ અપાતી રહે એજ શ્રેયકર છે

તુમાખી—ત્યારે મુસલમાનો કુરબાની કરી આપણી લાગણી દુખાવતા જાય અને આપણે શબ્દે ન બોલી નમાલા થઇ બેશી રહેવુ ?

વિશ્વપ્રેમી—જો તેઓ તમારી લાગણી દુખવવા ખાતર કુરબાની કરતા હોય તો તમારે તેમ ન કરવુ પણ તેઓ તો પોતાના ધર્મની આજ્ઞા બજાવે છે, જ્યારથી ઇસ્લામ પ્રગટયો છે ત્યારથી તેઓ કુરબાનીની આજ્ઞા બજાવતા આવ્યા છે, બલ્કે એથીએ હજારો વર્ષ અગાઉની એ પ્રથા છે તમારી લાગણી દુખવવા તેઓએ એ રિવાજ ચાલુ કર્યો નથી

તુમાખી—તેઓ આપણા દેશમા વસે આપણી સાથે રહે વહેવાર રાખે અને આપણી ધર્મની લાગણીનો ખ્યાલ ન રાખે ?

વિશ્વપ્રેમી—તેમની ધર્મની લાગણીનો તમે ખ્યાલ રાખો તો ખચિત તેઓ પણ તમારી લાગણીનો ખ્યાલ રાખે બે હાથે તાળી વાગે પણ તમે બળજોરી કરવા જાઓ તો તેઓ કાઈ નમાલા નથી અને દેશ ? દેશ કોનો ? દેશ તો પ્રભુનો છે પ્રભુના દેશમા વસવાનો સર્વને સરખો હક છે મ્હારા માનવા પ્રમાણે તેઓએ તમારી લાગણીનો ખ્યાલ જોઇએ તે કરતા વધારે રાખ્યો છે ગાયની કુરબાની તેમનો પવિત્ર ધર્મ હોવા છતા આજ બે ત્રણ વર્ષથી તેઓએ

તમારી ખાતર જતો કર્યો છે પણ તમારી જુદી જુદી પ્રવૃત્તિઓથી તેઓ વહેમાયા છે મારે કહેવુ જોઈએ કે તમને ગાયની દાઝ કરતા પ્રજાકિય બળના આડબરની દાઝ વધારે છે

તુમાખી—તમે ગમે તેમ કહો અમે તો ધર્મની રક્ષાના નિશ્ચય ઉપર આવી ચુક્યા છીએ

વિશ્વપ્રેમી—ત્યારે તો ભારતના ભાવિની ભાવના ભ્રમણા જેવીજ સમજવી

હઠયોગી—એ વિચાર કરતા તો મને નિરાશાજ ઉત્પન્ન થાય છે

વિશ્વપ્રેમી—બેશક નિરાશાજ છે તો પણ હજુ દેશમા સમજુઓનો કાળ પડયો નથી એટલે એ નિરાશામા પણ આશા રહેલી છે ભાઈ તુમાખી ! જો તમે તમારો નિશ્ચય બદલવા ન માગતા હો તો હુ દીલગીર છુ કે હુ મ્હારા અતઃકરણ વિરૂદ્ધ કરી શકીશ નહી જો તમે મારો ફાળો ચાહતા હો તો હુ જુદી રીતે મ્હારો ફાળો આપીશ તમે મજુર કરશો ?

તુમાખી—એ કેવી રીતે ?

વિશ્વપ્રેમી—તમે ગૌવધ અટકાવવાના સર્વ પ્રયત્ન મુકી દો મુસલમાનોને કહી દો કે 'કુરબાની તમારો ધર્મ છે, તમારે જેમ કરવુ હોય તેમ કરો, અમને કશો વાધો નથી સભા ભરી ઠરાવ પસાર કરો કે આર્ય સમાજની ફિત્નએ ઈરતેહાદની હીલચાલ સાથે હીદુઓને કશો સબધ નથી બલ્કે સભા તે હીલચાલને તિરસ્કારની નજરથી જુએ છે આટલુ કરો પછી જો કલ્પનાપુરીમા એકે ગાય થાય તો તેનો જવાબદાર હુ છુ

તુમાખી—આથી તો સભાનુ ઘણુ હીણુ દેખાય

વિશ્વપ્રેમી—ત્યારે તો તમે ગૌના પુજારી નથી ગાયને બચાવવા માગતા નથી તમે તો માનમોભાના પુજારી છો

તુમાખી—અમે કેવા છીએ એ અમારા મન જાણે છે કે પ્રભુ જાણે છે પણ તમે હીંદુઓની લાજ ઠીક રાખો છો

વિશ્વપ્રેમી—એ તો મ્હારૂ મન જાણે કે પ્રભુ જાણે હુ દીલગીર છુ કે હુ તમારી સાથે સમ્મત થઈ શકીશ નહી

તુમાખી—તમારા મનની વાત તો આખી કલ્પના પુરી જાણે છે તમે મુસલમાની ધર્મ તરફ ઝુકતા જાઓ છો એ કાંઈ અજાણ્યુ નથી

વિશ્વપ્રેમી—મારા ખરા અભિપ્રાયનો એ અર્થ થતો હોય તો મને તેની પરવા નથી કેમ ભાઈ હઠયોગી ?

હઠયોગી—બેશક, પણ ભાઇ **વિશ્વપ્રેમી** ! હુ એક ખુલાસો કરવો જરૂરી સમજુ છુ હુ તુમાખીદાસની સાથે આવેલો નથી ન તેમના સર્વે મતોને મળતો છુ હુ તમને મળવા આવતો હતો અને તેઓ રસ્તામા મળ્યા એટલે સાથે આવ્યા (તુમાખીને) ભાઈ ! તમારી આ પ્રવૃતિથી તમે ભારતનુ ભાવિ સુધારવાને બદલે બગાડશો અને એથી ધર્મનુ કાંઈ કલ્યાણ કરી શકશો નહી

તુમાખીદાસ "જોઇ લેવાશે" કહી નારાજ થઈ રજા લઈ ચાલતો થાય છે

વિશ્વપ્રેમી હઠયોગીની સલાહથી હિંદુ સભાના કેટલાક સમજુ મેમ્બરો બોલાવી ગૌવધ અટકાવવાની પોતાની યોજના સમજાવે છે મેમ્બરોને ગળે એ વાત ઉતરે છે

તેથી સભા ભરી વિશ્વપ્રેમીની સુચના મુજબનો ઠરાવ પસાર કરાવે છે બકરી ઇદનો દિવસ આવે છે અને એક પણ જીવધ વિના સલાહશાતીની સાથે પસાર થાય છે

મડળની ત્રીજી સભા

આજે કલ્પનાપુરીમા અમૃતધારા નદીને કિનારે સુશોભિત મડપમા વિશ્વધર્મ મડળની સભા ભરાઈ છે પાસો કાઢવામા આવ્યા હતા છતા મડપ ચીકાર ભરાઈ ગયો છે મડપની બહાર લોકોના ટોળા મડપની રચના જોવા ચારે તરફ ફરે છે વોલન્ટીયરો પોતપોતાની જગ્યાએ ગોઠવાઇ ગયા છે **મી૰ વિશ્વપ્રેમી મવલાના** તથા **હઠયોગી**ની સાથે પ્રવેશ કરે છે હર્ષના પોકારોથી તેમને વધાવી લેવામા આવે છે સભાનુ કામ **મીસ સુશીલા** તથા **મીસ મેરી**ના એકત્ર સુસ્વરથી ગાવામા આવેલા પ્રભુ કિર્તનની સાથે શરૂ થાય છે **મી૰ વિશ્વપ્રેમી** એકમતે પ્રમુખ ચુટાય છે સેક્રેટરી **મી૰ વિશ્વબધુ** અગાઉની બે સભાઓની પુરેપુરી વીગત વાચી સભળાવે છે **મી૰ વિશ્વપ્રેમી** "અલ્લાહો અકબર" અને વદે માતરમ"ના જયનાદો વચ્ચે ઉભા થઈ સભાને સબોધે છે

વિશ્વસેવાની અમુલ્ય ભાવના ધરાવનારા બધુઓ ! અને નવયુગ ચેતન પ્રેરનારી સન્નારીઓ !

સભાને એ પ્રસગે કાબુમા રાખવા અશક્ત સાબિત થએલા તથા નિષ્ફળ નિવડેલા વિશ્વસેવકને પાછો પ્રમુખ ચુટવામા તમે ખરેખર અપુર્વ સ્નેહભાવ–મમતા અને પ્રેમ દાખવ્યો છે આથી હુ જેટલો હર્ષિત થાઉ–ગર્વ ધરાવુ

અને જેટલો તમારા આભાર માનુ તેટલો થોડો છે આવી મહાન ફરજ બજાવવાને મ્હારી પાસે જ્ઞાન નથી, શક્તિ નથી જો મ્હારામા કાઈ હાવાનો દાવો કરી શકતા હાઉ તો તે વિશ્વપ્રેમથી ભરપુર હૃદય છે આ હૃદયના ભાવોના આધારે હુ પ્રમુખ થવાની હિમત કરી શકયો છુ ગઈ સભાઓના દીલગીરી ભર્યા પ્રસગોની લગારે નોધ લેવા માગતો નથી, પણ એટલુ કહેવુ અવશ્ય માનુ છુ કે **વિદ્વાન** મિત્ર મી૦ હઠયોગીએ ખરેખર એક ગૃહસ્થને છાજતુ વલણ ધારણ કરી પોતાની ઉદાર વૃત્તિ અને શુભ મતિની અમારા અતકરણ ઉપર છાપ બેસાડી છે 'ભુલ કબુલ કરવી' એ તો કાઈ વિરલાઓથીજ બની શકે છે ખરૂ કહુ તો આજની સભા અને સમેલનનુ માન તમનેજ છે

વિશ્વમડળના સભાસદો બહુ મુસલમાન થઈ જવા બેઠા છે એવી ચર્ચા કલ્પનાપુરીમા ફાટી નીકળી છે આ જો ખરૂ હોત તો મને અપુર્વ હર્ષ થાત પરતુ વસ્તુ સ્થિતી જુદી છે ભાઈયો ! પહેલા પણ કહેવાયુ છે અને અત્યારે પણ જાહેર કરૂ છુ કે અમે તો સ્વાભાવિક સામાન્ય સમાનતાના તત્વો શોધીએ છીએ બેશક એ વાત ખરી છે કે અમે અત્યાર સુધી જે ધર્મોની શોધ કરી છે તેમા અમારી ભાવનાને પોષનાર અમને માત્ર **ઇસ્લામ** મળ્યો છે આ અનાયાસે બનવા પામેલુ છે તેના કરતા વિશેષ ગૌરવવાન જો કોઈ ધર્મ હશે તો તેને પણ અમે ખુશીથી ઇન્સાફ આપીશુ પરતુ જાણવામા આવેલા ધર્મોમા એના કરતા વિશેષ સ્વભાવિકતા—સમાનતા અને સત્યતા ધરાવનાર બીજો કોઈ ધર્મ નથી **મી૦ વિશ્વબધુ** એ વાચેલા પુર્ણ

અહવાલ ઉપરથી તમો સહુને પણ એજ લાગ્યુ હશે

અવાજ આવે છે " ખરૂ છે ખરૂ છે "

" મવલાનાને જોઇ તેની સમાનતાનો પુરાવો તો તમે મેળવી ચુકયા છો પરતુ સમાનતા દયા ભાવનો બીજો દાખલો (**મીસ મેરી** તરફ આંગળી કરી) જુઓ આ મવજુદ છે તેની હકીકત સાભળશો ત્યારે તો તમે આભાજ થઈ જશો હુ વધુ બોલવા ચાહતો નથી મવલાનાને બોલવાનુ બાકી છે, અને સભા ધર્મ ચર્ચા કરવા ઉત્સુક છે માટે બેસી જાઉ છુ (મવલાનાને) તમે તમારો વિષય અધુરો મુકયો છે માટે તમે આગળ ચલાવો એવી સભાની ઈચ્છા છે

મવલાના ઉભા થાય છે સભામા શોરબકોર શરૂ થાય છે બેશી જાઓ, બેશી જાઓ ઓરડર ઓરડરની પુકારથી સભા શાન્ત થઇ છે મવલાના બોલવુ શરૂ કરે છે –

સહાશયો !

અલ્લાહ જ કરે છે તે સારાને વાસ્તે એ મ્હારા સબધમા ખરૂ પડયુ છે મી હઠયોગી જેઓ મ્હારા વહાલામા વ્હાલા મિત્ર બન્યા છે તેઓ મ્હારી સાથે વિરોધ કરત નહી તો આવી આતુરતા, આવો ઉત્સાહ અને પ્રેમના જોરાવાળો જલસો થાત નહી ઈસ્લામે શીખવેલી સમાનતા તો બેશક અપુર્વ છે અને તમે સમભાવે મ્હારૂ જે સ્વાગત કર્યુ છે તે તમારી ઉચ્ચ કેળવણી મોહટાઈ અને ઉચ્ચ સસ્કારને શોભતુ છે જેના માટે હુ અતકરણ પુર્વક આભાર માનુ છુ અને તેવા સ્વાગતના કારણ ભુત મી૦ હઠયોગીનો પણ ઉપકાર ભુલી જાઉ તો કૃતઘ્ની ગણાઉ

હુ સમજતો હતો કે જો મ્હારો ભાવ ખરો હશે તો તે પ્રકાશ્યા વિના રહેશેજ નહી હુ અલ્લાહનો શુક્ર બજવુ છુ કે મકાનનો અને મ્હારો ભાવ શુદ્ધ હતો તે સિદ્ધ થયુ ભાઇયો! ઇસ્લામનું શિક્ષણ, કુરાનનો ઉદ્દેશ પુકારી પુકારી કહે છે "**લા તુફસેદુ ફિલ અર્દ**" જગતમા તોફાન મચાવો નહી—ફિસાદ જગાવો નહી ઇસ્લામ સલામતી ચાહે છે ઝગડા, ટટા અને કજીયા ઝોગ ઇસ્લામના શિક્ષણ વિરૂદ્ધ છે ગઈ સભા પછી જ્યારે છાપાઓમા ઉલટ સુલટ સમાચાર છપાવા લાગ્યા, ત્યારે બન્ને પક્ષોએ જો સમાધાનીનો માર્ગ પસદ કર્યો ન હોત તો પરિણામ ઘણુ ગભીર આવત આપણે ધર્મે જાતે ગમે તેવા જુદા હોઇયે તો પણ શાતિ અને સલામતીના સામાન્ય ઉદ્દેશના કારણે કજીયા-કલેશ અને દગા ફિસાદ મટાડવામા કા સઘળો ભાગ ન લઇયે? **શાતિ અને સલામતી એ આપણો સ્વભાવિક ધર્મ છે. ઇસલામનો અર્થ શાતિ અને સલામતી છે આપણી આસપાસની** કુદરત શાતિ અને સલામતીના ધર્મે ચાલે છે ઇસ્લામ શબ્દ ગમે તેવો અપ્રિય હોય તો પણ માણસના સ્વભાવમાથી, માણસની પ્રકૃતિમાથી તે નિરતર પ્રગટીજ નીકળે છે આપણા સબધમા પણ તેમજ બન્યું આપણે જુદી જુદી જાતના અને ધર્મના આહી એકઠા થયા હતા તોફાને ચઢયા હતા, પણ પરિણામે સ્વાભાવિક ધર્મ ઇસ્લામ પ્રગટી નીકળ્યો અને સર્વત્ર શાતિ છવાઇ ગઈ (હીયર હીયરના પોકારો થાય છે) આવી રીતનો સ્વાભાવિક ઇસ્લામ ગમે તેટલા તફાઓમા—ફિરકાઓમા વ્હેચાએલો હોય—સર્વને એક ગાડમા બાધી રાખે છે તેનુ

એકયતાનુ સુત્ર—કલમએ તવહીદ એકજ છ સર્વનો એકજ માલિક છે સર્વ હઝરત પેગમ્બર સાહેબ (સ૦)ને સરખી રીતે ખુદા તરફ જવાબદાર ગણે છે મર્ણ પછી પાપની શિક્ષા અને નેકીના બદલા પામવાને સત્ય માને છે આ સહુનો સ્વાભાવિક ધર્મ છે મુસલમાનોનો તે સ્વાભાવિક તેગજ ધારણ કરેલા ધર્મ છે આખા વિશ્વમા પ્રસરેલી, જુદી જુદી ભાષાઓ બોલતી, જુદા દેશોમા વસ્તી સર્વ પ્રજાઓ આ સરખી માન્યતાથી સરખી રીતે બધાએલી છ જુદી જુદી કડીયોની બનેલી આ એક મજબુત સાકળ છે એક કડીને હલાવ્યાથી આખી સાકળ હાલે છે આજે સર્વત્ર ઈસ્લામી આલમમા એકજ પ્રકારના આશયો જાગ્યા છે ત્યારે આટલા બધા સામાન્ય સુત્રો હોઈ તેને તફામા વહેચાએલો કેવી રીતે કહી શકાશે? ઈસ્લામ શબ્દનો મર્મ અપુર્વ છે નિપુણ છે એ શબ્દમા તેના આદથી અત સુધીના આશયો આવી જાય છે, ઈસ્લામ આ જગતમા શાન્તિ અને સલામતીની સાથે પરલોકમા પણ શાન્તિ અને સલામતી આપે છે એ બન્નેની પ્રાપ્તિનો નિયમ છે એ નિયમની સાધનાના રસ્તા વિશે જુદા જુદા સપ્રદાયો ઉત્પન્ન થયાથી ફિરકા પડયા છે પરતુ તેના મુખ્ય આશયો સર્વમા સરખી રીતે હયાત છે

આજ હિદુસ્તાનની સ્વરાજ પ્રાપ્તિની ધગશના પડઘા આખા જગતમા પડયા છે પણ તે ધગશ આખા જગતને સળગાવી શકી નથી ત્યારે તુરકીની દશા મોળી થતા આખુ ઈસ્લામી આલમ સળગી ઉઠયુ છે તુરકીની સાથે ઈસ્લામીઓ વિના બીજાઓને સબધ નથી છતા તેઓને

પણ તે આગમા પડવુ પડયુ છે આજે હઝારો માણસ તુરકીની ખાતર જેલ ભોગવે છે તેઓએ તુરકીનો દેશ જોયો નથી ઉપર કહ્યા પ્રમાણેના સપ્રદાયોની લડત ઇસ્લામી આલમમા વેર ઝેર ઉત્પન્ન કરે છે એ વાતે ખરી છે પણ મે જે સ્વાભાવિક અને સામાન્ય સુત્રો કહ્યા તેમાના કોઈ ઉપર હુમલો થતા એ વેરીયો ભાઈ ભાઇ સમા જોડાઇ દુસ્મનનો પુર્ણ મુકાબલો કરે છે આ વાત ઐતિહાસ અને અનુભવ સિદ્ધ છે એમા શકાને સ્થાન નથી (એવા સામાન્ય સુત્રો વિનાનો દુર્ભાગી દેશ તો આપણોજ છે ના પોકારો થાય છે) "એક નાનુ સરખુ કુટુબ જુદા જુદા વિચારથી તફામા વ્હેચાએલુ હોય છે ત્યારે ઇસ્લામ જેવુ મહાન કુટુબ જુદા જુદા તફાઓમા વ્હેચાએલુ હોય તેમા નવાઇ સી? પણ કુટુબ તરીકે એકત્ર રહેવાના સર્વ સામાન્ય તત્વોથી તે બધાએલુ છે તે એકજ હાકિમ અને માલિકની રઇયત છે તેનેજ સીર નમાવે છે ઇસ્લામી સીર ગમે તે તફાનુ હોય બીજાને નમતુ નથી તે સહુ જગતના હાકિમ અને માલિક વિના બીજા કોઇને માનતુ નથી આવુ યશવાન સ્વરાજ તેને પ્રાપ્ત છે ઇસ્લામ વિનાના બીજા સ્વરાજમા તો ઘણા બધનો હશે, પણ આ સ્વરાજમા તો માણસ જાતનુ સર્વોપરિપણુ અને અલ્લાહનુ માલેકીપણુજ માન્ય છે (વળી હીયર હીયરના પોકારો થાય છે) ઇસ્લામ અલ્લાહનુ સામ્રાજ્ય સ્વિકારે છે બીજાનુ નહી માટે આવો! અલ્લાહના સામ્રાજ્યમા પ્રવેશ કરો અને ખરૂ સ્વરાજ પ્રાપ્ત કરો તેનો દરબાર ખુલ્લો છે ત્યા જતા કશી રોક ટોક નથી

સમિપ છે દુર નથી–કહી બીજી વાર આભાર માની બેસવાનો રજા લઉ છુ

મી૦ હઠયોગી ઉભા થાય છે, અને પ્રમુખનો અને મવલાનાનો તેમના માટેના ભલા ઉદગારોનો આભાર માને છે, તેઓ પ્રમુખની પરવાનગીથી મવલાનાને પુછે છે– "ત્યારે શુ હાલની સ્વરાજની ચળવળ સમાજ ઉદ્ધારક નથી?"

મવલાના—એ હુ કહેતો નથી પરંતુ હુ તો એટલુજ કહુ છુ કે ઇસ્લામના ઐક્યતાના સુત્રમા ખરૂ સ્વરાજ, અસહકાર, બહિષ્કાર સહકાર એ બધુ આવી જાય છે અને માણસ પોતાની ખરી પદવી અનુભવે છે

લાએલાહા ઈલ લલ્લાહ*ના પહેલા લા+મા જેને તમે મહાન બનાવી રાખ્યા હોય જેને તમે ખુશીથી કે ના ખુશીથી પુજતા હો જેના જુલમની પોગરી તમે ગળામા પહેરી હોય અથવા તમને પહેરાવવામા આવી હોય તે સર્વના તિરસ્કારને–અસહકારને–બહિષ્કારને દર્શાવી તમને ચીલે ચઢાવી અલ્લાહની નાત્રેના સહકાર વડે તેના મહાન રાજ્યમા પ્રવેશ કરાવે છે પહેલા આ સુત્રનો સ્વિકાર કરો એટલે તમે સ્વતંત્ર છો, તમારા ઉપરની સર્વ બેડીઓ અને બંધનો એની મેળે પડી ભાગશે

હઠયોગી—મુસલમાન થતી વખતે શુ વિધી કરવો જોઇયે?

મવલાના—વિધિ શુ? ઉપલુ સુત્ર શુદ્ધ હૃદયથી સ્વિકારવુ અને તે સ્વિકાર્યાની શાહેદી જીભ વડે બોલી આપવી ઈસ્લામમા પ્રીસ્ટ કે પાદરી કે વિધિ કરાવનારાઓની

* નથી કોઈ પુજવા લાયક સિવાએ અલ્લાહ + નથી

જરૂરજ નથી દરેક માણસ સ્વતંત્ર રહી પોતાની વિધિ પોતે બજાવી શકે છે માત્ર તેને એ ક્રિયાઓ શીખી લેવી જોઇએ જો તેને ન આવડતુ હોય તો બેશક તે બીજાનો મોહતાજ થાય નહી તો નહી

હઠયોગી—ત્યારે લ્યો હુ લાએલાહા ઇલલલ્લાહ મોહમ્મદર રસુલલ્લાહનો સ્વિકાર કરી મુસલમાન થાઉ છુ તમે કબુલો છો ?

આખી સભાની વિજળી પડયા જેવી સ્થિતિ થઈ મવલાના પણ અચંબો પામ્યા **મી૦ ધર્મવિલાસી**એ ઉભા થઈ કહ્યુ "આ સ્થાન ચર્ચાનુ છે મુસલમાનોની મસજીદ નથી–જેથી અહી એવુ પગલુ ન લઈ શકાય માટે આ સભાનો એવો ઉપયોગ કરવા સામે મારો વાંધો છે"

પ્રમુખ—સત્ય છે **મી૦ હઠયોગી**! અમે દીલગીર છીએ કે અમે તમને આહી મુસલમાન થવા દઇ શકીશુ નહી વિશ્વધર્મના કાયદા તેની વિરૂદ્ધ છે માત્ર આહી ધર્મોના સારા સારની ચર્ચાની છુટ છે તેને તમે ધર્મ બદલવાનુ સ્થાન બનાવો તે નજ બની શકે એમ મારે ભાર દઇને કહેવુ પડે છે **મવલાના**! તમને પણ ચેતવણી આપુ છુ

મવલાના—મને તે માન્ય છે પરંતુ **મી૦ હઠયોગી** તો કયારના મુસલમાન બની ચુકયા ! હવે એ સવાલજ કયા છે?

પ્રમુખ—કયારે અને કયા ?

મવલાના—જયારે તેમણે કહ્યુ હુ લાએલાહા ઇલિલલ્લાહ મોહમ્મદર રસુલલ્લાહનો સ્વિકાર કરી મુસલમાન થાઉં છુ, ત્યારે અને આ સભામા કારણ કે તેમનો સ્વિકારજ પુરતો હતો

કેટલાક પુકારે છે 'આફરીન, કાંઈ વાર જ ન લાગી ધન્ય છે આવી સ્હેલી રીતને' **મી૦ ધર્માભિલાષિ** કહે છે 'ખરો મર્દ બચ્યો

ધર્મવિલાસી—પણ આ વણ અયોગ્ય થયું

પ્રમુખ—થયું ન થયું કરવા આપણે અશક્ય છીએ પરંતુ આ બનાવ અનાયાસે બનવા પામ્યો અને તેમા મંડળને કશો સંબંધ નથી એવી નોંધ જરૂર લેવામા આવશે

એક સભાસદ ક્રોધમા પુકારે છે "એથી શું વળ્યું? એવી નોંધે તો પાર્થમાના રીગણા ગણાવાની તેમણે સભાનો કાયદો તોડયો માટે તેમને હમણા ડીસમીસ કરવા જોઈએ

હજારો અવાજો આવે છે "ખરૂ છે, ડીસમીસ કરો હમણાંને હમણા મંડપની બહાર કાઢો" પ્રમુખ હુકમ આપે તે પહેલા વોલન્ટીયરો સજ્જ થઈ **મી૦ હઠયોગીને** પરહેજ કરવાના હોય તેમ તેમની તરફ જાય છે **મી૦ હઠયોગી** તરતજ બામોરીના સાથે પોતાને સ્થાનેથી ઉઠી મંડપ બહાર ચાલી નીકળે છે

પ્રમુખ સ્તબ્ધ બની જાય છે **મી૦ ધર્મવિલાસી** શરમાય છે **મીસ સુશીલા** ગુસ્સે થાય છે અને પોતાના ભાઈની વર્તણુક ના પસંદ કરતી હોય તેવો ભાવ દર્શાવે છે સભાસદો માંહો માંહે ચર્ચા કરી ઘોંઘાટ મચાવે છે કોઈ કહે છે "ખરા મર્દ બચ્યાને કાઢયો જ થયું તે ન થયું ગણી તેને રહેવા દીધા હોત તો સભાના રંગ જામત—ચર્ચામા લ્હેર આવત'

બીજો કહે છે "પણ એ મુસલમાન થઈ ગયો એટલે પહેલાની જેમ **મવલાનાના** વિરૂદ્ધ તો નજ બોલત

ત્રીજો કહે છે "એને મુસલમાન થવાના શા કારણો મળ્યા? એ એના મોહથી સાભળવામા થોડો રસ ન આવત"

ચોથો કહે છે "હવે વાતો મુકો તો સભાનુ કામ આગળ ચાલે'

પ્રમુખ—ભાઇયો ખામોશ થાઓ! હઠયોગીને શિક્ષા થઈ ગઈ છે હવે શા માટે ગરબડ કરો છો? જેને સભામાંહી ચર્ચા કરવી હોય તે મવલાનાની સાથે કરે

શકારશીલ—(ઉભા થાય છે–હાથ ઉચા કરી) હવે મને બોલવા દેવા છે કે હુ પણ સભા મુકી ચાલતો થાઉ?

ઘોઘાટ નરમ પડે છે સભા શાત થાય છે **મી૦** શકારશીલને ચીયર્સ આપે છે

શકારશીલ—વારૂ મવલાના! તમારા ભાષણમા તમે જ કહ્યુ કે 'પોતાની કરણી માટે પોતાને સર્ખી રીતે કર્તાનો જવાબદાર ગણે છે મરણ પછી પાપની શિક્ષા અને નેકીના બદલા પામવાને સત્ય માને છે" એનો અર્થ શુ છે?

મવલાના—આ સ્વાભાવિક ધર્મ છે આ ધર્મ દરેકને કાઇ પણ પાપમય કૃત્ય કરતા ભયભિત કરી અટકાવે છે તેનાજ ઉપર સમાજના વ્યવસ્થિતપણાનો આધાર છે માણસ મરણ પછી પોતાના કર્તા હજુર કયામતના દીવસે પોતાના સારા નરસા કામનો બદલો પામવા ઈન્સાફ મેળવવા ઉભા થશે

શકારશીલ—શુ કર્તા સર્વ જ્ઞાની નથી? તે તો તેના સારા નરસા કામોને જાણતો હોવો જોઇએ માણસને પોતાની હજુર ઉભા કરી ઈન્સાફ આપવાનો અર્થ શુ છે?

માણસ પોતાના કર્માનુસાર બદલો પામતો જાય એવો ક્રમ હોય તો શું ઈન્સાફ ન થાય?

મવલાના—ખોદાક કર્તા સર્વ જ્ઞાની છે, અને સર્વ ન્યાયી (આદિલ) છે પણ તે માણસને તેની પોતાની એટલે માણસની પ્રકૃતિ અનુસાર બદલો આપવાનો ન્યાય વધારે પસંદ કરે છે ઘણીવાર આપણે જોઈએ છીએ કે માણસને ઈન્સાફ અને ન્યાય ન મળ્યાની શિકાયત અને ફરિયાદ કરે છે આવી ફરિયાદો ઘણા ભાગે—ન્યાય અને ઇન્સાફ મળ્યાની શાહેદી અંતઃકરણે આપી હોય છતા કાયદાની બારીકીયોનો લાભ લેવા ન્યાય અને ઈન્સાફ કરનારાઓને થાપ ખવરાવવાના હેતુથી કરવામા આવે છે અને કેટલીકવાર ન્યાય મળ્યો હોય છે છતા અંતઃકરણે તે કબુલ્યો હોતો નથી એ કારણે પણ કરવામા આવે છે તેવી માણસની પ્રકૃતિ અનુસાર ખુદા, માણસને તેની પ્રકૃતિને ન્યાયે ઈન્સાફ આપી પોતાનુ ન્યાયીપણુ (અદલ) સિદ્ધ કરવા ચાહે છે અને બંદાને પોતાના બચાવના સર્વ પુરાવા રજુ કરવાની પુર્ણ તક આપવા માગે છે જેથી બંદો પોતે પોતાના મોઢે ન્યાય થયાની કબુલાત આપે 'ત્હારા મોઢે ત્હારો ઇન્સાફ'નો મર્મ તેમા રહેલો છે જ્યારે તમે કહો છો તેવા ક્રમમા આ પ્રકારનો ઈન્સાફ હોય નહી સબબ કે બદલો ભોગવનાર પોતે શાની સજા પામે છે અગર શાનો બદલો ભોગવે છે એ વિશે અંધકારમાંજ રહે છે એટલુજ નહી પણ પોતે કોઈ જાતની સજા ભોગવે છે એ પણ તદ્દન જાણતો હોતો નથી તે તો પોતાના જીવનમા મગ્ન રહે છે

શંકાશીલ—ત્યારે તમે પુનર્જન્મવાદમા માનતા હો

એમ લાગતુ નથી

મવલાના—ના

શકાશીલ—કેમ ?

મવલાના—એ સ્વભાવિક ધર્મ નથી એટલા માટે, કોઇ પણ માણસની સાથે—જ્યારે તેને પોતાના ધારણ કરેલા ધર્મનો ખ્યાલ નહોય ત્યારે વાત કરો, એ તમને એમજ કહેશે કે માલિકને મોઢુ બતાડવુ છે—ત્યા ઈન્સાફ થશે—'પાપ પુન્યનો બદલો મળશે—ત્યા અધારૂ નથી'—ત્યા તો હજાર હાથવાળો બેઠો છે એ રાતદિવસની વ્હેવારિક જીદગીમા બોલાતા સામાન્ય સુત્રો છે એ સુત્રો માણસના ખરા સ્વભાવિક ધર્મને સુચવે છે વળી બાઈબલે તથા કુરઆને પણ આજ સ્વાભાવિક ધર્મ શીખવાડયો છે પુર્નજન્મવાદને બુદ્ધિનો પણ ટેકો નથી

શકાશીલ—જો પુનર્જન્મવાદ ન હોય તો મને કહી શકશો કે આ જગતમા કોઈ આધળો જન્મે છે કોઈ દુખ દારિદ્રમા જન્મે છે કોઈ ગરીબ જન્મે છે ત્યારે કોઈ આરોગ્યવાન ભાગ્યવાન અને અમીર જન્મે છે તેનુ શુ કારણ છે ?

મવલાના—મને આ વિષય ઉપર ચર્ચા કરવામા વાધો નથી પરતુ તે વિગતોમા જવા જેવુ થશે માત્ર આ વિશે સ્વાભાવિક—સામાન્ય ધર્મ શુ છે અને શુ હોઈ શકે એટલુજ બોલવાનો અધિકાર છે

પ્રમુખ—મવલાનાનુ કહેવુ સત્ય છે એ તદ્દન જુદોજ વિષય છે માટે તેની ચર્ચામા ઉતરવુ મડળના સિદ્ધાત વિરૂદ્ધ છે માત્ર એ સ્વાભાવિક ધર્મ છે કે નહી એટલીજ

તપાસ ચલાવી શકાશે માટે ચલાવો

મવલાના—ઘણું સારૂ સાહેબ! જુઓ ભાઈ! તમારા પ્રશ્નનો નિવેડો લાવી ન શકાય એમ માનીયે તોપણ એથી એમ તો સિદ્ધ નહી થાય કે આપણે નિવેડો લાવી ન શક્યા માટે પુનર્જન્મવાદ ખરો છે કારણ કે આ પ્રશ્નનો ઉત્તર દેવા આપણે અશકત છીએ આપણું જ્ઞાન એટલુ પર્યાપ્ત છે એમ કહી શકાશે પણ પુનર્જન્મવાદ ખરો છે એ કેવી રીતે કહી શકાશે? સારુંળો! પુનર્જન્મવાદ માનતા તમારે પણ એવા નહી ઉકેલી શકાય તેવા પ્રશ્ન તરફ જવુ પડશે અને એથી માનવુ પડશે કે પુનર્જન્મવાદ ખરો નથી

શ કાશીલ—એવો પ્રશ્ન કયો છે?

મવલાના—જે પુનર્જન્મવાદને ખોટા ઠરાવે છે તે જુઓ! જગતની સર્વ વસ્તુઓ એક બીજાના આધારે ચાલે છે મા ્ણસના માટે રહેવા પૃથ્વીની જરૂર છે પૃથ્વી માહેની વસ્તુઓની જરૂર છે ત્યારે તમારે એમ તો કબુલવુ પડશે કે પૃથ્વીનો અને તે માહેની વસ્તુઓની રચના થયા પછી માણસ રચાયો હશે જો પહેલો રચાયો હોત તો કયા રહેત? અદ્ધર લટકત તો નહીજ? વળી તે બાત પીત શુ માટે માણસ—અગર કોઇ જીવ ધરાવનાર પ્રાણી જે પૃથ્વીની રચના પછીજ થએલુ હોવુ જોઈએ—ન હતો અને હસ્તીમા આવ્યો એ તમારે માનવુજ પડશે ત્યારે હવે કહો કે એ પહેલો પુરૂષ કયા કર્મના કારણે પુરૂષ તરીકે જનમ્યો?

શ કાશીલ—શાસ્ત્રકારો જાણતા હશે

મવલાના—પણ બહેસ—તકરાર તો તમારી સાથે

છે વળી જુઓ તેની અર્ધાંગના સ્ત્રી થઈ હશે ત્યારે તો સસારનો વહેવાર આગળ ચાલ્યો હશે તે કયા કર્મ ના કારણે સ્ત્રી તરીકે અવતારમા આવી ? વળી તેમના બચ્ચા થયા એ કયાથી આવ્યા અને કયા કર્મના આધારે જન્મ પામ્યા ? તમે એ નહીજ કહી શકો ત્યારે પુનર્જન્મવાદ ન્યાય બુદ્ધિથી સિદ્ધ નથી સ્વાભાવિક નથી એમ માનવામા શુ હરકત છે

શકાશીલ--વાત તો ખરી છે અને એમ લાગે પણ છે કે તેવી માથા કુટી વાળી માન્યતા કરતા આ સ્વાભાવિક માન્યતા ઘણી અનુકુળ છે પણ ખરૂ શુ છે—સત્ય શુ છે એ જાણવુ આવશ્યક છે

મવલાના—જેના શુદ્ધ સ્વભાવ–પ્રકૃતિ–અ ત કરણ શાહેદી પુરે તે સત્ય છે જુઓ સાભળો ! પુનર્જન્મવાદ–પાપની શિક્ષા અને પુન્યના બદલાના હેતુને સારી શકતો નથી એ સ્વાભાવિક છે તેમ બીજા દાખલાઓથી બતાવુ છુ જો પુનર્જન્મવાદ ખરો હોય અને પાપની શિક્ષા તરીકે હલકી યોનીયોમા જન્મ થતા હોય જેમ કે માણસ કુતરો, બિલાડો બને વિગેરે તો તેમા કશી શિક્ષા થતીજ નથી, એ જાનવરો પોતાના જાનવરપણાના વર્તુલમા–દરામા અને સ્થિતિમા સુખ માને છે તેઓ ખાય છે પીએ છે બચ્ચાઓને સ્નેહ અને મમતાથી ઉછેરે છે આહાર વિહારની સર્વ લજજતો મેળવે છે અર્થાત તેમની જીદગીને જીવવા જેવી સુખભરી સમજે છે એ જીદગીના ત્યાગને ચાહતા નથી, કેમકે તમે કોઈ વસ્તુ મારવા ઉગામો તો નાશી જાય છે જો માણસના સ્વભાવમા આટલોજ ભય હોય કે લખચોરાશી

યોનીઓમા ફરશુ તો એમા દુખ જેવુ શુ છે? શિક્ષા જેવુ શુ છે? કુદરતી બક્ષીસોની રહેજત જાનવરોને પણ માણસ જેવી મળે છે જાનવરોની જીદગી ખરાબ છે એ તો માણસ પોતાના વર્તુલમાથી જોઇ–પોતાના દૃષ્ટિબિદુથી કહે છે જાનવરોને એ દ્રષ્ટિબિદુ ક્યા હોય છે? તેઓ તો પોતાની દશામા સતુષ્ટ અને સુખી હોય છે માણસ તો દુખથી કટાળી આત્મઘાત કરે છે પણ જાનવરો એટલા સુખી હોય છે કે ક્યાય આત્મઘાત કરતા જોવામા કે સાભળવામા આવ્યા નથી ત્યારે પુનર્જન્મવાદનો શિક્ષાનો હેતુ નાશ થયો કે નહિ?

શકાશીલ—તમારા ન્યાયે તો એવુ ખરૂતો પણ સારા બદલાનો હેતુ ક્યા નાશ પામે છે?

મવલાના—રાજા મહારાજાઓમા જન્મ થવાનુ કારણ તેમના આગલા ભવના પુન્ય છે ખરા કે નહી? ત્યારે બતાવો ઘણા રાજા મહારાજાઓ–અમીરો–શેઠીયાઓ પોતાના પુન્યના ફળથી કટાળી રાજપાટ મુકી અથવા વૈભવ ત્યાગી સન્યાસી કે બાવા શા માટે થઈ જાય છે? આટલી બધી સુખ વૈભવની સામગ્રી હોવા છતા આત્મઘાત શા માટે કરે છે? કૈલાસવાસી ઈંદ્રને પણ ઈર્ષા થાય એવા મહેલાતમા રહેતા–રાસ રમતા એ પુન્યશાળીઓ શા માટે જીદગીથી કટાળે છે? આ અવતાર તેમને સુખનો મળ્યો કે દુખનો? ત્યારે આ વિચાર કર્યાથી એમ સિદ્ધ થતુ નથી કે જે હેતુસર પુનર્જન્મની માન્યતા ધરાવવામા આવે છે તે હેતુ એથી લગારે સરતો નથી? જુઓ આપણે પુરૂષ પ્રથમ સૃજાયો કે સ્ત્રી? એ વિશે વિચાર કરી જોયો પણ હવે હુ બીજો

પ્રશ્ન કરૂ છુ મનુષ્ય વર્ગ પ્રથમ સૃજાયો કે પ્રાણીવર્ગ પ્રથમ સૃજાયો ?

શા કાશીલ—(શુ કહેવુ તેવો વિચાર કરતા) મનુષ્ય વર્ગ પહેલા સૃજાયો હશે

મવલાના—હશે શા માટે કહો છો ચોક્કસ કા કહેતા નથી ? પરતુ કાંઈ નહી હુ તમારૂ કહેવુ માન્ય રાખી પુછુ છુ કે જો એમજ હોય તો આપણે જે પ્રાણીયો જોઈએ છીએ તે બધા પાપી મનુષ્યોના અધમ અવતાર છે એમ પુનર્જન્મવાદમા મનાય છે, કેમ ખરૂ કે નહી ?

શા કાશીલ—હા માન્યતા તો એવીજ છે

મવલાના—ત્યારે મનુષ્ય અવતાર ઉચો અને પ્રાણીયોનો અવતાર અધમ–નીચ એતો દેખીતુ છે ? અને પ્રાણીયો–જાનવરો આગલા ભવના કર્યા કર્મની શિક્ષા ભોગવતા અધધ જીવો છે કેમ એ માનો છો કે નહી ?

શા કાશીલ—બેશક એવીજ માન્યતા છે

મવલાના—માણસ કરતા પ્રાણીયો–જાનવરો ઉતરતા હલકા–અધમ છે એવી માન્યતા તમારી સ્વાભાવિક છે બુદ્ધિ અનુસાર છે કે તમારી ધારણ કરેલી માન્યતા છે એ કહેશો ?

શા કાશીલ—વિચિત્ર પ્રશ્ન કરો છો ? પ્રાણીયો અને જાનવરોના માણસ કરતા નીચા અને ઉતરતા હોવામા કોઈનેએ શક હોય ? એ તો સ્વાભાવિક અને બુદ્ધિ અનુસાર માન્યતા છે

મવલાના—ત્યારે જેને જાનવરોનો અવતાર મળે છે તે પાપની શિક્ષા ભોગવવા માટે અધમ ખોળીયામા જન્મ

લે છે અને તે અધમ હોય છે એ કબુલો છો ?

શંકાશીલ—તમે મવલાના કાંઈ મુઝાયા દેખાઓ છો એકનો એક સવાલ ફેરવી ફેરવી વારંવાર કરો છો

મવલાના—હું મુઝાયો નથી તમે મુઝાઈને ફરી ન જાઓ માટે વારંવાર પુછીને ચોક્કસ કરૂં છું

શંકાશીલ—(હસે છે) મવલાના ! મને ફરી જવાનું કાંઈ કારણ નથી મેં જે કહ્યું છે તે ચોક્કસ કહ્યું છે

મવલાના—હું ઘણો ખુશ થયો ત્યારે કહો વારૂ **ગાય*** જેને તમે ગૌમાતા કહી પુજો છો તે કર્યા કર્મની શિક્ષા ભોગવતો પાપી અને અધમ જીવ છે, કેમ ખરૂં કે નહીં ?

સૌ એક બીજાના મોહ સામે જુવે છે ખામોશી ફેલાઈ જાય છે મી૦ શંકાશીલ ગભરાટે બોલી શકતા નથી

મવલાના સહુની સામે હાથ જોડીને કહે છે " **ગાય** વિશે આવો પ્રશ્ન કરતા જો કોઈની લાગણી દુખાઈ હોય તો હું ક્ષમા માગું છું મ્હારો મુદ્દો સિદ્ધ કરવા ખાતર મ્હારે આ પ્રશ્ન કરવો પડયો છે એક તરફ તમે સહુ **ગાય** ને પુજો છો-તેના ગુણ ગાન ગાઓ છો મહિમા વધારો છો-પોતા કરતા ઉચ્ચ સમજી પુજો છો, અને બીજી તરફ તમારો પુનર્જન્મવાદ **ગાય**ને અધમ અને હલકા-પાપી જીવ ગણે છે એ કેવી અસંગતિ યુક્ત બીના છે ? ખરી વાત તો એ છે કે જોતા તમારે **ગાય**ને કર્યા કર્મની શિક્ષા

---

* "જેઓ બ્રહ્મહત્યા કરે છે તેઓ મરણ પામી કુતરા, ડુક્કર, ગધેડા, ઉંટ, **ગાય**, બળદ, બકરી, હરણ, વિગેરે જાનવરો અને ચંડાળ વિગેરેની યોનીમાં જાય છે ' મનુ

પામતો અધમ જીવ માની પુજવુ ત્યજી દેવુ જોઇએ અને કાતો પુનર્જન્મવાદને તિલાજલી આપવી જોઇએ

શ કાશીલ—મનુષ્ય પ્રાણી વર્ગ પહેલા સૃજાયો છે એમ કહેવામા મે ઉતાવળ ભરી ભુલ કીધી છે, એ હુ જોઇ શકુ છુ EVOLUTION (પ્રગતિ–શાસ્ત્ર) ના નિયમે સર્વ વસ્તુઓ અનુક્રમે નીચેથી ઉપર ચઢતી જાય છે મનુષ્યની હસ્તી પહેલા વનસ્પતિ અને પ્રાણીયોની હસ્તી જરૂરી છે કારણ કે મનુષ્યનો નિભાવ પૃથ્વી વનસ્પતિ અને પ્રાણી ઉપર રહેલો છે જો એ પ્રથમથી હોય નહી તો મનુષ્ય સભવે નહી માટે હુ ફરીવાર ભુલ સુધારી કહુ છુ કે પ્રાણીયો એટલે જાનવરો મનુષ્યની અગાઉ સર્જાયા છે

મવલાના—તમે ફરી ગયા એર, કાઇ હરકત નહી તમે હવે કહ્યુ તેજ સત્ય છે ત્યારે આપણી તકરારના અંગે તમે એમ કહેવા માગો છો કે મનુષ્યના અગાઉ સર્વ પ્રાણીયો હતા અને તે પ્રાણીયોએ સારા કર્મ કર્યા એટલે મનુષ્યનો અવતાર પામ્યા?

શ કાશીલ—જીહા એજ મારો ભાવાર્થ છે

મવલાના—પ્રાણીયોને સારા નરસા, શુભ અશુભનુ જ્ઞાન છે? તેને સારૂ કરવાની અને નરસુ ત્યજવાની બુદ્ધિ છે?

શ કાશીલ—તેને બુદ્ધિ તો નથી તેમ તે સારૂ નરસુ અને શુભ અશુભ સમજી શકતા હોય તેમ પણ કહી શકાય નહી

મવલાના—બેશક એ નહીજ કહી શકો પ્રાણીયો તો જે કાર્ય કરે છે તે પ્રેરણા બુદ્ધિથી કરે છે તેમના કૃત્ય માટે પ્રાણીયો જોખમદાર નથી પરતુ તેમનામા

પ્રેરણા બુદ્ધિ જેણે મુકી છે તે જોખમદાર છે વળી તેઓ જે વર્ગના હોય છે તે વર્ગના સ્વાભાવથી કાંઇ વધુ કરે છે ન કાંઈ ઓછું જે કાઇ ઓછુ વધતુ દેખાય છે તે જુદા જુદા સંજોગોને લઇને હોય છે પણ તેઓ તો સ્વભાવે, રીત ભાતે અને વર્તણુકે એકજ પ્રકાર અને પ્રકૃતિના હોય છે ત્યારે કહો તેઓ કયા પોતાથી કીધેલા શુભ કર્મના બદલામા આ મનુષ્ય દેહ પામ્યા? મનુષ્ય દેહ પામવા માટે જે જે શુભ કર્મોની આવશ્યકતા છે તે તે શુભ કર્મનો બાધ તેમને કોણે આપ્યો? શુ જાનવરોમા તેમને ઉપદેશવા કોઈ મહાત્મા જાનવરે કે ઋષિ મુનિએ અવતાર લીધો છે? કોઇ ધર્મ શાસ્ત્ર તેમને મળ્યુ છે? જ્ઞાન ધ્યાનની કાંઈ ચર્ચાઓ ચાલી છે? બુદ્ધિ ધરાવતા મનુષ્યને શુભ અશુભ, પાપ પુન્ય સમજવા કરવા ઉપદેશકો અને ધર્મ શાસ્ત્રોની જરૂર હોય અને બુદ્ધિ હિણ જાનવરોને તેવી જરૂર ન હોય એમ તો નહીજ કહી શકાય ભાઈ શંકાશીલ! જ્યારે સર્વ જાનવરોજ હતા ત્યારે તેમને મનુષ્યમા આવવા જરૂરી જ્ઞાનદાન દેવાયુ હતુ એમ પણ નહી કહી શકાય કારણ કે હાલ પણ અસંખ્ય જાનવરો છે અને તેમને ઉચા મનુષ્ય દેહમા આવવાની એજ જરૂરત કાયમ છે પરંતુ આપણે કાંઈ મહાત્મા જાનવરને જોતા નથી તેમની એવી જ્ઞાન ચર્ચાની મંડળીઓ દેખતા નથી શુ આ સર્વ બાનાઓનો વિચાર કરતા પુનર્જન્મવાદ ખરો નથી એમ સિદ્ધ થતુ નથી?

શંકાશીલ—તમારી ચર્ચા ઉપરથી તો એમજ લાગે છે હુ તો હમેશા ધર્મની વાતોને શંકાનીજ નજરથી જોતો હ્તો છુ મ્હારે તો મ્હારા શંકાશીલ હોવાના વ્યાજબી

પણાને સિદ્ધ કરવુ હતુ તે થઈ ગયુ

મવલાના—તમે એ તાત્પર્ય કાઢયુ હશે પણ તમે મ્હારો ઉદ્દેશ સમજ્યા નહી ભાઇયો! મ્હારી બેહસના પરિણામ ઉપર વિચાર કરો ઇસલામ શીખવે છે કે તમે જો ઇસ્લામના નિયમે ચાલશો તો આ લોકમા શાંતિ અને સલામતી પામી પર લોકમા સ્વર્ગે (જન્નતમા) જઈ શાંતિ અને સલામતી ભોગવશો જો ઇસ્લામના નિયમે નહી ચાલો તો નર્કે-દોઝખમા જશો ત્યારે પુનર્જન્મવાદ શીખવે છે કે તમે હીંદુધર્મે ચાલશો તો તમે લખચોરાશીમા નહી ફરો નહી તો લખચોરાશીમા ફરશો ભાઇયો જો ઇસ્લામ ધમનો નિયમ ખરો નીકળ્યો અને આપણે તે ઉપર ચાલ્યા નહી તો દોઝખની અગ્નિની શિક્ષા પામીશુ અને જો પુનર્જન્મવાદ ખરો નીકળ્યો અને તે ઉપર ન ચાલ્યા તો હલકી યોનીઓના અવતારમા ફરીશુ પણ આ સંસારમા ભલે કુતરા બીલાડાજ બનીને રહેવાનુ હોય, સંસારમા રહી મોજમજા તો માનીશુને? ત્યારે ખરૂ ડહાપણ ઇસ્લામના સ્વિકારમાજ ખરૂને? હુ મુસલમાન થઈ ગયો હવે જો એ ધર્મ ખોટો હોય તો મે શુ ગુમાવ્યુ? સંસારમા સુખે અને માનપુર્વક રહ્યો અને મર્યાપછી પણ હલકી યોનીઓમા લહેર કરતા રહ્યો પણ જેઓ ઇસ્લામ વિરૂદ્ધના નિયમે ચાલ્યા તેઓ તો નિરંતરની આગનાજ ઇંધણ થયાને? (હીયર-હીયર-થાય છે)

શંકાશીલ—સ્વર્ગ અને નર્ક કોણે જોયા છે? કોઇ જઇને જોઇ આવ્યા છે? આપણે તો નજરે દીઠા વિના કશુ માનતા નથી એ તો બધા અનુમાન છે અનુમાન

તો આમે બધાય અને તેમે બધાય

પ્રમુખ—(મવલાનાને જવાબ આપવા તેયારીમા જોઇ) ‘હુ સમજુ છુ કે આ વિગતાનો ચર્ચા થશે ’

મવલાના—નહી સાહેબ! આ સ્વભાવિક ધર્મને સિદ્ધ કરશે કેમકે સ્વભાવિક ધર્મનો આરભ જન્મથી થાય છે અને સ્વર્ગમા તેનો અત આવે છે

મી૦ નિરપક્ષપાતી મી૦ ધર્મવિલાસી તથા **મીસ સુશીલા** સહુ સાભળવા ઉત્સુક હોઈ આગળ ચલાવવા ભલામણ કરે છે

પ્રમુખ—ઓલ રાઈટ

મવલાના—ભાઈ શકાશીલ આવા પ્રશ્ન ઘણા કરે છે પણ તેઓ લગારે વિચાર કરતા નથી અનુમાન જે તરફ વધારે સાહેદીઓ હોય તે તરફ વધારે બધાય

શકાશીલ—પણ નજરે જોઇને માનવુ વધારે સલામતી ભરેલુ છે જો તે ભુલ હોય તોપણ સલામતીની બાજુની ભુલ છે

મવલાના—વારુ તમે જર્મન યુદ્ધ નજરે જોયુ છે

શકાશીલ—મે જોયુ નથી

મવલાના—તે યુદ્ધ થયુ હતુ તે માનો છો?

શકાશીલ—લોકો કહે છે

મવલાના—સુર્ય પૃથ્વી કરતા ન્હાનો કે મ્હોટો

શકાશીલ—મ્હોટો

મવલાના—પણ નજરે ન્હાનો દેખાય છે પૃથ્વી ગોળ કે સપાટ

શકાશીલ—ગોળ

મવલાના—પણ નજરે નપાટ દેખાય છે

શકાશીલ—પણ એ વસ્તુઓ તેવી હોવા વિશે શાહેદીયો કેટલી છે?

મવલાના—ત્યારે નજરે જોવાની વાત તો ન રહીને? જેના અસ્તિત્વની શાહેદીયો હોય તેનુ અસ્તિત્વ માનવુ જોઈએ

શકાશીલ—પણ આ વસ્તુ તો મ્હોટી હોઈ ન્હાની એ દેખાય છે ને? પૃથ્વી ગોળ નહી તો સપાટ દેખાય છે ને? સ્વર્ગ અને નર્ક ન્હાનુ કે મ્હોટુ ક્યા દેખાય છે?

મવલાના—તમે દરેક કાર્ય કર્યા પછી સ્વર્ગ નર્ક જોતા નથી?

શકાશીલ—ના ભાઈ જોતા હોઉ તો આમ ઇન્કાર કરૂ?

મવલાના—કોઈ નેક-પુન્યનુ કામ કર્યા પછી તમે આનદ અનુભવતા નથી? કોઈ ભુડુ કામ કર્યા પછી તમને પશ્ચાતાપ થતો નથી?

શકાશીલ—એતો થાય છે

હીયર, હીયર, સત્ય છે સત્ય છે ના અવાજો સભાને ગજવી મુકે છે

મવલાના—આ આનદ તમારા સ્વભાવમા રહેલુ સ્વર્ગ અને પશ્ચાતાપ તમારા સ્વભાવમા રહેલુ નર્ક છે તમે જે સુકૃત્ય-નેક કામ કરો છો અને તેને લીધે તમારા માટે જે સુખ સામગ્રી સ્વર્ગમા તૈયાર થાય છે તે સુખ સામગ્રીના પ્રતિબિબ તમારા મનના આયના ઉપર પડે છે અને તેથી તમે આનદ અનુભવો છો અને એવીજ રીતે

તમે જે કુકૃત્ય-બદકામ કરો છો અને તેને લીધે તમારા માટે જે દોઝખ તૈયાર થાય છે તે દોઝખના પ્રતિબિંબ તમારા મનના આયના ઉપર પડે છે તેથી તમે દુઃખની લાગણી અનુભવો છો આવી રીતે તમારો સ્વભાવ ગાહેદી પુરે છે આકાશી કિતાબો અને મહાન પૈગમ્બરો અને મહાત્માઓ ગાહેદી પુરે છે આટલી બધી ગવાહીઓ હોવા છતા તેને નહી માનો ?

શરીફ કાશીલ—આપણે તો આંખે જોયાની વાત માનીએ

મવલાના—તમે વ્હેવારમા અનુભવો છો કે કોઈ વાત એકાદ માણસ જુવે છે અને બીજા તેના જોયાને માની અનુકરણ કરે છે એ પ્રમાણે કોઈ એકાદે જોયાની ગવાહીનુ અનુકરણ કરશો કે બધાઓએ તે માનવા માટે જોવુ જોઈએ ?

શરીફ કાશીલ—ના કોઈ નજરે જોઈ આવેલા કહે તો માનુ પણ એવા તો કોઈ છેજ નહી જે નજરે જોઈ આવ્યો હોય

મવલાના—એવો કોઈ માણસ હોય અને તે કહે તોપણ તમે ન માનો તો ?

શરીફ કાશીલ—શા માટે ન માનીયે ? અમે તો એવાને શોધીએ છીએ

મવલાના—ત્યારે હુ કહુ છુ કે હુ તે જોઈ આવ્યો છુ જેવુ સ્વર્ગ અને નર્ક કુરાનમા વર્ણન થયુ છે તેવુજ છે

શરીફ કાશીલ હસે છે બીજાઓ પણ હસે છે

મવલાના—ભાઈ ! હુ કહુ છુ કે હુ જોઈ આવ્યો છુ ત્યારે કેમ માનતા નથી ? અને ઉલટા હસો છો ?

શરીફ કાશીલ—હુ પાકો વડો છુ એવી હસવા જેવી

વાતતો માનુ ?

મવલાના—ત્યારે તો જોઈ આવેલો જે તમને કહેશે તેને તમે નહી માનો માટે જોઈ આવ્યાની માગણી તમારી **જુઠી છે** એટલુ બોલી મવલાના ખુલાસો કરે છે ભાઈઓ! આવી માગણી દરેક કરે છે અને પોતે તેથી જુઠો સતોષાય છે એ સિદ્ધ કરવાનો મારો હેતુ છે, પણ જો કોઈ જોઇ આવ્યાનુ કહે છે ત્યારે તેને હસી કાઢવામા આવે છે

શકાશીલ—ઠીક કહો કેવી રીતે જોઈ આવ્યા ?

મવલાના—આહી જુદા જુદા ધર્મના પ્રતિનિધિઓ બેઠા છે માટે મારી વાણીમા કાઇ અન ઇચ્છિત તત્વ દેખાય તો માફ કરશો એવી આશા છે

હુ મ્હારા મુરશદની સાથે મુસાફરીમા હતો એક જગલમા મર્ણ પામ્યો મને કબરમા દાટી દીધો હુ કબરમા શુદ્ધિમા આવ્યો ત્યારે સમજ્યો કે હુ મર્ણ પામ્યો છુ, અને છેલ્લે ધામે પહોચી ગયો છુ ઘણો ગભરાયો અધકાર, ભય અને ત્રાસ વ્યાપી ગયો ભયકર અવાજ થયો બે રાક્ષસી દુતો ગદાઓ સહિત હાજર થયા તેમની આખોમાથી અગ્નિના ભડકા નીકળતા હતા ભયકર રૂપ જોઈ હુ તો રહ્યુ સહ્યુ ભાન પણ ભુલી ગયો એકે પુછ્યુ—"કયો ધર્મ પાળતો ? ઝટ જવાબ દે" હુ ઘભરાએલો બોલી ઉઠયો—"હીદુસ્તાનમા પળાય છે તે ધર્મ" એક ગદા પડી ભુકા થઇ ગયા પાછો ભાનમા આવ્યો એજ પ્રશ્ન થયો ખ્રિસ્તિ ધર્મ જવાબ દેવાઇ ગયો ગદા પડી એમ દરેક પ્રશ્નના જવાબ દેવામા દુન્યાના સર્વ ધર્મ બતાવ્યા અને દરેક ઉત્તરે ગદા ખાધી દોઝખની અગ્નિના ભડકા નિકળવા

ગરૂ થયા, ઘણો મ્હીન્યો લગાર સ્વસ્થ થવાની હિંમત કીધી, વિચાર કર્યો કે હવે હુ શુ કહીશ ? યાદ આવ્યુ કે ભુંડા જે ધર્મમા મર્યો તેનુ નામ કેમ લેતા નથી ? વિકાળ જમો તરફથી સવાલ થયો—"**ઇસ્લામ**" જવાબ દીધો એ જમદુતો ફિરિશ્તાના રૂપમા બદલાઈ ગયા સ્વર્ગની લીલા પ્રગટી નીકળી હુ ઘણો ખુશ થયો વિચાર્યુ કે પહેલાથીજ ઈસ્લામ કહ્યુ હોત તો ગદાઓ તો ખાવી ન પડત થોડી વાર પછી ફિરિશ્તાઓ પાછા હઠવા માંડયા સ્વર્ગની લીલા અદ્રશ્ય થવા લાગી મે તમને કહ્યુ—'આ શુ થાય છે ?' તેમણે કહ્યુ—"તને દુનિયામા પાછો મોકલવાનો છે' મે પુછ્યુ—"શા માટે ? મ્હારે તો જવુ નથી' તેમણે કહ્યુ—"મી૦ શાકાશીલ જેવા હજુ ઘણાઓ એવા છે કે સ્વર્ગ નર્ક કોણ જોઇ આવ્યુ છે ના સવાલો કરે છે તેવાઓને જવાબ દેવા તને પાછો મોકલવા હુકમ થયો છે'

શંકાશીલ—(પુકારી ઉઠે છે) મવલાના સાહેબ ઘણી તીવ્ર કલ્પના શક્તિ ધરાવો છો કોઇ કલ્પિત વાર્તા સારી લખી શકો છો

મવલાના—જોયુ ભાઇઓ ! હવે માનતા નથી

મીસ સુશીલા ઘણી હસે છે બાનુઓ પણ ખડખડ હસે છે સભાસદો મવલાનાને ધન્ય ધન્ય છે, ઠીક મહાત દીધી પુકારે છે પ્રમુખનુ હાસ્ય પણ રોકાતુ નથી મવલાના સર્વેના આનંદ લે છે પછી જ્યારે શાંત થાય છે ત્યારે કહે છે

ભાઇયો ! ત્યારે તો જો કોઈ બરોએ આવીને કહે તો તેની આવીજ ગત બનાવોને ?

સુશીલા—નજરે જોઇ આવેલો કહે તોજ માનવુ એ દલીલ હોઇજ શકે નહી

મવલાના—(ઘણા ગભીર ભાવે કહે છે) તોપણ ઇસ્લામ કામિલ-નિપુણ ધર્મ છે તે સ્વભાવિક છે કામિલ નિપુણ હઝરત પેગમ્બર સાહેબની મારફતનો કર્તા સ્થાપિત ધર્મ છે તેની દલીલો પણ નિપુણ છે જો કે સર્વ માન્ય ગણ્યુ છે કે આવી દલીલ માગવી અયોગ્ય છે તો પણ કેટલાક એવી માગણી કરનારા હોય છે એવાઓને સંતોષવા તેમને ગફલામા રહેતા બચાવવા એ દલીલ પણ ખુદાએ હઝરત પેગમ્બર સાહેબને બક્ષી છે જેથી તેમની નિપુણતામા કોઈને લગારે શકા રહે નહી

સર્વ પુકારે છે 'એ શુ છે? એ શુ છે? જલદી કહો"

તે **મેઅરાજ** છે ખુદાએ પોતાના એ પેગમ્બરને પોતાની રચનાની નહાની મ્હોટી લીલા આકાશોમા બોલાવી તાદ્રશ્ય દેખાડી છે જે ઇસ્લામી સાહિત્યમા અગત્યની પદવી ધરાવે છે કહો ભાઇ શકાશીલ ! હઝરત પેગમ્બર સાહેબ કરતા બીજો કોણ વધારે છે કે જેના જેયાન માનશો?

સભાસદો "બોલો હઝરત પેગમ્બર સાહેબની જય' ના પોકારો કરે છે મવલાના સમાપ્તિ કરે છે

મહાશયો ! સ્વાભાવિક જેમા પ્રજાનો દેશનો કે વ્યક્તિનો પક્ષપાત ન હોય સમાનતાવાળો વ્યવહારિક-કર્તા સ્થાપિત ધર્મ-જેવી રીતનો માગવામા આવે તેવી રીતની દલીલોથી સિદ્ધ કરી શકાતો ધર્મ હુ રજુ કરી ચુક્યો છુ ઇસ્લામ-વિશ્વધર્મ છે ઇસ્લામ જેણે કબુલ કર્યો તે સમગ્ર વિશ્વના સમગ્ર સત્ય શિક્ષકોનો શિષ્ય બન્યો દુનિઆની શરૂઆતથી માણુસ જાતમા એક લાખ ચોવીસ હજાર પેગમ્બરો સત્ય સદેશા શીખવાડવા આવ્યા કુરઆનમા સ્પષ્ટ શબ્દોમા કહેવામા આવ્યુ છે કે—**લે કુલ્લે કવમિન**

હાદ–દરેક પ્રજાને સન્માર્ગે દોરનાર મળ્યો છે જ્યારે દુનિઆની પ્રજાઓનો વ્યવ્હાર એકત્ર થવા લાગ્યો ત્યારે સહુના છેલ્લા **હઝરત મોહમ્મદ** (સ૦) આવ્યા અને પોતાનો અમર સંદેશો હયાત મુકી ગયા ત્યારે હઝરત મોહમ્મદ સ૦ ને જે કબુલ કરે છે માને છે તે સર્વને માને છે મુસલમાન, ખ્રિસ્તિયોના યાહુદીયોના બીજી પ્રજાઓના આર્ય ભુમીના સર્વ પૈગમ્બરોને માને છે, તેથી તે વિશ્વધર્મી અને સર્વદેશવાસી વ્યક્તિ છે પણ બીજાઓ હઝરત મોહમ્મદ (સ૦) નો સદેશ નહી માનતા હોવાથી વિશ્વધર્મી કહી શકાશે નહી તેઓની ભાવનાઓ અને ઉદ્દેશો સર્વદેશવાસી વ્યક્તિ જેવા હોઈ શકે નહી એટલુ બોલી ખુદાનો શુક્ર ગુજારૂ છુ અને પ્રાર્થના કરૂ છુ કે ખુદા આપણ સહુને તેનો જે સન્માર્ગ હોય તે સન્માર્ગ ઉપર સીધા દોરે આપણે સહુ પ્રજાઓ સલાહ સંપ અને શાંતિ સલામતીના આશયોથી એકત્ર બધાઇ વિશ્વપતિનો મહિમા સ્થાપીયે આમીન ભાઈયો! હવે તમારો સહુનો પણ બગ જીગરથી આભાર માનુ છુ અને બેસવાની રજા લઉ છુ

પ્રમુખ—વિશ્વ-ધર્મ મંડળ તરફથી મવલાનાનો આભાર માને છે મીસ સુશીલા કલ્પનાપુરીની બાનુઓ તરફથી મવલાનાને ફુલોનો હાર અર્પે છે

અલ્લાહો અકબર અને વંદેમાતરમના અવાજોથી સભા ગાજી ઉઠે છે અને હઝરત પૈગમ્બર (સ)ના જય-નાદની સાથે સભા વિસર્જન થાય છે

વસ્સલામો અલા મનિતતબેઅલ હુદા

ઉપદેશ—સન્માર્ગના પથીને શાતિ અને સલામતી હોજો

૭૮૬

વિશ્વધર્મ-ઇસલામ.

ભાગ ૨ જો.

વલીમોહમ્મદ મોમિન

રંગમાં ભંગ.

વિશ્વધર્મ મંડળની ત્રીજી સભા ભરાયાને લગભગ આઠ માસ થઈ ગયા છે તેના સર્વે મેમ્બરો તે વિષેની ચર્ચા લગભગ ભુલી ગયા છે કોઈ કોઈ વાર પ્રસંગોપાત તેની વાત નીકળે છે ત્યારે તે વખતે પ્રાપ્ત થએલા આનંદને યાદ કરે છે, પણ એકંદર એ વિષેનો ઉત્સાહ મંદ પડી ગયો છે

આજે સુશીલાની ૨૪ મી વર્ષ ગાંઠ (સાલ ગીરાહ) છે તેની ખુશાલીમાં તેણીએ સર્વ મિત્રોને સાંજના પાર્ટી આપી છે વિશ્વપ્રેમી, ધર્મવિલાસી નિષ્પક્ષપાતી ગંભીર શીલ વિગેરે બહુ કલ્પનાપુરીની બહાર આવેલા તેણીના બગીચામાં અગાઉથી આવી હાજર થયા છે બહેનની વર્ષ ગાંઠ એટલે ધર્મવિલાસી પણ આજ ઘણો આનંદ અને હર્ષમાં છે ને પધારતા મહેમાનોના સ્વાગતમાં સુશીલાની મદદ કરે છે સુશીલા સર્વ મહેમાનોની મુબારકબાદીઓ સ્વિકારતી સર્વને આવકાર આપતી હર્ષ ઘેલી આમ તેમ બંગલામાં ફરે છે એવામાં કલ્પનાપુરીના નગર શેઠ કરોડપતી ઝવેરી જગમોહનરાયનો પુત્ર વિનયરાય જે ન્હાનપણથી લાડમાં ઉછરેલો હોઈ તથા ધનાઢય હોઈ બદમાશ અને વંઠેલ થઈ ગયો હતો, અને તેની મગરૂબી અને છાકટપણાના કારણે લોકો તેને "ઉદ્ધતરાય" ના નામથી ઓળખતા હતા દારૂના નિશામાં ચકચુર થએલો દાખલ થાય છે ઉદ્ધતરાયની મગરૂર અને બેઅદબી ભરી રીતથી સર્વ ત્રાસ પામતા હતા પણ નગર શેઠના પુત્ર એટલે તેનો અદબ કર્યા વગર ચાલે તેમ ન હતુ સર્વ ઉભા થઈ જાય છે, તેનો સત્કાર કરે છે અને

મુખ્ય આસન ઉપર બેસાડવામા આવે છે

આ જલસામા જીવસ્યાનો ચુસ્ત હીમાયતી તુમાખીદાસ પણ હાજર હતો તે અને ઉદ્ધતરાય અગાઉ ગાઢ મિત્ર હતા પણ હાલમા તેમની વચ્ચે સખત અટસ હતો તુમાખીદાસની પ્રકૃતિ તામસ હતી તે ઉદ્ધતરાયની ઉદ્ધતાઈ સાખી શકતો નહી અને તેથી તેના ઉપર કાઇને કાઈ ટીકા કરતો પરિણામ બને વચ્ચે સખત બોલાબોલી અને લડાઈમા આવતુ ઉદ્ધતરાયની હાજરીથી અહી એવા પ્રસગ ઉભો ન થાય એટલા માટે તે ત્યાથી સરકી જવાનો વિચાર કરે છે પણ ધર્મવિલાસી તેને રોકી રાખે છે

ધર્મવિલાસી—(ઉદ્ધતરાયને વિનય પુર્વક કહે છે) આજે મોટી કૃપા કીધી

ઉદ્ધતરાય—(ગરાબના નિશામા) સુશીલાની વર્ષ ગાઠમા હાજરી ન આપુ એ કેમ બને? પણ આજે કાઈ ગાનતાન ઉડશે કે કેમ?

ધર્મવિલાસી—જી હા 'રક નિવાસમા' એક ગવઇયો ઉતરેલો છે તે સગીતમા એવો કાબેલ ઉસ્તાદ અને પ્રવિણ છે કે 'સુરીલીખાન' (સગીત મુર્તિ)ના નામથી ઓળખાય છે, અમે સગીત વિલાસી છીએ અને ઘણા ઉસ્તાદોને સાભળ્યા છે પણ આવો સગીત પ્રવિણ હજુ સુધી જોયો નથી તમે સાભળશો તો છક્જ થઈ જશો

ઉદ્ધતરાય—પણ તે છે ક્યા?

ધર્મવિલાસી—વિશ્વપ્રેમી અનેસુશીલા તેને આમત્રણ આપી આવ્યા છે વખત થઈ ગયો છે તે આવતો હશે

ઉદ્ધતરાય—ત્યારે તો બહુ સારૂ થયુ હુ આવ્યો!

આજે હુ વહેલા સવારનો બહાર નીકળ્યો છુ એટલે મન અળસાતુ હતુ

એવામા એક શરીરે રૂષ્ટપુષ્ટ કદાવર ભરપુર દાઢી વાળો કન્તિવાન મુખાર્વિંદ વાળો મુસલમાન ગૃહસ્થ દાખલ થાય છે તેના આવવાનો પ્રભાવ એવો હતો કે સર્વ જણા ઉભા થઈ તેને માન આપે છે પણ પાછળથી તે આવનારો મુર્ગીકીખાન ગવૈયો હતો જાણી સર્વ જણા વધુ પડતુ માન અપાયુ ગણી શરમાય છે

મુર્ગીકીખાન આસન લે છે, અને સીતારના તાર મેળવી આઆઆ શરૂ કરે છે પહેલીજ તાનમા સર્વ મેહફીલ લોટપોટ થઇ જાય છે ગરજતા પણ અતિ મધુર કઠમાથી નીકળતા **"સબમે ઝહુર તેરા, સબમે હે નુર તેરા"**ના તાન પલટા આખા જલસા પાસેથી વાહવાહ, વાહવાહની બ ડાગી વસુલ કરે છે ઉદ્ધતરાય પણ વાહ ઉસ્તાદજી વાહ ઉસ્તાદજી કહી પુરી દાદ આપે છે સર્વ જલસો મસ્ત થઈ જાય છે ગઝલ પુરી થાય છે–ઉદ્ધતરાય કોઈ ગાયનની ફરમાયશ કરે છે મુર્ગીકીખાન તે ન ગાતા બીજી કવ્વાલી ગાય છે તે પુરી થાય છે ત્યારે વળી પાછો ઉદ્ધતરાય ફરમાશ કરતા કહે છે–

ઉસ્તાદજી! કોઈ જીગરકો તડપાને વાલી દીલકો કડકાને વાલી ઇશ્કીયા ગઝલ ગાઓ તુમને યે દોનો ગઝલે બહોત અચ્છી ગાઇ મગર યે તો હિન્દોકી મહેફિલ હય ચહાતા કોઈ માશુકકી ઓર શરાબ કબાબકી ગઝલ ચાહીએ

મુર્ગીકીખાન કાઈ જવાબ ન દેતા નીચેના શએર ગાય છે—

*નફસે અમ્મારાકો યેહી ફિક્રહે આઠો પહર,
આશિકે લઝઝાતે દુન્યાવી રહો તુમ ઉમ્રભર,
તાકે નખ્લે ઇમ્તેહા હરગીઝ ન હોવે બારવર,
ફેરદે નારે જહન્નમમે વોહ આખિર રૂઠકર.

મુસીકીખાનના સગીતમા સહુને ઘણોજ રસ આવ્યો હતો તેમને તેનુ સગીત સ્વર્ગિય લાગતુ અને તેમના આત્માના નાજુક તારોને ઝણુકાવતુ એટલે સહુ વધુ સાભળવા ઉત્સુક હતા પણ હવે રગમા ભગ પડવા જેવુ થયુ આથી સહુ ગભરાયા વળી તેઓ ઉદ્ધતરાયની પ્રકૃતિથી વાકેફ હતા અને તે હાલ નિશામા ચકચુર હતા એ જાણતા હતા એટલે વધુ ગભરાયા અને તેથી મામલો શાન્ત પાડવા સુશીલાએ મુસીકીખાનને કહ્યુ "જો હરકત ન હોય તો સાહેબની એટલી વાત રાખશો"

મુસીકીખાન—મને મ્હારા ગુરૂની આજ્ઞાની હરકત છે

ઉદ્ધતરાય—દેખો! તુમારા કામ નિકમ્મા નહી જાયગા હમ કૌન હય તુમ જાનતા હય? હમ બડા સાહુકાર હય બ્હોત ઇનઆમ દેગા

મુસીકીખાન—હમ ઇનઆમકા ભુકા નહી હમતો હમારે ગુરૂકી ખુશીકા ભુકા હે તુમ્હારી દૌલત તુમકો મુબારિક

ઉદ્ધતરાય ઘણોજ ચીરડાઈ જાય છે તુમારીદાસ

*મન કામનાઓ દરેક વખત એજ ફિકરમા રહે છે કે તમે આખી ઉમર દુન્યાની લજ્જતોના આશિક બનીને રહો, જેથી તમે આ દુન્યામા જે પરિક્ષા માટે મોકલવામાં આવ્યા છો તે પરિક્ષાનુ વૃક્ષ ફળે નહી અને છેવટ તે ગુસ્સે થઇ તમને જહન્નમની અગ્નિમા નાખી દે

બોલવા તલપાપડ થાય છે સુશીલા ઉદ્ધતરાયને સમજાવે છે

ઉદ્ધતરાય—એક અદના ગવૈયો આમ મ્હારૂ અપમાન કરે એ નજ સાખી શકાય જો તે માફી ફરમાવ પુરી કરી ગાઇ તોજ હુ બેસી શકુ

સુશીલા —(મુસીકીખાનને) ખાન સાહેબ અમારી ખાતર તેમની ફરમાશ પુરી કરશો નહીંતો જરા નામા લાગણુ પડશે

મુસીકીખાન—હમ ગાનેકા હરામ નહિ સમજતે હય હમારે ગુરૂને કભીભી કહા હુક્કાની ગાના ગાનેકા પરવાનગી દી હય હમકો દોલતકા નશા બતાતા હય? હમ સાને ચાંદી પર ગુકતે તક નહી બોલો બ્હેન સાહિબા! હમ તુમ્હારે યહા કોઇ પેસે કે ખાતિર ગાને આએ હય?

ઉદ્ધતરાય—(ભડકી ઉઠે છે) પૈસેકે ખાતિર નહી આયા તો કોનક વાસ્તે આયા હે ?

મુસીકીખાન—હમતો અલ્લાહ કે આશિક બન્દે હય મોહબ્બતકે ખાતિર આએ હય

સુશીલા—એમનુ કહેવુ સત્ય છે અમે ઘણા કાલાવાલા કર્યાં ત્યારે માત્ર મોહબ્બતના કારણથીજ આવ્યા છે

ઉદ્ધતરાય—(નશામા ભાન ભુલી–મસ્તીમા આવી–વિવેકની હદ ઓળંગી જાય છે) જ્યારે પૈસા ખરચવા નહોતા મળતા ત્યારે અમને પાર્ટીજ શા માટે આપી ?

આંખો જલના આગળીઓ કરે છે તુમાખીદાસ પોતાનો કાબુ ગુમાવે છે, અને ભડકી ઉઠે છે “જવાદો એ દારૂડીયાને જ્યા જાય ત્યા પોતાની દોલતની મસ્તી સાથેજ લેતા જાય છે અમારા રંગમા ભંગ નાખ્યો ને વળી પાછુ સુશીલાનુ અપમાન કરે છે ।”

સુશીલા—(તુમાખીદાસને વારે છે) ભાઇ ખામોશ રહો, તેઓ આપણે આગણે આવેલા મહેમાન છે મહેમાનનું સન્માન જાળવવુ આપણી ફરજ છે ગમે તેવા તોએ આપણને તો એ પુજ્ય

તુમાખી—એવાને તો ખાસડાની પુજા વટે ! કોણ જાણે કયાથી ઢીચીને આવ્યો છે ?

આ વચનોથી ઉદ્ધતરાય ઘણોજ ઉશ્કેરાય છે ઉદ્ધતાઇની હદે પહોચે છે સુશીલાને વચમાથી હડસેલી તુમાખી ઉપર ત્રાપ મારી તેનુ ગળુ પકડી લે છે આખો જલસો ગભરાઇ ઉઠે છે બુમાબુમ કરી મુકે છે 'આવજો બચાવજો નો શોર થાય છે **સુશીલા** "અરે આ શુ ? અરે આ શુ ?" કરતી ગભરાએલી બેબાકળી આમતેમ દોડે છે તુમાખીનુ ગળુ સજ્જડ પકડાએલુ હોઇ તેની આખો તરી પડે છે ઉદ્ધતરાયની આખ પણ ફાટી ગઇ છે થોડીવાર વધુ જો આ સ્થિતિ રહે તો તુમાખીના પ્રાણ ઉડી જાય એ નિસદેહ છે, પણ જલસામાનુ કોઇ તેને છોડાવવાની હીમત કરતુ નથી સુન્નીકી ખાન આખર સતાર મુકી ઉભો થાય છે અને ઉદ્ધતરાયને ધમકાવી કહે છે "**છોડ દે ઇસ્કો**' આ ધમકીમા કાંઈ એવુ આત્મબળ હતુ કે ઉદ્ધતરાયનો હાથ ગળા ઉપરથી છુટી જાય છે તે ધ્રુજી ઉઠે છે સુન્નીકીખાન તેને કહે છે **નાદાન ઇન્સાન ! કીસ ચીઝ પર ફખ્ર (ગર્વ) કરતા હય ? તેરી હસ્તીકો દેખ. જીસ્કી ઇબ્તેદા (શરૂઆત) પાનીકે નાપાક કતરેસે-એક સડી હુઇ બુદસે હુઈ હે, જીસ્કી ઇન્તેહા (અત) મહઝ (માત્ર) સડાન હો, જીસ્કા દરમિયાની ઝમાના**

હવાદેસાત (અકસ્માત) ઔર આફાત (આફતો)કા શિકાર હો ઐસા ઇન્સાન-કમ અસલ ઇન્સાન કયા સમજકર ગુઝર કરતા હૈ* બંદે દેખ, આખ ખોલ ઔર અક્લસે કામ લે ખુદાકા ખોફ કર. મોત સરપર ખડી હૈ ઉસકી ફીક્ર કર દોઝખકી આગસે ડર, તોબા કર. ઔર ગુરૂર છોડ કર આજીઝ બન, કિસી હિન્દી કવીને કયા અચ્છા કહા હૈ —'**લઘુતામે પ્રભુતા રહે**'

કોણ જાણે ઉદ્ધતનાથ જેવા મગરૂર અને મસ્તાનને આ ગાયનની એવી તો શી અસર થાય છે કે તે મુસીકીખાનના આ ગાયનો ખામોશીથી સાંભળતા રહે છે તેના શરીરમા એકાએક થરથરાટી છુટે છે તે ગળગળો થઈ જાય છે મુસીકીખાનને ઝુકી પડે છે અને પછી નમસ્કાર કરી ચુપચાપ ચાલતો પકડે છે

સર્વ જલસો સ્વસ્થ થાય છે તમાશગીરોના જીવમા જીવ આવે છે મુસીકીખાનની ધમકીથી જ કોઈને એ ન માને તે એકદમ બદલાઈ ગયા જેવો બની ચાલતો પકડે છે તેની સહુને તાજુબી થાય છે વિશ્વપ્રેમી અને સુશીલા મુસીકીખાનનો આવો પ્રભાવ જોઈ તેમને પુછે છે કે 'ખાન સાહેબ' આપ કયાના રહેવાસી છો?

મુસીકીખાન—હુ વિદ્યાનગરનો રહેવાસી છુ

સુશીલા—આપ ગવૈયા હો એવુ લાગતુ નથી આપ જાતે કેવા છો?

* આ હજરતે અમીરૂલ મોઅમેનીન મૌલા મુશ્કીલ કુશા અલી અ૰ ની મોઅ્‌વાણીનો સાર છે

મુસીકીખાન—ના હુ ગવૈયો નથી હુતો જ્ઞાતે મોલેસલામ રજપુત છુ હુ સગીત જાણુ છુ જ્યારે કોઇ શહેરમા જાઉ છુ અને મ્હારા પોતાના મનરજન અર્થે ગાઉ છુ અને લોકોને ખબર પડે છે ત્યારે મને ગવૈયો સમજી જલ્સાઓમા આમત્રણ કરે છે ત્યા હુ હકકાની ગાયનોની ધુન મચાવુ છુ

સુશીલા—આપ જ્યારે ગાવા બદલ કાઈ દેના લેના નથી ત્યારે આપના ઉદર નિર્વાહનુ શુ સાધાન છે

મુસીકીખાન—હુ ટોપીયો ભરવાનો હાથ હુન્નર જાણુ છુ તે વડે મજુરી કરી નિર્વાહ કરૂ છુ મ્હારી પાસે એક બે માસ જેટલુ સાધન એકઠુ થાય છે ત્યારે મુસાફરીમા નીકળી પડી મારી સગીત કળાથી અલખ જગાવુ છુ

સુશીલા—ત્યારે આપ હકકાની વિના બીજા ગાયનો ગા માટે ગાતા નથી ?

મુસીકીખાન—ઇસ્લામી શરીઅતમા સગીતનો નિષેધ છે—તેમા તે હરામ છે

સુશીલા—પરતુ આપ હકકાની ગાયનો તો ઉચા પ્રકારની રાગરાગણીઓમા ગાઓ છો તે કેમ ?

મુસીકીખાન—મને મ્હારા ગુરૂ મુરશીદ તરફથી તેટલી છુટ અપાઈ છે

સુશીલા—આપના ગુરૂ કોણ છે ?

મુસીકીખાન—મવલાના અબ્દુલ્લાહ, જેઓ વિધાનગરમા રહે છે અને મુસ્લીમ આશ્રમ ચલાવે છે તે હુ મુસ્લીમ આશ્રમનો શિક્ષિત છુ મને જે કાઇ જ્ઞાન પ્રાપ્ત થયુ છે તે સહુ તેમનો પ્રતાપ છે

મવલાના અબ્દુલ્લાહનુ નામ સાભળી સહુ ચમકે છે વિશ્વપ્રેમી પોકારી ઉઠે છે "એ આપણા મવલાના તો નહી? વિદ્યાનગરમા તો એજ છે"

સુશીલા—જેઓ વિશ્વધર્મ મડળની સભાઓમા ભાષણ આપવા આવ્યા હતા એજ કે બીજા?

મુસીફીખાન—અહીં આવ્યા હતા એ મે સાભળ્યુ છે પણ શા માટે આવ્યા હતા એ હુ જાણતો નથી કારણ કે એક વરસ થયુ હુ તેમની હજુર જઈ શક્યો નથી મહા વિદ્વાન પુરૂષ છે

ધર્મવિલાસી—(વધુ ખાત્રી કરવા) વારૂ તેમના પિતાશ્રીનુ નામ શુ હતુ?

મુસીફીખાન—એ હુ જાણતો નથી પણ તેમના આધ્યાત્મિક પિતા (મુરશદ) સૈયદ આલીશાહ નામના મહાત્મા હતા એ હુ કહી શકુ છુ

"એજ મવલાના, એજ મવલાના સહુ બોલી ઉઠે છે

સુશીલા—એ તો અમારા ઘણા સ્નેહી છે

મુસીફીખાન—તમે મહારા મુરશદના સ્નેહી છો તો મ્હારા સરતાજ છો, કહી સહુને ગળે મળે છે

ધર્મવિલાસી—હવે તમારાથી સરાક નિવાસમા નહી રેહવાય તમારે અમારે ત્યા નિવાસ કરવો પડશે—કારણ કે તમે મવલાનાના શિષ્ય અને અમારે મવલાનાની સાથે ગાઢ સબધ એટલે તમારે એ સબધ જાળવવો જોઇશે

મુસીફીખાન—તમારી એવી ઇચ્છા છે તો મને વાંધો નથી પણ હુ તમારે ત્યા જમીશ નહી

સુશીલા—કારણ? તમારા માટે મુસલમાની રસોઇનો

બંદોબસ્ત કરી શકાશે (ધર્મવિલાસીને) આપણો નુરીયો ગાધી બવગાવશે

મુસીકીખાન—એ ઠીક **છે,** પરંતુ ત્રણ દિવસ મહેમાનદારી કબુલ કરી શકીશ વધુ નહી રહીશ તમારે ત્યા પણ જમીશ તો મ્હારી ગાંઠનુ

સુશીલા—એ ન બની શકે

મુસીકીખાન—મ્હારે મુરશદની સાથે તેવી પ્રતિજ્ઞા છે

ધર્મવિલાસી—એવી ગાડી પ્રતિજ્ઞા હોય !

મુસીકીખાન—હુ જ્યારે તેમનો શિષ્ય થયો ત્યારે તેમણે મને સંગીત તજી દેવાનો બોધ કર્યો મે કહ્યુ તે મ્હારાથી તજાશે નહી કારણ કે તે મારો ખોરાક છે તેમણે કહ્યુ ત્યારે તમારે હકકાની વિના બીજુ કશુ ગાવુ નહી અને ગાવા બદલ પૈસા લેવા નહી, તથા હઝરત પેગમ્બર સાહેબ (સ૦)ના બે અમુલ્ય સુત્રનુ સેવન કરવુ તે સેવનમા લગારે ખામી આવવા દેવી નહી આ સર્વ મે કબુલ કર્યું અને તે અત્યાર સુધી પાળતો આવ્યો છુ

સુશીલા—તે બે અમુલ્ય સુત્રો કયા છે ?

મુસીકીખાન—તે ૧ **અકલે હલાલ** અને ૨ **સિદકે મકાલ** છે

સુશીલા—અમે તો તેમા કાંઈ સમજ્યા નહી

મુસીકીખાન—પહેલાનો અર્થ જાત મહેનત પ્રમાણિકતા અને ઇમાનદારીની સાથે કમાએલી હલાલ રોઝી ખાવાનો થાય છે અને બીજાનો અર્થ ગમે તેવા કટાકટીનો વખત હોય તો પણ સત્ય વચન બોલવાનો થાય છે

વિશ્વપ્રેમી—(જે અત્યાર સુધી ખામોશ હતા તે

બોલી ઉઠે છે) બરેબર તે બે સુત્રો આ લોક અને પરલોકના બરા સુખની ચાવી રૂપે છે આજે દુનીયાની સામે જે ગહન સવાલો છે તે સર્વ ગહન સવાલેનો ઉકેલ આ બન્ને સુત્રોના પાલનમા રહેલો છે કુજામા સમુદ્ર સમાવી દીધો છે જો માણસ બન્ને સુત્રોનુ સેવન કરતો થાય તો પછી દુનીયાના સર્વ કોલાહલનો અંત આવે એ ચોક્ખુ છે

ધર્મવિલાસી—(કાંઇક વિચારમાંથી ચમકી) પરંતુ આપણે સાધારણમા સાધારણ કાર્ય હાથ ધરીએ છીએ ખાનગી રીતે માત્ર આનંદની ખાતર એકઠા થઇએ છીએ ત્યારે પણ ઇસ્લામના અનુપમ શિક્ષણનો પ્રસંગ નરી આવે છે એની મને તાજુબી થાય છે વિશ્વધર્મ મંડળની સભાઓ ભરાઇ ગઇ, ઇસ્લામના શિક્ષણો વિસરાઇ ગયા તો પણ પાછા આ નવા પ્રસંગ અને તે પણ મન ઉપર ઉંડી છાપ પાડનારો ઉભો થયો એ દૈવગતિ નહી સમજાય તેવી છે

વિશ્વપ્રેમી—સત્ય છે (સુરીકીખાનને) પણ તમે જે કહ્યુ કે સંગીત કળા મુસલમાની શરીઅતમા હરામ છે તે ઉપરથી મને પ્રશ્ન થાય છે કે સંગીત જેવી સ્વર્ગીય કળાને મુસલમાની ધર્મે શા માટે હરામ કરાવી હશે? અને વળી જો તે હરામ છે તો તમારા ગુરૂએ તમને હક્કાની ગાયનોની પરવાનગી શા માટે આપી હશે એ સમજાતુ નથી

સુરીકીખાન—તે મને હવે સમજાય છે પણ વિષય લગાર લાંબો છે

સુશીલા—જો લાંબી ચર્ચા હોયતો હવે તે કાલ ઉપર રાખો કારણ કે વખત ઘણો થયો છે જમવાનો વખત પણ થઇ ગયો છે (સુરીકીખાનને) આપ આજથી અહીંજ

મ્હેરો હુ આપનો સામાન મગાવી લઉ છુ

સુમીકીખાન કબુલ કરે છે બીજે દિવસે સર્વ મિત્રોને સવારે જલ્દી પધારવા વિનતી કરી સુશીલા સહુને રૂખસત કરે છે

સગીત કળા.

બીજે દિવસે સવારમા સુશીલાના સહુ મિત્રો હાજર થાય છે તુમાખીને પણ સુમીકીખાનની વાતોમા રસ આવ્યો હતો એટલે તે પણ હાજર થાય છે વિશ્વપ્રેમી સગીત કળા વિષે સાભળવા ઉત્સુક હોઈ સુમીકીખાનને એ વિષે પ્રશ્ન કરે છે

સુમીકીખાન—સગીત કળાનો હુ ન્હાનપણથી શોખીન અને આશક છુ મ્હોટા ઉસ્તાદો પાસેથી તે કળા મે હાથ કીધેલી છે પણ હવે મને તેમા અગાઉ જેવો રસ આવતો નથી એશક તે કળા સ્વર્ગીય કળા છે પણ તે સ્વર્ગમા શોભે મૃત્યુલોકમા નહી મૃત્યુલોક કાઈ મોજમઝા અને આનદ લેવાનુ સ્થાન નથી આતો કર્મક્ષેત્ર છે ‘અદદુન્યા મીઝરાઅતુલ આખેરા’ ‘દુન્યા આખેરતની ખેતી છે અહી તો અમલ અને કર્મ શોભે, જેના શુભ અશુભ હોવાથી સ્વર્ગ નર્કની પ્રાપ્તિ થાય સગીત કળા એટલી ઉચી અને કઠિણ છે કે તેને પ્રાપ્ત કરવા માટે જો આખી આયુષનો ભોગ આપવામા આવે તો પણ તે પુર્ણ પ્રાપ્ત કરી શકાય નહી અને તેથી જુઓ સગીતકળાના મહાન ઉસ્તાદો દુન્યામા સગીત વિના બીજુ કાઈ મહાન કાર્ય કરી શક્યા નથી તેવા ઉસ્તાદો ન રાજ્ય સ્થાપિ શક્યા છે, ન

સેનાધિપતી થઈ શકયા છે, ન મત્રી તત્રી બની શકયા છે હમેશા બીજાના આશ્રયે જીવ્યા છે સ્વતત્ર અને સ્વાશ્રયિ થવા માટે માણસને કાર્ય પરાયણ બનવાની જરૂર છે ઈસ્લામ કાર્ય પરાયણતા (અઅમાલ) શીખવે છે જો માણસ સગીત પ્રાપ્ત કરવા પાછળ લાગે તો બીજા કશા કાર્યને લાયક ન રહી કાર્યહિણ નિવડે જેનુ પરિણામ આ લોક અને પરલોકની હાનીમા આવે એટલે સગીતની ઉચાઈ-વડાઈ અને તેની નિપુણતા તેની નિષેધક છે હુ સગીતની ધુનમા ઘણા દિવસો સુધી કામ મુકી દેતો અને તેથી ભુખે મરવાનો વખત આવતા જો કે સગીતનો ધધો કર્યાથી કમાઈ શકાય છે પણ તેમા ખુશામદ અને પોતાને હલકા પાડવાનુ બને છે તેને હાથ જોડી વાત કરવાની ટેવ પડે છે સામાવાળાની મીઠી નજરની ઇન્તેજારી રહે છે, કારણ કે તેને સગીત વિના બીજુ કશુ આવડતુ નથી, સર્વ વખત સગીતનેજ અર્પણ થઈ ગએલો તથા બીજુ કશુ કરવા અશકત બનેલો હાઈ પુરૂષાર્થ ગુમાવે છે તેને સગીતનો એક રસ ઉત્પન્ન થાય છે પણ વ્હેવારના બીજા અનેક રસોથી અજ્ઞાન રહે છે સમાજમા તેની કાઈ પદવી હોતી નથી વળી તેના પરિણામો નીતિમા આવવા કરતા અનીતિમા વધારે આવ્યા છ વૈભવ અને વિલાસની વાસનાઓ પોષાય છે કર્મકાડ નાશ પામે છે વળી જ્યારથી સગીત સ્ત્રીયોમા પ્રવેશ કર્યો છે ત્યારથી અનીતિની હદ આવી ગઈ છે બરેબર તે ભકિતરસ ઉત્પન્ન કરે છે પણ સાથે સાથે વણા-ઓને વિષયાનદી (ગાહવત પરસ્ત) બનાવી દે છે આવી રીતે અનીતિ ઉત્પન્ન કરનારા અનેક કારણોમાનુ એક કારણ આ

સંગીત પણ નિવડે છે એટલે ઇસ્લામ ભાવનાઓ અંગ વાસનાઓને માત્ર પોષનાર નહી પણ કાર્ય પરાયણતા અને કર્મકાંડનો સ્થાપનાર હોઈ તેને હરામજ ઠરાવે સંગીતને ચ્હાનારા તેમા મસ્તી અને ભક્તિરસ અનુભવતા હોય–અને તે કેટલાક દરજે છે પણ એ મ્હારે કબુલ કરવુ પડશે, તો પણ તે બીજા સારા ગુણોને ભોગે પ્રાપ્ત થાય છે ઇસ્લામના આશય અને ઉદ્દેશતો સર્વ ગુણોને સરખી રીતે કેળવવાનો તથા તે સર્વ ગુણોના એક રાગનુ સંગીત ઉત્પન્ન કરવાનો હોઈ આ એકજ બાજુને ખીલવનાર સંગીતનો નિષેધજ કરે

વિશ્વપ્રેમી—માણસના સ્વભાવમા શુ સંગીતનો પ્રેમ નથી? સંગીતથી તો સર્વ વિશ્વ ચાલે છે!!

મુસીકીખાન—એ વાત ખરી છે વિશ્વવ્યાપિ સંગીત જુદુ છે, અને માણસમા રહેલો પ્રેમ એ પણ જુદી વસ્તુ છે સુસ્વર અને મધુરતા (ખુશ આવાઝી–ખુશ ઇલ્હાની)ની પસંદગી માણસના સ્વભાવમા ખચિત રહેલી છે ઇસ્લામ તેનો નિષેધ કરતો નથી ઇસ્લામ જે સંગીતને હરામ ઠરાવે છે તે, સંગીતકળા છે જેને કાયદાઓમા ગોઠવી એક શાસ્ત્રના રૂપમા ઉભુ કર્યુ છે તે છે જેને પ્રાપ્ત કરતા આખી જીંદગીનો ભોગ આપવો પડે તો પણ પુર્ણ પ્રાપ્ત થઈ ન શકે એવુ હોઇ લોકોને તેની પાછળ ખરાબ થતા બચાવવા ખાતર ઇસ્લામે તેનો નિષેધ કર્યો છે સંગીતના આશેકોને ગળે કદાચ આ વાત ઉતરશે નહી, પણ જે વસ્તુ અનુભવથી સિદ્ધ થઈ ગઈ હોય તેનો ઇન્કાર કરી શકાશે નહી જુઓ ઇસ્લામે સંગીતને હરામ ઠરાવ્યુ છે છતા સંગીત કળાએ

મુસલમાનોમાં જે બરબાદી ફેલાવી છે તે છુપી નથી ત્યારે જો તે હરામ ન હોત અને ઇસ્લામના આટલો અડગ ન હોત તો મુસલમાનોની કેવી દશા થાત એ કલ્પી શકાતુ નથી તેમ ઐતિહાસિક વાચો પુરુષાર્થ વડે ચઢતીમાં આવેલી હરેક પ્રજા જ્યારે અયગ પાનમને આધિન થાય છે ત્યારે એ અવગ આરામના સાધનોમાં સંગીત મુખ્ય હોય છે સંગીત સાંભળ કાન ...વાઈ સમજાઇ પોતાનામાં કેટલાક દુર્ગુણો છુપાવે છે ગાયનાનના હાથમાં કે મેડામાં રહેલુ બની દેખાવવાનુ ઉશ્કેરાટ થઇ પડે છે બગદાદના અને દિલ્હીની ચડતીના દિવસમાં જ્યારે અયગ આરામનુ રાજ્ય ફેલાઇ ગયુ ત્યારે હરેક રસ્તામાંથી સંગીત અને વાજીંત્રોજ સંભળાતા હતા અને તેજ સંગીત અને વાજીંત્રોએ પુરુષાર્થનો નાશ કરી ધીમે ધીમે આરામ અને કાયરતા પ્રેરી મુસલમાનોના સામ્રાજ્યનો નાશ કર્યો આરબો જ્યાં વિજયી પ્રભ તરીકે આગળ વધતા ત્યારે તેમના પાસે આવુ ઉચુ સંગીત હતુ નહી તેમની પાસે તો માત્ર મધુર ... લલકારતા બહાદુરીના કાવ્યો-શુર ચઢાવનારા હાકલ કરનાર કવિતા સંગીત રૂપે હતા અને જે સર્વથી ઉંચુ મહાન અને મસ્તીમાં લાવનાર કોઈ સંગીત હતુ તો તે માત્ર અલ્લાહનુ નામ હતુ અલ્લાહનુ નામ લેવાતા તેઓ એવા એકાગ્ર થઇ જતા કે તેઓ સર્વ ભુલી જતા અને તે નામનીજ મસ્તીમાં તલ્લીન રહેતા, અને તે નામનાજ સંગીત વડે ફતેહના ડંકા વગાડવા નીકળી પડતા હવે મને પણ એમજ લાગે છે કે વાજીંત્રોની સાથે અથવા ગાયનમાં અલ્લાહનો મહિમા ગવાય એતો ખામી કહેવાય **અલ્લાહનુ નામ**

વાજીત્રના સુરોમા અને અલાપની તાનોમા ગાઈવાય તેજ અલ્લાહુ નામની મસ્તી આવે અને ભક્તિ રસ ઉત્પન્ન થાય એ અલ્લાહની ભક્તિ નહી પણ વાજીત્ર અને ગાયનની ભક્તિ ગણાય અલ્લાહના મહિમા આ વાજીત્ર અને રાગરાગણીના ટેકાને મોહતાજ ન હોય જે વિશ્વવ્યાપિ સગીત સમજે છે—સૃષ્ટિની લીલામાથી નિત્ય પ્રગટતુ સગીત અનુભવે છે, સર્વ સૃષ્ટિ એકતાન થઈ અલ્લાહના જે મહિમા ગાય છે તે સાભળે છે તેની આગળ આ સગીત ગમે તેવુ ઉચુ હોય તોપણ તે કશા હીસાબમા નથી આવા અલૌકિક ઉચ્ચ સગીતનો સાણુસ મોહક પ્યાર, વચમા કશીએ વસ્તુની આડ વિના અથવા સાધન વિના અલ્લાહના સીધા સમાગમમા સુજાન એવો ઇસ્લામનો હેતુ હોઈ સત વચનો જીજ્ઞેને તેણે કુનામ આપી છે હુ ખરૂ કહુ છુ કે માત્ર 'અલ્લાહુ' અથવા ફકત "હુ"ના શ્રવણમા કે રટણમા મને જે મસ્તી આવે છે તે આ ગાયનોમા અને વાજીત્રોમા આવતી નથી હુ પોતાને સાક્ષાત તેની હજુર ખડો થએલો અનુભવુ છુ હુ સમજુ છુ કે મ્હારા ગુરૂએ મને જે હુકકાની ગાવાની પરવાનગી આપી છે તે મ્હારા પોતાના જાતિ અનુભવથી હુ તેને ના પસદ કરતો થાઉ એટલેજ ખાતર હશે પ્રથમ મ્હારી રસજ્ઞતા એટલી કેળવાએલી ન હતી એટલે હુ આ સગીતમા કાંઈ અલૌકિકતા જોતો—પણ જ્યારે મને અલ્લાહના નામમા પહેલા સગીતનો રસ લાગ્યો ત્યારે મ્હારી કળા તદન નિરસ સાબીત થઈ અને હુ મારા ગુરૂનો ઉદ્દેશ જોઈ શકયો મ્હારે કહેવુ જોઈશે કે તેઓ પોતાની નેમમા ફાવ્યા છે અને હુ હવે આ સગીતનો

તદન ત્યાગનાશે છુ

આટલી સુધી ચર્ચા ચાલી હતી એટલામા મીસ મેરી આવતી દેખાય છે સુશીલા તેના શુભાગમન માટે દોડી જાય છે અને અદર લાવી મુસીકીખાનની ઓળખાણ કરાવે છે અને કહે છે—"બ્હેન કાલે સાજે તારી વાળી વાટ જોઈ પણ તુ તો આવીજ નહીં

મીસ મેરી—(વચમા) હુ તેની માફી માગવા આવી છુ અને સાથે સાથે ઘણા માઠા અને ભયકર સમાચાર લાવી છુ

સુશીલાનુ હૃદય ધબકે છે ધ્રસકા ખાય છે બીજાઓ પણ ગભીર બની સાભળવા ઉત્સુક બને છે

મીસમેરી—બ્હેન ગુણવતીને ઝેર ચ્વાર્યું તેણી વ્વલો પામી, તાણીનો જીવ ગભરાતા મને એકદમ તેડવામા આવી હતી પણ હુ પ્હોચી તે પ્હેલા તો તેનો જીવ ઉડી ચુકયો હતો

તુમાખીને સાભળતાજ ચક્કર આવ્યા બેઠો હતો ત્યાને ત્યાજ બેભાન થઇ ગયો વિશ્વપ્રેમીએ તેને સભાળી લીધો ગુલાબજળ છાટી ભાનમા લાવવામા આવ્યો

સુશીલાએ પુછ્યુ—એવી સતીને ઝેર કોણે દીધુ હશે? અરે રામ રામ રામ!

મસીકીખાન—ગુણવતી કોણ હતી ?

વિશ્વપ્રેમી—કાલે સાજે ગગાબ પી જે ઉદ્ધતરાય આવ્યા હતા અને તોફાન મચાવ્યુ હતુ તેની સ્રી જેટલો આ પાપી નટવીજ તેણી પુન્યશાળી હતી

મુસીકીખાન—પરવર દિગાર તેરા રહેમ કર, ફઝલ કર

ધર્મવિલાસી--ગુણવતીને કાંઈ ઝેર દે તે તો મનાયજ નહી

મીસ મેરી—સત્ય અસત્ય ખુદા જાણે પરંતુ કહેવાય છે કે ઉદ્ધતરાયે પોતે તેણીને ઝેર દીધુ લાગે છે આ વાત મે પોલીસ અમલદાર પાસેથી સાભળી છે તેણે શક બતાવ્યો છે ચોક્કસ નથી

સુશીલા—પરંતુ તેમ કરવાનુ પ્રયોજન

મીસ મેરી—પ્રયોજન પણ સમજાય તેવુ છે ઉદ્ધતરાય કોઈ બીજીના પ્યારમા પડેલો છે તેને ઘરમા બેસાડવા ચાહે છે અને તે રખાત પણ તેના ઘરમા બેસવા આગ્રહ કરે છે, પણ તેની નાત જાતના રીવાજમા એક ઉપર બીજી લાવી શકાતી નથી ગુણવતી વચમા નડતી હતી તેમનામા છુટા છેડા પણ થઈ શકતા નથી એટલે લાચારીએ આ રસ્તો લીધો હોય એમ શકા થાય છે મ્હારે જે વાતચીત પોલીસ અમલદારની સાથે થઈ તે ઉપરથી આ સાર નીકળ્યો છે પોલીસ ઉદ્ધતરાય તથા તેની રખાતને પકડવા છુટી છે

વિશ્વપ્રેમી—એ ખરૂએ હોય ઉદ્ધતરાયની ચાલચલગત જગ જાહેર છે પણ તે ગુણવતીનુ અવસાન થયુ ત્યારે ક્યા હતો ?

મીસ મેરી—કહેવાય છે કે તે કાલ સવારથી ઘર બહાર નીકળ્યો છે પણ હજુ પાછો આવ્યો નથી તેના ચાકરો પણ તેને શોધવા નીકળી પડ્યા છે

તુમાખી આ સર્વ વાતચીત લક્ષપુર્વક સાભળતો હતો અને ઉંડા વિચારમા પડી ગએલો દેખાતો હતો તેનો ચહેરો ફીકો પડી ગયો હતો, અને તે ઘણો ગભરાતો હોય

એમ ભાસ થતા હતા.

ધર્મવિલાસીને ગઈ કાલે રાજનો ઉઘતન્નાય સાથેનો પ્રસંગ યાદ આવ્યો. મુસાફીરખાનની વસમીથી તેનું રંક બની જવું અને ચાદી નીકળવું નજરો આગળ ખડું થયું. તેને મુસાફીરખાનના દેહના શબ્દો યાદ આવ્યા અને તેથી પોકારી ઉઠ્યો: "ઓહ! જે થયું તે ઘણું ખોટું થયું છે! આ તો મુસાફીરખાનનો એકડો ચમત્કાર થયો. એ તમારું સહુનું ધ્યાન ક્યાં છે? જ્યારે તે કાલે 'આહીર' ગયો ત્યારે મુસાફીરખાને શું કહ્યું હતું એ તો યાદ છે? '**મેરા સરપર ખડી હે ફિકરી ફિક્ર કર**' શું એમાં મુસાફીરખાને તેનું ચાળવું ભવિષ્ય ભાખ્યું ન હતું?" સર્વ પોકારી ઉઠ્યા "હા બેશક એ ચમત્કારજ હતો." મુસાફીરખાનને એકદમ ઝુકી પડી પગ પકડી કહ્યું: 'સાહેબ! આપ તો ઉઠતા ઓલીયા છો.'

આવી રીતે એકદમ સહુને જુદાજ વિષયમાં ઉતરી પડતા જોઈ મીસ મેરીને નવાઈ લાગી. મુસાફીરખાનને પણ તાજુબી થઈ.

મુસાફીરખાન—(સહુને ઝુકેલા ઉપાડી) "તોબા તોબા આ શું કહો છો? હું તો એક નાચીઝ ગુનેહગાર બંદા છું. ઓલીયાના પગની રજ બરાબરે નથી."

ધર્મવિલાસી—વાહ સાહેબ! હવે ગરીબાઈના રૂપમાં છુપા નહીં રહેવાય.

મુસાફીરખાન—તમારા જેવા કેળવાએલા, સુધરેલા માણસોને આ શું થઈ ગયું છે? **તોબા અસ્તગફિરુલ્લાહ**

સુશીલા—નજરો નજર જોયા પછી પણ અમે ન

માનીએ એટલા મુ ર્ખ ધારો છો ?

તુમાખી—મહારાજ હવ તો આપનો જ આશ્રય છે

ટીકી માત—હુ બીજીવાર કહુ છુ કે હુ એક ગુનેહગાર મહા ક્રુ મ્હાત્મા લગારે ચમત્કારીક શક્તિ નથી મ્હારા મોમાથી એ ગબ્બો નીકળ્યા તે એક અકસ્માત રીતે હતા એવુ તો ઘણી વખત બને છે આપણે જેવુ કહીએ કરીએ તેવુ થાય છે તેનો અર્થ કાંઈ ચમત્કાર હોતો નથી લોકો આવી રીતે ખોટા ભરમાય છે, બગબ થાય છે, અને ગબ કરે છે તમે એટલુ તો વિચારો કે ઉદ્ધતરાય કયા મર્યો છે એ તો તની સ્ત્રી મરી છે ને એ મરત તો જુદી વાત હતી

તુમ ખી- સાહેબ પાપ છુપુ રહેતુ નથી તોહમત આવ્યુ રાજ તનુ મોત છે ગઈ મોતને માથે શીગડા હોતા નથી

ચમત્કાર.

અહી જ વાતો ચાલતી હતી તે એક નોકર ઉભો ઉભો સાભળતો હતો તેણે કાંઈ સાભળ્યુ કાંઈ નસાભળ્યુ ને તરત સુશીલાની માતુશ્રીની પાસે દોડી ગયો ને માળા ફેરવતા બેઠેલા ડોશીને કહેવા મંડી પડયો—" માજી, કાલ સાજના આપણે ત્યા એક ઓલીયા ફકીર આવેલા છે, આપણા મહેમાન છે

ડોશી—ગાડા ફકીર કયા છે ? એ તો ગવૈયો છે

નોકર—ના માજી, ગવૈયા નથી એ તો જીવતા ઓલીયા છે કાલે ઉદ્ધતરાયે આપણે ત્યા તોફાન કર્યું હતુ આ

ઓલીયાએ તેને શ્રાપ દીધો હતો એટલે આજ ઉદ્ધતરાય ઝેર ખાઈ મરી ગયો

ડોશી આ સમાચાર સાભળી એ બાકળી જવી થઈ બોલી "શુ ઉદ્ધતરાયે ઝેર ખાધુ? તારી ભુલ તો થતી નથી ને ?"

નોકર—ના માજી હમણા સાભળીને ચાલ્યો આવુ છુ ને! સુશીલા બ્હેન અને ધર્મવિલાસી ઓલીયાને પગે પડી રહ્યા છે ને!

ડોશી તરતજ મારા મુફીબહાર આવે છે મુસાફીખાનને નમન કરે છે મુસાફીખાન તેમને સત્કાર કરી બેસાડે છે ડોશી ઉદ્ધતરાયના કમોત વિષે દીલગીરી જાહેર છે સહુ વિસ્મય પામે છે ડોશીને સમજાવવામા આવે છે કે ઉદ્ધતરાય નહી પણ ગુણવતી મર્ણ પામી છે ડોશી રણા રડે છે સહુ તેમને શાન્ત પાડે છે ડોશી શાન્ત થઈ મુસાફીખાનને કહે છે—

"ધન ભાગ્ય વન ઘડી આપ પધાર્યા આપના પગલાથી અમારૂ ઘર પાવન થયુ આપના સતસગથી મ્હારા બાળકોને ઘણો લાભ થશે તેઓ ઘણા લાયક છે પણ મ્હારૂ કહ્યુ માનતા નથી રીત રીવાજ પાળતા નથી મને સુશીલાની ઘણી ચિતા છે ચોવીસ વરસની થઈ પણ હજુ લગ્નની હા પાડતી નથી, આટલી મોટી વય થયાનો અમારી નાતમા આ પહેલોજ દાખલો છે માગા ઉપર માગા આવે છે પણ ગણકારતી નથી જોકે તેમા એનો દોષ નથી, દોષ તેના પિતાનો છે સમાજ સુધારવાના ખ્યાલમા તેમની આખો ઉઘડી નહી અને ભણાવવાની ધુનમા વખત વીતી

ગયો હાલમા વિદ્યાસાગર તરફનું માગુ છે જો હા પાડે તો મારી આબ ઠરે હુ વધુ કહુ છુ તો મને ધમકાવે છે ધર્મવિલાસી કાંઈ ધર્મ ધ્યાન કરતો નથી, મદીરે જતો નથી અને હુ કહુ છુ તો 'ડોશી મરતી એ નથી કે કાશ જાય' કહી મ્હારા અતરમા હોળી સળગાવે છે, એમની સહુ રીતભાત નાતજાતથી ઉલટી છે, એટલે અમારૂ તો નાકજ કપાઈ ગયું છે આપ ઓલીયા છો મહાત્મા છો, કાંઈ એવી આશીષ દયો કે તેમનું મન ફરી જાય અને ઘરની આબરૂ જાળવે

સુશીલા આટલુ સાભળતા ભડકી ઉઠી "તમને બ્હાર કોણે બાલાવ્યા છે? અદર જાઓ છો કે નહી?"

ધર્મવિલાસી—આ ડોશા ડોશીઓનુ રાજ કયા સુધી ચાલશે (માતાને) હવે તમે અદર જાઓ છો કે હડસેલીને લઈ જાઉ?

મુસીફીખાન—"અસ્તગફિરૂલ્લાહ' આ શુ? તમારી માતુશ્રીની આવી બેઅદબી કરો છો? ખરેખર તમે તમારી કેળવણીને લજવો છો માત પિતાની સામે બેઅદબી મહા મોટુ પાપ છે અરે માતાના પગ નીચે તો સ્વર્ગ રહેલુ છે અમારા પૈગમ્બર સાહેબે સ્પષ્ટ ફરમાવ્યુ છે કે જેઓ પોતાના માત પિતાને નાખુશ કરે છે તેમની મુક્તિ થતી નથી, ગમે તેટલી ભકતી કરો, ધર્મ ધ્યાન કરો–પુન્યદાન કરો પણ જો માત પિતાને ખુશ રાખી ન શકો તો કદીએ મોક્ષ થતો નથી જે ઘરમા માત પિતાનું સન્માન જળવાતુ ન હોય તે ઘર ઉપર ખુદાનો કહેર–ક્રોધની નજર રહે છે હુ આવા ઘરમા રહી શકુ નહી એવા ઘર ઉપર કયારે કહેર ઉતરે

તે કહી શકુ નહી

ધર્મવિલાસી ગભરાઈ જાય છે સુશીલા ગળગળી બની જાય છે અને કહે છે–' નહી મહારાજ ! અમે અમારી બેઅદબી ભરી વાણી માટે શરમાઇએ છીએ દીલગીર છીએ અમે જવાન છીએ, અમારૂ લોહી ઉછળતુ છે–નવી કેળવણી અને નવા વિચારોમા ઉછરેલા છીએ રંડાઓની જુના જમાનાની વાતો સાભળીએ છીએ ત્યારે ઉશ્કેરાઈ જઇએ છીએ પણ અમારા અ તઃકરણો તેમની તરફની મમતાથી ભરપુર છે એ કેવી રીતે દેખાડી શકીએ ? જે અમને અનુકુળ ન હોય તે કેવી રીતે કબુલી શકીએ ? '

મુસીફીખાન—બાબાર ! તમે બેશક સમજુ શુદ્ધ અ તઃકરણના અને પવિત્ર આચરણના છો તમે જે બેઅદબી કીધી છે તે માફ કરાવવા તેમના ચરણમા તમારા શીશ નમાવો અને બીજી વખતે તેવુ નહી કરવાની પ્રતિજ્ઞા કરો

ધર્મવિલાસી અને સુશીલા તેમની માતાના ચરણોમા શીશ નમાવે છે, ક્ષમા માગે છે અને બીજીવાર તેવી બેઅદબી નહી કરવાની પ્રતિજ્ઞા લે છે ડોશીનુ હૃદય ભરાઈ આવે છે આખમાથી આસુ ઝરી રહે છે બન્નેને છાતી સમા ચાપી લે છે અને આશીર્વાદ દે છે પછી ડોશી હરખાતા અ દર ચાલ્યા જાય છે

વિશ્વપ્રેમી અને તુમાખી વિગેરે ઘર જવાની રજા લઇ ઉભા થાય છે એટલામા, કાલે જે અલમસ્ત હતો–તકબુરી અને મોટાઇમા માતો ન હતો તે ઉદ્ધતરાય આજે અતિ ગભરાએલો તદ્દન દીન અને રાક બની ગએલો "દયા મહારાજ ! ક્ષમા મહારાજ !' પુકારતો હાફતો અને બેબાકળો થએલો

દોડી આવી મુસીકીખાનના ચરણમા પડી જાય છે તેને આવી ગાભરી અને બાવની સ્થિતિમા—ભયભીત અને ડરેલો જોઈ સહુ વિસ્મય પામે છે ઉદ્ધતરાય માથુ ઉચુ કરી હાથ જોડી સહુને આજીજી કરે છે "મિત્ર! મને બચાવો આ આફતમાથી છોડાવો પોલીસ મને નાહક પકડવા છુટી છે હુ પ્રતિજ્ઞાથી કહુ છુ કે મ્હારી સતીને મે ઝેર નથી દીધુ આમા કાંઈ કાવત્રુ છે'

'કાવત્રુ શબ્દથી તુમાખીના કાન ઉભા થાય છે તેના શરીરમા કપારી છુટે છે ઉદ્ધતરાય મુસીકીખાનને કહે છે—

'મહારાજ! મને આપનો કાલનો શ્રાપ નડયો છે મને ક્ષમા કરો અને આમાથી ઉગારો'

મુસીકીખાન—(દીલાસો દેતા) શાન્ત થા ગભરા નહી જો તુ નિર્દોષ છે તો શા માટે ડરે છે? હિમ્મત રાખ, પોલીસ છુટી હોય તો કાંઈ ફિકર નહી નિર્દોષનો બેલી અલ્લાહ છે તેની માફી અને ક્ષમા માગ, હુ તો એક નાચીઝ ગુનેહગાર બન્દો છુ

તુમાખીદાસથી બોલ્યા વિના રહેવાતુ નથી ઉદ્ધતરાયને જોઇ તેની વેરવૃત્તિ સતેજ થાય છે તેને આવી દયાજનક સ્થિતિમા જોઈ દયા આવાને બદલે ઉલટો વળે ચઢે છે અને કહે છે—'કાલે મારી બોચી ઝાલી ત્યારે તો આ કાંઇ સુઝયુ ન હતુ? સપડાયો એટલે આવ્યો દયા માગવા!"

ઉદ્ધતરાય—માફ કર મ્હારી ભુલ માટે હુ પસ્તાઉ છુ (સહુને) મને ક્ષમા કરો અને ઉગારો

તુમાખી—કરે એવુ ભરે એમા અમારે શુ? નીકળ અહીથી

મુસીકીખાન—(તુમાખીને) શરણે આવેલાની સાથે આવી વર્તણુક શોભે નહી આપણે ખુદાના અનેક ગુનાહો કરીએ છીએ અને તેની માફીની આશા ધરાવીએ છીએ **જે રેહમ (દયા) કરે છે તે રહેમ પામે છે.**

તુમાખી—મહારાજ! એ મહા કપટી છે આપ એને ઓળખતા નથી મ્હારા ઉપર જુઠી ફોજદારી કરાવરાવી જેલે મોકલાવી મને બરબાદ કર્યો છે દોલતની મસ્તીના કારણે આખા ગહેરને રંજાડતો રહ્યો છે, એવા ઉપર દયા એ પાપ છે

મુસીકીખાન—એ ગમે તેવા હોય પણ હાલ તો તમારે શરણે આવ્યો છે એ જ્યારે પસ્તાયો છે ત્યારે સુધરી પણ જશે

તુમાખી—કુતરાની પુછડી વાકીને વાકી એ તે વળી સીધી રહેતી હશે?

ઉદ્ધવરાય—મહારાજ! આમાથી બચુ અને પછી જો અણઘટતુ કરૂ તો મને ગૌહત્યાનું પાપ બેશે ગઈ કાલે સાંજે મ્હારાથી જે બેઅદબી થઇ છે તે બેઅદબીનો મને ખરો પશ્ચાતાપ થયો છે જો આમાથી ઉગારો તો આપના ચરણમા રૂપીયા પચાસ હજાર લાવી ધરૂ

મુસીકીખાન—કાલની બેઅદબીનો કાંઈ ખ્યાલ ન કર એ તો જે થવાનુ હતુ તે થઇ ગયુ, પરંતુ અનીતિથી દુર રહેવાનો દ્રઢ નિશ્ચય કરી લે માલીક તારૂ ભલુ કરશે મને તારા રૂપીયાની કાંઈ જરૂર નથી જે દોલત પોતાની નથી જે માત્ર અજમાયશ ખાતર ખુદા તરફથી અપાએલી અનામત–થાપણ છે તેની મસ્તી ચઢતા આવુ ગભીર

પરિણામ આવે છે તેવી દોલતની વાત તો માગ આગળ કરવીજ નહી

ઉદ્ધતરાય—આપ તે 'મુસ્લીમ આશ્રમ'મા આપી દેશો પણ મ્હારો પશ્ચાતાપ ખરો છે અને મને આપની આશીશની જરૂર છે

મુસીફીખાન—મુસ્લીમ આશ્રમને દેવા ન દેવા ત્હારી મરજીની વાત છે મારે તેની સાથે કાંઈ સબધ નથી પણ હા, જો તારો પશ્ચાતાપ ખરો હોય, તુ નિર્દોષ હોય તો જા તને મહારી આશીશ છે

ઉદ્ધતરાય—(ખુશ થાય છે) આપની આશીશ છે તો મ્હારી ફત્તેહ છે, અને શત્રુઓના મોઢા કાળા છે

મુસીફીખાન—નાદાન ઈન્સાન ! એ તો અધ શ્રદ્ધા કહેવાય અધ શ્રદ્ધા નુકશાન કરતા નિવડે છે **વળી શત્રુઓ** પ્રતિની આવી વૃત્તિ હાની કરતા હોય છે, જેને માફી જોઇતી હોય તેને માફ કરતા શીખવુ જોઇએ જેને દયા જોઇતી હોય **તેને દયા કરતા પણ આવડવુ જોઇએ** આ અચળ નિયમને હમેશા યાદ રાખ વળી સમજી રાખ કે દુન્યામા કોઇ કોઈનો શત્રુ છેજ નહી માણસ પોતે પોતાનો શત્રુ હોય છે **બીજાનુ ભુડુ ઇચ્છતા પોતાનુજ ભુડુ થાય છે.** સમભાવ, સમદ્રષ્ટિ અને સર્વનુ કલ્યાણ ઈચ્છવુ એજ પરમ સુખની ચાવી છે માટે બોલેલા શબ્દો પાછા ખેચી, ફરી બીજીવાર એમ નહી કરવાનો દ્રઢ નિશ્ચય કરી અલ્લાહના દરબારમા તોબા ભર

ઉદ્ધતરાય—હુ તોબા ભરૂ છુ આજથી કોઇનુએ ભુડુ કરીશ નહીં તેમજ ભુડુ ચાહીશ નહી—એવી પ્રતિજ્ઞા લઉં છુ

મુસીકીખાન—સાબાસ છે, ધન્ય છે જા હવે તુ જા પોલીસ છુટી હોય તો આધિન થા આવા કસાસા કુટવાના માટે જે જ સાધનો લેવાતા હોય તેવા સાધનો મેળવવાનો પુરૂષાર્થ કર અલ્લાહ તને સહાય થાઓ

ઉદ્ધતરાય ચરણોમા વળી ઝુકી પડે છે સહુને નમસ્કાર કરે છે અને ત્યાથી વિદાય થાય છે

મુસીકીખાન—જોયુ ભાઈઓ ખુદાની કુદરત આગળ માણસનો શો ભાર છે? માણસનો ગરૂર ટકતો નથી છે આનો આ સચોટ પુરાવો છે ઉદ્ધતરાય કાલે કેવો હતો અને આજ કેવો છે? ખુદાને આજીજી અને નમ્રતા પ્યારી છે મગરૂરોને માટે ત્યા સ્થાન નથી

સહુ 'સત્ય છે, સત્ય છે,' બોલી ઉઠે છે

તુલસીદાસ ત્યાથી ઉઠી ચાલતો થાય છે સુશીલા પુછે છે ' મહારાજ આપના માટે શુ બંદોબસ્ત કરવુ ?

મુસીકીખાન—હુ દિવસના જમતો નથી રાત્રે એક ટાણુ કરૂ છુ જે હશે તે ચાલશે એટલુ યાદ રાખવુ કે કોઈ ભારે વજનદાર ખોરાક ન હોય જેટલો બને તેટલો સાદો ખોરાક મને પસદ છે વળી મ્હારા ઓરડામાથી પલગ બહાર કઢાવી નાખવો મને સાદી શેત્રજી પુરતી છે

સુશીલા—પલગ રહેવા દો તો સારૂ ભોયતળીયુ પથ્થરનુ હોઈ સખત છે પલગ હશે તો આરામ રહેશે

મુસીકીખાન—પણ આરામ લેવા જતા ઉપાધિયો વધે છે અમારા જેવા મનમોજીને ઉપાધિયો તકલીફ રૂપ છે ?

સુશીલા જેવી મરજી કહી બંદોબસ્ત માટે અંદર

જાય છે બીજા સહુ નમસ્કાર કરી રજા લે છે

સાજના ઉદ્ધતરાય અને તેની રબાત રૂપાળીના પોલીસને હાથે પરહેજ થવાના સમાચાર મળે છે આ સમાચારથી મુનીલાને ઘણો ખેદ થાય છે ધર્મવિલાગી પણ ઘણો ઉદાસ બને છે

ગુણવતીનુ પ્રેત તથા ઓરડાનો ભેદ

મુનીલાને આજની રાત ઘણીજ ભયકર ભાસે છે તણી પોતાના પલગ ઉપર આમ તેમ આળોટે છે પડખા ફેરે છે પણ નિદ્રા આવતી નથી આજ દિવસના બનાવો એક પછી એક તેની નજરો આગળ તરી આવે છે તેના શરીરમા થરરાટી છુટે છે વર્ષગાઠની ખુશાલીના–મેકારીના કારણ શુન્ય થઈ પડેલા જીવને જરાજ આનદિત કરવા આપેલી પાર્ટીનુ આવુ ભયકર પરિણામ ! જેને ગવૈયો સમજી ત્ક નિવાસમાથી તેડી લાવેલા તેનુ આવુ અલૌકિક સ્વરૂપ ! મવલાનાનો સબધ અને ઇસ્લામના અનુપમ શિક્ષણના ગૌરવ એ સર્વ તેના મનમા એક પછી એક ઉભરાઇ આવે છે "દૈવની આવી ગતિ શા કારણે હશે? અમે જ્યા જઈએ છીએ ત્યા અને જે કરીએ છીએ તે અમારા મન ઉપર ઇસ્લામનીજ ઉંડી છાપ બેસારનાર નિવડે છે ખરેખર ઇસ્લામનુ મહાતમ્ય એવુજ છે મવલાના જો મુસલમાન થયા નહોત તો કેવી દુર્દશામા હોત? તેઓ ઇસ્લામના પ્રતાપે કેવી મહાન પદવી પામ્યા ! આ મુનીફીખાન–આવા મહાત્મા ચમત્કારી ઓલીયા તે મવલાનાના શિષ્ય !! અહા !–મેરીને કોણે ઉગારી? મેરીને માનવતી

કોણે બનાવી ? ત્યારે અમારે એવી બક્ષીસોના દાતા ધર્મને કેમ ન ત્વિકારવો ? અમે હિન્દુ ધર્મ પાળીએ છીએ એટલે શુ કરીએ છીએ ? માત્ર કેટલાક સકુચિત આચાર વિચારનુ પાલણ કરીએ છીએ પણ તેમા મહાન સ્વભાવીક સિદ્ધાતો કયા છે ? ઇસ્લામ જ્યારે વિશ્વસદેશ છે એકજ માલીકને માનવાનુ શીખવી સર્વમા સમ–ભાવ અને સમાનતા પ્રેરે છે ત્યારે અમારા ધર્મનો કાઇ ઉદેશ અને સદેશ નથી ભાઇ ધર્મવિભાગી વિસરી જઈ પોતાના અતકરણને છેતરવા માગે છે પણ કુદરત છેતરતી નથી તે તો વારવાર ઇસ્લામનો સદેશો મોકલાવતી રહે છે દૈવની આવી વારવાર ની ચેતવણીઓની અવગણના અત્રેય ...જ નિવડે પણ અરરર બાપડી ગુણવતીને ઝેર દેવાયુ ? મહા નિર્દય કાર્ય કર્યુ તેના પ્રાણ કેવી રીતે ગયા હશે ? મહા કષ્ટ થયુ હશે પણ કુર સમાજ અને ધર્માધ રિવાજોને સ્ત્રીઓની કયા કદર છે ? આવા તો કેટલાએ જીવ જતા હશે કેટલા નિર્દોષ બાળકોના ખુન થતા હશે ? કેટલી કુમારીકાઓ કવખત મરણની પથારીએ સુતી હશે ? અરે પ્રભુ ! આવો તારો ન્યાય ? પણ તેમા પ્રભુનો શો દોષ ? તેણે તો સ્ત્રી પુરૂષમા સમાનતાજ રાખી છ ત્યારે શુ પુરૂષોજ આવો જુલમ કરે છે ? જેઓ અહિસા ધમનો ગર્વ ધરાવ છે તેઓ શુ આ જુલ્મો જોઇ શકતા નહી હોય ? પણ તેઓ સ્ત્રીઓને પોતાના સખત કબજામા રાખવાની ખાતર તેમને આવા અમાનુષિ કાયદાઓની ચુગાલમા ફસાવી રાખવાને પોતાનો સ્વાર્થ માનતા હશે ઓ પ્રભુ ! આ જુલમ અને અત્યાચારોનો અત કયારે આવશે ? આ ભારત વર્ષની

રમણીઓને ખરી સ્વતંત્રતા ક્યારે મળશે? પણ બીચારી ગુણવતી મદ ગતિએ ક્યાંથી ગઈ હશે? જેથી મર્ણ પામી એટલે જીવતો અવગતિયો ને!! કેવી ભલી હતી? દુઃખ સહન કર્યા, કષ્ટ ઉપાડયા પણ ગણદે અસંતોષનો ન ઉચ્ચાર્યો પુરી સતી હતી પણ એથી પાડયું શું? આખું જીવતર દુઃખમા ગયું અને જેથી મરણ થયુ "

આવી અનેક કલ્પનાઓ કરતી સુશીલા સુઈ રહેવાના પ્રયત્ન કરે છે, પણ નિદ્રા આવતી નથી રાત્રિ વધી ગઇ હતી તેથી ગભરાય છે તેના મનપટ ઉપર ભય વ્યાપિ જાય છે તેની નજરો આગળ ઉદ્ધતરાય ખડો થાય છે 'એનુ શુ થશે? ફાસીએ જશે? કેવુ અધમ મોત! ના, ના, એ બીચારો બચી જાય તો સારૂ પણ ગુણવતીને જીવથી મારતા ઓ પાપી પુરૂષ તને કાંઈ દયા ન આવી? ઓ નિર્દય જાલીમ તને તો જીવતો ને જીવતો કતલ કરવો ઘટે અરે પણ ક્ષમા ક્ષમા માગતો કેવો રાંક થઈ આવ્યો હતો? પ્રભુ તારૂ ભલુ કરે પણ ગુણવતી! તારો શો અપરાધ હતો? ઉદ્ધતરાય તને સુખી ન રાખે, બીજી મનગમતી પરણી ન શકે એ તો સમાજનો દોષ હતો તેણ એવી અંધ હૈયાની કુટી–નિર્દય સમાજનો નાશ કરવો જોઈતો હતો અરે પણ તણે તારા જેવી સતીને મારી નાખી? કેવા વજ્ર હૈયાનો? કેવા કઠોર હૃદયનો! અરે રામ રામ! 'સુશીલા રડે છે તેનો આત્મ કળકળાટ કરે છે–ડુસકા ભરે છે આંખો ઉઘાડી જુવે છે તો વિલાપ કરતી ગુણવતી તેને સાક્ષાત દેખાય છે ચીચયારી પાડે છે જીભ બધાઇ જાય છે બોલવા જાય છે કે આવી કરૂણામય

દશામા તુ શાથી આવી છે? ક્યાથી આવી છે? પણ બોલાતુ નથી ગુણવતીના પ્રેતની સામે આંખો ફાટીને ફાટી રહી જાય છે બેહોશ થઇ જાય છે

આવી સ્થિતિમા સુશીલા કેટલી વાર રહી તે કહી શકાતુ નથી પણ જ્યારે તે શુદ્ધિમા આવી ત્યારે ઘણી કમજોર થઈ ગઈ હતી ભય અને ત્રાસથી પડખુએ ફેરવી શકતી ન હતી પાસેના ઓરડામા ધર્મવિલાસી સુતો હતો તેને બોલાવવા જેટલીએ હિમ્મત ન હતી તેણે સુખીકીખાનનુ ચિત્વન કર્યુ એકજ અલ્લાહને માનવુ તેનેજ નમવુ તેનાથીજ ડરવુ, તેનીજ આશા રાખવી અને તેનીજ સ્હાય ચાહવી એ યાદ આવ્યુ તેના હોઠ ફફડ્યા **ઓ અલ્લાહ** શબ્દ નીકળ્યો તરતજ તેનામા હિમ્મત આવી ઉભી થઈ અને ધર્મવિલાસીના રૂમમા દોડી ગઇ ધર્મવિલાસી પણ આવાજ તરંગોની છોળોમા ડોલા ખાતો પડ્યો હતો સુશીલાને આવેલી જોઈ ગભરાઇ ઉઠ્યો "કેમ બ્હેન કેમ આવી?" સુશીલાએ સર્વ હકીકત કહી સભળાવી કહ્યુ કે—"મારાથી હવે એ ઓરડામા એકલા સુવાશે નહી"

ધર્મવિલાસી—(ધીરજ દેતા) એતો તારી કલ્પના મુર્તિમાન થઈ હશે મરેલા તો આવતા હશે? તુ ભણેલી ગણેલી થઇ આવા વ્હેમ રાખે છે? એવી તો ઘણીએ મુર્તિઓ હુ જોઉ છુ શુ એ બધા પ્રેત સમજવા?

સુશીલા—જોઈએ તો ખરૂ પ્રેત હોય કે મારી કલ્પના હોય ગમે તેમ હોય, મારાથી તે દેખાવ ખમી શકાતો નથી જોતા બરો મારી છાતી કેવી ધબકે છે? અમે ગમે તેવા પણ બૈરા, **પુરૂષ કરતા તો નબળા ખરાજને?**

ધર્મવિલાસી—ત્યારે હુ તારા ઓરડામા સુઈશ તુ અહી સુઈ રહે, કારણ કે અહીં બીજો પલગ નથી

સુશીલા—ત્યા કે યહા હુ એકલી તો સુઇ નહી શકુ

આ ઉપરથી ધર્મવિલાસી તેને પોતાના પલગ ઉપર સુવાડે છે અને પોતે ભોય પથારી કરી સુવે છે પણ બન્નેમાથી એકને એ નિદ્રા આવતી નથી, ઘણી વારે ધર્મવિલાસીની કાઈ આખ લાગે છે સુશીલા ચુપચાપ પડી છે તેના મગજમાથી ગુણવતીની દુખી સ્થિતિની કલ્પના ખશી નથી વળી તેને ગુણવતી પલગની પાએતી ઉભી રૂદન કરતી દેખાય છે સુશીલા જોતાજ ચીસ પાડે છે ધર્મવિલાસી ચમકી ઉઠે છે સુશીલા "જો વળી આવી ! ત્હારા આત્માને શાતી ન હોય તો કેહ અમે શુ કરી શકીએ છીએ" પુકારે છે

ધર્મવિલાસી—કયા છે ગુણવતી ? અહીંતો કાઇ નથી સુશીલા લગાર મગજને શાન્ત રાખ

સુશીલા—ભાઈ ગુણવતીનુ પ્રેત અહીં ભમે છે એ ચોક્કસ છે તે ન જોઈ એ નવાઈની વાત છે મને ભય રહે છે કે હુ જ્યા જઇશ ત્યા તે આવશે હવે મારે શુ કરવુ ? જો તો ખરો આજે થોડા કલાકમા હુ કેવી અશક્ત થઈ ગઈ છુ ?

ધર્મવિલાસી—ગભરા નહી એતો વ્હેમ છે વ્હેમને કાઢી નાખ અને નિરાતે સુઇ રેહ

સુશીલા—પણ એ મનમાથી નીકળતો નથી તેનુ કેમ કરવુ ?

ધર્મવિલાસી—ત્યારે ચાલ મહારાજ પાસે જઈશુ ?

સુશીલા—પણ તે તો સુઈ રહ્યા હશે

ધર્મવિલાસી—તારી ખાતર જગાડીશુ

પછી બન્ને સુગીકીબાનના રૂમ તરફ જાય છે રૂમની પાસે આવતા તેઓ એકદમ અટકી પડે છે બારણા બધ હોય છે, પણ બે જણ વાત કરતી કાઈ ગોલતા હોય તેવા બે અવાજો તેમના કાને પડે છે એક અવાજ ઉચા ગરજતા ગણકાદાર છે ત્યારે બીજો કાઈ ઝીણો મીઠો અને નિલણુ હોય છે બન્ને જણા એક બીજાના હાથ મજબુત ઝાલી લે છે તેમના જીગરમા ભાર પેસી જાય છે કાગળ ધ્રુજી ઉઠે છે સ્તબ્ધ બની જાય છે સુશીલા 'પાછા ચાલો' કહેવા જાય છે પણ કહેવાતુ નથી ધર્મવિલાસી લગાર હિમ્મત ધરે છે આ વળી નવુ કૌતક શુ હશે તે જોવાની જીજ્ઞાસા થાય છે તે ધ્યાન દઈ સાભળે છે એક જણ મોટા બુલદ અવાજે **લાએલાહા** કહેતા અને બીજો ઝીણા મધુર અવાજે **ઇલ્લલ્લાહ** જવાબ દેતા સમજાય છે આ ઓરડામા એકલા સુગીકીબાન હતા તેમા આ બીજો મધ્ય રાત્રીએ ક્યાથી આવ્યો હશે એ તેને વિચાર આવે છે બારણાની તડમાથી જોવા જાય છે સુશીલા તેનો કોટ ખેચી અટકાવે છે તો પણ ધર્મવિલાસી તડમાથી અદર નજર નાખે છે ઝાખી બળતી બત્તીના અજવાળામા બે જણા સામસામા માથા ધુણાવતા સવાલ જવાબ કરતા દેખાય છે ધર્મવિલાસી જોયુ ન જોયુ કરી ભયભીત થઈ સુશીલાનો હાથ પકડી ત્યાથી ચાલતો થાય છે તેઓ પોતાના રૂમમા આવી શ્વાસ લે છે

ધર્મવિલાસી—તેમની સાથે આ બીજો કોણ હશે ? અને તેઓ બન્ને આ માથા ધુણાવી શુ સવાલ જવાબ

કરતા હશે ?

સુશીલા—ભાઇ આજની ગતે કાઇ નવા નવા કૌતકો જોવાય છે હુ તો ઘણી બ્હીનો છુ કાલે તો આ બગીચો મુકી આપણે મહુ ગામના ઘરમા ચાલ્યા જઈએ તો સારૂ

ધર્મવિલાસી—કાલની વાત તો કાલે પણ આજની રાત તો કાઢવી મુશ્કેલ થઇ પડી છે તુ આહી બેસે તો હુ એકલો જઇને તે ઓરડાનો ભેદ લગાર હિમ્મત ગણી લઈ આવુ

સુશીલા—ના હુ એકલી તો નહી બેસુ અને તને જવાએ નહી દઉ

ધર્મવિલાસી—ઠીક યાદ આવ્યુ ચાલ નુરીયાને જગાડીએ અને તેને મોકલીએ

સુશીલા આ વાત કબુલ કરે છે બન્ને જણા નીચે ઉતરી તબેલામા જઈ સુતેલા નુરીયાને જગાડે છે, અને તને ઓરડાનો ભેદ લેવા સમજાવે છે નુરીયો એક મોટી ડાગ લઈ ઉપર મુસીફીખાનના ઓરડા પાસે જાય છે તે કાઈ અવાજ સાભળતો નથી એટલે બારણુ ખખડાવે છે મુસીફીખાન બારણુ ઉઘાડે છે અને પુછે છે “ નુરૂદ્દીન પિછલી રાતકો કયુ આયા ?

નુરીયો—શેઠને ફરમાયા કે આપકે કમરેમે કોઇ દુસરા આદમી હય વો આપકે સાથ કુછ સવાલ જવાબ કરતા હે વાસ્તે દેખને આયા હુ કે કોન હય

મુસીફીખાન—(હસે છે) ભાઇ યહા તો કોઈ નહી કમરેમે દેખ લે

નુરીયો ઓરડામા ચારે તરફ નજર ફેરવી લે છે ત્યા

કાઇ બીજાને જોતો નથી એટલે વિસ્મય પામે છે અને કહે છે " જબ શેઠ શેઠાની દોનુ કયુ ડરકર મેરે પાસ આએ ? વોહતો કહેતે હય કે ઉન્હોને કાનોકાન સુના ઓર દુસરે આદમીકો સર ધુનતેભી દેખા

મુસીકીખાન—ક્યા વોહ યહા આય થે ? ઓર આય થે તો કયુ ઈત્ની રાતકો આયથે ?

નુરીયો—કયુ આયથે યેહ મે નહી જાનતા મગર દોનોકે દોનો બહોત ડર ગએ હય, ઉનકે હોશ હવાસ ઉડ ગએ હય

મુસીકીખાન—લાહોલ વલા દોનો કહા હય ? જા ઉનકો બુલાલા તાકે ઉન્કા વહેમ ટલ જાએ

નુરીયો જાય છે ઓરડામા સર્વ શાત હોવાની અને બીજુ કોઇ ન હોવાની હકીકત કહી બન્નેને મુસીકીખાનની પાસે બોલાવી લાવે છે

મુસીકીખાન—શુ હતુ ? બચ્ચાઓ ! અત્યાર સુધી કેમ જાગા છો ? મારા ઓરડા પાસે શા માટે આવ્યા હતા ?

ધર્મવિલાસી સર્વ હકીકત કહી સભળાવે છે મુસીકીખાન હસે છે તેમને દીલાસો દઇ કહે છે " તમે હુશિઆર થઇ વહેમાયા એ તો સર્વ તમારી કલ્પનાનુ જાદુ હતુ ગુણવતી કવી અને તેનુ પ્રેત કેવુ ? '

સુશીલા—ગમે તેમ કહો મહારાજ ! મે તો તેને સાક્ષાત જોઈ અને ઘણી દુખી હાલતમા જોઇ મને તો તેનુ સ્મરણ કરતા એ કપારી છુટે છે, માટે બીજી વખત એવુ કાઇ ન બને એવુ કાઈ કરો.

મુસીકીખાન—(પોતાની થેલીમાથી ગુલાબના ફુલની

એક એક પત્તી દરેકને આપી) લ્યો આ ઓલીયાની કબરના કુલ છે ખાઇ જાઓ તમને શાતી વળશે

બન્ને તે લઇ ખાઇ જાય છે અને ઓરડાનો ભેદ પુછે છે મુગીકીખાન વળી હસે છે, પણ જવાબ આપવા પહેલા પોતે જે જગ્યાએ બેઠો હતો તેજ જગ્યાએ ધર્મ-વિલાગીને બેસાડી બારણા બધ કરી પોતે બહાર જઇ તડમાથી જુએ છે અને પછી હકીકત સમજી અદર આવે છે અને કહે છે "જુઓ અહી કોઈ બીજુ નથી એ ખાતરી કરી લ્યો એ તો હુ પોતે હતો અલ્લાહનુ ઝિકર કરતો હતો મારો પડછાયો સામે દીવાલ ઉપર પડતો હતો તે તમને ઉતાવળમા બીજા માણસ રૂપે દેખાયો"

ધર્મવિલાસી—ત્યારે બે જાતના અવાજ શાના હતા?

મુગીકી**ખાન**—તે બોલનાર પણ હુજ હતો (પછી પોતે બોલી સભળાવે છે)

ધર્મવિલાગી અને સુશીલા એક બીજાના મ્હો સામે જુએ છે સુશીલા કહે છે "હવે હમારી ભ્રતિ ભાગી છે આપ ખરેખર અમારે મન તો પ્રભુ તુલ્ય છો"

મુસીકીખાન—વળી પાછી એજ વાત, તોબા તોબા તમે અહીં રહેવુ મુસ્કેલ કરી દેશો હવે બીજીવાર એવુ બોલશો તો હું અહીથી ચાલ્યો જઇશ હુ નાચીઝમા નાચીઝ અને અદના ખુદાનો બદો છુ તેની રેહમત અને કૃપાવડે તરવાનો ઉમેદવાર ખાકસાર છુ બેટા! પ્રભુ કે ખુદા તો જે છે તેજ છે માણુસ તો તેના બદા છે તમે કોઈમા લગાર અસાધારણ શક્તિ જુઓ છો તો તેને પ્રભુ માની લેવાનુ પાપ કર્યા ઉપરાત પોતાના પુરૂષાર્થને ગુમાવો છો

ખુદાએ માણસને પોતાની શક્તિઓની પ્રતિમા જેવો બનાવ્યો છે ઈબાદત (ભક્તિ) થી, ઝિક્ર (તના પાક નામોના સ્મરણ)થી, તેના બતાવેલ માર્ગે ચાલવાથી આ શક્તિઓ દરેક માણસ ખીલવી શકે છે તમે એ માર્ગે ચાલો તો તમે પણ એ શક્તિઓ પામી શકો છો કોઈ માણસમાજ એવી વિશેષતા નથી માટે ખુદા સિવાય કોઈને ખુદા કે પ્રભુ માનવુ મહા પાપ છે, અને તે આલોક અને પરલોક બન્નેમા નુકસાનકારક છે—નાશ આણનાર છે પણ હિન્દ વાસીઓની બુદ્ધિ એવી જડ છે કે કોઈ માણસ અન્ન વસ્ત્ર ત્યાગે જગલમા જઈ બેસ અગર યોગથી અમુક શક્તિ સાધે તો તેને તરત ઈશ્વર માની લે બોલો બેટા આ સમજાય છે ? બોલો કબુલો છો કે હવેથી આ જગતના કર્તા માલિક અને હાકિમ **વહદહુ લા શરીક લહુ** (એકજ એવો કે જેનો કોઈ ભાગયો કે બરાબરીયો નથી) વિના બીજાને માનશો પુજશો નહી ? તેનામાજ આસ્થા તેનામાજ વિશ્વાસ રાખશો ગમે તેવા સકટનો વખત હોય ગમે તેવી વિપત્તિ આપત્તિ હોય આ માન્યતામા અડગ રહેશો ?

બન્ને હાથ જોડી શીશ નમાવી કબુલી કહે છે, “અમને કબુલ છે અમે તે ગુરુ સ્વિકારીએ છીએ અને તેના ઉપર અડગ રહેવાની પ્રતિજ્ઞા લઈએ છીએ

મુસીકીખાન—ધન્ય છે તમને ! જાઓ હજુ રાત બાકી છે એટલે જઈને નિરાંતે સુઈ રહો

બન્ને ઉભા થાય છે જતા જતા મુરલીધર પુછે છે— ' મહારાજ આપને જો ભોજનમા માસ જોઈએ તો આવ્યારથી નુરીયાને પરથી આપી રાખુ કારણ કે અહી દિવસ ચઢે

વેચાઇ જવાનું નુરીયો કહે છે”

મુસીકીખાન—નહી મને નહી જોઈએ

સુશીલા—અમારી લાગણીના ખ્યાલથી ઈન્કાર કરશો નહીં

મુસીકીખાન—માસ એ અમારો ખોરાક છે ને મારો તો એ બે રીતે ખોરાક છે એકતો રજપુત એટલે હિન્દુ ધર્મથી એ તેની મને છુટ છે અને બીજો હુ મુસલમાન એટલે તે મારે માટે હલાલ છે પણ એનો અર્થ એવો નથી કે હુ તમારી માથે રહુ અને તમારી એ વિશેની લાગણીનો ખ્યાલ ન રાખુ માટે જ્યા સુધી હુ તમારા ઘરમા **રહીશ** ત્યા સુધી હુ તે તદ્દન જમીશ નહી મેઝબાનની, પાડોશીની, મિત્રની, સ્નેહીની અને મહેમાનની લાગણીયોની અન્યોઅન્ય દરકાર કરવી એજ પવિત્રમા પવિત્ર ધર્મ છે

સુશીલા—પણ આપ જમો તેમા અમને કાઈ વાધો નથી, **વૃદ્ધ માતુશ્રી** એ વિષે લગાર સખત છે તોપણ તેમણે આપના સબધમા ખુશીથી છુટ આપી છે

મુસીકીખાન—એ તેમનો ઉપકાર, પણ મારૂ અ ત કરણ મને તેની છુટ આપતુ નથી

વિશ્વપ્રેમીની મુલાકાતે અબ્દુસ્સલામ.

મી૦ **વિશ્વપ્રેમી** સવારે નાસ્તો કરી પોતાની લાઈબ્રેરીમા “ ઈવનીગ ન્યુઝ ” વાચતા બેઠા છે તેમની નજર **ઉદ્ધતરાય**ના પરહેજ થવા અને **ગુણવતી**ના ઝેરથી મર્ણ પામવાની હકીકત ઉપર પડે છે પાનુ ફેરવી વાચે છે

તો મોટા અક્ષરોએ "એક ચમત્કારીક પુરૂષની પધરામણી" "ગવૈયાના વેશમા ઓલીયા" "ઉદ્ધતરાયને નડેલો શ્રાપ' વિગેરે વાચી દંગ થઇ જાય છે નીચે **સુશીલાની** જન્મ ગાઠની પાર્ટીવાળી સર્વ હકીકત, ઉદ્ધતરાયનુ ઉદ્ધતાઈએ ચઢવુ, નિરાની હાલત અને ચમત્કારિક પુરૂષનો શ્રાપ અતિ સહન્ગતની સાથે વરણવામા આવેલ જોઇ તેમને ઘણીજ તાજુબી થાય છે આ હકીકત છાપામા કયાથી ગઇ હશે? એ તેને વિચાર આવે કે તેને ભય થાય છે કે જો મુન્નીકીખાન આ સર્વ અતિશયોકિત ભરેલી હકીકત જાણશે તો પછી આહીં રહશે નહીં એક બે અકસ્માતિક બીનાઓથી તેને ચમત્કારનુ રૂપ આપવામા આવ્યુ એ લગાર વધારે પડતુ છે એમ તેને લાગ્યુ—પણ સાથે સાથે એને એ પણ દેખાયુ ક બીનાઓ જોઈએ તો અકસ્માત હોય પણ ચમત્કાર જેવીજ બની એમા સદેહ નથી મુન્નીકીખાન તેના બેચાર દિવસના પરિચય ઉપરથી લગારે દભી જણાતો હતો નહી—તેમજ જે બે અમુલ્ય સુત્રોનુ પાલણ કરતો હતા તે બે અમુલ્ય સુત્રોના પ્રભાવથી માણસને કદી એટલી અને એવી શક્તિ પ્રાપ્ત થાય તો તેમા કાઇ નવાઈ માનવા જેવુ નથી એમ તને સ્પષ્ટ દેખાયું હતુ **જે પ્રભુનો થઇ રહે તેનો પ્રભુ થઈ રહે.** એ ધ્યાનમા ઉતરે તેવુ છે આ પ્રમાણે વિચારમા બેઠેલા વિશ્વપ્રેમીને—બહાર કોઈ મળવા આવેલા ગ્રહસ્થનો વીઝીટીન્ગ કારડ નોકર લાવી આપે છ વીઝીટીન્ગ કાર્ડમા માત્ર "અબ્દુસ્સલામ" લખેલુ છે અબ્દુસ્સલામ કોણ હશે એ વિચારમા પડી જાય છે પોતે બારીમાથી ઝાકી જુએ છે તો એક કાળી દાઢીવાળો

માથાના લટકતા વાળવાળો યુવાન વયનો મુસલમાન દેખાય છે કોઈ નવો માણસ છે એમ તેને ખાતરી થાય છે કાંઈ કામે આવ્યો હશે વિચારી નોકરને અંદર તેડી લાવવા જણાવી સ્વસ્થ થઇ બેસે છે

અબ્દુસ્સલામ જાણે જુનો ઘણા લાંબા વખતનો મિત્ર હોય તેમ હસતો હસતો લાયબ્રેરીમા દાખલ થાય છે વિશ્વપ્રેમી તેને હજુએ ઓળખી શકતા નથી અબ્દુસ્સલામ હાથ મેળવી પુછે છે ' કાં, ઓળખાણ પડી કે ભુલી ગયા?"

વિશ્વપ્રેમી—(ઓળખવાના પ્રયત્ન કરતા) મને કાંઈ યાદ આવતુ નથી

અબ્દુસ્સલામ—હઠયોગીને ભુલી ગયા ?

વિશ્વપ્રેમી—હલ્લો, આ વેશ શુ કાઢયો છે? બિરાદર! તમે સભા મુકી ચાલી ગયા ત્યાર પછી કાંઈ ખબર અંતરે આપ્યા નહી તમે તો ખરેખર મુસલમાન થઈ ગયા ! હઠયોગી મુસલમાન થાય એ સ્વપ્ને પણ કબુલી શકાય નહી પણ આ જમાનામા ઉચિત ન માની શકાય તેવુ અવનવુ બને છે જેને રોમે રોમે ઇસ્લામ પ્રતી રોષ ભર્યો હોય તે ઇસ્લામનો આવો સેવક બની જાય એ ચમત્કારજ કહેવાય તમે તો નામે બદલી નાખ્યુ ! મને ઘણીવાર વિચાર આવતો કે તમે મુસલમાન થઈ સભામાથી ચાલ્યા ગયા તે ખરેખર મુસલમાન થયા કે એ તમારો કોઈ નવો બુટ્ટો હતો ? આજે અચાનક તમે આવ્યા તે ઠીક થયુ, હુ ઘણો ખુશ થયો કયા હતા અને શુ કરો છો ?

અબ્દુસ્સલામ—હુ ખરા જીગરથી અને શુદ્ધ અંતઃકરણથી મુસલમાન થયો છુ એમા મારો કશો બુટ્ટો ન

હતો હુ મુસલમાન થયો તેથી જો કે મને કૌટુમ્બિક ઘણી આફતોમાથી પસાર થવુ પડયુ છે, તો પણ મુસલમાન થયો એથી ખુશ છુ અને ખુદાનો શુકર બજાવુ છુ બલકે મુસલમાન થવા અગાઉનુ જીવતર એળે જવાનો પશ્ચાતાપ થાય છે

વિશ્વપ્રેમી—તમારો નવો ધર્મ તમને મુબારક પણ તમે સભામા આવ્યા ત્યારે તમે તમારા એ વિશેના વિચારની સ્હેજે વાત કીધી નહી મડળની પ્રતિષ્ઠાની ખાતર અમારે લગાર સખત થવુ પડયુ હતુ તેની માફી ચાહુ છુ

અબ્દુસ્સલામ—એ હુ સમજ્યો હતો એટલે તુરત ચાલી નીકળ્યો હતો હુ સભામા આવ્યો અને પ્રશ્ન કરવા ઉભો થયો ત્યા સુધી હુ મુસલમાન થવા ઉભો થાઉ છુ એ હુએ જાણતો ન હતો

વિશ્વપ્રેમી—એ તો ઘણીજ તાજુબીની વાત!

અબ્દુસ્સલામ—બીજી સભામા મવલાનાની સાથે તકરારમા ઉતર્યા પછી મવલાનાના પરિચયમા આવતા ઈસ્લામ ધર્મ સત્ય છે અને તેજ વિશ્વધર્મ હોઇ શકે બીજો નહી એવી મને પુરણ ખાત્રી થઈ હતી અને મારૂ મન ઇસ્લામ તરફ આકર્ષાતુ રહેતુ હતુ, પણ સમાજની પ્રતિષ્ઠા અને કાઇ મિથ્યા અભિમાન આડે આવતા હતા જેમ જેમ મારૂ મન ઇસ્લામ વડે વધુ ને વધુ ખેચાતુ તેમ તેમ હુ મુસલમાન તો નહીજ થાઉં એવો દ્રઢ નિશ્ચય વધુ ન વધુ કરતો હતો એટલે સુધી કે મને એક ફકીરનો પરિચય થયો. આ ફકીરથી હુ ઘણોજ અજાઇ ગયો જાણે હુ મુસલમાન થઈ ગયો હોઉ તેવી સ્થિતિમા મને મુકીને

તે ચાલતો થયો પણ મનમા નિશ્ચય એજ કીધો હતો કે ગમે તેમ થાય પણ મુસલમાન તો નજ થવુ મનની આવી સ્થિતીમા ને સ્થિતીમા ત્રીજી નભાનો પ્રસગ આવ્યો મવલાનાને હફાવાના આદેશથી પ્રશ્ન કરવા ઉભો થયો ફકીરનું મને કહેલુ વાકય "જ્ઞાનમે માન ચુકા હે વ્હેવારમે નહી," અને "ઇસ્લામકા નુર તેરી પેશાની પર ચમકતા દેખતા હુ" યાદ આવ્યું—કરવાનો પ્રશ્ન ભુલી ગયો મન ચકડોળે ચઢયું જ્ઞાનથી માની ચુકેલો છુ ત્યારે વ્હેવારથી શા માટે ન માનવુ એમ મનમા ઉગી આવ્યું હવે હઠ કરવી પોતાની જાતને છેતરવા જેવુ લાગ્યું કોઈ અલૌકિક શકિતઓ મને ખેચતી હોય એમ દેખાયું એવી શકિતને આધિન ન થવુ મુશ્કેલ થઈ પડયુ મુસલમાન થવાનો વિધિ પુછયો અને મુસલમાન થઇ ગયો

વિશ્વપ્રેમી—આ બીના તો ખરેખર ચમતકાર જેવીજ ગણાય, પણ ઇસ્લામનો કયો મુદદો તમારૂ મન આકર્ષિ શકયો, એ કાઈ અમારા જાણવામા ન આવ્યુ

અબ્દુસ્સલામ—તેનો ગમે તે મુદદો લો તમને બીજા પ્રચલિત ધર્મોના મુદદાઓ કરતા ચઢિઆતો લાગશે **મુસલમાન થવામા મણુસ પોતાનો ગાઠમાનો કશુ સત્ય ગુમાવતો નથી તે તો ઉલટો વધુ સત્ય અને બહુ ગ્રાહી સત્ય પ્રાપ્ત કરે છે.** ઇસ્લામ કોઈ પણ ધર્મનુ ખડન કરતો નથી તે તો માત્ર ધુશી ગએલા ઢોગ ધતીંગ અને અસત્યનો નાશ કરે છે જેમ ન્હાની સભાઓ અને સમિતિયો મહાસભા સ્થાપન થએ તેમા જોડાઈ જાય છે તેમ ઇસ્લામ સર્વ વ્યાપિ હોઈ બીજા પ્રજાકિય ધર્મોને પોતાનામા

ભેળવી લે છે નાના રાજ્યો જેમ સામ્રાજ્યમા સમાઈ જાય છે તેમ ઇસ્લામ એક આલમગીર હીલચાલ હોઈ બીજાઓને પોતાનામા લઇને એક આલમગીર ભાઇચારો સ્થાપે છે આ તદ્દન કુદરતના કાનુન અનુસાર સ્વભાવીક ધર્મ છે કુદરતનો ક્રમ જોશો તો એવીજ રીતે વૃદ્ધિ કરતો જણાશે પ્રથમ માણસ એક કુટુંબ હતો તે કુટુંબ મોટા કબીલામા ભેળાયુ કબીલાઓ મળી પ્રજા બની પ્રજાઓ મળી આલમગીર ભાઇચારો બંધાયો જમીનના નાના નાના ભાગ એકત્ર થઈ દેશ બન્યા અને દેશો એકત્ર થઇ આલમ બન્યા એમ ધર્મની પણ વૃદ્ધિ થએલી છે કુદરતના એ વૃદ્ધિના નિયમ અનુસાર પ્રથમ કુળધર્મ બંધાયો કુળધર્મ પ્રજાકીય ધર્મમા બદલાયો પ્રજાકિય ધર્મ દેશધર્મ બન્યો ઇસ્લામે આવી એ સર્વને પોતાનામા લઈ આલમગીર ધર્મ સ્થાપ્યો રાતના અંધારામા ચંદ્ર અને તારાની રોશની માર્ગ દર્શક હોય છે, પણ સુર્ય ઉદય થએ ચંદ્ર અને તારાની રોશની સુર્યની રોશનીમા સમાઈ જાય છે—લોપ થઇ જાય છે એવીજ રીતે જ્યારે આલમની પ્રજાઓ ઉપર અંધકારની રાત્રી છવાએલી હતી ત્યારે રોશક ચંદ્ર અને તારાઓની રોશની તેમને માર્ગ દર્શાવતી હતી—તેમને માર્ગ દોરતી હતી અને તે વડે તેમનુ કલ્યાણ થતુ હતુ પણ જ્યારથી આલમની પ્રજાઓ ઉપર સુર્યનો ઉદય થયો અંધકારનો નાશ થયો ત્યારથી એ ચંદ્ર અને તારાઓની રોશની ફીકી પડી ગઇ આપણે સુર્યના અજવાળામા રહીએ અને ચંદ્ર અને તારાઓની રોશનીની ઝંખના કરીએ એ કેવી તાજુબીની વાત કહેવાય! ઇસ્લામ સુર્ય પ્રગટ થઈ

ચુકયો છે આપણે સર્વ તેના અજવાળાથી લાભ ઉઠાવીએ છીએ ઇસ્લામનો પ્રકાશ પડયા પછી આપણે તેના પ્રતાપે આપણા ધર્મમા ઘણા સુધારા કરતા આવ્યા છીએ સુધારા કર્યા નથી તો આપણા આચરણોને પુરાતન ધર્મ પ્રમાણે રાખી ન શકયા હોવાથી સુધારાજ કર્યા કહેવાય હજુ જે ઘણા ઢોંગ ધતીંગને કાઢી શકયા નથી–સુધારી શકયા નથી તેની વિરૂદ્ધ કલ્પાંત કરીએ છીએ એ સર્વ ઇસ્લામના સુર્યના પ્રકાશનો પ્રતાપ છે છતા આપણે એમજ માનીએ છીએ કે સુર્યના અજવાળામા ચદ્ર અને તારાઓનુ અજવાળુ માર્ગદર્શક છે, આ આપણી કેવી નાદાની કહેવાય? વળી બીજીવાર કહેવાની જરૂર જોઉ છુ કે ઇસ્લામનુ સત્ય સવવ્યાપી હોઈ બીજા સત્યોને પોતાનામા સમાવી લઈ એક સામાન્ય સત્ય સ્થાપી સર્વ પ્રજાઓને પોતાની તરફ બોલાવે છે ભારતવર્ષમા જે જે સત્ય અગાઉના કાળમા પ્રગટયા છે અને જે જે સત્ય પ્રચારકો થયા છે તેમના માટે માન ધરાવવાનુ શીખવે છે અને તેમના શીખવેલા સત્ય ઇસ્લામે તાજા કરી નવેસર શીખવ્યા છે ત્યારે ઇસ્લામ ધર્મ સ્વિકારવામા એક સત્ય ચાહીને શુ સકોચ હોઈ શકે? હુ કબુલુ છુ કે મને ઇસ્લામ પ્રતિ ઘણો અભાવો અને તિરસ્કાર હતા પણ તે **અભાવો અને તિરસ્કાર** પેલા ફકીરે મને કહ્યુ હતુ તેમ **મારામાં ઉત્પન્ન કરવામા આવ્યા હતા.** હુ ઇસ્લામના શિક્ષણના મુળ પુસ્તકો વાચતો નહી પણ ઇસ્લામના વિરૂધીઓ પોતાના લક્ષબિદુથી તેના ઉપર જે ટીકાઓ કરતા તે ટીકાઓ વાચતો અને તેથી એ અભાવો અને તિરસ્કાર

ઉત્પન્ન થયા હતા પણ જ્યારથી હુ મવલાનાના પરિચયમા આવ્યો અને ઇસ્લામી સાહિત્ય જાતે વાચતો થયો ત્યારે મનમા ઇસ્લામ પ્રતિ પ્રેમની લાગણી ઉત્પન્ન થઈ

મારા ભાઇઓ મને ધર્મભ્રષ્ટ થયાનુ અને વટલેલ થઈ જવાનુ મ્હેણુ મારે છે પણ હુ ખરી ધર્મભ્રષ્ઠતા સર્વ વ્યાપી સત્ય ન કબુલવામા લેખુ છુ'

વિશ્વપ્રેમી—બેશક એમા શુ અસત્ય છે

અબ્દુસ્સલામ—આટલી મારી તવારીખ છે

વિશ્વપ્રેમી—તમે તમારા અત કરણના અવાજને દાબી ન દઈ તને છેતર્યુ નહી એ તમારી મરદાઈ માટે હુ તમને ધન્યવાદ આપુ છુ

અબ્દુસ્સલામ—હુ પુછી શકુ છુ કે આવો અત કરણનો અવાજ તમારામા પણ ઉત્પન્ન થયો છે કે નહી, અને જો થયો છે તો શા માટે મરદાઇનો દાખલો બેસારતા નથી?

વિશ્વપ્રેમી—(સટપટાય છે) મારા માટે એ ગુચવાડા ભર્યો સવાલ છે મારી જાત વિશેની એ ચર્ચામા નજ ઉતરીએ એમ હાલ હુ ઇચ્છુ છુ પણ તમે એતો કહ્યુ નહી કે હાલ કરો છો શુ?

અબ્દુસ્સલામ—હુ હાલ કાઈ કરતો નથી પણ હવે માર્ગદર્શક નામનુ માસિક કાઢવાનો વિચાર રાખુ છુ મને ગુલશનાબાદના નવાબ સાહેબે સારી મદદ આપવાનુ વચન દીધુ છે, હુ હમણા ત્યાજ જતો હતો, સ્ટેશને ટ્રેન બદલતા વાર હતી એટલે તમને મળવા દોડી આવ્યો છુ હુ સમજુ છુ કે હવે વખત થઈ ગયો છે અને મારે સ્ટેશને પહોચી જવુ જોઇએ

વિશ્વપ્રેમી—મહીનાઓ પછી મળ્યા અને આટલી ઉતાવળ ?

અબ્દુસ્સલામ—મને ચાલે તેવુ નથી

વિશ્વપ્રેમી—માર્ગદર્શકના ગ્રાહક તરીકે મારૂ અને ધર્મવિલાસીનુ નામ નોંધી લેશો

અબ્દુસ્સલામ—બેશકયુ પણ આહી આવતા મે ધર્મવિલાસીને ત્યા ઉતરેલા કોઇ ફકીરની ઘણી ખ્યાતિ સાભળી છે

વિશ્વપ્રેમી—હા તેઓ મવલાનાના શિષ્ય છે, આહી તો ચમત્કારિક મહાત્મા થઈ પડયા છે

અબ્દુસ્સલામ—ઈસ્લામના ફરમાનોનુ જેઓ પાલણ કરે છે **તેઓની** સામે ચમત્કાર કાઇ બીસાદના નથી તેઓનો શબ્દે શબ્દ ચમત્કાર હોય છે

ઘડીયાળ કાઢી જુએ છે અને રજા લઇ ઉભો થાય છે

વિશ્વપ્રેમી—હવે કયારે દર્શનનો લાભ મળશે ?

અબ્દુસ્સલામ—મારે જે પ્રવૃતિ આદરવાની છે તેનાથી ફુરસદ કાઢવી મુશકેલ લાગે છે તોપણ ઈન્શાઅલ્લાહ તક મળે ચુકીશ નહી લ્યો સાહેબજી

નનામો પત્ર.

ઉદ્ધતરાય, રૂપાળી અને તેમના એક બે સાથી પકડાઇ પોલીસ સ્વાધીન થવાને દિવસો થઇ ગયા છે **ગુણવતીને** ઝેર દીધુ છે એવુ ચોકકસ પોલીસે ઠરાવ્યુ હતુ, અને તે વિશેના પુરાવા એકઠા કરવાની પોલીસની મહેનત જારી હતી **મુસીકીખાન** ત્રણ દિવસ **ધર્મવિલાસીનું**

ખાઈ ટોપીઓ ભરવા સીવવાના કામે લાગ્યા હતા પણ તેમના ચમત્કારની હકીકત છાપાઓમા પ્રગટ થવા ઉપરાંત સામાન્ય સમુહમા એટલી બધી ચર્ચાઈ હતી કે લોકો દરશનાર્થે આવી તેમને ફુરસત લેવા દેતા ન હતા આજે પણ પોહ ફાટતાજ ઘણા પુરૂષો અને સ્ત્રીઓ દરશનાર્થે નીકળી પડયા હતા **ધર્મવિલાસી**ના બંગલામા સારી મેદની જામી હતી મુગીકીખાન શાન્ત જીવન ગાળવાની ઈચ્છા ધરાવતા હોઈ આ લોકોના દરરોજના આવરા જાવરાથી ઘણા ગભરાતા હતા, પણ લોકો માનતા ન હતા સુરજ ઉગતાની સાથે કોઈની પુત્રની માગણી, કોઈની ધંધે-રોઝીએ લાગવાની માગણી, કોઈની બીમારી દુર થવા તાવીજોની માગણી, કોઈની ધણી કબજે કરવાની-વશીકરણ વિધાની માગણી એવી અનેકો અનેક માગણીઓ સાકરના પડીકા અને નારીએળોના નજરાણાની સાથે દરરોજ રજુ થતી હતી મુગીકીખાન નજરાણા પાછા ફેરવતા અને સહુને સ્પષ્ટ શબ્દોમા કહેતા કે "તવી શકિત તો ખુદામા છે હુતો એક તમારા જેવો ગુનેહગાર બંદો છુ મારામા તમારા કરતા વધુ શક્તી હોય નહી પણ લોકોને ગળે આ વાત ઉતરતી નહી અને વધુને વધુ કાલાવાલા અને આજીજીઓ કરતા આજે એવી રીતે કમ્પાઉંડમા લોકોની ઠઠ જામી હતી એવામા કમ્પાઉન્ડમા એક મોટર દાખલ થતી દેખાઇ સુશીલા મોટર જોઇ નીચે દોડી ગઇ મોટરમા ઉદ્ધતરાયના વયોવૃદ્ધ પિતા જગમોહન રાય હતા તેમનો ચહેરો ફિક્કો ચિંતા અને નિરાશાના કારણે ફીકો પડી ગયો હતો **સુશીલા**એ આવકાર આપ્યો શેઠે બેઠેલા સાદે ઉત્તર

વાળ્યો—"જોયું સુશીલા, મારા, જેવા હિણભાગી કોણ હશે ? **ગુણવતી** જેવી સતી વહુ ગુમાવી અને એકનો એક છોકરો પણ ગુમાવવાનો વખત આવ્યો છે મારે ઘરડે ઘડપણ આ દુખ અને કલંક જોવું પડયું **ઉદ્ધતરાય** ગમે તેવા વંઠેલો હતા પણ ગુણવતીને ઝેર દે તેવો પામર તો નથી, પછી કોણ જાણે, પણ તમારે ત્યાં કોઈ શાહ સાહેબ ઉતર્યા સાંભળ્યા છે શું ખરી વાત છે ?'

સુશીલા—(ગંભીર લાગણી સાથે હા, તેઓ ઉપર છે પધારો

શેઠ—લોકોમાં ચર્ચા છે કે ઉદ્ધતરાયને આ શાહ સાહેબનો શ્રાપ લાગ્યો **છે** જો તે ખરૂં હોય તો હું તેમની માફી માગવા આવ્યો છું મારે નિવૃત્તિના દિવસોમાં ઘેરઘેર ભટકવાનો અને ખુશામદ કરવાનો વારો આવ્યો એ પણ મારા નસીબ

સુશીલા તેમને **મુસીફીખાન**ની પાસ લઇ જઈ ઓળખાણ કરાવે છે મુસીફીખાન ઉભા થઇ સન્માન કરી આવકાર આપે છે શેઠ મુસીફીખાનના ચરણ પકડી રડી પડે છે **મુસીફીખાન** તેમને દીલાસો આપે છે શેઠ હાથ જોડી વિનતી કરે છે—"મહારાજ ! મુજ વૃદ્ધ ઉપર નજર કરી દયા લાવો બાળક સામે ન જુઓ તેનો કસુર માફ કરો અને દીધેલો શ્રાપ પાછો ખેંચી લો તેની માતા તેને નાનો મુકી દેવલોક પામી મને દરેક જાતની શકિત હતી પણ તેને દુખ ન થાય એટલા માટે મેં બીજું ઘર ન કર્યું, તો પણ મારૂં કીસમત બે ડગલા આગળ ને આગળ રહ્યું માટે આપની મીઠી નજર રાખો—

મુસીકીખાન—(પોતાને નવી મુગ્ગીબતમા ફસેલો જોઇ) શેઠ સાહેબ! હુ શુ અને મારો શ્રાપ શુ? મે તમારા પુત્રને શ્રાપ દીધોજ નથી જો મને ફકીર માનતા હો તો તમારે કહેવુ જોઈશે કે ફકીર કોઈને શ્રાપ દઈજ ન શકે ક્રોધ કેવો અને શ્રાપ કેવો? જો તેને ક્રોધ હોય જેથી તે શ્રાપ દે તો તે ફકીરે નહી અને તેના શ્રાપમા અસર નહી ફકીર શ્રાપ દેતા પોતે શ્રાપિત થાય છે લોકો એવી ચર્ચા ફેલાવે તેનો મારી પાસે ઉપાય નથી વળી ઉદ્ધતરાય આવીને મારી પાસે માફી માગી ગયો છ જો કે તેનીએ જરૂર ન હતી પણ એટલો તેનો વિવેક અને વિનય હુ કશી જાણતરીનો માણુસ નથી હુ માગ નફસને આધિન ગુનેહગાર બંદા કોણ જાણે કયા પાપના કારણે આ અચાનક આફતોમા ફસાયો છુ, એજ હુ સમજી શકતો નથી ત્યારે બીજાઓના સબધમા તો હુ જાણી ૮ શુ શકુ? તમે મારા ઉપર આશા રાખો તે કરતા ઉદ્ધત-રાયને છોડવવાના પ્રયત્ન આદરો એજ ખરો ઉદ્ધારનો મારગ છે

શેઠ—મારૂ તો ચિત્ત ભ્રમિત થઈ ગયું છે મારા પ્રયત્નોની ગીમા આપની જાત સુધી છે ભલુ યા બુરૂ એ આપનું બાળક છે ચાહો તો ઉગારો અને ચાહો તો મારો

મુસીકીખાન—ઉગારવા મારવાની શકિત પરવરદિગાર પાસ છે જો **ઉદ્ધતરાયે** ઝેર દીધુ નથી તો તે વિશેના પુરાવા રજુ કરવાની તજવીજમા પડો પરવરદિગાર હાથ જોડી બેસી રહનાર અને તેના ઉપર વગર પુરૂષાર્થ વિશ્વાસ કરનારને સ્હાય થતા નથી દરેક કાર્યમા કાર્ય સિદ્ધીનો

જે નિયમ અને માર્ગ હોય તે નિયમ પાળનારને તે માર્ગે ચાલનારને કુદરત મ્હાય થાય છે આપણો યત્ન અને તેની કૃપા એ બને મળી અર્થ સારે છે તમે વ્યાપારી છો જો વ્યાપારની ચઢતી પડતીને ભાવતાલની ફિકર ન ગખો અને માત્ર વેપાર ખેડી નચિત બેશી રહો તો નુકશાનજ પામો એ સારી પેઠે સમજો છો, છતા તમે અધ શ્રદ્ધાના ભોગ બનો છો એની મને નવાઈ લાગે છે વિશ્વાસ અને ભરોસો માત્ર એકજ માલીકની જાત ઉપર હોય તોપણ અમારા પેગમ્બર સાહેબે એક ઉટવાળાને પોતાનુ ઉટ તેના વિશ્વાસ અને ભરોસા ઉપર છુટુ મુકતા જોઈ "ઉટનો પગ બાધીને તેનો વિશ્વાસ અને ભરોસો કર" એવો બોધ કર્યો હતો પુરૂષાર્થ અને પછી ફળની આશા એજ નિયમે ચાલવાથી કલ્યાણ થાય છે માટે તેને છોડાવવાની જે તજવીજો સભવિત હોય તે કરી–તે માલિકના ઉપર વિશ્વાસ રાખો તે જરૂર સ્હાય થશે

શેઠ—મને તો કાઈ સુઝતુ નથી માત્ર આપની આશિશની યાચના કરી જાણુ અને તેનીએ સ્હાયની આશા રાખુ

મુસીકીખાન—મારા ખરા જીગરની આશીશ છે જો ઉદ્ધતરાય નિર્દોષ હશે તો છુટી આવશે, મનને શાત રાખો

શેઠ—આપની આશીશથી મને કાઈ દીલાસો મળે છે એવામા પેઢીનો વિશ્વાસુ મુનિમ **ચતુરદાસ વિશ્વપ્રેમી**ની સાથે આવે છે **ઉદ્ધતરાયના** પકડયા પછી આ **ચતુરદાસ** તેને છોડાવવાના અને બચાવના પુરાવા ઉભા કરવાની તનતોડ મહેનત કરી રહ્યો છે શેઠ તેને જોઈ અધિરાઈથી

પુછે છે "શુ ચતુરદાસ! કાંઈ નવીન છે

ચતુરદાસ—નવીન કાંઈ નથી પેલો તુમાખીદાસ વિરૂદ્ધમા ઘણી ખટપટ કરી રહ્યો છે મે ઘણી ખુશામદ કીધી કાલાવાલા કર્યા પણ માનતો નથી અને ઉલટુ પોલીસને ભાઇ વિરૂદ્ધ પુરાવા ઉભા કરવામા પુરતી મદદ આપે છે બાકી ભાઇતો એમજ કહે છે કે આ મારા ઉપર જુઠુ તોહમત છે જામીન ઉપર પણ છુટી શકતા નથી કારણ કે પોલીસને મજબુત પુરાવા હાથ લાગ્યા કહેવાય છે વળી આખા ગામમા ભાઇને રહાનારા ઘણા થોડા છે સહુની સાથે કાટાજ વાવ્યા છે તેમનુ કોઈ બોલનારો કે ખેચનારો દેખાતો નથી જેની પાસે જઇએ છીએ તે બાજુ પકડવા માગે છે શેઠ સાહેબ! મને તો એ ચોકકસ અનુભવ થયો છે કે માણસમા ભલમનસાઈ હોય તોજ માણસ આફત વખતે બીજાની સહાય મેળવી શકે છે તે પણ જો પેલો તુમાખીયો વચમા ન આવતો હોય તો હજુ કાંઈ સગવડતા પડે

શેઠ—(વચમા) પણ તેને મારી આબરની શરમે આવતી નથી ?

ચતુરદાસ- મે ઘણો સમજાવ્યો પરંતુ તે તમારાથીએ નારાજ થએલો છે

શેઠ—મારાથી નારાજ શા માટે થયો છે ?

ચતુરદાસ—સકરી ઈદના દિવસે-પ્રાણીઓની કુરબાની ન થાય અને ગોવધ અટકાવાય એ વિશેના ફાળામા રકમ ભરાવા તમારી પાસે આવ્યો ત્યારે તમે ચોકખી ના પાડી અને જયારે તેઓએ કસાઈઓની સાથે લેવડ દેવડ ન

કરવાનો ઠરાવ રજુ કર્યો ત્યારે તમે તેની સાથે સમ્મત થયા નહી એટલુજ નહી પણ તેવા ઠરાવ હીંદુ મુસ્લિમ કોમમા કુસપ કરાવનાર છે કહી ઉગડી દેખાડ્યો, એ તેને વણુ સાલે છે તેના બીજા સાથીઓ પણ એજ કારણે તમારાથી નારાજ છે અને તેઓ સહુ એમજ કહે છે કે શેઠે અમારી આબરૂ રાખી નહી તો અમને તેમની આબરૂ રાખવાની શી ગરજ છે શેઠ! જુઓ, એ બધા છોટા હવે નડે છે મે પણ ચોક્ખુ કહ્યુ હતુ કે સહુની મરજી રાખવામા માલ છે વળી એ ધર્મ રક્ષાના સવાલ હતો પણ તમે એકના એ ન થયા, અને પરિણામ આપણે ભોગવવુ પડે છે

ધર્મવિલાસી—શાહ સાહેબે તુમારીને સારી નસીહત કીધી હતી છતાએ તે માન્યો નહી ?

મુસીકીખાન—કેટલીક પ્રકૃતિઓ માત્ર નસીહત વડે માનતી નથી તેમને તો તેમની નિષ્ફળતા અને નિરાશાજ સારો પાઠ શીખવી શકે છે

શેઠ—સત્ય છે મને આપના શબ્દે શબ્દ ઉપર આસ્થા અને વિશ્વાસ છે

મુસીકીખાન—શેઠજી! ખુદા ઉપર આસ્થા અને વિશ્વાસ રાખ્યાનુ કહો

શેઠ—ખરો આશરો તો એનોજ એ કેમ ના કહેવાય?

ચતુરદાસ—શેઠ સાહેબ! એકાદ પખવાડીયા પહેલા ગુણવતી બાઈના નામનો એક પત્ર પેઢીએ આવ્યો હતો આ પત્ર હુ બાઈને આપવો ભુલી ગયો હતો, અને તે મારા ડસ્કાતરામા પડી રહ્યો હતો આજે પેઢીએ ગયો અને ડસ્કોતરો ઉઘાડયો ત્યારે એ પત્ર મારા હાથમા

આવ્યો હવે એનું શું કરવું એ વિચાર આવતા સાથે લાવ્યો છું

શેઠ—સાથે લાવ્યો તે ઠીક કર્યું, તેમાં શું હશે? કોનો હશે? એ જાણવું કદાચ અગત્યનું થઈ પડે

મુસાફીખાન—હાલતો ગુણવતી વિશે જે કાંઈ જાણી શકાય તે જાણવાના પ્રયત્ન થવાજ જોઈએ ખુદાની મરજી હોય તો કદાચ આ પત્ર આ ગુચવાડો ખોલવાની કુચી નિવડે

પત્ર કાઢવામા આવે છે તેના ઉપર પોસ્ટ ખાતાની છાપ છે પણ એવી આછી છે કે લગારે વંચાતી નથી સુશીલા પત્ર ખોલી વાંચે છે

પ્રિય સખી!

તારો પત્ર પહોચ્યો, વાચ્યો, ઘણો ખેદ થયો પણ ગાંડી! એવી વાત વધારે મનમા રાખીએ નહી જેના હાથ ગ્રહ્યો તેને આધિન થયા એ આપણો પવિત્ર ધર્મ, દુઃખ એતો આર્ય રમણિઓનું સૌંદર્ય જોને સતી સીતા, સતી દ્રોપદી અને સતી દમયંતીના દુઃખ કયા ઓછા હતા? પણ તેમણે એ સર્વ દુખો કેવા સહ્યા! અને સહીને દુખીઓને સેહતા શીખવી કેવું આશ્વાસન આપ્યુ? જોજે ગભરાઈને કાંઈ સાહસ કરતી નહી કાળ ગએ સહુ સારૂ થશે ટપાલનો વખત ભરાઈ જવામા છે એટલે થોડુંજ લખી સંતોષ માનું છું વળતી ટપાલે પ્રત્યુત્તર લખજે

લી કુશળ ચાચની

પત્ર કયાથી લખાયો હતો કયા પોસ્ટ થયો હતો કઈ તારીખે લખાયો હતો અને કુશળ યાચિની કોણ હતી

એ કાઈ પત્ર ઉપરથી જણાયુ નહી ઘણા ગુચવાડામા એક વધુ ગુચવાડો ઉમેરાયો

શેઠ–" અરે રામ ! આતો પાછો ગોટાળાનો ગોટાળોજ રહ્યો " કહી નિશ્વાસ નાખે છે

મુસાફીખાન—શેઠજી ! ગભરાઓ નહી આ ઉપરથી ઘણુ નીકળી શકશે જુઓ ચતુરદાસ, કુશળ યાચિનીનો આ પત્ર ગુણવતીના કોઈ પત્રનો પ્રતિ ઉત્તર છે ગુણવતીએ કાઈ અગત્યના સમાચાર કુશળ યાચિનીને આપ્યા લાગે છે અને તે સમાચાર ગુણવતી કાઈ સાહસ કરવાનો વિચાર રાખતી હોય તેવુ સુચવનારા દેખાય છે માટે ગુણવતીએ કુશળ યાચિનીને શુ હકીકત લખી હતી એ મેળવવાના પ્રયત્ન કરો જો એ પત્ર મળે અગર એ હકીકત મળે તો સર્વ કોયડાનો નિકાલ આવે

ચતુરદાસ—પણ એ પત્ર અગર એ હકીકત મેળવવી કયાથી ? હવે તો હુ નિરાશ થયો છુ, અને પુરેપુરો થાકયો છુ

શેઠ—ભાઈ ચતુરદાસ ! એમ કટાળે શુ વળશે ? તુ મને સ્હાય નહી કરે તો કોણ કરશે ?

ચતુરદાસ–પણ સાહેબ ! તુમાખીયો મને કોઈ રીતે ફાવવા દેતો નથી જ્યારે ભાઈ તેની મિત્રાચારીમા ચઢયા હતા ત્યારે હુ દરરોજ કહેતો હતો કે ભાઈ એને પડખે ચઢાવવામા સાર નહી કાઢો પણ ભાઈ માન્યા નહી એની સોબતના છાટા આખરે નડયા એતો એક કાળો નાગ છે ડસ્યા વિના રહેજ નહી એનુ તો માથુ કચરનારો કોઈ મળે ત્યારેજ ઠીક થાય

મુસીકીખાન—બીજાઓનો દોષ જોવામા માલ નથી એવી વેર વૃત્તિ તમને ન છાજે આપણે તો આપણુ કર્તવ્ય શુ છે એટલુજ જોવાનુ હોય પ્રયાસ અને પુરૂષાર્થ એ બેને મહા મત્ર સમજો સર્વ તેનાથી સધાય છે માટે લગારે વેર વૃત્તિ વિના પ્રયાસ આદરો વેર વૃત્તિથી કટોકટીના વખતે ખરા માર્ગથી ભટકી જવાય છે, અને તેથી કાર્યમા ખામી રહી નિષ્ફળતા પમાય છે

ચતુરદાસ—જેવી સાહેબની આજ્ઞા

પછી શેઠ તથા ચતુરદાસ રજા લઇ નમસ્કાર કરી ત્યાથી ચાલતા થાય છે

સૃષ્ટિ સૌદર્ય.

બન્નેના રૂખસત થયા પછી **ધર્માભિલાષીએ** નિશ્વાસ નાખી કહ્યુ—"બાપડા આવા વૃદ્ધને કેવુ દુ ખ સ્હેવુ પડે છે ? અહો ! આ સસાર આટલો બધો દુ ખથી ભરેલો છે ! મને તો ઘણીવાર એમજ થઇ આવે છે કે આ દુન્યા શા માટે પેદા કરવામા આવી કે જેમા આટલી બધી વ્યાધીઓ અને ઉપાધિઓ છે ? હુ જ્યારે વિચાર કરૂ છુ ત્યારે મને કાઇ સુઝતુ નથી ઉલટો વધુને વધુ ગભરાઉ છુ અને નિરાશાવાદનો ભોગ થઈ પડુ છુ મુસ્લીમ આશ્રમમા, મવલાનાની સાથે મે જે પ્રશ્નોત્તર કર્યા હતા તે સમયે મે આ પ્રશ્ન પણ કર્યો હતો કે માલિક શા માટે કાયદા તોડવા દે છે (જેથી કાયદાઓ તુટે દુ ખ ઉત્પન્ન થાય) તે તો સર્વ શક્તિમાન છે ? પરતુ મવલાના તેનો જવાબ ચાવી ગયા હતા

મુસીફીખાન—ખરેખર તમારો સવાલ મુઝવણ વધારનારો છે પરતુ તે કાર્યા કાર્યનો વિચાર કર્યા વિનાનો છે, વળી કોઈ પણ રીતનો હેતુ સાધે તેવો નથી

ધર્માભિલાષી--(આશ્ચર્યથી) કેમ વારૂ ?

મુસીફીખાન—જેનુ કાઇ પ્રયોજન ન હોય, જેથી કાઈ લાભ ન હોય, જેનુ નિરાકરણ થએ કાઈ હેતુ ન સધાતો હોય જે આપણી જીદગીને કશો અસર કરનારો ન હોય જેનું નિરાકરણ થવુ અને ન થવુ જીદગીના હેતુને સરખી રીતે બીન અસરકારક હોય તેવો પ્રશ્ન વખત વ્યય કરનાર ઉધે રસ્તે દોરનાર અને મુઝવનાર હોય તેમા શી નવાઈ ?

ધર્માભિલાષી—કૃપા કરી વધુ સ્પષ્ટ સમજાવશો ?

મુસીફીખાન—સાભળો ! બે માણસો જગલમા ચાલ્યા જતા હતા, એક વ્યવહાર દ્રષ્ટિએ સર્વ કાર્ય કરનારો હતો બીજો ફીલસુફ હતો દરેક કાર્યના કારણ અને પરિણામના વિચારમા ગુથાયો રહેતો હતો રસ્તાની બાજુમા એક વાવ હતી જુના જમાનાની હતી કારીગીરી સારી હતી બીજાને તે જોવાનુ મન થયું, નીચે ઉતરવા માટે સીડીઓ હતી પણ તે સીડીઓ વડે જોવા માટે નીચે ઉતર્યો નહી વાવના ધાભા આગળ ઉભો રહી ઝુકી ઝુકી જોવા મડયો, પગ લપસ્યો અને માહે પડયો પાણી ઉડુ હતુ, તરફડીયા મારવા લાગ્યો પહેલો માણસ દોડયો ગયો તેણે જોયુ કે તે વાવમા એક ભેખડ હતી તે તરફ આવવાના પ્રયત્ન કરવાના બદલે પાણીમા ને પાણીમા હાફલો ફાફલો થઈ હાથ પગ મારે જાય છે, બુમ પાડી કહ્યુ કે તુ બાજુની

ભેખડના ઉપર કેમ ચાલ્યો આવતો નથી ? બે હાથ મારી ભેખડ પકડી ઉપર ચઢી જા હુ સીડીઓ વડે નીચે આવી તને બહાર લેવાની તજવીજ કરૂ છુ તરતજ ડુબનારો ભેખડ ઉપર આવ્યો તેના મિત્રે નીચે જઈ તેને કાઢયો પાણી ઉડુ હતુ વાવ મોટી હતી એટલે તેને વાગ્યુ ન હતુ, જ્યારે સ્વસ્થ થયો ત્યારે તેને પુછયુ કે નજીકમા આટલી મોટી ભેખડ ઉપર ન ચઢી જવાને બદલે પાણીમા શા માટે ફાફા મારી શ્વાસ ખુટાડતો હતો ? તેણે કહ્યુ –" જે વખતે હુ અદર પડયો તે વખતે મને વિચાર આવ્યો કે આવા જગલમા જ્યા વસ્તી નથી ત્યા આ વાવ કોણે બનાવી હશે, શા માટે બનાવી હશે ? આ વિચારને લઇને મને ભેખડ દખાતી ન હતી પણ તમે જ્યારે મને ચેતાવ્યો ત્યારે હુ ભેખડ ઉપર ચઢી ગયો તેના મિત્રે કહ્યુ તમે વ્યવહારિક દ્રષ્ટિએ બે ગભીર ભુલો કીધી, પહેલી તો એ કે વાવમા ઉતરવાના માટે સીડીઓ બનાવવામા આવી છે તે વડે તેમા ન ઉતરતા ધાબા ઉપરથી જોવાનુ કર્યુ, બીજી એકે તમે પડયા પછી તેમાથી નીકળવાનો માર્ગ–રસ્તો કાઢવાને બદલે તે વખતે તમને જે વિચાર કાઈ લાભ ન પહોચાડી શકે એવા વિચારમા પડયા, જો હુ તમને ન ચેતાવત તો એ વિચારમાને વિચારમા જે જીવ બચી શકતો હતો તે જીવ ગુમાવત કેમ મિત્ર હવે સમજ્યા ? તમે અત્યારે દુન્યાની વાવમા છો તમારૂ કર્તવ્ય તેમાથી સલામત નીકળવાનુ છે ધર્મની ભડક અથવા ભેખડ જે ચેતવનારાઓ (અબીયાઓ)એ ચીધી છે તે ઉપર ચઢી પોતાને સલામત કાઢવાનુ છે, તે શા માટે રચાઈ

અને રચાઈ તો આવી કેમ રચાઈ એ પ્રશ્નોને ઉકેલવામા વખત ગુમાવી પોતાનો નાશ કરવામા ડહાપણ નથી જે માણસો સીડી વડે (વાવમા ઉતરવાનો જે રસ્તો હતો–માર્ગ હતો નિયમ હતો) ઉતરી પાણી ભરતા, તેમા બનાવેલી બેઠકોમા બેસી વિશ્રાતિ લેતા તેઓ તો એ વાવને આશિર્વાદ રૂપજ ગણતા, પણ જેઓ પોતાની મુર્ખાઇથી તેમા ઉતરવાના રસ્તાને બદલે અવળે મારગે ચાલતા તેઓજ તેમા પડતા અને તેમનેજ આવા પ્રશ્નો સુઝતા પડયા પછી પણ ચેતવનારાના પોકારને માન આપતા તેઓ સલામત નીકળતા સમજ્યા સાહેબ ?

ધર્માભિલાષી—ઉદાહરણ સમજાય તેવુ છે

મુસીફીખાન—દુન્યા રચાઈ ગઇ છે દુનીયામા આપણે પડી ચુકયા છીએ જો આપણે તેના ધોરણે ન ચાલી તેને દુખ રૂપ બનાવી લીધી હોય તો તે રચનારાના ઉદ્દેશની ખામીને લીધે નહી, પણ આપણી પોતાની ભુલને લીધે છે આપણુ કર્તવ્ય તેમાથી સલામત કેમ પાર પડવુ એટલાજ વિચાર પુરતુ રહે છે આપણા એ વિચારથી કે કેમ રચાઈ, શુ ઉદ્દેશ છે, શા માટે છે, રચાએલી દુનીયા અરચાએલી નહી બની જાય અને આપણે તેમાથી નહી નીકળી શકીએ જો એ વિચારમાજ રહ્યા અને ભેખડનો આશ્રય ન લીધો તો ડુબીજ મરવાના તેમા આપણુ કલ્યાણ નથી

ધર્માભિલાસી—ખરેખર એ પ્રશ્ન હેતુ સાધક નથી તેને ઉકેલવામા મથવુ એ પણ કર્તવ્ય જુદુ જ છે એ સમજી શકાય છે, પણ જાણવાની જીજ્ઞાસાનુ શુ કરવુ ?

મુસીફીખાન—જાણવાની જીજ્ઞાસા સ્વાભાવિક છે ભુખ લાગે ત્યારે ખાવુ વ્યાજબી છે પરતુ એટલુ નહી કે અજીરણ થઈ જાય, તેમજ જે જાણવામા મથવુ નુકશાન કારક છે તે જાણવાના પ્રયત્ન નકામા છે માણસની ઉત્પતિ મર્યાદિત (હદવાળી) છે એટલે તેને જે ગુણો આપવામા આવેલા છે તે પણ મર્યાદિત છે માત્ર ખુદાનુ જ્ઞાન અને ઇલમ અનત છે વળી જાણવાના રસ્તા છે અભ્યાસ અને પ્રયાસ તેના સાધન છે ઇલેકટ્રીકસીટીનુ કામ શીખી આવેલા માણસને કોઈ અજાણ્યો ઇલેકટ્રીકસીટી વિષે પ્રશ્ન કરે તો તે તેને પોતાના જેવુ સવાલ જવાબ થકી શીખવાડી શકશે નહી પુરણ માહીતી માટે તેને અભ્યાસ ક્રમ પુરો કરવો પડશે માણસનુ જ્ઞાન કોઈ પણ વસ્તુના ભેદને પામી શકતુ નથી લોહચુબક લોઢાને કેવી રીતે ખેચે છે, બીજમાથી વૃક્ષ કેવી રીતે થાય છે, સુર્ય ચદ્ર અને તારા મડળ કેવી રીતે એક બીજાથી આકર્ષાઇ અદ્ધર ફરે છે તેના ભેદ કોઈ જાણી શકતુ નથી માત્ર એમ થાય છે એટલોજ નિયમ જાણી શકાય છે એમ કેમ થાય છે એ કોઇ પણ જાણી શકતુ નથી માણસને જેટલુ જોઇએ તેટલુજ જ્ઞાન આપવામા આવ્યુ છે અને તેટલા પુરતા સાધન આપવામા આવેલા છે, વધારે નહી સુર્યમા આટલી બધી ગરમી શાથી છે, સુર્ય શુ છે એ નજરે નજર પ્રત્યક્ષ જોવા ગમે તેટલી કોઈની જીજ્ઞાસા હોય પણ તે તેમ કરી શકતો નથી જો તેમ કરવા જાય તો હજુ સુરજ તો લાખો ગાઉ દુર રહે અને તે બળીને ભસ્મ થઈ જાય, માત્ર સુરજથી માણસને જેટલા પુરતુ કામ હોય છે તેટલા પુરતુ તેને શીખવવામા

આવ્યુ છે આ પ્રથ્વિની સાથે સબંધ રાખનાર સુર્ય ગ્રહ મંડળ ઉપરાંત લાખો સુર્ય ગ્રહ મંડળ છે ઘણા તો એટલા દુર છે કે તેના કિરણોને પ્રથ્વિ ઉપર પહોચતા હજારો વર્ષોની વાર લાગે છે એ સર્વ શા માટે છે ત્યાની શુ લીલા છે એ જાણવાનુ માણસને ક્યા મળ્યુ છે? તેવીજ રીતે પ્રથ્વિની અંદરના ભેદ સમુદ્રની અંદરની અજાયબાત વિશે આપણે કશુ જાણી શક્યા નથી માત્ર આપણી જીંદગીને જેટલુ ઉપયોગી છે તેટલુ આપણા જાણવામા આવ્યુ છે

માણસના જ્ઞાન-ઇલ્મની જ્યારે આવી સ્થિતિ છે ત્યારે આ દુન્યા શા માટે રચાઇ છે તેવા ગહન સવાલ વિશે તો ક્યાથી ફડચો થઈ શકે દુન્યાના સર્વ ઈલમ-જ્ઞાન સર્વ વિદ્યાઓ ઈલ્હામી છે, પ્રેરિત છે, ખુદાએ પોતાના મહાન બંદાઓને શીખવેલ છે અને તેમણે લોકોને શીખવ્યુ છે મહાન શીક્ષકોએ વિદ્યાઓના જે મુળતત્વો સ્થાપ્યા છે તે મુળતત્વ આપણે માન્ય રાખીએ વ્યવહારિક જીંદગીમા આગળ વધીએ છીએ, તેવીજ રીતે ધર્મ વિષયમા પણ આપણે ન્યાય બુદ્ધિ તર્ક સિદ્ધ તેમજ પ્રેરીત મહાન શીક્ષકોના સ્થાપિત કીધેલા સિદ્ધાતોથી ટેકો પામેલા તત્વોને આધાર બનાવી આપણા ઉદ્ધારનો માર્ગ લઇએ છીએ આ દુન્યા રચાએલી છે કોઈની બનાવેલી છે, પોતાની મેળે ઉત્પન્ન થએલી નથી એ આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ દુન્યાની બનાવટ-રચના એ પોતે તેની દલીલ છે વળી તેને અંબીયાઓ અવલીયાઓ મહાન શીક્ષકોનો ટેકો છે એવુ જાણ્યા પછી આપણે આપણા કર્તવ્ય તરફ લક્ષ

દેવામા રોકાઇએ એજ ડહાપણ છે તે શા માટે રચાઈ છે, શુ ઉદેશથી રચાઈ છે એ વિશે આપણે ઈલ્હામી શિક્ષણ ઉપર આધાર ગખીએ એથી વિશેષ કશુ કરી શકતા નથી પ્રથમ કામ ઈલ્હામી શિક્ષણના ખરાપણા ખોટાપણાની તપાસ કરી લેવાનુ બેશક રહે છે જ્યારે સર્વ દલીલોથી શિક્ષણ ઈલ્હામી હોવાનુ, ખુદાની જાત તરફથી હોવાનુ સાબીત થઇ જાય ત્યારે તેણે જે શીખવ્યુ હોય જો કે આપણી સમજમા ન આવે તો પણ તે ખરૂજ છે એમ માન્યા વિના ચાલે નહી જે સવાલ આપણી હદનો નથી, આપણા પ્રદેશનો નથી તે સવાલમા ઇલ્હામી શિક્ષણજ આપણને દોરી શકે છે વળી તેવા સવાલોના ફડચા ખુદાએ આપણા ઉપર વાજીબ કર્યા નથી ત્યારે એવી જજાળમા પડવામા માલ નથી ખુદાએ સાફ ફરમાવી દીધુ છે કે હુ એક છુપો ખજાનો છુ, મને જાહેર થવાની, ઓળખાવવાની મોહબ્બત થઈ, મને તે ગમ્યુ–પસદ આવ્યુ એટલે આ સર્વે સૃષ્ટિની રચના કીધી એટલુજ આ દુન્યાના પેદા થવાના કારણમા આપણા માટે પુરતુ છે આ સર્વ તેની મોહબત અને મરજીનુ પરિણામ છે ખુદા મહાન કૃપાળુ છે, દયાળુ છે, ડહાપણ વાળો સર્વ જ્ઞાની છે તે કાઇ નકામુ પેદા કરનારો નથી એ આપણે બુદ્ધિ પુર્વક અનુભવ ઉપરથી જોઇ શકીએ છીએ તેમા લગારે શક કરી શકતા નથી ત્યારે આ દુન્યા પણ નકામી પેદા કરવામા આવી નથી એ ચોખ્ખુ છે **જેઓને જીવતા આવડે છે, જેઓ ખુદાએ બતાવેલા નિયમો પાળે છે, જેઓ દુન્યાની વાવમાં તેની નીસરણીથી ઉતરે છે તેઓ તેમાથી લાભ લે છે.**

દુનિયાને સુખરૂપ ગણે છે આશિર્વાદ સમાન લેખે છે દુન્યાને પેદા કરવા માટે સરવ નેઅમતો બક્ષવા માટે ખુદાનો ઉપકાર માને છે, શુકર ગુજારે છે અને તેમના મનમા આવા સવાલો કદી ઉદભવતા નથી માત્ર જેઓ કાયર છે આળસુ છે, સ્વછંદી છે, નિયમો ન પાળતા ધોરણ વિરૂદ્ધ વરતવા માગે છે તેઓનાજ મનમા આવા સદેહો ઉત્પન્ન થાય છે **ખુદાના નિયમો પાળો અને સુખી થાઓ.** ખાવુ હશે તો મોહુથી ખવાશે નાકથી ખવાશે નહી, જોવુ હશે તો આખથી જોવાશે કાનથી નહી, સાભળવુ હશે તો કાનથી સભળાશે આખથી નહી, ખુદાની કુદરતના ભેદ જાણવા હશે તો તેના નિયમના પાલણથી આત્માની કેળવણીથી જણાશે બાહ્ય ઇંદ્રીઓથી નહી તમે શુ એમ કહેવા માગો છો કે કાયરો આળસુઓ અને સ્વછંદીઓ પોતાના અનિયમિતપણાથી દુન્યાને દુખરૂપ બનાવી લે છે તેઓની ખાતર ખુદા પોતાની ઇચ્છાને અમલમા મુકત નહી અને દુન્યા રચત નહીં ? તેના નિયમો પાપીઓને ગમતા નથી માટે નિયમો બાવત નહી ? લાખો નેક બદાઓ તેના નિયમો પાળી અનત સુખ પામી તેના ગુણ ગાય છે શુકરાના બજાવે છે તેમની ખાતર રાખત નહી ? પાપીઓની ખાતર અને સદાચારીઓની ખાતર નહી એ કયાનો ન્યાય ? માણસની ઉત્પત્તિ સમયે ફિરિશ્તાઓએ પણ આવોજ સવાલ કીધો હતો ત્યારે ખુદાના દરબારમાથી એજ જવાબ મળ્યો હતો કે હુ જાણુ છુ તે તમો જાણતા નથી

તમારો પ્રશ્ન તો એછે કે દુનીયા શા માટે રચી ? પણ હુ તો તે રચનામા એવુ ગઉરવ જોઉ છુ કે પુછવાનુ મન થાય છે કે **તે શા માટે રચત નહી** ? રચના સૃષ્ટિની

સૌંદર્યતા અને પરિપુર્ણતામા શુ ખામી છે? ખામીવાળી વસ્તુ અનઇચ્છિત હોય, સઉંદર્ય ભરી, મહિમા ભરી, ચાતુર્ય ભરી, સુખદાઇ, લાભદાઈ રચના તો સર્વદા ઇચ્છિતજ હોય દુનીયાની વ્યાધીઓ ઉપાધીઓ (શર) તેની કૃતિ નથી, તે તો સુખ કલ્યાણ અને લાભ (ખેર)નોજ કર્તા છે, નિયમનો ભગ કરી માણુસ પોત ઉપાધી અને દુખ ઉત્પન્ન કરે છે પોતાની કૃતિ માટે રચનાનો દોષ કાઢવો એ તો બુદ્ધિની હઠીલાઈજ કહેવાય

ધર્માભિલાષી—મને તમારા વિવાદથી સતોષ થયો છે, મારી મુઝવણ ભાગી છે, આવો પ્રશ્ન એ કેવળ મુર્ખાઈજ છે, તેમા કર્તવ્યનો નાશ છે નકામી વાતમા ગુથાઈ લાભની તક ગુમાવવા જેવુ છે, પણ મારા પ્રશ્નના પાછલા ભાગ વિશે હુ કાઇ સાભળવા માગુ છુ

મુસીકીખાન—ખુશીથી, તમારો પ્રશ્ન એ છે કે 'માલિક શા માટે પોતાના કાયદા તોડવા દે છે ત તો સર્વ શકિતમાન હોવા સાથે સર્વ જ્ઞાની ન્યાયી અને હિકમત (ડહાપણ)વાળો પણ છે કે નહી?

ધર્માભિલાસી—બેશક છે

મુસીકીખાન—જ્યારે તમે તેને સર્વ જ્ઞાની, ન્યાયી અને હિકમતવાળો માનો છો ત્યારે તેણે જે કાઈ કર્યું છે તે યોગ્યજ કર્યું છે એ માન્યા વિના ઈલાજ નથી

ધર્માભિલાષી—પરતુ હુ સમજવા માગુ છુ

મુસીકીખાન—વ્યાજબી છે તમે શુ દરખાસ્ત મુકો છો? તેણે તમારા મત પ્રમાણે શુ કરવુ જોઇતુ હતુ?

ધર્માભિલાષી—મારી દરખાસ્ત મારા પ્રશ્નમાજ આવી

જાય છે દુન્યામા પાપ ન થાય, જુલમ ન થાય એટલા માટે તેણે પાપ કરવા જનારને જબરદસ્તીથી રોકી રાખ્યા હતા

મુસીકીખાન—આથી માણસનુ શુ ગૌરવ-ખુબી રહત ? તે સર્વ સૃષ્ટિ ઉપર જે સ્વામિત્વ-હુકુમત ભોગવે છે કેવી રીતે ભોગવી શકતા

ધર્માભિલાષી—કેમ ન રહત ?

મુસીકીખાન—જુઓ માણસ એ તો સખ્યામા ઘણા જુજ છે, પરતુ માણસ વિનાની જેટલી સૃષ્ટિ છે તે સર્વ તમો કહો છો તેવીજ છે આકાશમા ફરતા ગ્રહો તારાઓ અને તેમા જે કાઈ છે તે સર્વ પૃથ્વિમાના ખનીજ, વનસ્પતિ પ્રાણી માત્ર સમુદ્રમાની સર્વ ચીજો જોઇએ તો તે પ્રાણ દાર હોય કે પ્રાણ વગરની હોય તેના હુકમને આધિન તેની મરજી મુજબ તેના ફરમાન પ્રમાણે કાર્ય બજાવે જાય છે, તેના હુકમનો લેશ ભગ કરતા નથી સર્વમય શાત રહી પળવાર પણ આરામ કર્યા વિના પોતાની ફરજ બજાવવામાજ લાગેલા છે એજ તેમની ઈબાદત, એજ તેમની તસબીહ જારી છે પાપ કરી શકે, અનીતી કરી શકે, નિયમ તોડી શકે એવો તો એક માણસ બાકી રહે છે બીજા શબ્દોમા કહીએ તો એ સર્વ ચીજો ઝબરદસ્તી મુસલમાન છે મુસલમાનનો અર્થ શાતીની સાથે કાયદાઓને આધિન થવાનો થાય છે માત્ર માણસજ એવો છે કે પોતાના અખત્યારથી મુસલમાન થઈ શકે છે એવો વિચાર કરો કે જો માણસને પણ ઝબરદસ્તી આધિન રહેનાર-તાબેદાર રહેનાર બનાવ્યો હોત તો સૃષ્ટિની લીલાની પ્રગતિ-ચઢતી-તરક્કી ન થાત,

તારામંડળ, ખનિજ, વનસ્પતિ અને પ્રાણીઓ ઈત્યાદિ જે આધિનતાના એકજ પ્રકારમા રચાયા છે તેજ પ્રકારમા માણસ આવી જાત અને તેની પદવી મરતબો ગીઓ જના ચઢીઆતા હોત નહી, હો વારૂ, તમે માણસ તરીકે જે મરતબો ભોગવો છો તે મરતબાનો ત્યાગ કરી પેહલા પ્રકારમા જવા માગો છો કે આ મરતબો મળવા માટે ખુદાનો શુકર બજાવવા તઈયાર છો?

ધર્માભિલાષી—બેશક શુકર કરવો ઘટે છે, પરંતુ સૃષ્ટિની લીલા આગળ ન વધત અને માણસ પણ તેજ પ્રકારમા આવી જાત તો એથી શુ નુકશાન થાત?

મુસીકીખાન—તમે આ જીંદગી માણસની જીંદગીમા જીવવા જેવો આનંદ માનો છો? સુખને ચાહો છો? તમને આ આનંદ આ સુખ છીનવાઈ જાય એ પસંદ છે?

ધર્માભિલાષી—એવુ તો ક્યાથી પસંદ હોય?

મુસીકીખાન—બેશક ન હોય, બલ્કે મોત માથે ઉભુ છે મરવા પછી કરણીનો જવાબ આપવો પડશે, જો તેની ક્ષમા-માફીને લાયક ન ઠર્યાં તો સખત **સજા** (અઝાબ) મા ગીરફતાર થવુ પડશે એ ભયના કારણથી હુકમા જે આનંદ અને સુખ તમે માનો છો તેમા ખલલ પડશે એ ભયથી આવા પ્રશ્ન ઉદ્દભવ છે, જીંદગીમા આનંદ અને સુખ છે પણ તે છોડવુ ગમતુ નથી એટલાજ માટે લોકો આવા પ્રશ્ન કરે છે એ વાત માન્ય છે?

ધર્માભિલાષી—હા, મને તેમ લાગે છે

મુસીકીખાન—ત્યારે ખુદાએ તમને આ તક આપી, માણસની જીંદગી આપી એ સારૂ કર્યુ એવી તમારી કબુલાત

થાય છે, કેમ ખરૂં કે નહીં? હવે વિચાર કરો, તમારી રચના જો પહેલા પ્રકારમા-વર્ગમા ઝબરદસ્તીની આધિનતા અને તાબેદારીમા હોત તો તમને આ સુખ અને આ દુઃખની લાગણી કયાથી હોત જેના હોવાને તમે આટલુ બધુ ચાહો છો? જુઓ સુર્ય કેટલો મોહટો છે? પરંતુ તેને સુર્ય હોવાનુ શુ સુખ છે? અજ્ઞાન લોકો તેને પુજે છે તેના ગાન ગાય છે દેવતા માને છે, પણ એથી સુર્યને કશુ સુખ લાગે છે-તે એ સુખને અનુભવ છે? કોહીનુર હીરો ગમે તેટલો કીમતી અને મહાન બાદશાહના તાજમા મીર ઉપર જગ્યા મેળવે પરંતુ તેવા મહાન મરતબાની પ્રાપ્તિનુ સુખ કે લાગણી કોહીનુર ભોગવી શકે છે? તુલસીનો છોડ કે પીપળાનુ ઝાડ ગમે તેવા પવિત્ર હોય અને પુજાતા હોય તો એની તેમને કશી ખબર છે? જાનવરોને લાગણી છે ખરી પણ તે તેની કુદરતી જરૂરતોની તૃપ્તિ જેટલી તેના સ્વભાવમા જે જરૂરતો મુકાઈ છે તે તૃપ્ત થાય એટલે પત્યુ, પરંતુ માણસના જેવા સુક્ષ્મ આનંદો, લાગણીઓના સુખ જુદા જુદા ભાવોના પ્રભાવ તેનામા નથી હવે કહો જો તમે તે વર્ગમા મુકાયા હોત તમને કાર્ય કરવાનો અધિકાર-ઈખ્તેયાર મળ્યો ન હોત તો તમે જે સુખ અને આનંદ મહાલો છો તે કયાથી મહાલત? જો કે નેકીના સુખ અને આનંદ તો જુદા અને અનેરા છે, તો પણ બદી કરનારા બદીના આનંદ ખાતર માણસની જીંદગી અમુલ્ય માને છે એવુ આપણે જોતા નથી? ત્યારે માણસ જેવી ઉત્પત્તિ સ્વતંત્ર ચારિત્રવાળી હસ્તી એ ખુદાનુ મહાન કાર્ય છે, એમ માન્યા વિના રહેવાશે નહી ખુદાનો ન્યાય તો સ્પષ્ટ

ખુલ્લો છે તે ન ઝબરદસ્તી બદી કરાવે છે ન ઝબરદસ્તી નેકી, નેકીને તે ચાહે છે, નેકીનો તે પેદા કરનારો છે બદીનું સ્વતંત્ર વજુદજ નથી, માત્ર નેકીનુજ સ્વતંત્ર વજુદ છે બદી તો નેકીની ઉલટી દશાનુ નામ છે વળી બદી કરનારાને ઝબરદસ્તી રોકવામા આવે તો તેથી તેનુ ગૌરવ (ખુબી) ખીલતુ નથી એક માણસ છરો લઇ બીજાનુ ખુન કરવા જાય છે, કુદરત તેનો હાથ એકદમ રોકી દે એટલે હાથ અટકી પડે અને તે છરો મારી શકે નહી તેથી તે માણુસ ખુની નહી એમ કહેવાશે નહીં, તે તો ખુનીજ ખરો, માત્ર તેનુ ચાલ્યુ નહી એટલે તે કાર્ય કરી શક્યો નહી, આવી રીતે રોકવામા તેની કાંઈ ખુબી નથી, અથવા તો તેથી તેની ખુની વૃત્તિ બદલાઈ જતી નથી, તક મળે ત્યારે પાછો તેનો તેજ, આથી તેનુ શુ સાર્થક સધાઇ શકે ? સાર્થક તો બદીને દુર કરવામા પોતાની બદ વૃત્તિઓને વશ રાખવામા અને નેકીના રસ્તે ચાલવામા રહેલુ છે

ધર્માભિલાષી—પરંતુ જે માણસને છરો મારવા જતો હતો તે માણુસ બચી જાય

મુસીફીખાન—એ વાત ખરી છે પણ જો તેમ ન થાય તો એ માણસનુ જુલમથી માર્યા જવુ અન્યાચારના ભોગ થઈ પડવુ ગણાશે તેને માથે એનો કાંઈ દોષ આવવાનો નથી આપણે અત્યાર સુધીજ વિચાર કીધો તેમા એક મહત્વનો મુદ્દો મુકાઇ ગયો છે, કુદરત જેમ દોષ કરતા ઝબરદસ્તી રોકતી નથી તેમ કોઇને દોષ કરવા ઉશ્કેરતી પણ નથી, બલકે તેથી ઉલટો દોષ કરનારને સમજાવે છે, તેના પરિણામથી વાકેફ કરે છે, પણ માણુસ હઠીલાઈથી

સમજતો નથી અને દોષના કામમા ઝિપલાવે છે ખુદા માણુસની પ્રકૃતિનો જાણુનારો હોઈ તેની કમજોરીયોને સમજે છે અને તેથી તેણે હક શુ છે નાહક શુ છે, સત્ય શુ છે અસત્ય શુ છે તે સમજાવનાર માણુસની રચનામા તેના શરીરમા તેના અતકરણુમા સાક્ષી રૂપ ગખ્યો છે આ માણુસને દોષની કલ્પના થતાની સાથેજ ચેતાવે છે, વળી તે ઉપરાત તેણે લાખો અબીયાઓને ઉપદેશ માટે મોકલી રસ્તો સાફ કરી દેખાડયો છે 'ઉપદેશ-બોધ અને વાએઝનો ક્રમ ચાલુ છે કિતાબ જીવતી જાગતી હિદાયત માટે મોજુદ રાખી છે આ સર્વ તેની નેઅમતો અને તેની અથાગ કૃપા નથી તો બીજુ શુ છે? એટલુજ નહી પણુ ગમે તેવા પાપીઓના માટે તોબાનો—પશ્ચાતાપનો દરવાજો ખુલ્લો રાખ્યો છે જીદગીમા જીવવા માટે બદી લેશ માત્ર અણુ બરાબર પણુ જરૂરી નથી, છતા માણુસ બદીને આધિન થાય પોતાના અતકરણુના અવાજને સાભળે નહીં, અબીયાઓની હિદાયતને માને નહી, નસીહત કરનારાઓની નસીહત માને નહી, બીજા બદી કરનારાના બુરા હાલ થતા જોઇ સબક હાસીલ ન કરે ત્યારે તો તે બદનસીબજ છે, તેની હઠીલાઇ માટે તેજ જુમ્મેદાર છે **ખુદાના લાખો નેક બદાઓ નેક જીવન ગાળી ખુદાને આધિન રહી આ જીદગીમા અલૌકિક સુખ—આનદ પામી આખેરતમા સ્વર્ગના અધિકારી થાય એવી ઉત્તમ તક આપનારી રચના રચાતાં હઠીલાઓ, સ્વછદીઓ અને પાપીઓનો વિનાશ થાય નર્કમા અઝાબ પામે તો તેમા શુ?** વળી તેઓ આવા પ્રશ્ન કરે છે તેવાઓની નજર માત્ર આ દુનીયાની જીદગી સુધીનીજ

હોય છે તેમને યાદ ગણવુ જોઇએ કે આ દુન્યા તો આવતી દુનીયા એટલે આખેરતની દુન્યાના મુકાબલામા માત્ર શરૂઆતનુ સ્થાન છે આવતી દુન્યાની તયારીનુ સ્થાન છે અનાજને ચાળી અથવા ઝાટકી આપણે કાકરા દુર કરી નાખીએ છીએ તેમ છેવટની ઝાટકણી એટલે કયામતના દિવસે જેઓ સ્વર્ગની જીદગીને લાયક નહી હોય તેવાઓ ઝટકાઈ જશે અને તમને સ્થાને પહોચી જશે, અને જેઓ સ્વર્ગને લાયક થએલા હશે તેવાઓ સ્વર્ગમા દાખલ થઈ અલૌકિક સુખ પામશે, આ દુન્યા તો કાર્યક્ષેત્ર છે, અને આવતી દુન્યા ભોગનુ સ્થાન થશે ત્યારે દુખ અજ્ઞાનમા છે સુખ જ્ઞાનમા છે જ્ઞાન કસોટી અને અજમાયશમા છે કસોટી અને અજમાયશ દુખ લેખાય છે પણ એ દુખ જ્ઞાનની કુચી છે સસાર દુખ ભર્યો નથી સસાર સુખ ભર્યો સૃજાયો છે અજ્ઞાનથી દુખનુ વજુદ ઉભુ થાય છે અને તે એટલા માટે ઉભુ થાય છે કે માણસને જ્ઞાન પમાવરાવી સુખ તરફ લઇ જઇ સસારનુ મુળ સ્વરૂપ જે સુખ છે તે પાછુ સ્થાપન કરે પવિત્ર અને સ્વચ્છ જળની નદીમ જ્યારે કાઇ મુરદાર વસ્તુ આવી પડે છે ત્યારે પાણીના મોજાઓમા કોલાહોલ મચી જાય છે તે ઉછળી ઉછળી તેને બહાર ફેકી દે છે પણ તે સર્વ કોલાહલ દુખ પાછી મુળ હાલતી સ્થાપન થવા કાજે હોય છે એવીજ રીતે સુખમય સસારમા જ્યારે કોઇ નિયમો તુટે છે ત્યારે પાછી મુળ સ્થિતિ કાયમ થવા દુખના મોજાઓ ઉછળે છે પણ તે સર્વના હેતુ સુખ—અને અતિમ સુખજ હોય છે જ્ઞાન ઉત્પન્ન કરાવવા જે એ સર્વ થાય છે કારણ કે

જ્ઞાનથીજ સુખ અનુભવાય છે

ધર્માભિલાષિ અને બીજાઓ "સત્ય છે મહારાજ! આપે અમને તદન આશા વાદી બનાવી દીધા છે" પોકારી ઉઠે છે

સુશીલા—મને તો ઉદ્ધતરાયના બચી જવાની આશા રહે છે અને તે સુધરી જાય એમ પણ લાગે છે પણ આ તુમાખીને શુ થયુ છે કે તેની પાછળ પડયો છે! શાહ સાહેબે તેને આટલી બધી નસીહત કીધી તોએ માનતો નથી

ધર્માભિલાષી—બ્હેન, ઉદ્ધતરાયે તેને ઓછો સતાવ્યો નથી

વિશ્વપ્રેમી આ વખતે તરત ઉમેરે છે "તેને લાખ નસીહત કરો, બોધ કરો, સમજાવો પણ એ જીવ દયાના હિમાયતીને માફ કરતા આવડેજ ક્યાથી? સુશીલા મે કહ્યુ ન હતુ, કે તેઓ સકુચિત દ્રષ્ટિના હોય છે"

સુશીલા—ઠીક યાદ આવ્યુ શાહ સાહેબની પાસે તમારો માસાહાર વિષેનો પ્રશ્ન મુકવા ચાહુ છુ (શાહ સાહેબને) સાહેબ! આજે આપને ઘણી તસ્દી આપી છે હવે એકજ પ્રશ્ન કરી અમે આપને ફુરસત આપીશુ આ વિશ્વપ્રેમી ભાઇ માસાહારના સખત પક્ષકાર છે વળી પોતે ખાય છે તેમા કશો બાધ માનતા નથી એ વિશે આપનો શો અભિપ્રાય છે?

મુસીકીખાન—એટલે?

સુશીલા—એટલે એક હિન્દુને તે શોભે ખરૂ?

મુસીકીખાન—જે સમાજના બધારણમા તેઓ છે તેમા માસાહાર અયોગ્ય હોય અને ન ખવાતુ હોય તો તેમણે તે ન ખાવુ જોઇએ કારણ કે સમાજનુ બધારણ

સ્વિકારવુ અને પાછળથી તે ખાનગી રીતે ગુપ્તપણે તોડવુ એ એક પ્રકારની સમાજ પ્રતિ બેઇમાની અને અપ્રમાણિકતા છે પરતુ સમાજનું બધારણ ઉથલાવી નાખવાના પ્રયત્ન અને પ્રયાસ એક મર્દ બચ્ચાની પેઠે કરવા ઉચિત છે પણ સમાજને છેતરવી એ વ્યાજબી નથી

સુશીલા—ક્યો ભાઈ સાભળો ? સામાન્ય રીતે સામાહાર યોગ્ય હોય તો પણ તે તમને તો નજ ઘટે

વિશ્વપ્રેમી—શાહ સાહેબનુ કહેવુ સત્ય છે અને મારો પ્રયાસ પણ એજ દિશામા છે સમજ્યા બહેન

પછી સુશીલા સહુને લઈ ત્યાથી બહાર ચાલી આવે છે અને મુસ્તીકીખાન પોતાના કાર્યમા રોકાય છે

સુશીલાની લગ્ન ચર્ચા

સુશીલાની માતાએ સુશીલા પાસે પરણવાની હા પડાવવા મુસ્તીકીખાનને જે વિનતી કીધી હતી તે તેમને યાદ હતી અને તેના માટે અનુકુળ પ્રસગ શોધતા હતા વિશ્વપ્રેમી અને બીજાઓ મુસ્તીકીખાનના કાર્ય એવા આશક હતા કે તેમને દરરોજ નમસ્કાર કરવા આવવાનુ ચુકતા ન હતા અનવય તેઓ સહુ આજે હાજર હતા શાહ સાહેબ ટોપીઓ ભરતા જાય અને સહુની સાથે વાર્તાલાપ કરતા જાય એ તેમનો દરરોજનો કાર્યક્રમ હતો તેમના વચને વચનમાથી અમૃત ઝરતુ તેઓ જે બોલતા તે તુરત થઈ જતુ, અને તેથી સર્વેને જેમ તાજુબી થતી તેમ તેમને પોતાને પણ ઘણી તાજુબી થતી, આજે શાહ સાહેબ **સુશીલાને** પરણવા સમજાવે છે અને પુછે છે કે

હાલ જે વિદ્યાસાગરનું માગુ છે તેની રા માટે ના પાડે છે

સુશીલા પ્રથમ તો આ ચર્ચાથી શરમાય છે પણ લગાર હિમ્મત લાવી જવાબ દે છે "ખરી વાત એ છે કે હુ રા માટે ના પાડુ છુ એ હુ પોતે જાણતી નથી પરતુ મને પરણવાની સાથે એક પ્રકારનો અભાવ છે

મુસીકીખાન—કારણ ?

સુશીલા—કારણ કાઈ નહી, પણ મે ઘણા પરણેલાઓને દુખી જોયા છે તે હશે

મુસીકીખાન—તે પરણ્યા વગરનાઓને દુખી જોયા નથી ?

સુશીલા—પણ હુ પરણ્યા વગરની સુખી છુ

મુસીકીખાન—વારૂ, તે કોઇ પરણેલાઓને સુખી જોયા નથી ?

સુશીલા—સુખી પણ જોયા છે

મુસીકીખાન—ત્યારે તુ પરણીને સુખી નહી થાય અને દુખીજ થઈશ એ શા ઉપરથી જાણ્યું ?

સુશીલા—મને દલીલો કરતા આવડતી નથી–મને એમા સમજણ પડતી નથી એ ચર્ચા ન કરો તો સારૂ

મુસીકીખાન—એ ચર્ચાનો હાલ વખત છે, કારણ કે ત્હારી માતુશ્રીએ કહ્યુ એ મુજબ વિદ્યાસાગરનુ માગુ છે ત્હારે વિદ્યાસાગર વિરૂદ્ધ કાઈ કહેવાનુ છે ? જો તેમ હોય તો જુદી વાત છે

સુશીલા—ના તેવુ કાઈ નથી, બલકે વિદ્યાસાગર બેરીસ્ટર હોવા ઉપરાત ઘણા ચારિત્રવાન યુવાન છે તેમને મારા પ્રતિ ઘણી મમતા અને પ્રેમ છે કેટલીકવાર એમ

પણ કહેતા સાભળ્યા છે કે જો હુ તેમનો સ્વિકાર કરીશ તોજ તેઓ પરણશે નહી તો આખી ઉમર કુવારાજ રહેશે તેમનો મ્હારા તરફનો આ પક્ષપાત મને ઘણી વાર દુખ પણ દે છે કેટલીક વાર પરણવાનુ મન પણ થઈ આવે છે, પણ ખરી વાત એ છે કે મને પરણવુ ગમતુ નથી મને ભય રહે છે કે મારી સ્વતત્રતા પારકે હાથે વેચાઇ જશે મ્હારા ને તેમના વિચારોમા મળતાપણુ નહી હોય તો અમે બનેનો ક્ષમાર બગડશે

મુસીફીખાન—વારૂ, મારી શીખામણ યાદ રાખીશ? જો આજે સુખના સાધનો પ્રાપ્ત હોય–આપણે જે આજે કરવાનુ હોય તે સારૂ અને શ્રેયકર હોય તો તે તુરત કરી લેવુ ઘટે તે કાલે એવુ રહેશે કે નહી અથવા કાલે તેમા ભગાણ પડશે તો વિગેરે નકામી શકાઓ અને વહેમો મનમા આવવા દઇ આજના સુખનો ત્યાગ કરવો અથવા જે આજે સારૂ અને શ્રેયકર હોય તે ન કરવુ એ મોટી મુર્ખાઈ ગણાય ભવિષ્યની શકાઓ અને વ્હેમો શયતાનના હાથમા પ્રચડ હથીઆર સમાન છે ઘણા માણસો આવી શકાઓ અને વ્હેમોના કારણથી આજના સુખ અને શાતીને જતા કરે છે, અને વસ્તુસ્થિતિ એવી હોય છે કે જે શકાઓ અને વ્હેમો તેને બીવરાવે છે તે શકાઓ અને વ્હેમોનો વજુદજ હોતુ નથી, બલ્કે તેમના માટે ભવિષ્યમા વધુ સુખ શાતી હોય છે આથી તો આજની સુખ શાતી ગુમાવ્યાની સાથે ભવિષ્યની સુખ શાતિ એ ગુમાવાય છે જો ત્હારે અત્યારે વિદ્યાસાગર વિરૂદ્ધ કાંઈ કહેવાનુ ન હોય, તે તને ત્હારા માટે યોગ્ય દેખાતો હોય

તો માત્ર ભવિષ્યના ભયના કારણથી અટકવુ વ્યાજબી નથી, કારણુ કે ભવિષ્યમા ખોહવા જેવુ કાંઈ બનવાનુંજ ન હોય તો આવેલી તક ગુમાવી ગણાય વળી ભવિષ્ય તો માણુસના પોતાના હાથમા છે

સુશીલા—પણુ પરણુવુ પરતત્રતા તો ખરીજને ?

મુસીકીખાન—ના, એ ત્હારી ભુલ થાય છે, પણુ એમ સમજવામા ત્હારો દોષ નથી તને મળેલી કેળવણીનો દોષ છે એ ત્હારો સ્વભાવિક સિદ્ધાત હોય નહી એ તો ત્હારો ધારણુ કરેલો સિદ્ધાત છે, તેથી તુ એ વિષે ત્હારા સ્વભાવની શાહેદી તપાસી જો

સુશીલા—પરણુવામા સ્વતત્રતાનો નાશ છે અને પરણુવુ અને પસ્તાવુ બરાબર છે એ તો કોઈએ કબુલે તેવુ સ્પષ્ટ છે

મુસીકીખાન—પરતત્રતાથી પરણુવુ એ કદાચ પસ્તાવા બરાબર હોય પણુ સ્વતત્રતાથી તો નહીજ

સુશીલા—પરતત્રતાથી પરણુવુ કેવુ અને સ્વતત્રતાથી કેવુ ?

મુસીકીખાન—માબાપ જોડુ કજોડુ જોયા વિના લાકડાથી માકડુ વળગાડી દે એ પરતત્રતાથી પરણુવુ અને જોઈ વિચારીને–સમજી બુઝીને–લાયકાત વિગેરેની તુલના કરીને સ્વેચ્છાથી પરણુવુ એ સ્વતત્રતાથી પરણુવુ વળી તે કહ્યુ કે પરણુવામા સ્વતત્રતાનો નાશ છે હુ કહુ છુ કે હશે પણુ તુ મને કહીશ કે હાલ તુ પરણ્યા વગર શુ સ્વતત્રતા ભોગવે છે ?

સુશીલા—હાલ હુ કોઈની તાબેદાર નથી, મ્હારા

વિચારોમા હુ સ્વતંત્ર છુ

મુસીકીખાન—પણ તે વિચારોને અમલમા મુકવા શક્તિવાન અને સ્વતંત્ર છે? જેવી રીતે હાલ વિચારમા સ્વતંત્ર છે તેવી રીતે પરણ્યા પછી પણ વિચારમા સ્વતંત્ર રહી શકે છે માત્ર સસાર વહેવારના કૌટુબિક સુખના જે સામાન્ય સાધનો હોય તેની સાધનામા એક રાગ થઈ શકાય તો બસ છે કોઇ ચાહે તેવુ વિચારે—ગમે તેવી મનોસૃષ્ટિ ઉભી કરે તે સ્વતંત્ર છે તેમ તેમ કરવાનો અધિકાર છે સ્વતંત્ર વિચારની ખાતર સસાર સુખ—પ્રજા પ્રાપ્તિનુ સુખ જતુ કરવુ એ તો કેવળ નાદાની હા, તને વિદ્યાસાગરમા કાંઈ દુર્ગુણ દેખાતો હોય તો જુદી વાત છે

સુશીલા—એવુ કાઇ નથી મહારાજ આપને સહુને યોગ્ય લાગે તે ખરૂ

ધર્માભિલાસી—અમારે જો અમારી મરજીથી કરવાનુ હોત તો બહેનશ્રી આટલા મોટા થયા નહોત આપણી નાતમા જોતી નથી કે કન્યા દસ બાર વરસની થાય એટલે તરત પરણાવી દે છે

મુસીકીખાન—અમે તો સલાહ આપી શકીએ અધિકાર તો તનેજ હોય, પણ હવે વિદ્યાસાગરને મળવા મારી ઇચ્છા થાય છે

કમ્પાઉન્ડમા ઘોડા ગાડીનો અવાજ સભળાયો વિશ્વપ્રેમીએ બહાર નજર નાખી વિદ્યાસાગર આવતા દેખાયા વિશ્વપ્રેમી તેમને સત્કારવા બહાર દોડી ગયા સુશીલા કોઈ દિવસ નહીને આજેજ ત્યાથી ઉઠીને અદર નાશી ગઈ વિશ્વપ્રેમીએ મુસીકીખાનની સાથે વિદ્યાસાગરની

ઓળખાણ ઠગાવગાવી

ધર્માભિલાસી—ભાઇ, તમારી આયુષ વણીજ લાબી હો મહારાજની તમને મળવાની ઇચ્છા થતાની સાથેજ તમે દેખાવ દીધો ભાઈ તેઓ મોટા ચમત્કારી છે જેવુ બોલે છે તેવુજ થાય છે

વિદ્યાસાગર—(મુન્શીકીબાનને) મ્હારા અહોભાગ્ય, કે આજે આપના દર્શન થયા મે જ્યારથી આપના પધારવા વિષે સાભળ્યુ છે અને છાપાઓમા આપના ચમત્કારો વિષે વાચ્યુ છે ત્યારથી મને દર્શનની જીજ્ઞાસા હતી પણ મ્હારા ધધાને અગે ફુરસત ઓછી રહે છે તેથી હાજર થઈ શક્યો ન હતો (વિશ્વપ્રેમીને) આજે હુ તમારા બગલે તમને મળવા ગયો હતો પણ તમારા અહી હોવાના ખબર મળ્યા એટલે અહી આવ્યો એમા મારા ભાગ્યનો ઉદય થયો (સુશીલા ક્યા છે એ પુછવા જતા કોણ જાણે આજે શુ હતુ કે જીભ અટકી પડી અને તે પુછી શકાયુ નહી)

વિશ્વપ્રેમી–તમે મ્હેજે તો આવો નહી કાઇ કારણ હશે

વિદ્યાસાગર—હા કામ તો ખરૂન્તો તમે જાણો છો કે ઉદ્ધતરાયના બચાવ અર્થે મને એગેજ કરવામા આવ્યો છે ચતુરદાસે એક ઘણો અગત્યનો કાગળ રજુ કર્યો છે જેથી ગુણવતીએ પોતે આપઘાત કર્યો હોય એમ માની શકાય, પણ તે પુરવાર કરવા માટે પુરાવા તરીકે તે કાગળ પુરતો નથી તુમાખીદાસ આ કામમા ઘણી ખટપટ કરે છે મને ખાત્રી છે કે ઉદ્ધતરાય આ કામમા નિર્દોષ છે, પણ તેની વિરૂદ્ધ લાગણી એવી છે કે તેના બચાવમા પુરાવા મળી શકતા નથી તેમ પોલીસ અને તુમાખીદાસની

ખટપટથી લોકો જુઠુ બોલી ઉદ્ધતરાયને ફસાવવા માગે છે તુમાખીદાસ તો ચારે તરફ એમજ કહેતો ફરે છે કે જો તે હવે ફાગીને લાકડે લટકે નહી તો મ્હારૂ નામ નહી મારો શેઠ જગમોહનરાયની સાથે જુનો નાતો અને વળી તેઓએ મને એગેજ કર્યો એટલે મ્હારે એમા તનતોડ મહેનત કરવી ઘટે શહેરમા તમારી સારી લાગવગ છે જો તમે તુમાખીને અને તેના સાથીઓને જુઠા પુરાવા ઉભા કરતા અટકાવી શકો તો કામમા ઘણી સગવડતા રહે આટલા ઉદ્દેશથી તમને મળવા આવ્યો છુ

વિશ્વપ્રેમી—તુમાખી મગજનો ફરેલો માણસ તે કોઇથી એ માને નહી પણ શુ કુરાળચાચિનીના કાગળથી ગુણવતીએ આપઘાત કર્યો હોય એટલી શકાએ થઈ શકે નહી ?

વિદ્યાસાગર—તેવી શકા થાય અને શકનો લાભ પણ અપાવી શકાય પણ એ કાગળ ખરો મનાય ત્યારે ને ? તુમાખીને એ કાગળના ખબર મળ્યા તો કહેવા લાગ્યો કે એ ચતુરદાસની ચાલાકી છે ચતુરદાસ ઉદ્ધતરાયની સાથે ઝેર દેવાના કાવત્રામામા શરીક હતો, અને તેથી જો કાવત્રુ ખુલ્લુ પડી જાય તો બચાવમા કામ લાગે એટલા માટે એવો પત્ર ચતુરદાસે અગાઉથી બહારગામથી લખાવી મગાવી રાખ્યો હશે હવે જ્યારે એવો પ્રસગ આવ્યો ત્યારે શકનો લાભ લેવા ઇન્સાફને થાપ ખવરાવવા તે પત્ર તેણે બહાર પાડયો આ તેની દલીલ મજબુત છે અને તેથી તે પત્ર ખરો પત્ર માની શકાય નહી, અને જ્યારે તે પત્રજ ખરો ન માની શકાય ત્યારે શકજ કયાથી ઉત્પન્ન થાય અને તેનો લાભ પણ કયાથી મેળવી શકાય ?

મુસીકીખાન—એ પત્ર જે મુળ પત્રનો પ્રત્યુત્તર છે તે મુળપત્ર હાથ થવો અવશ્ય છે લખનારીનુ નામ ઠામ મળે તો એ સર્વ તજવીજ થઇ શકે

વિદ્યાસાગર—ચતુરદાસ એ વિષે ઘણા પ્રયત્ન કરે છે પણ કાંઈ સમજાતુ નથી ગુણવતીની સર્વ પીછાણવાળીઓમા માણસ મોકલી તપાસ કરાવી પણ ઠેકાણુ પડતુ નથી હવે તો કટાળ્યો છે અને નાઉમેદ અને નિરાશ બની ગયો છે

મુસીકીખાન—**"લા તકનતુ મિર રેહમ તિલ્લાહ"** અલ્લાલાહની કૃપાથી નાઉમેદ અને નિરાશ ન થા એ કુરઆનનું ફરમાન છે જીવમા જીવ હોય ત્યા સુધી પ્રયાસ કરતા રહેવુ ફરઝ છે

આહી મીસ મેરી આવે છે સહુને હળીમળી કુશળતા પુછી સાજની ટપાલમા મળેલો પત્ર મુસીકીખાનને આપે છે મુસીકીખાન તે ખોલી વાચવા વિદ્યાસાગરને આપે છે વિદ્યાસાગર તે વાચે છે—

તા૦ ૧ માર્ચ ૧૯૨૩

પ્રિય સખી,

તુ કલ્પનાપુરીમા રહે છે એ થોડા દિવસ થયા જાણ્યું ત્યા મારી સહી ગુણવતી છે, મે તેને એક પત્ર લખ્યો છે તેનો જવાબ આજ વીસ પચીસ દિવસ થયા મને મળ્યો નથી તે ત્યાના ધનાઢ્ય શેઠ જગમોહનરાયની પુત્ર વહુ છે તુ તેને મળજે બ્હેન તેને જરા આશ્વાસન અને હિમ્મતની જરૂર છે તે દેજે થોડા દિવસથી મને એના વિષે માઠા સમાચાર મળે છે અને સ્વપ્નાએ ઘણા માઠા

આવે છે માટે તેને મળીને સર્વ હકીકત ખુલાસા વાર લખજે તેના વિષેના માઠા સમાચાર ત્હારો જવાબ આવ્યા સુધી હુ માનીશ નહી

લી૦ ત્હારી ચીડવનારી,

વિશ્વપ્રેમી—(પત્ર સાભળી) આ સ્ત્રી પણ વિચિત્ર લાગે છે નામ ઠામ તો લખતીજ નથી

મેડી—મે ઓળખી લીધી છે જુઓને પરબીડીયા ઉપર 'અમરાપુરી'ની છાપ છે તેનુ નામ સુમતિ છે તે મ્હારી બાળસ્નેહી અમે સુન્દરપુરમા સાથે ભણતા, તે મને ઘણી ચીડવતી, મ્હારે અને તેને ઘણી વઢવાઢો થતી તે અમરાપુરીમા હાલ રાષ્ટ્રિય કન્યાશાળા ચલાવે છે

વિશ્વપ્રેમી—(કાઈ યાદ આવ્યુ હોયની) એગડ ગુણવતી હવા બદલવા અમરાપુરી જઇ રહ્યા હતા એ વાત હુ જાણુ છુ

વિદ્યાસાગર—(અતિ હર્ષ યુક્ત) હવે કાઇ ઠેકાણુ પડશે આપણે ચતુરદાસને હમણા ને હમણા બોલાવવો જોઇએ અમરાપુરી રાત્રે આઠ વાગે ટ્રેન જાય છે અને તે સવારે છ બજે પહોચી જાય છે હજુ તો ચાર વાગ્યા છે એટલે ઘણો વખત છે ચતુરદાસે આજે ને આજે રવાના થઈ જવુ જોઇએ

ચતુરદાસને ટેલીફોન કરી બોલાવવામા આવે છે હકીકત સમજાવવામા આવે છે ચતુરદાસ રાતને બદલે સવારની છ બજ્યાની ટ્રેનમા નીકળવાનુ વધારે પસદ કરે છે આ ટ્રેન સાજના ચાર વાગે પહોચશે એટલે સુમતિને મળી રાતની ટ્રેનમા પાછા કલ્પનાપુરી વળતે દિવસે પહોચી

જવાશે **એમ તે** જાહેર કરે છે આ સર્વ હકીકત સુશીલા ઓરડામા બેઠી સાભળતી હતી તેને મુસીકીખાન બહાર બોલાવે છે **સુશીલા** શરમાતી આવે છે **મુસીકીખાન** વધુ પુરાવાના પત્ર મળ્યાની વીગત કહે છે

સુશીલા—હુ સાભળતી હતી મહારાજ! નિરાશ ન થવાના બોધની સાથેજ આશાના અકુરો ફુટયા છે

ધર્મવિલાસી—સત્ય છે પ્રભુના વહાલાઓના મહિમા કાઈ અનેરાજ હોય છે

વિદ્યાસાગર—(શરમાતી સુશીલાને) કેમ કુશળ છો?

સુશીલા—(ઘણી શરમાતી) આપ પણ કુશળ હશો

વિદ્યાસાગર—તમને કુશળ જોઈ કુશળજ હોઉ તમે કયા હતા? જ્યારે જ્યારે હુ અહી આવતો ત્યારે ત્યારે તમેજ મને 'રીસીવ' કરતા આજે તે નિયમ તમે તોડયો છે

વિશ્વપ્રેમી—(રમુજમા આવી) આજે તમારાથી શરમાતા હતા

વિદ્યાસાગર ચુપ થઈ જાય છે માથુ નીચુ નમાવી લે છે અને વિચારમા પડી જાય છે સુશીલાનો ચહેરો શરમની રતાશથી છવાઇ જાય છે શુદ્ધ પ્રેમથી છવાએલા બન્ને હૃદયો ક્ષણવારમા ઓત પ્રોત થઈ જાય છે સુશીલાને ત્યા બેસવુ ભારે થઈ પડે છે

ધર્મવિલાસી—આ શુ? બધા ખામોશ કેમ?

મુસીકીખાન—હજારો વાણીયો કુરબાન થાય એવી આ ખામોશી કુદરતી છે

સુશીલા ઘણી મુશ્કેલીથી ઉભી થઇ અદર દોડી જાય

છે વિદ્યાસાગર મુસીફીખાનના ચરણોમા ઝુકી જાય છે અને કહે છે "મહારાજ ! આ એક ક્ષણવારમા મને અલૌકિક સ્વરૂપ દેખાયું યોગીજનો અને સન્યાસીઓનો આત્મપ્રભાવ બેશક કોઈ અનેરો હોય છે

મુસીફીખાન—ભાઈ ! હુ યોગી કે સન્યાસી નથી હુ તો સસારી છુ ઇસ્લામમા ત્યાગ હોતો નથી "લા રેહબાનિયત ફિલ ઇસ્લામ"–ઇસ્લામમા ત્યાગ નથી, એ અમારા પેગમ્બર સાહેબનુ સ્પષ્ટ ફરમાન છે હુ રગભગ છુ, યોગ્ય ઘરની તપાસમા છુ મળેથી કરી લેવાનો વિચાર રાખુ છુ (વિદ્યાસાગર તાજુબી પામે છે) મુસીફીખાન આગળ ચલાવે છે "યોગ સસારમા રહી સધાય છે ત્યાગથીજ સધાતો હોય એમ નથી ત્યાગ આત્માને ઘણા અનુભવોથી વિમુખ રાખે છે અનુભવ સિદ્ધ જ્ઞાન થવા દેતો નથી વળી એ ઘણી કડણ રીત છે એ કર્તાની સસાર આગળ ચલાવવાના હેતુની આડે આવવા જેવી રીત છે ઇસ્લામની યોગ સાધનાની રીત ઘણી સહેલી અને સરળ છે અને તે "આટલી હદ સુધી–એથી વધારે નહી" ના નિયમનુ પાલણ કરવાથી પ્રાપ્ત થાય છે જેમ કમળ પાણીમા રહેવા છતા પાણીથી ભીંજાતુ નથી તેમ ઇસ્લામી યોગી સસારમા રહેવા છતા–સસારી હોવા છતા સસારની માયાથી રગાતો નથી હજારો ઉપાધીયોમા જીવતો હોય છે તોપણ તેના આત્માનો કર્તાની સાથે સીધો વહેવાર હોય છે સસારની કશી વસ્તુમા તેનો આત્મા રસ લેતો નથી તે ખાય છે–પ્રકાર પ્રકારની વાનીયો જમે છે પણ સ્વાદ માટે નહી તે જીવે છે પણ જીવવા માટે નહી માત્ર

કર્ત્તાની મરજી અને ઇચ્છા પુરી કરવા માટે તે કર્તાએ બખ્શેલી કોઇ પણ બક્ષીશનો અનાદર કરતો નથી તે તો બક્ષીશોને શુકર–ઉપકારની વૃત્તિની સાથે ભોગવે છે તે બક્ષીસનો સદઉપયોગ કરે છે દુરઉપયોગ કરતો નથી તે બક્ષીસને ભોગવે છે પણ બક્ષીસનો થઈ જતો નથી તે તો ભોગવી બક્ષીશના દાતાનો આશક બની જાય છે તેની જીદગીનુ દરેક કાર્ય તેની પોતાની જાત માટે હોતુ નથી, પણ તે કર્તાની ઈચ્છા ખાતર હોય છે મ્હારી ઇચ્છા નહી પરતુ ત્હારી ઇચ્છાનો ભાવ તેના દરેક કાર્યમાથી પ્રગટે છે તે પોતાની ઇચ્છાનો નાશ કરી પોતાના આત્માના આયનાની ઉજ્વળતાને વિશેષ ઉજળી કરે છે તેના આત્માના આયના ઉપર ઇચ્છાનુ ઝાખાપણુ રહેતુ નથી તેમા ખુદાની મરજી અને ઇચ્છાના પ્રતિબિબ પડતા રહી તે ઝળકી ઉઠે છે આવી ઉજ્વળતા–આવો પ્રકાશ, નુર, અને ઝળકાટ માત્રજ સ્હેજ નિયમોના પાલણુથી પ્રગટ કરી શકાય છે, અને યોગી બની શકાય છે કુદરત અને કુદરતના કર્તાનો એક રાગ વડે યોગી સયોગ ઉત્પન્ન કરે છે કુદરતી બક્ષીસોના ત્યાગથી આ એક રાગ ઉત્પન્ન થવો કઠિણ છે ત્યાગીના યોગથી ઘણી શક્તિઓ સધાય છે, પણ તે અતિમ હેતુ અને લક્ષબિદુની પ્રાપ્તિમા ઘણી વખત નિષ્ફળ નિવડે છે ઇસ્લામની રીત છેલ્લામા છેલ્લી (Latest) સીધી સરળ અને સ્હેલી છે જ્યારે બીજાઓ ત્યાગના કષ્ટથી સાધના કરે છે ત્યારે ઇસ્લામી યોગી સસારની સાથે એક રાગ થઈ ચાલવાના પ્રયાસથી–પોતાના હેતુને–કર્તાના હેતુને સાધે છે

સર્વ જણાઓને આ ન્હાના સરખા ભાષણમા ઘણો રસ આવ્યો વિદ્યાસાગર બોલી ઉઠયો —

"સાહેબ આપે મને આજે ઘણુ જ્ઞાન આપ્યુ છે અને મને ઘણો લાભ થયો છે જેમા હુ વર્ષોથી ફાવ્યો નહોતો તેમા હુ આજ એક ક્ષણવારમા ફાવ્યો છુ એ આપના ભગ યોગનો પ્રતાપ મારો વર્ગ કંટાળા ભરેલો છે મન ઉપર અનેક તરંગો અને વિચારો લપટાએલા રહે છે જેમાથી આજે મે થોડીવાર શાતી–ખરી શાતી મેળવી છે હુ આપનો ઘણો ઉપકાર માનુ છુ હવે હુ રજા લઇશ"

તે સુશીલાની રજા લેવા માગે છે પણ સુશીલા ત્યા આવતી નથી, એટલે થોડીવાર ગોભાઈ ચાલતો થાય છે તેની પાછળ પાછળ વિશ્વપ્રેમી અને ધર્માભિલાષી વિગેરે પણ વિદાય થાય છે વિશ્વપ્રેમી ધર્માભિલાષીને કહે છે—

"આજે વિદ્યાસાગરને સારા શુકન થયા લાગે છે સુશીલાએ પરણવાનો તિરસ્કાર ત્યજી દીધો એ કાઈ ન્હાની સુની વાત નથી વિદ્યાસાગર અને સુશીલાનુ ખરેખરૂ જોડુ છે ખરેખર શાહ સાહેબને એ માટે માન ઘટે છે"

ધર્માભિલાસી ઘણો ખુશ થયો છે તેની વૃદ્ધ માતાના ખોળીઆમા નવો જીવ આવે છે ધર્માભિલાષી પરણ્યો હતો પણ તેની વહુ કઈ રીસાઈને એકાદ વર્ષથી તેને પીયર ગઇ હતી તે બોલાવવાથી પાછી આવે છે

લગ્નની તઇયારીઓ શરૂ થાય છે જે સુશીલાને આપણે બોલે ચાલે સ્વતત્ર જોતા આવ્યા છીએ તે સુશીલા હવે ઘણી શરમાળ અને લજ્જાવાન બની જાય છે શાહ સાહેબની પાસે આવે છે ત્યારે પણ નીચુ ઘાલી બેસી રહે છે અને

વિદ્યાસાગર વિષેની કાંઈ પણ ચર્ચા થતા ગીધી અદર ચાલી જાય છે મુગીકીખાન એશિયા દેશની આવી શરમાળ, લજ્જાવાન, ધર્મપરાયણ સ્ત્રીઓની વખાણ કરે છે તે રાત દિવસ એજ પ્રાર્થના કરે છે કે સસ્કૃતિઓના ગમે તેવા ફેરફારો થાઓ પણ પરવરદિગાર ! અમારી સ્ત્રીઓની લજ્જા મર્યાદા, શુદ્ધપ્રેમ, સેવાવૃતિ અને ધર્મપરાયણતા સર્વદા અચળ અને કાયમ રહો (આમીન)

તુમાખી અમરાપુરીમા

મેરી સુમતિનો પત્ર લઈ આવી અને તેથી જે ચર્ચા સર્વમા ચાલી તે ધર્મવિલાસીની માતાનો નોકર લગારે લગાર સાભળતો હતો આ નોકર સાજના મદીરે દર્શન કરવા ગયો ત્યા તુમાખી આવેલો હતો તુમાખીએ તેને ફોસલાવી ચાલતી હકીકત પુછી મુર્ખ નોકરે અક્ષરે અક્ષર હરખમાને હરખમા કહી દીધી તુમાખીને કોણ જાણે આમા શુ સ્વાર્થ હતો તે જો કે કહી શકાતુ નથી, તોપણ તે તેજ રાતે આઠ બજ્યાની ટ્રેનમા ઉપડી સવારે અમરાપુરી પહોચ્યો એક વીશીમા ઉતર્યા પછી પુછતો પુછતો રાષ્ટ્રિય કન્યાશાળામા નવ વાગ્યાને શુમારે પહોચ્યો સુમતિ કન્યાશાળાના કમ્પાઉન્ડના ઘરમા હતી ત્યા “સુમતિ બ્હેન !” કહી હાક મારી સુમતિ “કોણ છે” કહી બહાર નીકળી

તુમા —એતો હુ છુ કલ્પનાપુરીથી અગત્યના કામે તમારી પાસે આવ્યો છુ

સુમતિ—ક્યાથી ? કલ્પનાપુરીથી ? ભલે પધાર્યા ત્યારે

તમે ગુણવતીને ઓળખતા હશો? (તેને ઘરમા લઇ જઇ બેસાડે છે)

તુમાખી—(આખોમા આસુ લાવી રડે છે) હા તે તો દેવલોક પામી કાળો કેર થયો

સુમતિ—(ઘણીજ ખેદયુક્ત) અરેરે, ત્યારે આખર જે થવાનુ હતુ તે થઇનેજ રહ્યુ

તુમાખી—(ચમકીને) શુ થવાનુ હતુ? તમારા શોક જનક ઉદગારમા તમે કાઇ અગાઉથી જાણતા હો તેવુ લાગે છે

સુમતિ—(ચતુરબાઇ હતી આ પ્રશ્નથી કાઇ સાવચેત થઇ) દરેકનુ વ્હેલા મોડા એજ થવાનુ છે એતો સહુ અગાઉથી ક્યા નથી જાણતા? આપણો સર્વનો વારો આવનારો છે વારૂ, ભાઇ, તમારૂ નામ?

તુમાખી—(કાઇ ગભરાઇને–વિચારીને) ચતુરદાસ હુ ઉદ્ધતરાયનો વિશ્વાસુ મુનીમ છુ તેણે મને તમારી પાસે મોકલ્યો છે

આહી એક તારવાળો છોકરો આવી **સુમતિને** તાર આપે છે **સુમતિ** તાર મળ્યાની સહી કરી આપી–ખોલી વાચે છે

"Chaturdas Head Munim of Jagmohanray started eight o clock train will reach four o'clock evening today will explain everything Help him

Mary"

તારમાન્તર **સુમતિનો** ઓળખીતો હતો એટલે તેણે તરજુમો પણ તેમાજ લખી દીધો હતો—

"જગમોહનરાયનો મુખ્ય મુનીમ **ચતુરદાસ** આઠ બજ્યાની ટ્રેનમા રવાના થઈ ગયો છે આજે સાજે ચાર બજે પહોચશે તે સઘળી હકીકત સમજાવશે તેને મદદ કરજો

મેરી

તાર તે દિવસે ૮ાા વાગ્યાનો કીધેલો હતો અને ૯ાા વાગ્યે પહોચ્યો હતો **સુમતિને** તાજુબી થઈ કે જો **ચતુરદાસ** ૮ાા બજે આજ નીકળે તો તે અત્યારે મારી પાસે ક્યાથી પહોચે ? આમા તો ચોકખુ લખ્યુ છે કે આજે ચાર બજે પહોચશે આમા કાઈ ગોટાળો છે માટે મારે લગાર સાવધ રહેવુ જોઈએ **તુમાખી** પણ આ તાર શાનો હશે એ વિચારમા હતો **સુમતિએ** તારને ગજવામા મુકી એ વિશે કાઈ ન કહેતા, "હા ભાઇ ! મારી પાસે શા માટે મોકલ્યા છે ?"

તુમાખી—ગુણવતીનુ અવસાન ઝેરથી થયું

સુમતિ—(બે બાકળી થઇ) શુ ઝેરથી ? અરે રામ રામ ! આ સમાચાર શા માટે લાવ્યા મારૂ તો હૃદય ધ્રુજી જાય છે ઝટ કહો પછી ?

તુમાખી—ઝેર દેવાનુ તોહમત ઉદ્ધતરાયને શીર આવ્યું ઉદ્ધતરાય કહે છે કે મારા ઉપર આ જુઠુ તોહમતછે ગુણવતી પોતાના હાથે ઝેર ખાઈ મરી ગઈ છે આ વિષેનો પુરાવો તમારી પાસે હોવાનુ કહેવાય છે તેણે આપઘાત કર્યા પહેલા તમને એ વિષે એક પત્ર લખ્યો હતો અને તેમા એ ઇરાદો તેણીએ જણાવ્યો હતો આ પત્ર લેવા મને મોકલ્યો છે ઉદ્ધતરાય અને ગુણવતી અમરાપુરીમા રહેતા ત્યારથી તમારો અને

તેમનો ઘાડો સબધ ચાલ્યો આવે છે એ સબધ આ સકટ સમયે તમે નભાવી ગણશો એવી ઉદ્ધતરાયને પુર્ણ ખાત્રી છે જો કદાચ આવા પુરાવા હાથ નહી આવે તો બિચારો નિર્દોષ ઉદ્ધતરાય નાહક માર્યો જશે

સુમતિ—(ઉશ્કેરાઇ) ક્રુર અને જાલીમ ઉદ્ધતરાયને તમે નિર્દોષ કહો છો? એ નિર્દોષ શાથી છે? ખરી રીતે તેણેજ ગુણવતીના પ્રાણ લીધા છે

તુમાખી—(બાજી ઉધી પડી ગણી) એના તમારી પાસે શુ પુરાવા છે?

સુમતિ—એક નહી અનેક પુરાવા છે નિર્દય ઉદ્ધતરાય! એક તો એવી સતીના પ્રાણ લીધા અને પાછા મ્હારી પાસે બચાવના પુરાવા લેવા માણસ મોકલે છે?

તુમાખી—હુ એ માની શકતો નથી હુ જેવો ઉદ્ધતરાયનો નિમક હલાલ નોકર છુ તેવોજ ગુણવતીનો હતો જો ઉદ્ધતરાયે તેના પ્રાણ લીધા હોય એમ મને સિદ્ધ થાય તો હુ ઉદ્ધતરાયનો પક્ષ છોડી દઉ તમે મને એ પુરાવા દેખાડી શકશો અને ગુણવતીનો તમારા ઉપરનો પત્ર પણ આપી શકશો?

સુમતિ જે તાર આવવાથી શકમા પડી હતી તે આથી વિચારમા પડી જાય છે તેને સાજ સુધી કાઈ જવાબ ન દેવો ઉચિત લાગે છે એટલે કહે છે–

"મને મ્હારી સખીના આવા દુખદ પરિણામથી સખત આઘાત થયો છે અત્યારે મ્હારૂ ચિત ઠેકાણે નથી એટલે, તમે કાલ સુધી આહી રહી જાઓ, હું વિચારીને જવાબ દઈશ મને તો ઉદ્ધતરાયના ઉપર કેવળ ક્રોધજ આવે છે,

અને તે પોતાના કર્યાક્રમની શિક્ષાએ પહોચે એમ જીવ ચાહે છે એના પાપનો ઘડો ભરાયો છે તે હવે ફુટવા આવ્યો છે ચતુરદાન! મને વધારે બોલાવશો નહી

તુમાખી—મ્હને આજને આજ બાર બજ્યાની ટ્રેનમા પાછા જવાની જરૂર છે, માટે એ પુરાવા આપો તો સહુથી સારૂ નહી તો મને દેખાડી દ્યો એ ગમે તેવો તો પણ તમારો સ્નેહી અને સબધી તેના ઉપર ખુન સાબિત થશે અને ફાગીના લાકડે લટકશે એમા શુ હિત સધાશે ?

સુમતિ—તમે કાલ સુધી રોકાઇ જાઓ એટલીજ હાલ મારી ઇચ્છા છે હુ એ વિશે હાલ કાઇ વાત કરીશ નહી

તુમાખીદાસ વિચારે છે જો આહી ર્‌હ્યો અને પેલો ચતુરીયો આવી ચઢયો તો બારજ વાગ્યા માટે આહીથી પોબારજ ગણી જવા ઠીક છે તેથી કહે છે—

“મને અગત્યનુ કામ છે, હજુ ઘણી તજવીજો કરવી બાકી છે એટલે કાલ સુધી તો મ્હારાથી રોકાવાશે નહીં હુ બીજીવાર કહુ છુ કે જો તમે મને સર્વ પુરાવા દેખાડયા હોત અને ગુણવતીનો પત્ર આપ્યો હોત તો તેમા તમને વાધા જેવુ ન હતુ આ એક રીતે ઉદ્ધતરાય ઉપર તમારો હાથ રહી જાત અને એ તમારો આભાર કદી ન ભુલત કારણ કે ઉદ્ધતરાયના શતરૂઓ અને સ્નેહીઓ વચ્ચે પક્ષ બધાયા છે અને મોહટી ખટપટ જાગી છે માટે એ પુરાવાઓ અને પત્ર તમારી પાસે હોવાથી તમે એ ખટપટમા આવી જાઓ અને જોખમમા પડો એ ભય રહે છે અને

જો તમે એ નજ આપવા માગતા હો તો એટલુ વચન આપો કે તમે તે બીજા કોઈને એ આપશો નહી ”

સુમતિ—(જે તારથી શકમા પડી હતી તે તાર વિશે પુછે છે) એ વિશે તો હુ હમણા કશો નિશ્ચય કરી શકુ નહી પણ તમારા આવવાનો તાર તમારા આવવા પછી તમારી સામે મળ્યો એની મને તાજુબી થાય છે કેટલા વાગે તાર કર્યો હતો ? ”

તુમાખી જેણે તાર કર્યો ન હતો અને કોઇ બીજાએ કર્યો હોય એવી તેને ખબર ન હતી એટલે ઘણો સટપટાય છ જવાબ દેતા આચકો ખાય છે આ વાત સુમતિને ચોખ્ખી દેખાઈ આવે છે એટલે વધુ વ્હેમાય છે અને પુછે છે —“ તમે સવારે છ વાગે પહોચી ગયા અને તમારો તાર સાડા નવ વાગે પહોચ્યો એ શુ ? ’

તુમાખી—આજ કાલ ટપાલ ખાતા, તાર ખાતા, અને રેલ ખાતામા અધેર ચાલે છે, એટલે એમ બનવુ કાઈ અજબ થવા જેવુ નથી

સુમતિ—પણ તાર આવ્યો ઘણો જલ્દી સવા કલાકમા પહોચ્યો તમે કેટલા વાગે કરાવ્યો હતો ?

તુમાખી—(વધુ સટપટાઇ) ત્યારે તો રાત્રે ઓફીસમા પડયો રહ્યો હશે

સુમતિ—પણ આ તાર કોની પાસે કરાવ્યો હતો ?

તુમાખી—મેજ કરાવ્યો હતો

સુમતિ—પણ તાર તો મેરીએ કર્યો છે

આથી તુમાખી ઘણોજ મુઝાય છે તેને ગોટાળો થવાનો અને ગોટાળો થએ પકડાઈ જવાનો ભય થાય છે

તેથી કહે છે–"હા હા કાલે સાજે મે તેમની પાસે કગળ્યો હતો, પણ રાત્રે ઓફીસમા પડયો રહ્યો અને મ્હાગ આવ્યા પછી તમને મળ્યો "

સુમતિ—પણ તારમા તો મેરી તમારૂ આજે આઠ બજે નીકળી ચાર બજે પહોચવાનુ લખે છે એ શુ

તુમાખી—(હવે બે ભાન જેવો થઈ ગયો) જુઓને હુ ઇગ્રેજી જાણતો નથી એટલે મ્હારા કહેવામા અને મેરીબાઈના સમજવામા કાઈ ફેર પડયો હશે વળી આજકાલ ચિતામા હોવાથી મ્હારા ચિત્તનુ કાઇ ઠેકાણુ નથી એથી એવી ભુલ થઈ જવી સભવિત છે

સુમતિ સમજી જાય છે કે મેરીએ જેના માટે તાર કર્યો છે તે આ ચતુરદાસ નહીં આમા કાઇ કાવતરૂ હોવું જોઇએ, તેથી આ માણુસ ખરો કોણ છે એ કઢાવવાની ઝાસાથી તથા તેને કોઈ પણ રીતે સાજ સુધી રોકવાના ઇરાદાથી કહે છે–"ચતુરદાસ ભાઈ! તમે રાતની ટ્રેનમા જાઓ તો શુ વાધો છે? હુ ત્યા સુધી નિશ્ચય ઉપર આવી જઈશ "

તુમાખી—મારાથી લેશ પણ રોકાવાય તેવું હોત તો હુ જવાનો આગ્રહ કરત નહી પણ મ્હારી સલાહને ભુલશો નહી એટલુ યાદ રાખશો તો ઘણુ છે

સુમતિ—ત્યારે હુ લાચાર છુ પણ મ્હારે કદાચ આ વિષે તમને કાઈ લખવુ પડે તો કામમા આવે એટલા માટે તમારૂ પુરૂ નામ ઠામ લખી આપતા જશો

તુમાખી વિચારમા પડે છે પછી ગજવામાથી કાગળના ટુકડાઓ કાઢી તેમાના એક કોરા કાગળ ઉપર ચતુરદાસનુ

નામ અને પોતાનુ ઠેકાણુ લખી આપે છે, અને બાકીના કાગળ પાછા ગજવામા મુકી દે છે અને ત્યાથી ચાલતો થાય છે

સુમતિ તેના જવા પછી વિચારમા પડી જાય છે તેને ખાતરી થાય છે કે આ કોઈ ભેદી માણુસ છે અને તે મેરીના તારવાળો ચતુરદાસ તો નજ હતો પણ હવે સાજે કોણ આવે છે તે ઉપરથી બધી હકીકત સમજાશે તેને ગુણવતી યાદ આવે છે તેથી રડી પડે છે અરે શુ! તેણીએ આત્મઘાત કર્યો હશે? ના, ના, તે આત્મઘાત કરે તેવી તો ન હતી ત્યારે શુ ઉદ્ધતરાયે તેને ઝેર દીધુ હશે? ઉદ્ધતરાય ગમે તેવો કઠોર હોય તો પણ તે ગુણવતીનુ ખુન કરે તેવા વજ્ર હ્રદયનો તો નથીજ મારી પાસે બેશક ગુણવતીનો પત્ર છે પણ તેમા આપઘાત કરીશ એવુ કયા લખ્યુ છે?

તે ઓરડાના બારણા અદરથી મજબુત બધ કરી ગુણવતીનો પત્ર કાઢી વાચે છે તેનુ મન ભરાઈ આવે છે, આખોમાથી આસુ વહે છે

પ્રિય બ્હેન!

હવે અવધિ થઈ દુખ કહ્યાથી ઓછુ થાય છે એમ કહેવાય છે, ત્યારે મ્હારે ત્હારા વિના બીજુ કોને કહેવુ? અપાત્રને તો નજ કહેવાય અમારા અમરાપુરીના નિવાસ દરમ્યાન તુજ મને એવી મળી કે જે મને સમજી શકી છે મ્હારા મનના કલ્પાતો-તરગો-આશયો અને ઉદ્દેશોની સાથે સમ્મતિ ભાવ દેખાડી શકી છે ગત્રે ઉદ્ધતરાય દારૂ પીઈ મ્હારા શયનગ્રહમા આવ્યા સાથે પેલીને લાવ્યા મ્હારા

અપમાનની હદ ન રહી તો પણ મ્હારે ઈન્સાફ કરવો જોઈએ, તેણી તો એમજ કહેતી કે આહી આ રીત ન છાજે-તે તમારા ગ્રહિણિ છે-પત્નિ છે દારૂમા ચકચુર બોલ્યા કે નહી તુ મ્હારી પત્નિ છે તે તો મ્હારી દાસી છે-દાસી (મને સંબોધી) કેમ ખરૂ કે નહિ ચાલ પગ દાબ દારૂનો ગલાસ ભરી આપ બ્હેન ! મારા માબાપના ધન લોભનુ આ પરિણામ છે આપણી મુગી ગુલામીનો આ બદલો છે મ્હારાથી રહેવાતુ નથી કહેવાતુ નથી પળ વાર પણ શાંત રહેવાતુ નથી શુ મે આ માટે જન્મ લીધો છે ! શ્રીમતાઈ અને અમીરીના પરદા પાછળ કેવા દાવાનળ સળગે છે ? બ્હેન ! જો યુરોપમા જન્મી હોત તો ઉદ્ધતરાયને ગોળીથી મારત પણ એશિયામા જન્મી છુ પતિ હત્યાથી બીહુ છુ જો ફજેતો કરૂ તો કુળ લજાય છે અરે ! મે જો કોઇ હલકા કુળમા જન્મ લીધો હોત તો છુટાછેડા પણ કરાવી શકત મ્હારૂ શુ થશે ? મ્હારો આવેશ- મ્હારા આત્માનો કલ્પાત મ્હારાથી શુ કરાવશે એ કાંઈ કહી શકતી નથી ગભરાઈ છુ-મુઆઇ છુ, એટલે ત્હારી પાસેથી દિલાસાની આશા રાખી છે

તા ૧ લી ફેબરવારી ૧૯૨૩

લી૦ ત્હારી,

"ગુણવતી."

કાગળ વાચી સુમતિ ડુસકે ડુસકે રડે છે અને રડતી રડતી સુઈ જાય છે

ચતુરદાસ અને સુમતિ.

રડતી રડતી સુતેલી સુમતિને ઠેઠ સાડા પાચ બજે દરવાજાનો ખડખડાટ જગાડે છે ઓચિતી જાગી પુછે છે "કોણ છે ?"

ચતુરદાસ—સુમતિ બ્હેન ! લગાર બારણા ઉઘાડજો

સુમતિ બારણા ઉઘાડે છે અને પુછે છે "કેમ ભાઈ" ?

ચતુરદાસ—આજે તમને મેરી બાઈએ જેના વિષે તાર કર્યો છે તે ચતુરદાસ છુ

સુમતિ તેને પગથી માથા સુધી નિહાળે છે અને કહે છે "મેરી બાઈએ તાર કર્યો છે એ વાત ખરી છે, પણ આજે સવારે એક ચતુરદાસ તો કલ્પનાપુરીથી આવ્યા હતા

ચતુરદાસ—શુ કલ્પનાપુરીથી ચતુરદાસ આવ્યા હતા ? એ વળી કોણ ?

સુમતિ—તેઓ ઉદ્ધતરાયના વિશ્વાસુ મુનીમ હોવાનુ કહેતા હતા

ચતુરદાસ—અરે ! પણ એ તો હુ આ મુઓ તમે આ શુ કહો છો ?

સુમતિ—હુ સત્ય કહુ છુ

ચતુરદાસ—આતો કાંઈ નવો ગોટાળો થયો હોય એવુ દેખાય છે વારૂ તેઓ શા સારૂ આવ્યા હતા ?

સુમતિ—ઉદ્ધતરાય વિશેના પુરાવા અને ગુણવતીના પત્ર લેવા આવ્યા હતા

ચતુરદાસ—આ વળી બીજો ગોટાળો એ કામ સારૂ તો હુ આવ્યો છુ

સુમતિ—મ્હારે તમારા બેમાથી ક્યાને ખરા ચતુર

દાસ ગણવા ?

ચતુરદાસ—મને

સુમતિ—એની ખાત્રી શી ?

ચતુરદાસ—મેરીનો મ્હારા વિષેનો તાર (ગજવા-માથી કાઢી) અને જુઓ આ તમારો ગુણવતી ઉપરનો કુશળયાચિનીના નામથી લખેલો પત્ર

સુમતિ—ત્યારે સવારે આવેલો ચતુરદાસ કોઈ વેશધારી હશે ?

ચતુરદાસ—પણ તે કેવો હતો ? અને કોણ હતો ? મ્હારી મતીતો મુઝાઈ છે કોઈ મ્હોટુ કાવતરૂ ઉભુ થયેલુ લાગે છે

સુમતિ—શામળા રંગના, ચપટા નાકનો ન્હાની તિવ્ર આખોનો અને સાધારણ ઉચા કદનો માણસ હતો

ચતુરદાસ—એતો તુમાખીયો હોવો જોઈએ શુ તે આહી સુધી પહોચ્યો પણ તેને એ ખબર ક્યાથી મળ્યા ?

તે ‘નશીબ બે ડગલા આગળનુ આગળ’ કહી નિશ્વાસ નાખે છે અને પુછે છે “શુ તમે પુરાવા અને પત્ર આપી તો દીધા નથી ને ?”

સુમતિ—ના

ચતુરદાસ—એ ઉદ્ધતરાયનો કટ્ટો શત્રુ છે તેને ખબર પડી જવાથી, તમને છેતરી અમને જોઈતો કાગળ કબજે કરી લેવાના વિચારથી આવ્યો હશે

સુમતિ—એ પોતાનુ નામઠામ લખી આપી ગયો છે

ચતુરદાસ—મને બતાવશો ?

સુમતિ દેખાડે છે “એ તો તુમાખીયો ચોખ્ખા એના

અક્ષર છે પણ તેની કાઈ લુચ્ચાઈ ! નામ મ્હારૂ અને ઠેકાણુ તેનુ પોતાનુ !" બોલી ઉઠે છે

પછી તે સુમતિને સર્વ હકીકત કહી સભળાવે છે સુમતિ લક્ષપુર્વક સાભળે છે અને કહે છે, "પણ મ્હારી પાસેના કાગળ ઉપરથી ગુણવતીએ આત્મઘાત કર્યો છે એવુ સિદ્ધ કરી શકાશે નહી, અને તે આત્મઘાત કરે એવી હતીએ નહી ભાઈ ! મને ઉદ્ધતરાય ઉપર ઘણો ક્રોધ આવે છે એણે એને ઘણી દુખી કીધી છે

ચતુરદાસ—એની મને ના નથી પણ ઉદ્ધતરાયે ગુણવતીને ઝેર દીધુ નથી એની મને ખાતરી છે તમે મને ગુણવતીનો પત્ર વચાવશો ?

સુમતિ—જી હા

પછી પત્ર લાવી પોતેજ વાચી સભળાવે છે મોત અને જીદગીને તોલતો હોય તેવા ભાવથી ચતુરદાસ તે પત્ર સાભળે છે પત્ર વચાઈ રહેતા તે નિશ્વાસ નાખે છે ગુણવતીએ ઝેર ખાઈ આત્મઘાત કર્યો છે એવુ આ પત્ર વડે સાબીત કરવુ કઠીણુ છે એમ તેને સ્પષ્ટ લાગે છે તેના હાથ પગ ઠડા પડી જાય છે તે ત્યાને ત્યા ઢગલો થઇ જાય છે નિરાશા અને નાઉમેદી તેના ચહેરા ઉપર છવાઇ જાય છે તે હિમ્મત હારે છે અને બેબાકળો થઈ જાય છે પણ તેને મુનીકીબાને કહેલુ કુરાનનું સુત્ર "ખુદાની કૃપાથી નાઉમેદ અને નિરાશ ન થવુ યાદ આવે છે, અને તેથી સ્વસ્થ થઈ કાઇ કહેવા જાય છે તેવામા જોરથી ફુકાતા પવનના કારણે કોઇ લખેલો ચીનાઇ કાગળ ઓરડામા ઉડતો દેખાય છે ચતુરદાસને કાગળ જુવે તો ઉપાડી

વાચવાની ટેવ હતી તે ટેવ પ્રમાણે પણ શુન્ય મનથી આ કાગળ પણ ઉપાડી લીધો તે ચોવડો વળેલો હતો તેને ખોલી વાચવા મડયો અક્ષર કોઇ શીખાઉ જેવાના હતા પહેલોજ શબ્દ વાચતા તે ચમકે છે તેની આખોમા નવુ ચેતન આવ્યું દેખાય છે સુમતિ પુછે છે “શુ છે ભાઈ! શુ છે?” તે વાચે છે

‘તુમાખી! તે મારે હાથે ગજબ કરાવ્યો ઉદ્ધતરાયે મારા ઘરની લાજ લીધી તેનુ વેર ગમે તે રીતે લેત, પણ ત્હારા ભોળવવાથી મે ભોળવાઇને તેના પાણીમા ઝેર ભેળવ્યુ અને તે સતી ગુણવતીના પીવામા આવી જતા તે બીચારીના પ્રાણ ગયા એ કાળો કેર ખરી રીતે ત્હારે હાથે થયો છે હવે તુ એ ઝેર દેવાનુ તાહમત ઉદ્ધતરાયના માથે ઓરાઢવાનું કરી ત્હારૂ વેર લેવા ચાહે છે એ મહાપાપ છે જ્યારથી આ ગજબ થયો છે ત્યારથી તુ મને મોઢુએ દેખાડતો નથી મને રાત દિવસ ઉઘ આવતી નથી જો ભોપાળુ ખુલ્લુ પડયુ તો હું તો ચોકખુ તારૂ નામ લઇશ હુ તો કાટીયા વરણ છુ મને તારા જવા કબાડા આવડે નહી તુ મને મળતો નથી અને, હુ ઘણો બીહુ છુ–ડરૂ છુ એટલે તને આ ચીઠી લખી મોકલી છે”

વાચતાજ ચતુરદાસ અને સુમતિ આભાજ થઇ જાય છે “પણ આ શુ? ખરો ખુની તો તુમાખીયો પોતે! ત્યારેજ આટલી બધી દોડમદોડ મચાવી છે યાદ રાખ! હવે મ્હારા હાથમાથી છટકી શકવાનો નથી પણ આ કાટીયા વરણનો માણસ કોણ હશે?” ચતુરદાસ બોલી ઉઠે છે

સુમતિ—પણ ભાઈ, તુમાખીને ફસાવવા–હફાવવા

આ પુરાવો નથી હજુ વધારે સગીન પુરાવાની જરૂર છે આથી તો કશુ એ વળશે નહી તે આ પત્રને બનાવટી કરશે

ચતુરદાસ—(હિમ્મતમા આવી) હરકત નહી આટલુ મળ્યુ છે તો વધુએ મળશે, એને તો હવે ઠેઠ પહોચાડીશ

પછી વળતે દિવસે ચતુરદાસ સુમતિને **લઇ** કલ્પના પુરીમા પાછો આવે છે

તુમાખીદાસ ભયમા.

તુમાખી કલ્પનાપુરી ગત્રે પહોચી જાય **છે** પોતાને ઘર ઓરડાના બારણા બધ કરી એકલો બેસી સર્વ બનાવો ઉપર વિચાર કરે છે સુમતિની પાસેથી તે પુરાવા અગર કાગળ મેળવી રાકયો નહી તેનો તેને ઘણો અફસોસ થાય છે તેને ભય લાગે છે કે ચતુરદાસ બનીને સુમતિની પાસે જનાર હુ હતો એમ જો જણાઇ આવશે તો કદાચ ભોપાળુ ખુલ્લુ પડી જશે પણ તેવુ જણાઈ આવવુ **મુશ્કેલ** છે એમ મનને મનવે છે તેને યાદ આવે છે કે મે મ્હારા હાથ અક્ષરમા ચતુરદાસનુ નામ લખી આપ્યુ છે ચતુરદાસ મ્હારા અક્ષર ઓળખે છે એ ઉપરથી જો **કદાચ** કળાઈ જાઉ તો નવાઈ નહી તેને પોતાના ઉપર આવેલી નનામી ચિઠ્ઠીનો ખ્યાલ આવે છે તુરત તે પોતાના ગજવામાથી કાગળ કાઢી, ગાભરો થઇ તપાસે છે એક એક કાગળ ફેરવી ફેરવીને તપાસે છે પણ તેને જોઈતી ચિઠ્ઠી મળતી નથી તે ચિઠ્ઠી કયા ગઇ હશે? હુ કેવો મુર્ખ છુ કે મે તેને ગજવામા મુકી! ફાડી કેમ ન નાખી? પણ તે કયા ગઇ? મે મુકયા પછી તો તે કાઢી નથી અરે પ્રભુ! આ

શુ થયુ ? જો તે ચિઠ્ઠી કોઈના હાથમા ગઈ તો મ્હારા તો બારજ વાગ્યા વગર મોતે મુવો મે સુમતિને ત્યા ઠેકાણુ લખી આપવા કાગળો કાઢયા હતા ત્યા તો રહી ગઇ નહી હોય ? સુમતિના હાથમા આવશે તો તે સાચવી રાખશે કે કોઇને બતાવશે ? સુમતિને ઉદ્ધતરાય ઉપર ક્રોધ છે, એટલે ઉદ્ધતરાયને ફસાવવાની ખાતર કદાચ તેણી તે ચીઠ્ઠી જાહેર ન કરે પણ જો પેલા ચતુરીયાના જાણવામા આવશે તો તે કદી નહી મુકે ત્યારે મ્હારે હવે શુ કરવુ ? અમરાપુરી સુમતિને મળવા જવુ ? અને ચિઠ્ઠી પાછી મેળવવી ? બેશક ચિઠ્ઠી હાથ થવીજ જોઇએ, નહી તો મ્હારા ટાટીયા મારા ગળામા ભરાશે પણ મને તો બાજી ઉંધી પડતી લાગે છે એક તરફથી આ ચિઠ્ઠી ગઇ બીજી તરફથી પેલો આકળો થયો છે બન્ને બાજુઓનો ભય છે જો ચતુરદાસ તે લખનારાને મેળવી શકયો અને તે ભોળવાઇ ગયો ને મ્હારૂ નામ બહાર પાડયું તો પછી ઉદ્ધતરાય બચી જવાનો અને ઉલ્ટો હુ ફસી જવાનો પણ કાઇ ફીકર નહી હુ સુમતિની પાસેથી ગમે તે રીતે એ કાગળ હાથ કરીશ અને ઉદ્ધતરાયને શિક્ષા ન થઈ જાય ત્યા સુધી પેલાને પણ કબજે રાખીશ પણ પેલા ઝેર બનાવી આપનારને કેમ સમજાવવો ? તે પણ મને દરરોજ ધમકાવે છે એક વખત કરજ કરીને રૂપીયા આપ્યા બીજીવાર આપ્યા, અને હજુ માગતોજ જાય છે, અને લગાર મોઢુ મોળુ જુએ છે તો પરિણામ સારૂ નહી આવે કહી ધમકાવે છે જો તે ચતુરીયાને મળ્યો તો ગજબ થવાનો મે આ કાર્ય પહેલા દરેક સભવિત ભયનો પુર્ણ વિચાર કર્યો હતો પણ હવે

જોઉ છુ કે એવી એવી વાતો ઉભી થતી આવે છે કે જેનો લગારે ખ્યાલ ન હતો ઉદ્ધતરાય ! તે મને ઓછો સતાવ્યો નથી મ્હારી દરેક નેમને તુ નિષ્ફળ નિવડતો રહ્યો છે હા, જ્યારે, મે રૂપાળીને પુનર્લગ્ન કરવા તૈયાર કીધી તેની સાથે તેમ કરવા તૈયાર થનારે મને રૂપીયા પાચ હજાર તે કામ કરાવવા બદલ આપવાનુ વચન આપ્યુ ત્યારે તે મારી બાજી ઉથલાવી નાખી પુનર્લગ્ન થવા દીધા નહી અને તેણીને તુજ રાખી બેઠો તે મને જુઠી ફોજદારી કરાવરાવી જેલે મોકલાવ્યો, જેલમા લાગવગથી મ્હારી પાસે સખત મજુરી કરાવરાવી ફટકા ખવાડયા એ હુ હજુ ભુલ્યો નથી અરે ! પણ મારી બાજી ઉધી પડી બિચારી ગુણવતી દળાઈ ગઈ પણ યાદ રાખજે તને હુ મુકીશ નહી પણ જો ખરી વાત બહાર આવી તો તુમારી ! ત્હારા શા હાલ થવાના ? ફિકર નહીં કુદરત જુએ છે એવા મ્હોટો પાપી બચી જાય અને હુ ફસાઇ જાઉ એમ નહીજ બને સહુથી પહેલા તો પેલી ચીઠ્ઠી મ્હારે મેળવવી અવશ્ય છે શુ પાછો અમરાપુરી જાઉ ? પણ હુ તુમારી છુ એ સુમતિને ખબર પડયા હશે એમા તો સદેહ નથી પણ ફિકર નહી ગમે તે ભોગે ચીઠ્ઠી મેળવવા જવુ જોઇએ અને પેલાઓને પણ કાઇ યુક્તિવડે શાત રાખવા જોઇએ આ વિચારથી લગાર હિમ્મતમા આવે છે અને બમણા જોરથી કામ કરવાનો નિશ્ચય કરે છે

ઉદ્ધતરાયનો પુનરૂદ્ધાર

ચતુરદાસની સાથે આવેલી સુમતિ મીસ મેરીને ત્યા

ઊતરે છે ચતુરદાસ મુનીકીખાન અને સર્વ મિત્રોને સર્વ હકીકત નિવેદન કરી, ચિઠ્ઠી લખનારની શોધમા પડે છે પાણીમા ઝેર દેવાયુ એ વાત ખરી છે, કારણ કે ઝેરવાળા પાણીનો ભોટવો ગુણવતીની ટીપાઈ ઉપરથી મળ્યો હતો અને તે પોલીસને કબજે હતો ઉદ્ધતરાય અમૃતધારા નદીનુ પાણી પીતો હતો, અને તેથી ખાસ તેના માટે દરરોજ એક ભોટવો પાણી આણવામા આવતુ હતુ આ પાણી લાવનાર છોકરો ઉદ્ધતરાય અને રૂપાળીની સાથે પકડાયો હતો પણ તેની પાસેથી કાંઈ મુદ્દાની હકીકત નીકળી શકી ન હતી છોકરો ઉદ્ધતરાય અને રૂપાળી બન્નેના વિશ્વાસનો હતો તેને કોઇએ ફોસલાવ્યો હોય-ભોળવ્યો હોય એમ પણ નીકળતુ ન હતુ ત્યારે એ ઝેર કેવી રીતે દેવાયુ એનો જવાબ માત્ર એટલોજ આપી શકાતો હતો કે પેલી નનામી ચિઠ્ઠી લખનારા કાટીયા વરણના માણસે ગમે તે યુકિતથી તે ઝેર ભોટવામા ભેળવ્યુ હશે ઝેર કાતિલ હતુ ગુણવતીના પીવામા આવી જતા તે તેની ભોગ થઈ પડી ચતુરદાસે આ ચીઠી પોલીસને બતાવી હતી પણ પોલીસ ચતુરદાસને ઘણો ખટપટીઓ માનતી હતી તેથી તેના ઉપર જોઈએ તેવો વિશ્વાસ કરતી ન હતી અને જેવી જોઇએ તેવી તજવીજ પણ કરતી ન હતી પોલીસને તો ઉદ્ધતરાયેજ ઝેર દીધુ છે એવી ખાતરી હતી અને તે વિષેના પુરાવા તૈયાર કરી પ્રોસીકયુશનની બાજુ મજબુત કરી ચુકી હતી ચતુરદાસ ઘણી મહેનત કરતો હતો કે કોઈ રીતે આ કાટીયા વરણનો માણસ મળી આવે પણ તેવો કોઈ જણાતો ન હતો તેથી તે ઘણો

કટાળ્યો હતો પણ તેનાથી તજવીજ પડતી મુકાય તેમ ન હતુ તેને યાદ આવ્યુ કે આ કાટીયા વરણના માણસની સ્ત્રી ઉપર ઉદ્ધતરાયે બદ નજર કર્યાનુ તે ચિઠ્ઠીમા છે માટે ઉદ્ધતરાય તેને જરૂર ઓળખી કાઢશે અને તેથી તે હાથ આવશે આ વિચાર આવવાથી તે ઉદ્ધતરાયને મળવા જેલમા આવે છે, અને ઉદ્ધતરાયની સાથે નીચે મુજબ વાતચીત કરે છે

ચતુરદાસ—ભાઇ! તમે નિર્દોષ ઠરી છુટી જાઓ એવા પુરાવા મળતા આવે છે માત્ર થોડી ખામી છે તે દુર થાય એટલી વાર છે જો પ્રભુ ઇચ્છા હશે તો પેલા તુમાખીયાને તમારી સાથે વેર કર્યાનુ ફળ ચખાડીશ અને દેખાડીશ કે બેટા મોહટાઓની સાથે બાથ ભીડવામા આવી મઝા છે માટે ભાઈ કાઈ ચિતા ન કરશો અને મારા એક પ્રશ્નનો ઉત્તર આપશો

ઉદ્ધતરાય મુશ્કીલખાનના સ્હેજ પરિચયથી તથા આત્મબળના પ્રભાવથી અને આટલા દિવસ જેલમા રહેવાથી તદ્દન બદલાઈ ગયો હતો તેનુ અત કરણ પશ્ચાતાપ (તૌબા)થી ધોવાઈ ગયુ હતુ હવ તેને સત્ય દેખાવા લાગ્યુ હતુ તેના આત્મા પ્રકાશિત થયો હતો આ વિષનો તેનો સર્વ ઉદ્વેગ નાશ પામ્યો હતો, અને પોતાનુ જે થાય તે થવા દેવામા ખુશ હતો તેણે ચતુરદાસને આ પ્રમાણે બોલતો સાભળી કહ્યુ –

“ચતુરદાસ! મ્હારી ચિતા ન કરો મે હવે પ્રભુનો વિશ્વાસ કર્યો છે ગુણવતીને મે ઝેર દીધુ નથી, છતા મ્હારા ઉપરનો એ આરોપ સાબિત થાય તોપણ તેમા કુદરતનો

ઈન્સાફ થયો છે ગણીશ મે મ્હારી મસ્તીમા, તકળ્ણુરોમા, અનેક જુલ્મો અને અત્યાચારો કર્યા છે માત્ર મ્હારી દોલતના બળે હુ સર્વમાથી છટકી શકયો છુ જો દોલતના જોરથી મે ઈન્સાફને તેવી અનેક થાપો ખવગાવી ન હોત તો હુ કયારનોએ વર્ષો અગાઉ આ દુનીયાને ત્યજી ચુકયો હોત અને વિસગઇ ગયો હોત ”

ઉદ્ધતરાય આહી સુધી બોલી ગડી પડે છે ચતુરદાસને અચબો થાય છે ઉધ્ધતગાય શાત રહી કહે છે—

“ માટે હુ તમારો આભાર માનુ છુ અને ઈચ્છુ છુ કે આ સર્વ તજવીજો મુકી દો માત્ર કુદરતનુ ધાર્યુ થવા દઈ જમીનનો ભાગ હલકો કરૂ એટલુજ ચાહુ છુ જો કે મે ગુણવતીને ઝેગ દીધુ નથી તો પણ તેનો પ્રાણ લેનાર તો હુ જ છુ મ્હાગજ છાટા તેને નડયા છે માટે એની પાછળ મર્યાથીજ મને શાતી થશે વારૂ, કહો તમે શુ પુગવા મેળવ્યા છે અને તમાગો પ્રશ્ન શુ છે ? ”

ચતુરદાસ સર્વ કાગળો દેખાડે છે તુમાખી ઉપગની નનામી ચીઠ્ઠી વાચી તેને ચક્કર આવે છે તે બે હાથે કપાળ પકડી લે છે ચતુરદાસ આ સ્થિતિ જોઈ ઘણો બીહે છે, તે દિલાસો દે છે, શાત થવા સમજાવે છે

ઉદ્ધતરાય—(ઢુસકા ભરતો) ગુણવતીએ પોતે ઝેર ખાઇ આત્મઘાત કર્યો નથી. એથી મને સતોષ થયો પણ શુ તે તુમાખીના કાવત્રાની ભોગ થઈ પડી ? ઓ હગમી તુમાખી ! સ્ત્રી હત્યા કરતા લગારે ડર્યો નહી ?

પણ નહી ઉધ્ધતરાય ! એમા તુમાખીનો શો દોષ છે તુમાખીને તેની આખી જીદગી જો ચેનથી બેસવા દીધો ન

હોય તો તે મેજ ત્યારે એણે શુ ખોટુ કર્યું? હા, આ બીજુ પણ ન સમજ્યો ઘણો જુનો કીસ્સો! શાબાશ મરદ બચ્ચા! કાળ ગએ પણ ઘા ભુલ્યો નહી"

આટલુ બોલી વધુને વધુ રડી પડે છે ઉધુ ઘાલી ભોય ઉપર પડી જાય છે, બેહોશ થઈ જાય છે થોડીવારે એક દીવાના માણસની પેઠે ઉભો થઇ કાંઇને તાદ્રશ્ય જોતો હોય તેમ નજર જમાવી, ડરી, ધ્રુજી, આજીજી કરી–કરગરી કહે છે –

"દેવી! શાંત થા સતી! માફ કર મ્હારા એ શબ્દો કે 'હે! પ્રભુ અમે એવા ઝીણા થઇ ગયા કે ઉદ્ધતરાય જેવા નીચ અમારા ઉપર બદ નજર કરે! ફિટકાર છે એવી જીદગીને'! તીર બની મ્હારા કાળજામા વાગે છે બેશક, ઉદ્ધતરાય નીચ છે, પામર છે, હેવાન છે શેતાન છે અને તુ સતી છે"

ચતુરદાસ સમજે છે કે આ દીવાના થઇ ગયો અને તેની ડાગળી ખસી ગઇ તેથી કહે છે –

"ભાઈ આ કલ્પાંત શો? હવે તમે આવશ્ય છુટવાના છો, લગાર શાંતી રાખો

ઉદ્ધતરાય—કલ્પાંત નથી મ્હારા જીગરનો જોશ છે મ્હારી ખરી લાગણીનો ઉભરો છે હવે મ્હારા અતરના પડળ ઉઘડી ગયા છે કહે ત્હારે શુ કરવાનુ છે?

ચતુરદાસ—લગાર પુછવાનુ છે માત્ર એટલુ બતાવી શકશો કે તુમારાઓને આ ચીઠ્ઠી કોણે લખી હશે?

ઉદ્ધતરાય—ના એ બતાવીશ નહીં એ કુદરત તરફથી મને મળેલો ઈન્સાફ છે (વળી રડી પડે છે) હમણાજ એ સતી મને દેખાઈ હતી મેજ તેનો જીવ લીધો છે તે

પતિવ્રતા બાઇ હતી આબરૂદાર હતી—ટેકવાળી હતી પણ ગરીબ હતી મે તેના ઉપર બદ નજર કીધી તેણી તે કલંક ઝીલી શકી નહી તેણીએ આત્મઘાત કર્યો પણ મરતા મરતા તેણીએ પોતાના ધણીને વૈર લેવાની વસીયત કરી તેણે તે વસીયત પુરી કીધી વર્ષો પછી તેણે વૈર લીધુ તુમાબી આ વાત જાણતો હતો, તેણે તેને ચઢાવ્યો હશે—ઉશ્કેર્યો હશે તેથી તેણે કોઇ યુક્તિથી ભોટવામા ઝેર ભેળવ્યું હશે અરે ! પણ હુ પાપીયો બચી ગયો બાપડી ગુણવતી સપડાઈ ગઈ મે તેની સતીના પ્રાણ લીધા હતા તેણે મ્હારી સતીના—લીધા હવે હુ તેનુ નામ આપી તેને પકડાવરાવી—ફાંસીએ લટકાવરાવી વધારે ખુન કરાવવાનો દોષિત થવા ચાહતો નથી ચતુરદાસ મ્હારાથી એ નહી બને, અને તમે જો તેને શોધવાના પ્રયત્ન કરશો તો હુ ગુણવતીનુ ખુન મ્હારે માથે લઇશ માટે મને પ્રભુના ઇન્સાફ ઉપર મુકો આ છેલ્લુ નેકીનુ કામ કરવા દ્યો તુમાબીદાસ ! મને ત્હારા ઉપર કાંઈ રોષ કે દ્વેષ નથી તુ જે જે કાવત્રા કરે છે તે વ્યાજબી છે તુ મ્હારો બાળમિત્ર હતો પણ મે તેની દરકાર કીધી નહી ત્હારા ઉપર—જુઠી ફોજદારી કરાવરાવી, તને જેલે મોકલાવરાવી ખરેખર તને બરબાદ કર્યો છે ત્હારૂ ધન લુટાયું—બાલબચ્ચા હેરાન થયા—ખેદાન મેદાન થયા ત્હારી ઘરવાળી દયા માગવા કરગરતી મ્હારી પાસે આવી તેને મે તરછોડી ઉલ્ટુ અપમાન કર્યું તુ મ્હારી વિરૂદ્ધ જે કાંઈ કરે તે બેશક થોડુ જ છે અફસોસ અને પેલી રૂપાળી ! કોના હાથે બરબાદ થઈ? તેને વેશ્યાની દશાએ કોણે પહોચાડી ? કોના કારણે આજે જેલ ભોગવે

છે ? જ્યારે તે ભરજવાનીમા વિધવા થઈ-ત્યારે તે કેવી ભોળી-નિખાલસ મનની અને પવિત્ર હ્રદયની હતી ? તેણીએ જ્યારે પુનર્લગ્ન કરવાની તૈયારી કીધી ત્યારે ' નાતજાતના કાયદા નહી તોડી શકાય, પુનર્લગ્ન નહી કરી શકાય 'ના પરદા પાછળ કોણે નીચ દાવ સાધ્યો ? કહો ચતુરદાસ ! આ સર્વ કાળા કર્મનો કરનાર હુ હતો કે કોઈ બીજો ? જેણે પોતાના પતિનુ પુરૂ સુખ ન જોયુ હોય તેવીને પુનર્લગ્નની મળતી છુટ અટકાવનારી તેની જીદગીને કેવી બગાબ કીધી ? કેટલા ગર્ભપાત કર્યા ? સગાવ્હાલા, નાતજાત, સમાજ તથા ધર્મથી તરછોડાએલી રૂપાળી ! ત્હારી આ દશા-મ્હારે હાથેજ થઇ બસ ચતુરદાસ તમે જાઓ ગુણવતીનો ખુની હુ જ છુ   પણ આ શુ ? આ બાળક કેવુ ! કયાથી આવ્યુ ? આવ આવ, ચતુરદાસ જો ત્હારા અને મ્હારા બન્નેના પાપી હાથોએ ભયાનક જગલમા વિકરાળ પ્રાણીઓના ભક્ષણ અર્થે મુકેલુ બાળક જો તે કેવુ હસે છે, આપણી કેવી હાસી કરે છે ? "

ચતુરદાસ—(ગભરાઇને-ડરીને) સાહેબ ! આ જુના પોથા ઉકેલવામા માલ નથી કોઈ સાભળશે તો નવી આફત ઉભી થશે, માટે ખામોશ રહો અને વૃદ્ધ પિતા ઉપર કાઈ દયા લાવો તેમને તો તમે એકજ છો

ઉદેપ્રતાપ—પાપ કરતી વખતે-નિર્દય અને ક્રુર બનતા વખતે આપણે લગારે ડર્યા ન હતા અને શુ પિતાશ્રી ઉપર દયા ? બેશક હુ તેમને એકજ છુ પણ અધ માબાપનો એકજ પુત્ર-તેમના અધાપાનો આશ્રય પુત્ર જ્યારે મ્હારી ગાડીમા કચડાઈ ગયો ત્યારે મને દયા આવી ન હતી

મે પોલીસને નાણા ખવરાવ્યા—લાચ રૂશ્વતમા ધન ઉરાડયું પણ એ આધળા નિરાધારોને જીવિકા માટે કાઇ આપ્યું ન હતુ, એ તમે ક્યા જાણુતા નથી ? મ્હારા જેવા શ્રીમત ઉપર એ ગરીબડા ફરિયાદીજ કેમ કરે એવી મ્હારી મસ્તીએ તેમને તદ્દન બરબાદ કર્યા એવો હુ એકનો એક તેમને ન હોઉં એજ મારૂ છે મુગીકીખાને સત્ય કહ્યુ હતુ ધન દોલત એ અજમાયશ સારૂ સોપાએલી પ્રભુની થાપણ (અનામત) છે બેશક તે વડે માણુસની કસોટી કરવામા આવે છે ખરેખર તે પ્રભુની થાપણ છે થાપણનો ઉપયોગ જેની તે હોય તેનાજ કાર્યમા થવો જોઇએ પરતુ હુ શાહુકારનો છોકરો કેવો કે તેને—મારાજ કામમા—મારી નીચ વાસનાઓના સેવનમા વાપરી આ દશાએ પહોચ્યો ! શુ થાપણ ઉચાપત કરનારો જેલ જતો નથી ? ત્યારે પ્રભુની થાપણ ખાઈ જનારો બેદરકારી અને નિડરતાથી ઉરાડનારો હુ શિક્ષા ભોગવુ તો તેમા શી નવાઈ ? માણુસ ન્હાનો છે એટલે તેની શિક્ષાએ ન્હાની હોય પ્રભુ મ્હોટો છે એટલે તેની ગિક્ષાએ મ્હોટી હોય એ કેમ ભુલી જાઓ છો ?

ચતુરદાસ—એ સત્ય છે પરતુ જો તમને શિક્ષા થઇ તો આખુ કુળ લજાશે એ ભાઇ તમારે ન ભુલવુ જોઇએ.

ઉદ્ધતરાય—તો એથી શુ ? મે કયા ઓછા કુળોની લાજ લુટી છે ? વૃદ્ધ પિતાશ્રીને કહેશો કે મારા જીવ્યાથી લજાશો મર્યાથી નહી

ચતુરદાસ—ભાઈ ! ઘેર તાળુ દેવાશે

ઉદ્ધતરાય—સારૂ થશે જેને જીવતા ન આવડયુ તેને ઘેર તાળુજ સારૂ, મે જીવી જાણ્યુ નહી પ્રભુનું

નામ લીધુ નહી નિરતર નીચ વાસનાઓને સેવતો રહયો જેમ જેમ વધુ સેવતો ગયો તેમ તેમ વધુ ઉદ્ધત બનતો ગયો કહેવાય છે કે આગલા ભવના કર્મના ફળ મળે છે હુ તો આ ભવના કર્મની શિક્ષા આ ભવમાજ ભોગવુ છુ વધુ શિક્ષા પરલોકમા ભોગવીશ હુ માણસ જનમ્યો હતો પણ પશુ કરતાએ નીચ નિવડયો જો હુ પાછો પશુ જન્મુ તો એનો એ રહુ—વિષય વાસનામા મોજ માનતો રહુ—પશુ હતો અને પશુ રહ્યો મને શિક્ષા શુ થઈ ? મને તો ભયકર શિક્ષા થવી જોઇએ જયારથી મે મુસીકીખાન હજુર તોબા ભરી છે ત્યારથી મને સત્ય દેખાવા લાગ્યુ છે સર્વ ઢોગ ખુલ્લા પડી ગયા છે મે મ્હારા આત્માને ઘણો ઠગ્યો છે હવે વધુ ઠગવાની શક્તિ નથી

ચતુરદાસ—ત્યારે શુ મ્હારે આશા મુકવી ?

ઉદ્ધતરાય—પાપ ઘટાડવામા આશા હોય, પાપ વધારવામા ન હોય હુ પાપ ઘટાડવા માગુ છુ

ચતુરદાસ—જો આમાથી બચી જાઓ તો હવે એવુ ક્યા કરવાના છો ?

ઉદ્ધતરાય—બીજાઓને ભોગે બચવુ એજ મોહટુ પાપ છે એ બચાવ નથી એ તો વિનાશ છે 'ખુદાકા બઉફ કર, દોઝખકી આગસે ડર' એ મુસીકીખાનના શબ્દો—ભયકર શબ્દોના ભણકારા મ્હારા હૃદયને ભેદી નાખે છે સત્ય છે, મ્હારા પાપોએ મ્હારા અતરમા એ અગ્નિ સળગાવી દીધો છે તે મને બાળે છે ભષ્મ કરી નાખે છે શુ આ પ્રચડ અગ્નિ નહી હોલવાય ? ચતુરદાસ હુ ફાસીથી બ્હીતો નથી હુ લખચોરાશીમા ફરવાથી ડરતો નથી હુ તો ગત

દિવસ બળતી દોઝખથી બીહુ છુ   શુ મને આશા દેનારૂ કોઈ નથી ? કેમ સર્વ જગત ખામોશ છે ? મ્હારા મનની આ ઝખનાનો જવાબ કેમ મળતો નથી શુ જવાબ દેનારો કોઈ નથી ? આખ છે તો જોવાનુ છે કાન છે તો સાભળવાનુ છે ભુખ છે તો ખાવાનુ છે પ્યાર છે તો પ્યારની વસ્તુઓ છે ત્યારે શુ મ્હારા હૃદયની, મ્હારા અ તરની આ પીડામા મ્હારા માટે કશુ આશ્વાસન નથી ? કર્યું એટલે ભોગવેજ છુટકો ! ! **માણસ ન્હાનો હોવા છતા પોતાના શત્રુ જેવાને પણ આશા આપી શકે– તેનો મિત્ર બની શકે, પણ પ્રભુ મ્હોટો અને દયા વાન કહેવાવા છતા કર્મના ફળમાથી મુકત ન કરી શકે એ તે કેવી દયા અને કેવી મ્હોટાઇ ?** જો એમજ હોય તો દયાવાન ક્ષમાવાન નહી પણ કઠોર ક્રૂર અને અશક્ત ગણાય કાઈ સમજાતુ નથી ચતુરદાસ તુ પુરાવાની તજવીજ મુકી દે મને આશાનો સ દેશો લાવી આપ, ફાસીથી બચવાની આશાનો નહી મને તો મ્હારા મનની સળગતી અગ્નિને શાત કરનારી આશાનો સ દેશ જોઈયે છે ધ્યાનીને પુછ, જ્ઞાનીને પુછ, જોઈએ તો જોગીને પુછ કે જતીને પુછ પણ મને આ આશાનો સ દેશ લાવી આપ, અને પછી મ્હારૂ જે થવાનુ હોય તે થવા દે

ચતુરદાસ—આવો કલ્પાત ક્યા સુધી કરશો ?

ઉધ્ધતરાય—જીવીશ ત્યા સુધી મર્યા પછીએ મ્હારી અધમતા, મ્હારી નીચતાએ સળગાવેલો અગ્નિ આબાદજ રહેશે **જો મર્યા પછી અધમ અવતારમા એ ભુલી જવાતો હોય તો મહા સુખ થાય, પણ જો એમ**

હોય તો મને શિક્ષા શુ થઇ કહેવાય ? પણ નહી. નહી મ્હારા પાપોએ સળગાવેલ અગ્નિ એવો નથી કે મર્યા પછીએ હોલવાય

ચતુરદાસ—શાત થાઓ, સાહેબ ! અને વિચાર કરી મને જવાબ દો નહી તો પેલો તુમાખીયો ફાવી જશે

ઉદ્ધતરાય—મ્હોટો મુર્ખ છે આટલુ સમજાવ્યુ તોએ સમજતો નથી મને તુમાખી ઉપર કાઇ રોષ નથી મને જો રોષ હોય તો તે મ્હારા પોતાના ઉપર છે માટે જા, મને બચાવવાની ફિકર મુક અને મને આશા સદેશ આણી આપ ઓ પ્રભુ ! મ્હારો ઉધ્ધાર કર પણ તુ તો ઉદ્ધાર કરી શકતો નથી મ્હારે તો ભોગવેજ છુટકો ત્યારે હુ કોનો સ્હાય માગુ ? મને જે દોઝખની અગ્નિથી બચાવી શકે—હુ પાપી છુ છતા મને બક્ષી શકે એવો શક્તિવાન શુ કોઇ નથી ? શુ પરમાત્મા કે બ્રહ્મ કે ઓમ નામ ધારી એવા શક્તિવાન નથી ? સાભળ્યુ છે તો એજ કે ધર્મના ફળ મટાડવા તેમનામા પણ શક્તિ નથી વળી કહેવાય છે કે બ્રહ્મ કે પરમાત્મા એતો આપણે ને આપણે એ આપણે છીએ અને આપણે તે છીએ સર્વ એકજ સ્વરૂપ છીએ પણ હુ તો એવુ કશુ મ્હારામા જોતો નથી મ્હારો આત્મા તો કોઇ મહાન સત્તા—ધારીને શોધ છે પણ તે કોણ હશે ? શુ નામ હશે ? જ્યારે મન તેવાને શોધે છે ત્યારે ખચિત તેવો કોઇ હશે, શુ તેણે પોતાના નામ ગણ્યા નહી હોય ગણ્યા હશે તો શુ ઉપયોગ માટે તેણે શીખવ્યા નહી હોય ? કાઇ સમજાતુ નથી હુ જેને બોલાવવા માગુ છુ—મ્હારા મનમા જેની સ્હાયની કૃપાની અને ક્ષમાની આશા ઉત્પન્ન

થાય છે એવા તુ! મ્હારૂ અંતર તેની ગાહેદી પુરે છે એવા તુ! હે, આરાના અવાજ આવ્યો? એ તો મુલ્લાની બાંગ ત **અલ્લાહો અકબર અલ્લાહો અકબર** પુકારે છે ખરે અલ્લાહજ મ્હોટામા મ્હોટો છે તેનીજ પ્રાર્થના કરૂ, પણ તેમ કરે હુ મુસલમાન તો થઈ જતો નહી હોઉ? પણ કાંઈ ફિકર નહી સુગ્રીફીખાન મહાત્મા છે અને મુસલમાન છે તે અલ્લાહનીજ પ્રાર્થના કરે છે તેમણે તેનાથીજ બીહવાનું અને આશા રાખવાનુ શીખવ્યુ છે લાવ હુ તેનીજ પ્રાર્થના કરૂ હે! કૃપાળુ દયાળુ અલ્લાહ મ્હારા પાપ ક્ષમા કર મ્હારો પશ્ચાતાપ, મારી તૌબા કબુલ કર મારે મ્હાયથા મ્હારો ઉદ્ધાર કર અને મ્હારા આત્માને શાંતી આપ

આ પ્રાર્થના કરી ઉદ્ધતરાય ચુપ થઈ જાય છે તેના ચ્હેરા ઉપર શાંતી પ્રગટી નીકળે છે

ચતુરદાસ તેને સ્વસ્થ થવા એકલો મુકી રજા લઈ ચાલતો થાય છે તેને તો એમજ લાગે છે કે ઉદ્ધતરાય જલના ભયથી અથવા ફાંસીની બ્હીકથી ચિત્ત ભ્રમ થઈ ગયો છે જો તે છુટશે તો ઠેકાણે આવી જશે ઓ દેવ! ત્હારી ગતિ ન્યારી છે! કહેવાય છે કે મનખા દેહ ઉત્તમ છે વળી રાજા મહારાજા અને શ્રીમંતોને ત્યાંનો જન્મ સર્વોત્તમ છે આગલા ભવના સત્કર્મ હોય તો મનખાદેહ અને શ્રીમંતોમા જન્મ મળે છે પણ હુ તો કહુ છુ બળ્યા એ સત્કર્મ આ આગલા ભવનો સત્કર્મી જોઈ લ્યો, કેવુ ઉત્તમ ફળ ભોગવે છે!! સારી નરસી યોનીઓમા જન્મ પામવાનુ કારણ કર્માનુસાર સુખદુખ પામવાનુ હોય તો પશુઓમા અધમ યોનીઓમાજ જન્મ સારો, પશુઓને

કાંઇ દુઃખ હોતું નથી તેઓ તો પોતાની પ્રેરણા બુદ્ધિ અનુસાર ક્રિયાઓ કરે છે અને આનંદ માને છે તેમને ન ભુતકાળનો પસ્તાવો હોય છે, ન વર્તમાનની ચિંતા હોય ન ભવિષ્યનો ભય હોય છે ત્યારે એવી ઉપાધિઓ—સંકટો અને કષ્ટથી ભરપુર દેહી તે ઉત્તમ શાની? પણ બરોબર એ તો ગાડોજ થઈ ગયો છે **મુલ્લાની** બાંગ સાંભળી અલ્લાહની પ્રાર્થના કરવા મંડી ગયો.

ઉપર પ્રમાણે વિચાર કરતો, **મનની સાથે** વાતો કરતો ચતુરદાસ ધર્મવિલાસીના બંગલે પહોંચે છે

તોબાનો પ્રભાવ.

ધર્મ વિલાસીને બંગલે સર્વ મિત્રો મળી આનંદની વાતો કરી રહ્યા હતા એટલામાં ચતુરદાસ આવે છે તે ઉદ્ધતરાયની પાસે બાતમી મેળવવા ગયો હતો, એ સહુ જાણતા હોઈ તેને જોઇ સુશીલા અધીરી થઈ પુછે છે— 'કેમ ભાઇ! કરી આવ્યાને ફતેહ'?

ચતુરદાસ—અરે બ્હેન! કરમ ફુટેલાઓની તે ફતેહ હોય? ફતેહની જગ્યાએ મોહકાણના સમાચાર લાવ્યો છું પેલા તુમાખીયાનો દહાડો ચઢતો છે ભાઈ હવે જ્ઞાને ચઢયા છે, નામ આપવા તદ્દન ના પાડે છે

સુસીકીખાન અને બીજાઓને સર્વ હકીકત અથઈતિ કહી સંભળાવે છે સહુ વિસ્મય પામે છે સુસીકીખાન ઘણા ખુશી થાય છે અને કહે છે—"અલ હમ્દો લિલ્લાહ! ઉદ્ધત રાયકા હિરદા ખુલ ગયા ઉસ્કો જ્ઞાન પ્રાપ્ત હુવા"

ચતુરદાસ—રહેવા દયો શાણીને લાકડે બધું જ્ઞાન

નીકળી જશે

મુસીફીખાન—ફિકર નહી મૌત મે ઝિન્દગી હય ઉસકા કહેના સત્ય હે

વિશ્વપ્રેમી આ હકીકત સાભળી ઉડા વિચારમાથી ઉઠયા હોય તેમ બોલ્યા—"ભાઈયો! મવલાનાએ કીધેલા સર્વ ભાષણોનો સાર આપણને આ ઉદ્ધતરાયની કથાએ પુરો પાડયો છે પશ્ચાતાપ (તૌબા)ના પ્રચડ અગ્નિથી તેના હૃદય ઉપરના સર્વ પડળો બળી ભસ્મ થઈ જતા તેનો સ્વભાવિક ધર્મ પ્રગટી નીકળ્યો છે જ્યારે માણસ પોતાના મુળ સ્વરૂપ અને સ્વભાવ પ્રતિ પાછો વળે છે ત્યારે તે સત્યને જોઈ શકે છે પૈગમ્બર સાહેબનુ એ સુત્ર કે 'દરેક બાળક સ્વભાવિક ધર્મ—ઈસ્લામ ઉપર જન્મે છે, કેટલુ સત્ય છે! દરેક માણસ શાતિ અને સલામતી (ઈસ્લામ) ચાહે છે કોઇ એવો નહી હોય કે જે શાતી અને સલામતી ચાહતો નહી હોય આ શાતી અને સલામતી ઇસ્લામ છે દરેકના સ્વભાવમા છે, દરેકની પ્રકૃતિમા છે દરેકનો હેતુ અને ઉદ્દેશ એજ છે, અને તેથી દરેક ઇસ્લામ ઉપર જન્મે છે, અને ઈસ્લામને ચાહે છે માત્ર સગત અને કળવણી તેના સ્વભાવ ઉપર જુદા પડળો ચઢાવી દે છે, અને તેથી તે સ્વભાવિક ધર્મ છુપાઇ જાય છે ઉધ્ધતરાય આ શાતી અને સલામતીની પ્રાપ્તિ માટે કેવો કલ્પાત કરે છે! તેનો મુળ સ્વભાવ પ્રગટી નીકળતા તે એક જ માલિક પ્રતિ કેવો ખેચાયો છે! તે કોઈને શોધે છે, અને જેને તે શોધે છે તે બીજુ કોઈ નહી પણ એકજ અલ્લાહ છે આવી શોધ આવી ઝ ખના બચિત માણસના સ્વભાવમા હસ્તી ધરાવે

છે ત્યારે શુ આ સ્વભાવમા રહેલી ક બનાઓ—જીજ્ઞાસાનો તૃષાનો જવાબ કુદરતે આ'પો નહી હાય? એમ બનેજ નહી તે ખોરાક અપાયો છે અને તે વિશ્વ સદેરા ઈસ્લામ છ અને તેની તરફની આકાશી કિતાબ કુરઆન છે, ઉ'ધ તરાય પાતાના કર્યાં કર્મના જવાબદારીને પણ પોતાના સ્વભાવમા અનુભવે છે અને તેનેજ લીધે તેના આ સર્વ કરપાત છે તેની કથાની દરેક વિગતથી ઈસ્લામજ સિદ્ધ થાય છે ’

ધર્માભિલાષી—સુશીલા! વિશ્વપ્રેમી સત્ય કહે છે આપણે મવલાના પાસેથી જે કાઈ સાભળ્યુ હતુ તે સર્વ પ્રત્યક્ષ અનુભવી જોયુ

સુશીલા—હા ભાઇ થયુ તો એવુજ

ચતુરદાસ—સાહેબ! એ જ્ઞાન ચર્ચા પછી કરશો હમણા તો ઉ'ધતરાયને બચાવવા અને પેલા તુમાખીયાને ફસાવવા શુ કરવુ એની સલાહ આપો

મુસીકીખાન—ચતુરદાસ! હવે કાઈ કરવા પણુ રહેતુ નથી

ચતુરદાસ—એટલે શુ? તે ભલે ફાસીએ લટકે?

મુસીકીખાન—નહી હુ એ કહેતો નથી હુ તો એમ કહુ છુ કે હવે આ મુકદમો કુદરતના ન્યાય ઉપર મુકવો યોગ્ય છે ઉ'ધતરાયે શુ'ધ અતકરણથી તોબા કીધી છે ને જે તોબા કરે છે તેનો બેડો પાર થાય છે

ચતુરદાસ—એવી તોબાના તમાચા તો હુ એ ઘણો મારૂ છુ પણ કાઈ કલ્યાણ થતુ નથી

મુસીકીખાન—ગાલ ઉપર તમાચા મારવાને તોબા

કહેતા નથી તોબાનો અર્થ સમજાવવા તમારી ભાષાનો કોઈ તેવો શબ્દ મને યાદ નથી તોબા પોતાના મુળ સ્વભાવ અને સ્વરૂપ પ્રતિ પાછા વળવાને કહે છે ગુનેહગાર માણસના મનમા તોબાનો ભાવ ઉત્પન્ન થતા તે ભડકો થઈ સળગે છે ને તેના મન ઉપરના સર્વ સસ્કારોને બાળી ભષ્મ કરી નાખે છે અને તેથી તે માણસને તેનો ખરો સ્વભાવ-સત્ય દેખાવા લાગે છે તે નવો જન્મ લે છે માત્ર તેને શાતી અને સલામતીની ઝખના થયા કરે છે તે શાતી અને સલામતીને ચારે તરફ શોધે છે આ મેળવવા તેને પોતાનો જીવ આપવો પડે તો તેને પણ નજીવો સમજે છે તોબા સ્વિકારાયાના સદેશથી મળતી શાતીજ તેને સતોષે છે આવી સ્થિતિએ પહોચ્યાથી તોબા થઇ કહેવાય છે ભલે ઇસ્લામ વિનાના બીજા ધર્મોમા તેવો આશા સદેશ ન હોય પણ ઇસ્લામનો દાતા-કુદરતનો કર્તા એવી સ્થિતિએ પહોચેલાને કહે છે કે તારી તોબા વડે તારા મનની પશ્ચાતાપની શિક્ષાવડે શુદ્ધ થએલા જીવ ! આવ મારા દરબારમા આવ હુ ત્હારી તોબા સ્વિકારૂ છુ મ્હારા રાજમા દ્વેષ કે વેર નથી હુ કોઈ પણ રીતે પશ્ચાતાપ કરે-તોબા કરે તો પણ મુક્ત કરી ન શકુ-જેણે જે કર્યું હોય તેણે તે ભોગવેજ છુટકો-એવો હુ અશક્ત નથી આવ હુ તો 'તવ્વાબુર રહીમ' છુ તોબાને સ્વિકારનારો અને રહેમ કરનારો છુ મોહબ્બતના કારણે મે સર્વ બ્રહ્માડ રચ્યું છે મોહબ્બતથી ચલાવુ છુ, અને મોહબ્બત અને રહેમ વડે ઉદ્ધારૂ છુ માટે આવ, નિરાશ ન થા મ્હારા રાજ્યમા પ્રવેશ કર અને મોહબ્બત અને રહેમની પ્રસાદી ચાખ

આ કુરઆનનો સદેશ છે આશાવત મત્ર છે ઉધ્ધતરાય આ મત્ર શોધે છે કુરઆન તે આપે છે, અને તેજ ખરો સ્વભાવિક ધર્મ છે

ચતુરદાસ—આપની વાત સત્ય છે પણ ખરૂ કહુ તો મને એ કાંઈ ગળે ઉતરતુ નથી ઉધ્ધતરાય બચી જાય અને તુમાખી ફરી જાય ત્યારે હુ તો માનુ

મુસીકીખાન—જો ખુદાએ ધાર્યુ હશે તો તેમ પણ થશે પણ તુમાખીને ફસાવવામા તમને શુ લાભ છે? બન્ને બચી જાય એમ ઇચ્છો તો તે માણસાઇને વધારે શોભતુ છે

આહી મીસ મેરી સુમતિને લઇ આવે છે સુશીલા બન્નેનુ સ્વાગત કરે છે અને સુમતિને કહે છે—"બહેન થોડા દિવસ અમારા એ મહેમાન થાઓ"

સુમતિ—હુ તમારો આભાર માનુ છુ પણ મેરી અને અમે ઘણા વર્ષ મળ્યા છીએ એટલે તે લગારે જુદા પડવા ચાહતી નથી

સુશીલા—પણ તમને તેને ત્યા કેમ ઠીક પડતુ હશે? ખાવા પીવામા ઘણો વાંધો આવતા હશે

સુમતિ—મેરી એ મ્હારા માટે ચોકખી બ્રાહ્મણીયા રસોઇનો બદોબસ્ત કર્યો છે અને મને લગારે અડચણ આવતી નથી

મેરી—સુશીલા! આપણે ક્યા જુદા છીએ બધુ એકજ છે ને, પણ ઠીક થયુ ચતુરદાસ પણ અહી છે આજે તુમાખી સુમતિને મળવા આવ્યો હતો (સુમતિને) લે હવે સર્વ હકીકત કહી સભળાવ

ચતુરદાસ—વળી કાંઇ નવી મોહકાણ તો નથી ને?

સુમતિ—ના એવુ કાઇ નથી તે આજે નવારે મ્હારી પાસે આવ્યો તે ઘણો ગભરાએલો દેખાતો હતો તેણે આવતાજ મને કહ્યુ કે “ આખર પેલા લુચ્ચા અને જુઠા ચતુરીયાના હાથમા રમકડુ બનીને–આવ્યાને ? હુ હજુ ચેતવુ છુ કે આમા તમે જોખમાશો માટે બાજુજ પકડો તો સારૂ ”

મે કહ્યુ—જુઠા અને વેશધારી તો તમે હતા તે તો ખરા ચતુરદાસ હતા

તેણે કહ્યુ—‘બેશક, મ્હારે તમારા હિતની ખાતર ચતુરીયાનો વેશ ધારવો પડયો હતો પણ એ ચતુરદાસ તો તમારી સખીના બદમાશ ખુનીને તમને છેતરી બચાવી લેવાના પ્રયત્ન કરવા આવ્યો હોય એમ લાગે છે ’

મે કહ્યુ—‘મહારી સખીનો ખુની કોણ છે ? એ હવે વધારે છુપુ રહ્યુ નથી તુમાખીદાસ ! તમારો વડો ભરાઇ રહેવા આવ્યો હોય એમ લાગે છે ’

આ સાભળી તેનો ચ્હેરો ફિક્કો પડી ગયો, પણ કાંઈ હિમ્મત ગખી બોલ્યો—“ એમા મ્હારે શા લેવા દેવા છે ? ”

મે કહ્યુ—‘એ જણાઈ આવશે ’

તેણે કહ્યુ—‘મે ભુડુ કર્યું હશે તો મ્હારૂ ભુડુ થશે ’

મે કહ્યુ—‘તમારી વૈરવૃત્તિ, તમારી ખટપટ અને કાવત્રા એ શુ ભુડુ કરવુ નથી ? ’

તેણે કહ્યુ—‘હુ તો ન્યાયને મદદ કરૂ છુ ’

મે કહ્યુ—‘ત્યારે તમને ન્યાય મળશે ’

તેણે કહ્યુ—‘જુવો સુમતિ બ્હેન ! બીજાની લ્હાયમા

પોતાને હોમવુ ડહાપણ નથી હુ તમારી પાસ એક અગત્યના કામે આવ્યો છુ તમારા વસ્મા મ્હારી કાઇ ચિઠ્ઠી પડી ગઈ હોય એવી મને શકા છે, કારણ કે મે મ્હારા ગજવાના કાગળો તમારા વસ્મા કાઢયા હતા આ ચિઠ્ઠી તમારા હાથમા આવી હોય તો તે તમારા કશા કામની નથી જે થવાનુ હતુ તે થઇ ગયુ છે તમે ગુણવતીના સહી છો, ઉદ્ધતરાયે ગુણવતીને જે દુ ખ દીધા છે એ તમારાથી અજાણ્યા નથી માટે તમે ઉદ્ધતરાયનો પક્ષ કરો એ તમને શોભે નહી હુ એમ કહેતો નથી કે તમે મ્હારો પક્ષ કરો હુ તો એટલુજ ઈચ્છુ છુ કે તમે માન–ચુપકીદી ધારણ કરી તટસ્થ રહો અને ચિઠ્ઠી મને પાછી સાપી દયો ’

મે કહ્યુ—‘હુ ખુશીથી તેમ કરત, પણ હુ દીલગીર છુ કે તે ચિઠ્ઠી ચતુરદાનને હાથ ગઈ છે ’

તેણે કહ્યુ—‘શુ તે ચિઠ્ઠી ચતુરીયાના હાથમા ગઈ?’

મે કહ્યુ—‘હા

તરતજ તેને ચક્કર આવ્યા તેના ચ્હેરનો રગ ઉડી ગયો તે ગભરાટમા અને ચિતામા પડી ગયો તેની સ્થિતિ દયામણી થઈ પડી તેને એવી સ્થિતિમા જોઈ મને પણ દયા આવી તે ‘ગજબ થયો’થી વધુ બોલી શકયો નહી અને લથડીયા ખાતો ઉભો થઈ ચાલતો થયો ’

સર્વ જણા બોલી ઉઠે છે–“ત્યારે તો ઉદ્ધતરાય બેશક નિર્દોષ છે પણ તે જો ચિઠ્ઠી લખનારનુ નામ બતાવે તો રગ જામે ’

મુસીફીખાન—તુમાખીદાસની નિષ્ફળતા–નિરાશા મ્હાટી શિક્ષા છે રગ જામવાનુ શા માટે ઈચ્છો છો?

કોઈનુ પણ અશ્રેય ન ઇચ્છતા અગર ન કરતા આપણુ અને બીજાનુ શ્રેય ચાહવુ એજ ઉચો ધર્મ છે વારૂ સુમતિ બ્હેન! તે ઘણો ગભરાઈ ગયો હતો?

સુમતિ—જી હા તે ઘણોજ ગભરાઇ ગયો હતો તેની ચિંતા અને તેનો ઉચાટ તેના ચ્હેરા ઉપર તરી આવ્યા હતા તે ભીત ભુલ્યા જેવો થઈ ગયો હતો ઓરડાની બ્હાર નીકળતા રસ્તો ભુલ્યો હતો

મુસાફીખાન—નિરાશા, ના ઉમેદી, અને નિષ્ફળતાથી માણુસ ભાન ભુલે છે જેની બાજી ઉંધી પડે છે તેને દશા સુઝતી નથી એ અચળ નિયમ છે

એટલામા નુરીયો આવી ખબર આપે છે કે—

"શાહ સાહેબ! ગુલશનાબાદ કે નવાબ દિલેરજગ બહાદુર તશરીફ લાતે હે"

સુશીલા અંદર ચાલી જાય છે, ધર્મ વિલાસી વિશ્વપ્રેમી નીચે દોડયા જાય છે નવાબ સાહેબની ગાડી આવે છે ધર્મ વિલાસી નવાબ સાહેબને અને નવાબ સાહેબના બે મુસાહેબો અબ્બુ અને નબ્બુને સત્કારી ઉપર લાવે છે

મુસાફીખાન ઉભા થઈ માન આપે છે અન્યો અન્ય કુશળતા પુછાય છે મુસાફીખાન આભાર માનતા કહે છે—"આજ આપને તકલીફ ફરમાઈ, મે નિહાયત મમનુન વ મશકુર (આભારી) હુવા"

નવાબ સાહેબ—મે આપકે દીદારસે મુશર્રફ (ભાગ્યવંત) હુવા ખેર ખુદાકા શુક્ર યહાકે અગ્રેજ હાકિમને આપકી બ્હોત તારીફ સુની હે, ઓર વોહ આપકો દેખના ચાહતા હય ઉસને મેરે સામને યે ખ્વાહિશ ઝાહિરકી, લેહાઝા

મેને કલ પાર્ટી રખ્ખી હય ઉસમે વોહ આએગે આપભી તશરીફ લાએ તાકે આપકી ઓર ઉનકી મુલાકાત હો જાય

મુસીકીખાન—મે બિચારા એક અદના આદમી હાકિમોને મિલકર કયા કરૂગા? ગોકે મે આપકા શુકરિયા અદા કરતા હુ તાહુમ મે મોઆફ રખ્ખા જાઉં તો બહેતર

નવાબ સાહેબ—મગર દાવત કબુલ કરના સુન્નત હે

મુસીકીખાન—બેશક આપકે યહા સોબાર ચલકર આઉં, મગર હાકિમોકી મુલાકાતસે મે બહોત ડરતા હુ હાકિમોકી મોહબત નફસમે રઉનત પેદા કરતી હે, ફકીરોંકો ઉસમે બડા ખદશા હય

નવાબ સાહેબ—જો કામિલ હય, ઉસકો કોઇ ખદશા નહી આપકી સોહબતસે હમ ફાએદા ઉઠાએગે મે સચ કહેતા હુ મે આપકે પાસ આતા હુ જબ મેરે કલબકો અજીબ સકુન હોતા હય

મુસીકીખાન—યેહ આપકા હુસ્ન ઝન હય

ધર્મવિલાસી અને વિશ્વપ્રેમીને પણ નવાબ સાહેબે આમંત્રણ આપ્યુ અને ચતુરદાસને જોઈ પુછયુ—" કહો મુનીમજી! ઉદ્ધતરાય કે બચાવકી કોઈ સુરત પયદા હુઈ?"

ચતુરદાસ—હજુર એના નિર્દોષ હોનેકા પુરાવા મિલા હય પણ ઉદ્ધતરાય બચાવ નહી માગતા સબ તુમાખી દાનકા ખટપટ હય

નવાબ સાહેબ—યેહ કયુ? મે ન સમઝા

મુસીકીખાન, ઉદ્ધતરાયના મનની સ્થિતિ સમજાવે છે નવાબ સાહેબ આશ્ચર્ય પામે છે અને કહે છે—" આખિર ખાનદાની હે ના?"

મુસીકીખાન—દુન્યા દોરોઝા હે **જીસને આખેરતકો ઓર–અંજામકો સોચા વોહ બચા, ઓર જીસને ખવફે ખુદા ઓર અંજામકા ખ્યાલ ન કીયા વોહ બરબાદ હુવા.**

નવાબ સાહેબ—હક હે મગર કઈ મૌકે અયસે હોત હે કે અંજામકા ખ્યાલ દિમાગમે આતાહી નહી

મુસીકીખાન—યેહ સચ હે, મગર અયસે મૌકે પયદા કરનાહી ન ચાહીયે જીસમે ખતરા–ખોફ નઝર આયે અયસે મૌકોમે જાનાહી ન ચાહીયે જીસમે ઝરાભી ખદશા માલુમ હો ઉસ કામકો છોડ દેના ચાહીએ ગુનાહકા કામ કિત્નાહી છોટા નઝર આયે કભી છોટા ન–સમઝના ચાહીયે કભી યે ખ્યાલ ન કરના ચાહીયે કે ઈસ્મે ઓર ઈત્નેમે કયા હરકત હે અયસી બે–પરવાહી નફસકા ધોકા હોતી હે છોટા ગુનાહ બડા બનકર ખોફનાક નતીજે પયદા કરતા હે ઈન્સાનને ઝરા બે પરવાહી કી કે વોહ ઉલઝા ઓર અયસા ફસા કે ફિર નિકલહી ન સકા આફતમે ફસનેકે બાદ ઉસ્મે મે નિકલનેકી જો કોશીશ ઓર જા ફિશાની કરની પડતી હે ઈસ્કે મુકાબલેમે ચાહે વયસી લાલચ હો, ચાહે વયસા નફસ કુસલાય તાહમ આગાઝમે હી ઉસ્મે ન ઉલઝનેકી થોડીસી કોશીશ કરના દાનિશમદીકા કામ હે

અબ્બુ નબ્બુ જેઓ નવાબ સાહેબના ખુશામદીયા મુસાહેબો હતા અને તેઓએ નવાબ સાહેબ ચતુર, સમજુ, ઉદાર અને નેક વૃત્તિના હોવા છતા તેમને સ્ત્રી લંપટ બનાવી રાખ્યા હતા તેઓ શાહ સાહેબના આ ઉપદેશની નવાબ સાહેબ ઉપર અસર થતી જોઇ ગભરાયા અને તેથી અબ્બુએ

યાદ દેવરાવ્યુ કે—"હુઝુર ! કલબમે ખાનેકી દાવત હૈ, વક્ત હો ગયા હૈ, સિર્ફ ગોશ ગુઝાર કરતા હુ "

નવાબ સાહેબ—અચ્છા યાદ દિલાયા (મુસીફી ખાનને) મે ઇજાઝત ચાહતા હુ કલ મુનતઝિર રહુગા (મીસ મેરીને જોઈ) તુમ તો બહોત દિનોસે તશરીફ ન્હી નહી લાઇ, બેગમ સાહેબા યાદ ફરમાતી થી

મીસ મેરી—હુઝુર, હાઝિર હુગી બેગમ સાહેબા આલીયાકી ખીદમતમે મેરી આદાબ પહોચા દીજીએગા

પછી નવાબ સાહેબ અસ્સલામો અલયકુમ કહી વિદાય થાય છે

નવાબ મુસાહેબોની જાળમાં.

નવાબ સાહેબની ગુલશનાબાદ નામની જાગીર કલ્પનાપુરીની પાસે આવેલી હતી કલ્પનાપુરીમા નવાબ સાહેબની ઘણી મિલ્કત હતી, અને તેથી નવાબ સાહેબ ઘણો વખત જનાનખાના સહિત કલ્પનાપુરીમાજ રહેતા હતા નવાબ સાહેબ યુવાન વયના, નમ્ર અને ઉદાર સ્વભાવના કેળવાયલા અને સ્નેહાળ હતા પણ ખોટી સગતના કારણે ઘણીવાર અનિતીએ ચઢી જતા હતા અબ્બુ અને નબ્બુ તેમની પાસે હાજર રહેનાર મુસાહેબો બિન કેળવણીના, સ્વાર્થી અને પેટભરા ખુશામતીયા હોઈ નવાબ સાહેબની ઉચ્ચ વૃત્તિને ખીલવા દેતા ન હતા નવાબ સાહેબને અવળે માર્ગે દોરવામાજ તેઓ પોતાનો સ્વાર્થ માનતા હતા આજે મુસીફીખાને જે શિખામણ દીધી હતી તેની ઉડી અસર નવાબ સાહેબ ઉપર થયેલી સ્પષ્ટ દેખાતી હતી

ને તે અસર ભુસાઈ જાય એટલા માટે મુગીકીખાન પાસેથી પાછા જતા અબ્બુએ નીચે પ્રમાણે વાત શરૂ કીધી—"હુઝુર ડાકટરની કા જોબન કયયા ખિલા હે ? ગઝબકી અદાએ પાઈ હે સચ બાત યે હે કે ફકીરીમે ભી મઝા હે રાત-દિન માશુકોકે ઝમગટે રહતે હે"

નવાબ સાહેબ—ખુદાકે વાસ્તે બદ ગુમાનીસે બચો યે શાહ–સાહબ હકીકતન બુઝુર્ગ આદમી હે મે જબ ઇન્કી ખિદમતમે ગયા હુ તબ મુઝે રૂહાની લુત્ફ આયા વાકેઈ બુઝુર્ગોકી સોહબત કીમીયા અસર હોતી હે બેશક ઇનસાનકો હર હાલમે ખોફે ખુદા ઓર અન્જામકા ખ્યાલ ચાહીયે મેરા તો યેહ જી ચાહતા હે કે સબ બાતોસે તોબા કરકે અલ્લાહ અલ્લાહ કીયા જાય બ્હોત અયશ કીયા અબ યાદે ખુદા ભી ચાહીયે

અબ્બુ—ગુસ્તાખી મોઆફ, અલ્લાહ અલ્લાહ કરનેકે ભી દિન આતે હે મગર અભી આપકી ઉમ્ર હી કયા હે અગર ઇનસાન જવાનીમે અલ્લાહ અલ્લાહ કરેગા તો કયા અયશ બુઢાપેમે કરેગા ? હુઝુર ! સબ ચીઝે મિલતી હે ગઇ હુઇ જવાની નહી મિલ્તી ચશ્મે બદ દુર આપકી સદોસી સાલકી ઉમ્ર હો આપ કોનસી બુગાઇ કરતે હે ?

નબ્બુ—ભાઈ, હમ તો સચ કહેને વાલે હે ચાહે આપ ખુશામદ હી સમઝે હમને સેકડો રઇસોકો દેખા, આપસા એક કોભી નહી પાયા રોશનખ્યાલી, તદબ્બુર, ઇલ્મ, મોઆમલા ફેહમી ઓર નેકી કુટ કુટ કર ભરી હે રહી આશિક મિઝાજી ઓર ઇશ્ક બાઝી યે તો જવાનીકા તકાઝા હે ઇસ્સે કૌન બચા હે ? ઓર યેભી આપકી

દિલનવાઝી હૈ ગતકો વોહ ખ્વાહ મખ્વાહ આપ પર આશિક હો ગઈ આપને કુચ્છભી તવજ્જોહ ન કી આખિર તો બ કે? ઇનસાનકા દિલ હૈ કોઈ પથ્થર થોડા હી હૈ?

અબ્બુ—ભાઇ સચ હૈ હુઝુરતો ગતકો બેહિસ હી રહે લેકિન વોહ કયા ગાઈ હય ઓર કયા મચલ મચલકે બતાયા હૈ? ઉસ્કી હર અદાસે યેહી માલુમ હોતાથા કે આપ મેં મીઠી હય લુત્ફ તો યે હય કે ઉસ્ને દુનીચદ મહાજન જીસ્કી વોહ મુલાઝિમા હય, ઓર જો ઉસ્કો હઝારો ખિલાતા હય ઉસ્કાભી ઝરા ખ્યાલ ન કીયા વોહ તો દિલહી દિલમે કટકર રેહ ગયા ઇસ ખુદા દાદ કશિશકા કયા કિયા જાય?

નબ્બુ—વલ્લાહ, સરકાર જીસ મેહફિલમે ગએ યેહી હાલ રહા અગર સરકાર ઝરા ઉસ્કે દિલકો બઢાતે, નકશાહી ઓર હો જાતા ખુદા સલામત રખ્ખે અજીબ કાબિલે રશ્ક કિસ્મત લાએ હય

નવાબ સાહેબ—છોડો ઇન વાહિયાત બાતોકો, ખોફે ખુદા ઓર અન્જામકા ખ્યાલ લાઝિમ હય ઇસ્મે કબીરા ગુનાહ હય

અબ્બુ—યે બજા હય મગર યે જવાનોંકા કયા કિજીયેગા? હઝારો મેહવશ જો આપ પર જાન દેતી હય ઉન્કો કયા યુંહી તડપાઇયેગા? અજી, કિસીકા દિલ તોડના યેભી તો કબીરા ગુનાહ હય ખુદાને આપકો રઇસ બનાયા હય રઇસોંકે લીયે તો અયશ ઓર અશરત કી હી ઝિન્દગી હોની ચાહીયે અગર આપ બનીયે બકકાલ હોતે તો ઓર બાતથી

નવાબ સાહેબ—દેખો, હદે અદબમે મત ગુઝરો બનીયા બકકાલ મે કયુ હોને લગાથા ?

નબ્બુ--ખુદાકી પનાહ !

નવાબ સાહેબ—ભઈ બાત યે હય કે તવાયફ બાઝીસે તબીયત ઉકતા ગઈ હય

અબ્બુ—લેકિન સરકાર! યેહ ડાકટરની તવાયફ થોડી હી હય ? કયા ઉભરા જોબન હય ? કયા સુરત પાઇ હય ? ઉસપર ફેશનેબલ લિબાસ ઓર શોખપન સોને પર સોહાગા હય જબ આપસે શરમાઇ હુઇ નિગાહોસે બાત કરતીથી મેરે કલેજે પર તીર ચલતે થે

નવાબસાહેબ—બાત તો યેહી હય કે અયસા હુસ્ન હમારી નઝરોસે કમ ગુઝરા હય લેકીન ઉસ્કા દામમે આના આસાન થોડાહી હય ? વોહ એક તાલીમ યાફતા ઝીઈઝઝત ઓરત હય બાઝારી થોડીહી હય ?

નબ્બુ—લાહોલ વલા કોઇ ભી હો હુઝુરકે સામને કયા હકીકત હય ઝરસે કામ લીજીયે ઝેર હો જાયગી

નવાબસાહેબ—ઉસ્કી તો કમી હી નહી સિર્ફ ઇઝઝતકા ખ્યાલ હય કહીં ફઝીતા ન હો જાય

અબ્બુ—અગર આપ રૂપીયા ખરચનેકો તઈયાર હય તો ઇઝઝતકા ખ્યાલ ન કીજીએ લાઇએ ચાર પાચ હઝાર રૂપીયે ખર્ચિયે ઓર દેખીએ હમારી હુસ્ને ખિદમાતકો

નવાબસાહેબ—મગર હમારા દિલ તો યેહી ગવાહી દેતા હય કે રૂપીયેસે ભી વોહ હાથમે ન આએગી

નબ્બુ-લાહોલ વલા, અજી ફિરગનકી ભી કોઈ અસ્લ હય ? ઉસ્કો કબઝેમે લાના કયા દુશ્વાર હય ? યે તો

રૂપીયેકી ગુલામ હોતી હય

નવાબસાહેબ—લેકીન યે ફિરગન નહી, મુસલમાન હય

અબ્બુ—ક્યા મુસલમાન યેહ તો અજીબ બાત હય !

નબ્બુ—કોઇ ભી હો, અગ્રેઝી પઢી, ડાકટરની હુઇ જો હરકિસીકિ ઘરમે ખિલાખોફ઼ો બતર આને જાને લગી તો સમઝ લો કે વોહ ઝુરૂર બદચલન હય અચ્છા, અગર વોહ મુસલમાનથી તો ઉસ્કો ચાહીયે થા કે પરદા કરતી, યું બનઠન કે ન ફિરતી, યે તો બદચલનીકા સબુત હય

નવાબસાહેબ—બે પરદા ઓરતે બદચલન હોતી હય યે ખ્યાલ વાકેઆતકે ખિલાફ હય મે ઇસ્કો હરગીઝ નહી માન સકતા બસ ઈસ કિસ્સેકો કોતાહ કરદો મે તો ખુદાસે ડરતા હુ કલ ક્યામતમે કયા મુહ દિખલાઉગા

અબ્બુ—કૌન મુસલમાનકો ખુદાકા ખોફ ઓર ક્યામતકા ડર ન હોગા ? હમ ક્યા ખુદાસે ડરતે નહી ? ખુદાને જો દોલત દી હય-વોહ દોલતને અયશ ઉડાના ઝિન્દગીકો પુર લુત્ફ બનાના, ખાના ઓર ખિલાના યેહી તો ઝિન્દગી હય, વરના ઝિન્દગી મે રખ્ખા ક્યા હય ? હા, હમ કોઇ ઈઝઝતદાર પરદેનશીન ઓરતકો ફાસનેકી તદબીર કરતે તો બેશક ગુનાહ થા આપ ઇસ્કો છોડદેગે તો કોઈ ઓર ઈસ્કો ફાસેગા અબ ઉસ્કી જવાની ફટી પડતી હય, કિસી હાલતમે ઉસ્કી તો ખેરહી નહી હુઝુર, મોઆફ ફરમાઇયે, આપ ડાકટરનીયોકી ઝિન્દગીસે વાકિફ નહી બડી ચાલબાઝ હોતી હય દોલત દેખી ઓર ફિસલી, દોલતકી ખાતિર હઝારો હમલ ગિરાતી હય આપકા રૂપીયા હમતો

ખાનેવાલેહી નહી હમતો ઉસ્કો હગમ સમઝતે હય હમતો ઉસ્કી માતેહતકી નર્સોકો ખિલાએગે વોહ નર્સે આપકી દોલતકે કિસ્સોંએ ઉસ્કો લુભાએગી લુત્ક ઉડાએ તો આપ હમતો સિર્ફ આપકા નમક ખાતે હય ઉસ્કા હક અદા કરના ચાહતે હય

નવાબસાહેબ—દેખો કિસી કિસમકી બદનામી ન હો વોહ બેગમ સાહેબાકે પાસ આતી જાતી હય અયસા ન હોકે બેગમ સાહેબાકે સામને ગઝ ફારા કરદે વરના બડી રૂસવાઇ સોગી

નબ્બુ—સરકાર આપ ઇત્મિનાન રખ્ખે વોહ નાદાન થોડી હય? ગઝ ફાશ કરેગી તો અપના નુકસાન કરેગી દેખીયે જુમેરાતકો ત્યાગ બજે બેગમ સાહબકી નાકરનીકી બીમારીકે હીલેસે ઉસ્કો નિશાત બાગમે બુલાકર આપકી ખિદમતમે હાજિર કર દેગે ફિર આપ ઔર વોહ સમઝલે નર્સો કે ઝરીએસે વોહ તઇયાર તો હોહી ચુકી હોગી, કયા મજાલ હય કે ઇન્કાર કરે' આપ ચલકર રૂપ ઇનાયત ફરમાએ ઔર ફિર હમારી કારરવાઇયોંકો મુલાહેઝા ફરમાએ અયસા માશુક હાથમે આએ ઔર હુઝુર રૂપીયોકા ખ્યાલ ફરમાએ અયસે બખીલ તો હય હી નહી આપ ઉસ ફૈયાઝ દાદાકે પોતે હે જીન્હોને સિર્ફ એક બોસે કે બદલ તવાયફકો ગાઉં દે દિયાથા આપ અયશ ન કરેગે તો કોન કરેગા? બદનામી ઔર રૂસવાઈ? અજી બદનામીસે વોહ ડરે જો કમઝોર હો ઇશ્કમે બદનામીકા ખ્યાલ નહી કિયા જાતા આપ આશિકો કે કારનામોસે તો વાકિફ હી હય અગર મજનુ ઔર ફરહાદ બદનામીસે ડરતે તો કયા

આજ ઉશ્શાકો કે દફ્તરમે ઉન્કે નામ રોશન હોતે?

એટલામા બગલો આવી જાય છે **નવાબ સાહેબની** ગાડીનો કોચમેન **મીરઝા** આ સર્વ વાતચીત સાભળે છે તે એક ખુદા તર્સ અને ખાનદાની માણસ હોઇ નવાબ સાહેબના આ નીચ મુસાહેબો ઉપર ઘણો ગુસ્સે થાય છે વળી મીસ મેરી તેની સ્ત્રીનો મફત ઇલાજ કરતી હોઇ એટલુજ નહી પણ તેના માટે દવાના પૈસા પણ પોતાની ગાઠમાથી આપતી હોઈ તેને પોતાની ઉપર મહાન ઉપકાર અને એહસાન કરનાર ગણતો હોઈ તેને કોઈપણ રીતે બચાવવી પોતાની ફરજ સમજે છે તેને અબ્બુ અને નબ્બુ ઉપર ઘણો તિરસ્કાર આવે છે તેને ખ્યાલ આવે છે કે નવાબ સાહેબ ઘણા ભલા અને ખાન-દાની છે પણ આ નીચ સોબતીયાઓ તેમને નેકીના તરફ જવા દેતા નથી નવાબ સાહેબ નેકી અને ભલાઇ તરફ જવાના પ્રયાસ કરે છે પણ આ નીચ ખુશામદીઆઓ તેની ભલી નેમને પોતાના સ્વાર્થની ખાતર ઉથલાવી નાખે છે ઓ ખુદા! બુરી સગત એ શેતાનનો કેવો કબજો છે? તેના કબજામા આવ્યા પછી નીકળવુ મહા મુશ્કેલ છે બુરી સગત કેવી બુરી બલા છે? કેટલા ઉમરાવજાદાઓ આ બુરી સગતથી બરબાદ થયા છે અને થાય છે એમ વિચારતો મીરઝા ગાડી અને ઘોડા છોડી નાખી સાભળેલી સર્વ હકીકત સુશીલાના નોકર નુરીયાને જે તેનો મિત્ર હતો સભળાવવા તલપાપડ થઈ રહેલો હોઇ સીધો નુરીયાની પાસે આવે છે નુરીયો તેને તરત પાછો આવેલો જોઈ પુછે છે "ક્યુ ભાઈ, નવાબ સાહબકો છોડકર ફોરન હી આયા કુછ ઝરૂરી કામતો નહીં?"

મીરઝા—એક હકીકત કહેને આયા હુ આજ અબ્બુ ઓર નબ્બુને ફિર નવાબ સાહેબકો લુટા પાચ હઝાર રૂપીયે લીયે નવાબ સાહેબ નેક ઓર સમજહાર હૈ ઉન્કે દાવમે આજાતે હૈ મુજે યાર! અબ્બુ ઓર નબ્બુ પર બડા ગુસ્સા આતા હય બડે નમકહરામ હૈ બાઝે વક્ત દિલતો યેહી ચાહતા હય કે જાનસે માર ડાલુ તાકે નવાબ સાહેબ ઉન્કે પંજેસે છુટે, મગર ફિર ખ્યાલ આતા હય કે ઇસ્સે નવાબ સાહેબ ગુસ્સે હોગે ઓર મે ફાંસી પર લટક જાઉગા

નુરીયો—મગર લુટા કિસતરહ યેહ તો કહે

મીરઝા—દઇયુમી કરકે

નુરીયો—લાહોલ વલા કુવ્વત, લાનત હરામઝાદો પર

મીરઝા—મગર ગઝબતો યેહ કે મેરી મોહનિના (ઉપકારક) ડાકટરની મેરીકો નિશાત બાગમે કિસી હીલેસે બુલાકર ફાસનેકી તરકીબ કી હૈ બિચારી કયસી નેક ઓરત હય? જબસે વોહ કલ્પનાપુરીમે આઈ હય, ગરીબોકી કયસી ખબરગીરી કરતી હય? તેરી ભાભીકી મુફત દવા કરતી હય ગિરહસે પૈસે દેતી હય વોહ સુશીલા બાઇ કીભી દોસ્ત હય મેરા ફર્ઝ હય કે ઉસ્કો બચાઉ ચાહે મેરી નોકરી જાય યા રહે મે તો ઉસ્કો બચાઉગા મેરા ઈરાદા હોતા હય કે મે મેરી કો જાકર ખબરદાર કરૂ યા તેરે સે હો સકે તો સુશીલા બાઇ કે ઝરીએસે ખબરદાર કર

નુરીયો—(કાંઈ વિચારી) મે સુશીલા બાઈ કો અયસી બાત ન કહે સકુગા ઓર તુભી મેરીકો ન કહે વોહ તેરે કેહને સે હરગિઝ ન માનેગી, કયું કે વોહ નવાબ સાહેબ

કે જનાનખાને મે આતી જાતી હે, ઓર નવાબ સાહેબકી બહોત તારીફ કરતી હુય હા, મેરે ખ્યાલ મે એક બાત આતી હે મેરી ખાલા બેગમ સાહેબાકે પાન મુલાઝિમ હૈં તુ કહેનો ઉન્કે ઝરીએસે બેગમ સાહેબોકો ખબરદાર કરૂ, બેગમ સાહબા મેરી ખાલાકા બ્હોત સુનતી હૈ ઓર ભરોસા કરતી હે બેગમ સાહબા મેરીકો બચાનેકી કોઇ ન કોઇ તરકીબ કરલેગી વોહ નિહાયતહી રોશન ખ્યાલ હૈ ઓર બા અસરભી હે

મીરઝા—કોઈ બી તદબીર હો મે તો મેરી મેહાસીનાકો બચાના ચાહતા હુ મગર જુમેરાતકો નિશાત બાગમે મે ઓર તુ દોનુ છુપ જાએ ઓર તમાશા દેખે બલ્કે કુછ હી કયુ ન હો મેરી જો બાલબાલ બચાલે લેકિન ચાલાકીસે કામ કરના હોગા અયના નહો કે બાઝી બિગડ જાએ

નુરીયો—મંઝુર હે

મીરઝા—જઝાકલ્લાહ અગર અબ્બુ ઓર નબ્બુ નવાબ સાહેબકે પાસસે ટલ જાએ તા નવાબ સાહેબકી બ્હોત ઇન્સાફ હો જાય લે અબ મે જાતા હુ ભાઈશાહ સાહબકે પાસ મેરીભી કુછ સિફારશ કરે કે ખુદા રોઝીમે બરકત અતા ફરમાય ઓર યે નોકરી કી ચખપખ સે આઝાદ હો જાઉં, લે ખુદા હાફિઝ

ઉદ્ધતરાયનો છુટકારો.

આજ તુમાબીના ઘર આગળ મ્હોટી ઠઠ જામી છે નવારના દશ વાગી ગયા છે છતા હજુ તુમાબીખાન મેડી ઉપરથી નીચે ઉતર્યો નથી તેથી તેની સ્ત્રી મેડી ઉપર તેને

જગાડવા જાય છે પણ ઓરડાના બારણા અંદરથી બંધ હોય છે તેથી હાંકો મારી જગાડે છે પણ કાંઈ જવાબ આપતો નથી આથી તે ગણી ગભરાય છે, પાડોશીને બોલાવે છે તે પણ વણી બુમો મારે છે પણ નિર્થક જાય છે ધીમે ધીમે ત્યા ઘણા લોકો ભેગા થઇ જાય છે, છેવટે બારણા ઉતારવામા આવે છે અને જેવી ઓરડામા નજર નાખે છે તેવીજ ફાંસીએ લટકતી તુમાખીની લાશ દેખાય છે તુમાખીની સ્ત્રી મુર્છા પામી ભોયપર પડી જાય છે તુમાખીના છોકરા રો કકળ કરે છે પોલીસ આવે છે અને પંચની રૂબરૂ લાશ ઉતારવામા આવે છે તેના ગજવામાથી એક ચિઠ્ઠી નીકળે છે, જેમા તેણે રાજીખુશીથી આપઘાત ની કબુલાત આપી હોય છે લખે છે –

"ઉદ્ધતરાય પ્રતિની મ્હારી વેર વૃત્તિના પરીણામે મે ઉદ્ધતરાયને ઝેર દેવરાવવાનું કાવત્રુ અમલમા મુકર્યુ પણ તે ઝેર ગુણવતીના પીવામા આવી જતા તે પરલોક પામી ઉદ્ધતરાય રૂપાળીને ઘરમા બેસાડવા ચાહતો હતો પણ તે ગુણવતીના હયતીના કારણે તેમ કરી શકતો ન હતો એ વાત જગજાહેર હતી પોલીસને તેનાજ ઉપર વહેમ ગયો કે તેણેજ ગુણવતીને ઝેર દીધુ છે પોલીસના આ વહેમને મે પોષણ આપ્યુ અને જુઠા પુરાવા ઉભા કરી આપવામા પોલીસની મદદ કીધી પણ ખુન કદી છુપતુ નથી એ નિયમ પ્રમાણે મ્હારા સાથીઓમા કેટલાક ડરી ભેદ ખુલ્લો કરવાની મને ધમકીયો દેવા લાગ્યા મને ખાત્રી થઇ કે આ લોકો છેવટ સુધી ભેદ છુપાવી શકશે નહી મારો ભય વધતો ગયો દરેક પળ મને મોતની પળ દેખાવા

લાગી હુ આ ત્રાસ વધુ વેઠી શકયો નહી મને એમજ લાગ્યું કે આમ અનેકવાર મરી જીવવા કરતા એકજવાર આપઘાત કરી મરવુ બહેતર છે પણ મ્હારી બૈરી અને બચ્ચાઓનુ શુ થશે એ ખ્યાલ મને ઘણો પીડે છે પણ મ્હારા જીવવાથી સુખી થઈ શકશે નહી કારણકે ભેદ ખુલ્લો થએ વહેલો મોડો હુ પકડાઇશ અને ફાસીએ કે કાળેપાણી જઈશ આવા અનેક વિચારોથી હુ રાજી ખુશીથી મ્હારો જીવ આપુ છુ બીજાઓ ઈન્સાફ કરી મને શિક્ષા કરે તે કરતા હુ પોતે મને શિક્ષા કરૂ તે વધુ પસદ કરૂ છુ હુ કબુલ કરૂ છુ કે ગુણવતીનો ખુની હુ છુ ઉદ્ધતરાયના ઉપર એના ખુનનુ તોહમત તરકટી છે ઉદ્ધતરાય મ્હારો બાળ મિત્ર છે તેનામા જે દુર્ગુણો ઉત્પન્ન થયા છે તે ઉત્પન્ન કરવામ મ્હારો કાઈ થોડો હાથ હતો નહી ઉદ્ધતરાયના હાથથી જેમ નુકશાન પહોચ્યુ છે તેમ મ્હારા હાથથી તેને ઓછુ નુકશાન પહોચ્યુ નથી હુ જો ચાહત તો તેને સુધાર રાકત પણ મે તેને હમેશા અવળે અને કુમાર્ગેજ દોર્યો આ મ્હારો દોષ હુ કબુલ કરૂ છુ અને ઉદ્ધતરાય તથા શેઠ જગમોહનરાયની માફી માગુ છુ મ્હારી જીદગીની સર્વ હકીકતોએ અને મ્હારા માથે ઝઝુમતા જોખમોએ મને દિવાનો બનાવી દીધો છે આ બલામાથી કેમ છુટવુ એનો આ એકજ ઉપાય મુઝે છે માટે હુ ખુશીથી આપઘાત કરૂ છુ અને બીજીવાર કહુ છુ કે ગુણવતીના ખુન માટે હુજ જવાબદાર છુ "

આ સમાચાર ચારે તરફ પ્રસરી જાય છે આખી કલ્પનાપુરીમા ત્રાસ વ્યાપી જાય છે ઘેર ઘેર એજ ચર્ચા થાય છે

ઉદ્ધતરાય તરફ લોકોની લાગણી ખેચાય છે ચતુરદાસ સીધો વિદ્યાસાગરને બગલે દોડી જાય છે વિશ્વપ્રેમી ધર્મવિલાસીને ત્યા દોડયા આવે છે સર્વ હકીકત જાણી ઘણોજ ખેદ કરે છે સુશીલા સ્તબ્ધ થઇ જાય છે ધર્મ વિલાસી કહે છે— "પણ તેણે આપઘાત શા માટે કર્યો?"

વિશ્વપ્રેમી—ગભરાટમા તેને કાઈ બીજુ સુઝયુ નહી તેની નજર પહોચી નહી પણ મરતા મરતા તે ઉદ્ધતરાયને મુક્ત કરાવતો ગયો એ નવાઈ જેવી વાત છે

મુસીકીખાન—એમા નવાઈ જેવુ કશુ નથી ઉદ્ધતરાય પશ્ચાતાપ વડે શુદ્ધ થયો ઉદ્ધતરાયની ઉદ્ધતાઇ નાશ પામી તેના મનમા તુમાખીના ઉપર જે રોષ હતો તે રહ્યો નહીં ગુણવતીના ખુન માટે કોઈ બીજાને શિક્ષા થાય એ કરતા પોતાનેજ થાય એવુ ઇચ્છવાની હદ સુધી તેના અતકરણમા શુદ્ધતા આવી એના પ્રતિબિબ તુમાખીના મન ઉપર પડે—એના મનમા એનો પ્રતિધ્વની થાય એ કેવળ સાધારણ બીના છે તમારા મનમાથી તમારા દુશ્મન પ્રતિનો રોષ કાઢી નાખો તો તેના મનમાથી પણ તમારી પ્રતિનો રોષ નીકળી જાય ફારસીમા કહેવાયું છે કે 'દિલરા બદીલ રહીસ્ત' એક મનથી બીજા મન સુધી રસ્તો હોય છે દિલ એ વિજળીની બેટરી સમાન છે, જેવા પ્રવાહ મોકલો તેવા જાય

વિશ્વપ્રેમી—જો કે સ્વભાવે તામસી, ઉતાવળો અને ડખીલો હતો તોપણ સારો હતો એની આખી વય ઉદ્ધતરાય સાથેની દોસ્તી અને દુશ્મનીમા ગઈ બિચારાને જીવ દયા અને પ્રાણીરક્ષાની ઘણી લાગણી હતી અને

તેવા દરેક કાર્યમા મોખરે ઉભો રહેતો પણ એ કિસ્મતની વાત છે કે તે પોતાના ઉપર દયા ખાઇ શકયો નહી

સુશીલા—પણ તેના સ્ત્રી અને છોકરાઓનું શુ થશે? મે સાભળ્યુ છે કે તે ઘણી કરજદાર સ્થિતિમા હતો ગમે તેવો પણ આપણી સાથે સારો સબધ રાખતો હતો

મુસીફીખાન—બેશક, એ સર્વ ફિકરની અને ચિતાની વાત છે પણ કુદરતે એનો બદોબસ્ત કરી રાખ્યો હશે

ધર્મવિલાસી—મને જો પુછતા હો તો ઉદ્ધતરાયે તેની સ્ત્રી અને છોકરાઓને પુરતી મદદ આપવી જોઇએ કારણ કે તેણે મરીને તેને ઉગાર્યો છે

ચતુરદાસ ખુશ થતા દાખલ થાય છે થોડા વખતમા ઉદ્ધતરાયની છુટીને આવવાની ખુશખબરી આપે છે ધર્મવિલાસી તેને કહે છે—"ચતુરદાસ! તુમાખીએ આપઘાત કર્યો એ ઘણીજ દીલગીરીની બીના છે"

ચતુરદાસ—બેશક દીલગીરી તો થાયજ પણ કરે તેવુ ભરે તોએ દીલગીર તો ખરીજને પણ ભાઈ છુટયા એટલો સતોષ

ધર્મવિલાસી—પણ એ તુમાખીનુ એહસાન, એ એહસાનનો બદલો ઉદ્ધતરાયે તેની સ્ત્રી અને છોકરાઓને આપવો જોઇએ

ચતુરદાસ— હા આપણે કયા ના છે? પણ ગુણવતીના પ્રાણ લીધા એ ઘા ઉદ્ધતરાય ભુલી નહી જાય

મુસીફીખાન—જો ઉદ્ધતરાયનો પશ્ચાતાપ ખરો હોય તો એણે સર્વ ભુલીજ જવાનું છે તેણે બધુ નવેસરથી કરવાનું છે

ચતુરદાસ—આપણે તો એમના હિતેચ્છુ છીએ એટલે એમના સારામાજ લાભ માનીએ, પણ મને તો લાગે છે કે ભાઈ હતા એવાને એવા રહેવાના એ તો ફાંસીની બીકથી લગાર શમશાન વૈરાગ આવી ગએલો, ઘેર આવ્યા એટલે જો જો પેલી રૂપાળી છે ને તે છે તે રાડ મરે તો—

એટલામા વિદ્યાસાગર, ઉદ્ધતરાયને રૂપાળીને અને તેમના સાથીઓને મોટરમા લઇ હાજર થાય છે શેઠ જગમોહનરાયને બોલાવવા મોટર મોકલવામા આવે છે ઉદ્ધતરાય આવતાજ મુસીફીખાનના ચરણમા પડે છે અને ધ્રુસકે ધ્રુસકે રડે છે રૂપાળી પણ મુસીફીખાનના પગ ચુમે છે શેઠ જગમોહનરાય આવે છે અને પોતાના પુત્રને જોઈ હર્ષઘેલો બની જાય છે ચતુરદાસ રૂપાળીને સાથે જોઇ સુશીલાને ઈશારો કરે છે કે જોયુ ? રૂપાળી બાઇ સાથેજ છે

ઉદ્ધતરાય સર્વને નમ્રતા પુર્વક કહે છે—“મ્હારા કારણથી તમો સહુને ઘણી ચિંતા ભોગવવી પડી છે એ માટે હુ દીલગીર છુ સહુથી પહેલા દર્શન શાહ સાહેબના થાય એટલા હેતુથી હુ છુટીને સીધો અહીજ આવ્યો છુ તમે સહુ ગઈ ગુજરી ભુલી જઈ હવેથી મ્હારા પ્રતિ પ્રેમભાવ રાખી મ્હારા ઉદ્ધારની પ્રાર્થના કરશો એવી આશા રાખુ છુ”

સુશીલા—તમે છુટીને આવ્યા એથી અમને ઘણો હર્ષ થયો છે

શેઠ જગમોહનરાય રૂપાળી તરફ ગુસ્સાની નજરે જુએ છે રૂપાળી તેમના ગુસ્સાના ભાવને સમજી જઇ

નીચુ જુએ છે

ઉદ્ધતરાય ચતુરદાસને કહે છે—"રૂપીયા પચાસ હજાર મુસ્લીમ આશ્રમમા આપવાના મે કહ્યા છે તે હાજર કરો'

જગમોહનરાય—બેટા ખુશીથી એ સહુ પ્રતાપ શાહુ સાહેબની આશિષનો છે રૂપીયા પચાસ હજાર તારા તરફથી અને રૂપીયા પચાસ હજાર મારા તરફથી એમ એક લાખ રૂપીયા તારા છુટવાની ખુશાલીમા આપવામા આવશે એ વિષ નચિંત રહે પણ બેટા! (રૂપાળી તરફ આંગળી ચીંધી) હજુ તુ ધરાયો નથી? આ અભાગણીને સાથે લાવ્યો છે? એનાથી હુ ઘણો લજાઉ છુ હજુએ તને સાન ન આવે એ મ્હારા ભાગ્યની વાત!

રૂપાળી શેઠના આ સખત વચનોથી ભડકી ઉઠી તેણીએ તરત રોકડુ પરખાવ્યુ—"પિતાશ્રી! ક્ષમા કરો હુ બેશક અભાગણી છુ તમે સહુ મ્હારાથી લજાઓ એ પણ સમજુ છુ હુ કુળવાન છુ—લજ્જાવાન છુ એટલુ ન સમજી શકુ તેવી મુર્ખ નથી પણ મને આ દશામા મુકનાર કોણ? તમે ન્યાય કરો એટલુજ ઇચ્છુ છુ શુ મ્હારી આવી દુર્દશા, કુટિલ સ્થિતિ અને બેશરમ ઝીન્દગી માટે હુ જવાબદાર છુ? જો એમ ગણશો તો એક વધુ અન્યાય કરશો તમારા જુઠા અભિમાન, નાતજાતના જુલમી ધારાધોરણો, ધર્મના નામે ચાલતા કાવાદાવાઓ, જુઠી કુળ લજ્જાની ભાવનાઓએજ લાચારીએ મને વેષ્યા બનાવી છે મે કોઈ દહાડે આ જીદગીને પસદ કીધી નથી બીજાઓ મ્હારો તિરસ્કાર કરે તે પહેલા હુ પોતાને તિરસ્કારતી—ધિક્કારતી રહુ છુ, પણ સમાજમા મ્હારા

માટે સ્થાનજ ક્યા હતુ? પુછો ઉદ્ધતરાયને હુ નહોતી કહેતી કે આ પ્રમાણે ક્યા સુધી ચલાવીશુ? આ કુટિલતા ત્યજવાનો કોઈ રસ્તોજ નથી? પણ તેઓ લાચારી બતાવતા હતા અને હુ મને ધિક્કારી ચુપ થઈ જતી હતી હુ ભર જવાનીમા વિધવા થઇ વિધવા ધર્મ બરાબર પાળવા લાગી, પણ લોકો મને નિરાધાર અને નિરાશ્રીત સમજી મ્હારી આબરૂ ઉપર હુમલો કરવા મડયા—મશ્કરી, ઠઠ્ઠા કરવા લાગ્યા—મને ફસાવવાની યુક્તિઓ રચવા મડયા, હુ ઘણી કટાળી ગઈ કોઈ કોઈ વાર તો થઈ આવતુ કે ધરતી જગ્યા દે તો જીવતી ને જીવતી સમાઈ જાઉ મે પુનર્લગ્નનો વિચાર કર્યો પણ શેઠજી તમે અને આ ઉદ્ધતરાયે થવા ન દીધુ હુ દિવસે દિવસે નિધન થઈ, લાચાર બની—મ્હારૂ સાથી કોઇ રહ્યુ નહી ઉદ્ધતરાયનો મે વિશ્વાસ કર્યો, તેણે મને ઉધે રસ્તે ચઢાવી, મારી આબરૂ લુટાઇ, નાતજાતમા ફજેતો થયો નાત બહાર કઢાઇ અને આ દશામા મુકાઈ નાતમા ભેળાવા, ખોવાએલો મોભો મેળવવા મે ઘણા પ્રયત્ન કર્યા પણ તમે કોઈએ મને દાદ દીધી નહી હવે મને દોષ દેતા શરમાતા નથી? લ્યો, હજુ મ્હારે સુધરવુ છે—શુદ્ધ થવુ છે બાકીની જીદગી આબરૂસર ગાળવી છે મને પાછા સમાજમા સ્થાન અપાવો છો? જો એમ ન કરી શકો તો મ્હારે શુ કરવુ એ બતાવો કાઇ હાથ મજુરી કરી નિર્વાહ કરૂ છુ તો ગામના બદમાશો ચેન લેવા દેતા નથી સમાજમા આબરૂસર રહેવા પુનર્લગ્ન કરવા ઇચ્છુ છુ તો તે બની શકતુ નથી ત્યારે શુ આપઘાત કરવો?"

ચતુરદાસ—તને મુકે તે કર માત્ર અમારા ઉદ્ધતરાયનો કેડો મુક

રૂપાળી—કેડો તો કેમ મુકુ ? ઉદ્ધતરાય આટલી અધમતાએ પહોચ્યા છતા સમાજમા સ્થાન મેળવી શકે અને હુ તેનાજ હાથથી આમ બરબાદ થએલી તરછોડાઉ ? હુ ન્યાય માગુ છુ હુ આવી નીચ જીદગી—બેશરમીની જીદગી ભોગવવા લગારે ચાહતી નથી (સહુને સબોધી) ભાઇઓ ! તમે સહુ અગ્રેસરો છો, લાગવગવાળા છો હુ પ્રતિજ્ઞાપુર્વક કહુ છુ કે હુ સુધરવા માગુ છુ શુ તમે મને તેવી તક અપાવી શકો છો ?

સહુ ઝખવાણા પડી એક બીજાના મોહ સામા જુએ છે, તેની દયા ખાય છે આવી નિર્દયી સમાજને મનમા ને મનમા ધિક્કારે છે જગમોહનરાય ઠડોગાર થઇ જાય છે રૂપાળી આગળ ચલાવે છે

"તમે સહુ સ્ત્રી પુરૂષની સમાનતાના હિમાયતી છો હુ તમારી પાસે ઇન્સાફની યાચના કરૂ છુ "

વિદ્યાસાગર—જો તારી ઇચ્છા હોય તો અમે તને વિધવા આશ્રમમા મોકલી આપીએ

ચતુરદાસ—કલ્પનાપુરીમાથી એ કાશ કાઢો તો મ્હોટો ઉપકાર

રૂપાળી—(વિદ્યાસાગરને) તમે કેળવાયલા થઇ આવી વાત કરો છો તેની મને તાજુબી થાય છે હુ ખોડુ ઢોર નથી કે પાજરાપોળમા મોકલવા જેવુ કહો છો

ઉદ્ધતરાય—(વચમા) તે સત્ય કહે છે તેને બરબાદ કરનાર—આવી દશામા મુકનાર હુજ છુ તેણીએ તો મને

હમેશા સદબોધજ દીધો છે મને સમાજમા પાછુ સ્થાન મળે અને એ રખડતી રઝળતી રહે એતો કેવળ જુલમજ કહેવાય

ચતુરદાસ—ભાઈ એ તો આપણામા જે થતુ હોય તે થાય

રૂપાળી—ત્યારે શુ મારા માટે નિરાશા છે? જો એમજ હોય તો હુ સત્ય કહુ છુ કે હુ આપઘાત કરીશ પણ હવે એક પળવાર પણ કલકિત જીદગી જીવીશ **નહી.** તમારી એવી મરજી છે તો ભલે તમારા માથે સ્ત્રી હત્યાનું પાપ બેશે

ચતુરદાસ—(આકળો થઈ) તારે કરવુ હોય તે કરજ, અમને શા માટે સભળાવે છે વળી પાછુ કાઈ નવુ તોફાન જાગે

સુશીલા—આતો મ્હોટો અન્યાય થાય છે પુરૂષને સર્વ તક મળે પણ સ્ત્રી એક વખત કલકિત થાય તો પાછી તેવી તકજ ન મેળવી શકે, એ તો જુલમજ કહેવાય

ચતુરદાસ—પણ એ આજનું કયા છે પુરાતન કાળથી એમજ ચાલતુ આવ્યું છે (શેઠને) ચાલો એતો બેરારમ છે એની સાથે વાત કરવામા પણ આપણને લાછન હોય

રૂપાળી—મ્હારો ફેસલો કર્યા વગર જવાશે નહી, લાછનજ લાગતુ હોય તો મુકીદો ને ઉદ્ધતરાયને

ઉદ્ધતરાય—એ સત્ય કહે છે

ચતુરદાસ—શુ સત્ય કહે છે? હજુ તમે ભરમાતા જાઓ છો

મુસીકીખાન—રૂપાળી બાઈની કહાણી આ કાને

સાભળી તે કાને કાઢી નાખવા જેવી નથી (રૂપાળીને) હુ તમારી સ્થિતિ સમજી શકુ છુ તમારા પશ્ચાતાપની કદર કરૂ છુ જો સમાજનુ બધારણ એવુ કઠોર અમાનુષિ હોય તો ભલે હોય પણ ખુદાને ત્યાનુ બધારણ એવુ નથી એને ત્યા સહુને સ્થાન છે તે તમારો સ્વિકાર કરશે, અને તમને સ્થાન આપશે

રૂપાળી—મ્હારા જેવી પતિતને પાવન કરે એવો કોણ છે? ઝટ કહો

મુસીફીખાન—તે ઇસ્લામ છે દરેકને શાતી અને સલામતીનું અભય વચન આપે છે

રૂપાળી—મને તે મજુર છે

મુસીફીખાન—તુ તારી સ્વતત્ર મરજીથી રાજીખુશીથી કહે છે?

રૂપાળી—હુ રાજીખુશીથી મજુર કરૂ છુ

સર્વે અચબો પામે છે એક બીજાના મ્હોં તકે છે

મુસીફીખાન—હવે મ્હારા ઉપર તેને મુસલમાન બનાવવાની ફરજ આવી પડે છે જુઓ તે રાજીખુશીથી ઇસ્લામને મજુર કરે છે

રૂપાળી—એમને પુછવાની શી જરૂર છે? તેમણે મ્હારી કઈ વાત ગણી છે કે હુ તેમનો ખ્યાલ કરૂ મને ઇસ્લામમા સ્થાન મળતો હોય તો તે મને કબુલ છે

મુસીફીખાન બિસ્મિલ્લાહ બોલી તેને કલ્મો ભણાવી મુસલમાન બનાવે છે

ચતુરદાસ શેઠ જગમોહનરાયને ઉઠવાનો ઇશારો કરે છે, અને ઉદ્ધતરાયને કહે છે—"ભાઈ મોટર તેયાર છે હવે

આહી બેસવામા માલ નથી ચાલો ઘેર ”

ઉદ્ધતરાય—શુ ઘેર ચાલો, ના, ના હવે તો આખુ વિશ્વ મ્હારૂ ઘર છે જ્યા ચાહીશ ત્યા રહીશ અને મ્હારા પાપોનુ પશ્ચાતાપ કરીશ મને તો હવે મરી ચુકેલો ગણો

આ ઉદ્ગાર સાભળતાજ શેઠ જગમોહનરાય બેહોશ થઈ જાય છે તેમને મોટરમા નાખી ઘેર પહોચાડવામા આવે છે

આ સ્થિતિ જોઈ મુસીફીખાને ઉદ્ધતરાયને પુછયુ “શુ કહ્યુ? ઉદ્ધતરાય ”

ઉદ્ધતરાય—ચરણોમા રહી પ્રાયશ્ચિત કરવાનુ

મુસીફીખાન—નહી, નહી પ્રાયશ્ચિત ત્યાગથી થશે નહી તમે જગતના કરજદાર છો એ કરજનો બોજો માથા ઉપરથી ઉતારો જગતમા જેટલા ઉત્પાતો અને ધાધલ કર્યા છે તે પુરૂષાર્થ વડે મટાડો જેને જેને દુખ દીધા હોય તેને તેને સુખી કરવાનો પ્રયત્ન કરો પુન્ય કરો, દાન કરો અને જેવો ખોટો દાખલો જગતમા બેસાડયો છે તેવો સારો દાખલો તમારા સદાચારથી બેસાડો

ઉદ્ધતરાય—જેવી આજ્ઞા મહારાજ! ત્યારે હમારે રૂપાલીનુ શુ કરવુ? શુ હુ તેને મ્હારા ઘરમા બેસાડુ?

મુસીફીખાન—તમે બન્ને તોબા-પશ્ચાતાપ વડે શુદ્ધ થયા છો એટલે તમારા બન્નેના સહકારથી સારૂ પુન્ય થઈ શકશે પણ હવે રૂપાળી મુસલમાન થઈ ગઈ છે, તે તમારા ઘરમા બેસી શકશે નહિ

ઉદ્ધતરાય—મને આજ્ઞા હોય તો, હુ એ મુસલમાન થઈ જવા તૈયાર છુ

હજુ મુસીફીખાન ઉત્તર આપે તે પહેલા ચતુરદાસ "ઓ મારા બાપરે" કહી ત્યાથી સીધો શેઠની પાસે દોડયો જાય છે ઉદ્ધતરાય ચમકે છે પણ ખામોશ રહે છે મુસીફીખાન કહે છે–"મુસલમાન કોઈની આજ્ઞાથી થવાતુ નથી બળાત્કારથી બનાવાતુ નથી તેમ બનાતુ નથી એ તો કેવળ મરજીથી થવાય છે હુ એ વિષે કાઈ કહી શકુ નહી"

એટલામા ઉદ્ધતરાયના ઘેરથી માણસ દોડતો આવી મ્હોટા શેઠના દેહત્યાગના સમાચાર આપે છે ઉદ્ધતરાય અને બીજાઓ ગાભરા બની જાય છે મુસીફીખાન તેને તરત ઘેર જવા ફરમાવે છે બીજાઓ પણ ઉદ્ધતરાયની સાથે જાય છે તપાસ ઉપરથી એમ જણાયું કે ચતુરદાસે ઉધ્ધતરાયના મુસલમાન થઇ જવાના ખબર આપ્યા તેથી શેઠને સખત આઘાત થયો અને તેમના પ્રાણ રમી ગયા

સમશાન

બીજે દિવસ સવારે જગ મોહનરાય શેઠનુ શબ સમશાને લઈ જવામા આવે છે પાછળ ઘણુ ઘણુ પુન્યદાન કરવામા આવે છે વિશ્વપ્રેમી, ધર્મવિલાસી ઉપરાત સેકડો સ્નેહીઓ શબની સાથે સમશાને જાય છે સુખડના લાકડાથી શબને અગ્નિદાહ થાય છે શબ બળતુ હોય છે ત્યારે ઘણા લોકો જુદી જુદી મડળીઓમા ગોઠવાઇ આડા અવળા બેસી તડાકા મારતા જોવામા આવે છે એક જણ કહે છે—

'તુમાખીદાસનો આપઘાત, ઉધ્ધતરાયનો છુટકારો અને છુટકારાના દિવસે શેઠ જગ મોહનરાયનુ અવસાન એ સર્વ સજોગો ઘણાજ વિચિત્ર અને ખેદજનક છે"

બીજો—ખોટુ ખરૂ પ્રભુ જાણે કાનને દોષ છે પણ સાભળ્યું છે કે ધર્મવિલાગીને ત્યા રહેતા પેલા ફકીરના સમજાવવાથી ઉધ્ધતરાય મુસલમાન થઇ જતો હતો અને તેથી મ્હોટા શેઠને આઘાત થયો અને દિલ કામ કરતુ અટકી પડયુ

ત્રીજો—એ ખરૂ એ હોય, કારણ કે રૂપાળો મુસલમાન થઈ ગઈ એ મે પાકે પાયે સાભળ્યુ છે

ચોથો—એ વળી નવુ ધતીગ શુ આવ્યુ? એવી અગર મુસલમાન થઈ ગઈ તો તેથી હિદુ સમાજને કાઈ નુકસાન થવાનુ નથી જ્યારથી એનો ધણી મરી ગયો છે ત્યારથી એ જપીને બેઠીજ નથી, જો તે મુસલમાન થઇ ગઈ હોય તો ઉધ્ધતરાયે તેનો પુરો આશક છે અને તેણી વગર તેને પળવાર ચાલે તેવુ નથી

પાચમો—પણ બાપડો તુમાખી વચમા જીવ ખોઈ બેઠો એણે કાવત્રુ રચ્યું હતુ એવી તેની લખેલી ચિઠી નીકળી છે પણ કરોડપતી શેઠનુ ઘર એટલે કોણ જાણે શુ દાટ વાળ્યો હશે

છઠો—ભાઇ ઉધ્ધતરાયની અને તેની ગાઢ દોસ્તી હતી એમા જબરો વાધો પડયો હોય અને આવુ પરિણામ આવ્યુ હોય

વિશ્વપ્રેમી અને ધર્માભિલાગીને એક તરફથી આવતો જોઈ સર્વ વિષયને પડતો મુકે છે પાસેની બીજી મડળીમાનો ક્હેતો સભળાય છે—"તુમાખીદાસે આપઘાત શામાટે કર્યો હશે તેણે ઉધ્ધતરાય વિરૂધ્ધના પુરાવા તોડી પાડયા હતા અને પોલીસ પાસે તેની વિરૂધ્ધ જે કાઇ પુરાવા હતા તે

લઇને ફાડી નાખ્યા હતા ” એક જણ જવાબ આપે છે– ‘ ભાઈ જ્યારે કાળ માથે ભમે ત્યારે શુભ અશુભ કાંઈ સુઝે નહીં ’

આવા તડકાઓમા ઘણો વખત નીકળી જાય છે વિશ્વપ્રેમી કંટાળીને **ધર્માભિલાસીને** પુછે છે–‘ ભાઈ હજુ કેટલી વાર લાગશે ? જાણો છો ને મને સવારે ચા ન મળી હોય તો શુ સ્થિતી થાય છે ’

ધર્માભિલાસી ચેહની તરફ જોઈ કહે છે –“મને પણ ચા વગર બગાસા આવે છે હજુ થયો એટલો બીજો વખત થાય એમ લાગે છે

ચેહમા શબ બળતુ જોઈ તેના મનને ધક્કો લાગે છે તેથી વિશ્વપ્રેમીને કહે છે આ અગ્નિદાહનો રીવાજ મને તો તદ્દન ગમતો નથી હજારો વર્ષ પહેલા આપણામા ભુમીદાહનો રીવાજ હતો તે પાછો ચાલુ થાય એમ ઇચ્છુ છુ આવી રીત બાળવુ એતો બરોબર શબના અપમાન જેવુ છે મારે દીલગીરી સાથે એટલુ તો ભાર દઇને કહેવુ પડશે કે આપણામા મરણ વખતની કોઈ પણ ક્રિયા સારી લાગે તેવી આકર્ષક નથી માણસ મરતો હોય ત્યારે ખાટલા ઉપરથી નીચે ઉતરી ચોકમા મરવા દેવાની, ઠાઠડીમા જકડવાની, ઉતાવળા ઉપાડવાની અને ગડવા કકળવાની રીત મન અને આખ બન્નેને અપ્રિય હોય છે કેટલીક વારતો ગડવા કકળવાનો એવો શોર કરવામા આવે છે કે, ભર બજારોથી નીકળતા શરમ આવે છે, શુ આ સર્વ રીતોમા કોઈ સુધારો નજ કરી શકાય ? જુઓ મુસલમાનોની લાશ કેવી શાની અને ગભીરતાની સાથે ઉપાડી લઈ જવામા

આવે છે એ જ્યારે જોઉ છુ ત્યારે આપણી રીતમા કશુ ગવરવજ દેખાતુ નથી, અને આ અગ્નિદાહ એ તો ગીતમજ છે ”

પડખે મી૦ ધર્માભિમાની બેઠા હતા તે ધર્માભિલાષીનુ આ નિદાત્મક ભાષણ સાખી શકયા નહી તેઓ બોલી ઉઠયા–“ ભાઈ અવિવેક માફ કરશો તમે સહુ ભણેલા ગણેલા થઈ ધર્મની નીદા કરો એ શોભે નહી આપણો અગ્નિદાહનો રીવાજ એટલો ઉત્તમ છે કે, હવે યુરોપ અને અમેરીકા જેવા સુધરેલા દેશો પણ ભુમીદાહને બદલે અગ્નિદાહને પસદ કરતા થયા છે આપણા વડવાઓ મહા જ્ઞાની હતા કાઇ મુર્ખ ન હતા જે કાઇ કર્યુ છે તે જોઈ વિચારીનેજ કર્યુ છે મુડદાઓ દાટવાથી જમીનમા તે નડે છે, દુર્ગધ ઉત્પન્ન કરે છે અને તેથીજ અનેક રોગો ફાટી નીકળે છે જમીનની પયદાવારમા આ સડતા મુડદાઓ અમર કરે છે આ પયદાવાર જાનવરો અને માણસોના ખાવામા આવતી હોવાથી તેમનામા બીમારીઓ ઉત્પન્ન થાય છે અગ્નિદાહથી તેવો ભય રહેતો નથી આવી રીતે જનસમાજના હિતના માટે અગ્નિદાહજ ઇચ્છિત છે ”

આટલુ બોલી ધર્માભિમાની મનમાને મનમા કુલાય છે બીજા સાભળનારાઓ પણ ખુશ થાય છે વિશ્વપ્રેમી ખામોશ રહી શકતા નથી, તેઓ જવાબ આપે છે—“યુરોપ અને અમેરીકા કરે છે તે બધુ આપણે કયા માન્ય રાખીએ છીએ? બેશક ત્યા કેટલાક લોકો અગ્નિદાહને પોતાને માટે પસદ કરતા થયા છે, પણ એનો અર્થ એવો નથી કે ત્યાના લોકોએ અગ્નિદાહની રૂઢીનો અગીકાર કર્યો છે વળી યુરોપ

અને અમેરીકાના લોકો જે કહે તે બધુ ખરૂ હોય એવુ કયા પ્રમાણ છે? જમીનમા મુડદાઓ દાટવાથી રોગ ફાટી નીકળવાનુ સાભળી મને કેવળ નવાઈ થાય છે બલ્કે મુડદાઓ નહી દાટવાથી બીમારી ફાટી નીકળતી હોય તો ના કહેવાય નહી'

ધર્માભિમાની—આ તમારૂ નવુ સાયન્સ હશે

વિશ્વપ્રેમી—ના, નવુ નથી, પણ પુરાતન છે

ધર્માભિમાની—કાઈ સમજાવશો

વિશ્વપ્રેમી-ખુશીથી, સાભળો દરેક વસ્તુની તદુરસ્તીનો આધાર તે જે ખોરાકથી પોષાય છે તે ખોરાક ઉપર હોય છે આ ખોરાક સારો અને પુરો ન મળે તો તે વસ્તુની તદુરસ્તીમા ફેર પડે એ પુરાતન અને અનુભવ સિદ્ધ નિયમ છે આપણો એટલે માણસાનો, જાનવરોનો અને ઝાડપાનનો આધાર જમીન ઉપર છે આ જમીનના ગુણમા જો કાઈ ફેરફાર પડે તો તેનો અસર આપણા સહુમા થાય માટે જો આપણે તદુરસ્ત રહેવા ચાહતા હઈએ તો આપણે જમીનને તદુરસ્ત રાખવી જોઈએ જમીનના શરીરને કયા ખોરાકથી પોષણ મળે છે એ વિચારો એટલે વધુ સમજાશે જમીન સડેલી કોહેલી અને ગદી ચીજોથી પોષાય છે જ્યા વધારે સડેલી, કોહેલી, ગદકી મારતી અતિ બદબુદાર ચીજોનુ ખાતર નખાએલુ હોય છે ત્યા જમીન ઘણી ફળે છે કેટલાક બાગ ફળ લેવા માટે તેના રોપાઓ નીચે કુતરાઓ બીલાડાઓ અને બીજા જાનવરોના મડદા ખસુસ દાટવામા આવે છે આવા ખાતરથી જમીનનો કસ વધે છે જમીન પોષાય છે જમીનને જોઇતો પુરતો ખોરાક મળે છે અને તેથી જમીન

તદુરસ્ત રહે છે મુડદાઓ દટાવાથી જમીન તેમાથી પોતાનો ખોરાક મેળવે છે અને તે વડે પોતાને પોષી તદુરસ્ત રહી તદુરસ્તી પ્રસારે છે માણસોના શરીર માટીના તત્વોના બનેલા હોય છે તે માટીના તત્વોથી પોષાય છે તેમા બીજા તત્વો ખચિત હોય છે પણ માટી મુખ્ય હોય છે મડદાઓ દાટવાથી માટી પાછી માટીને સોપાય છે સર્વ તત્વો પોતપોતાના તત્વોમા મળી જાય છે ઝાડમા નવા પાન આવવાના થાય ત્યારે જુના ખરી પડે છે ખરેલા પાન (પાદડા) પડયા સડયા સડી માટી થઈ જાય છે એમ જમીનમાથી લેવાએલુ ધન જમીનને સોપાતુ આવે છે હવે જેટલા મડદા બાળવામા આવે છે તેટલા જમીનના ખોરાકમાથી ઓછા થાય છે આ ઓછા થવાથી જમીનના કસમા–તદુરસ્તીમા ફેર પડે છે કસમા–તદુરસ્તીમા ફેર પડવાથી નાકિસ પયદાવાર નીપજે છે નાકિસ પયદાવાર માણસ અને જાનવરોના ઉપયોગમા આવતા બીમારી અને રોગ ફાટી નીકળતા હોય તો એમા શુ નવાઇ છે? જમીન દટાએલા મડદાઓમાનો પાણીનો ભાગ પોતામા ચુસી લે છે અને તેમને માટી બનાવી મુકી દે છે અને તેથી જમીનનો કસ વધે છે બાળવામા બળતી વખતે જે બદબુ દુર્ગંધ ફેલાય છે તેથી હવા ખરાબ થાય છે દાટવામા આવો પ્રસગજ ઉભો થતો નથી મુડદામા લગારે બદબુ અથવા દુર્ગંધ ઉત્પન્ન થવા પામે તે પહેલા તો તે જમીનને સોપાઇ જાય છે અને તેથી તેની કાંઈ અસર બહાર હવામા થવા પામતી નથી જ્યારે દાટવાથી જમીનનો કસ અને જમીનની તદરૂસ્તી વધે છે ત્યારે બાળવાથી જમીનનો કસ ઘટે છે બળેલા મડદાની રાખ જ્યા પડી હોય છે ત્યાની

જમીન ઉજ્જડ થઇ જાય છે દાટવાથી હાડકાઓનો લાઇમ પોટાસ અને ફોસફરસ વિગેરે જમીનના અ શ બની જાય છે, અને એવી જમીનમાથી જે પાણી નીચેને નીચે વહી બીજી જગ્યાએ નીકળે છે તે હાડકાઓના ચુનામા ગળાઇ ફીલ્ટર થઇ ફોસફરસ અને પોટાસના અસર સહીત નીકળે છે હાડકાઓનો ચુનો ફોસફરસ અને પોટાસ તદુરસ્તીના માટે અગત્યની વસ્તુઓ છે પણ બાળવાથી જમીનને એ ચીજો મળતી નથી દાખલા તરીકે કબ્રસ્તાનમા જે કુવો ખોદવામા આવે છે તે કુવાનુ પાણી બીજી જગ્યાઓના કુવાના પાણી કરતા ચઢીઆતુ હોય છે સ્વાદમા એ સારૂ હોય છે અને તદુરસ્તી વધારનારૂ હોય છે ગ ગા નદીનુ પાણી બીજા નદીઓના પાણી કરતા ચડીઆતા હોવાના અનેક કારણોમાનુ એક કારણ એજ છે કે તેમા બળેલા મુડદાઓના હાડકાઓ ઘણા નાખવામા આવે છે જો કે આ હાડકાઓમાના પોટાસનો અને ફોસફરસનો ઘણો ભાગ બળી ગયો હોય છે તો પણ જે થોડો ઘણો રહ્યો છે તે ગ ગા જળને એટલે દરજે ચઢીઆતુ બનાવે છે ત્યારે જ્યા મુડદાઓ દાટવામ આવે છે, જ્યા હાડકાઓમાનો ચુનો ફોસફરસ અને પોટાસ નાબુદ થતા નથી, ત્યા પાણી અતિ ગુણકારી હોય એમ માનવુજ પડશે

ધર્માભિલાસી—વળી આપણે જેને ચાહતા હોઇએ, જેના માટે આપણને માન હોય, જે આપણને પુજ્ય હોય તેને મરતાની સાથે તરતજ આમ બાળી મુકીએ એ ખ્યાલ પણ કેટલો દુ ખદ છે પોતાના પ્રિયને બાળવા વાસડાઓના હડસેલા અને ધોકા મારીએ એ મન ઉપર કેવો આઘાત

કરે છે તેમ કરવુ મનને પસદ આવતુ નથી, મન પાછુ પડે છે છતા કઠોર મનના થઈ તેમ કરવુ પડે છે આવી કઠોરતા શુ ઇચ્છિત હોય? આપણે મડદાઓને બાળી તેમની જીદગીની નિશાનીનો નાશ કરીએ છીએ આ નાશથી તેમની ભાવનાઓનો, પ્રજાની લાગણીઓ અને ભાવનાઓનો નાશ થાય છે, મુડદાઓ બાળવાથી તેમનો નિશાન ન રહેવાથી આપણે તેમની જીદગીની કારકિર્દીઓનું નિશાન ગુમાવીએ છીએ જ્યારે કબ્રસ્તાન મરેલાની કારકિર્દીઓ અને ચારિત્રો નજરની સામે ખડા કરી તેમની ભાવનાઓ આપણામા પ્રેરનાર જીવતુ સાહિત્ય રૂપી સાધન હોય છે

ધર્માભિમાની—તમે સહુ વિશ્વધર્મીઓ તો ભાવનાને પોષવાની વિરૂદ્ધ છો ત્યારે અહી ભાવનાઓ અને લાગણીઓની વાત શા માટે કરો છો?

વિશ્વપ્રેમી—જે ભાવનાના પોષણથી સમાજને નુકશાન પહોચતુ હોય તેવી ભાવનાના પોષણ વિરૂદ્ધ છીએ, પણ જેનાથી સમાજને લાભ હોય તેવી ભાવના વિરૂદ્ધ નથી, કબ્રસ્તાન વડે મરેલાઓની કારકિર્દીઓ જીવતી રહે છે પ્રજાને તેમાથી પ્રેરણા મળે છે, એ લાભ જેવો તેવો નથી જો કોઈ વહાલુ મરી ગયુ હોય તો તેની છબીને પ્રેમથી વહાલથી સાચવીને તેને ફુલોના હાર પહેરાવીએ, તેની કોઈ ચીજ યાદગીરીની પાસે હોય તો તેનુ કાળજીપુર્વક જતન કરીએ પણ તેના શબને તરતજ અગ્નિમા હડસેલી મુકીએ એ આપણી સમાજની અનેરી રીત છે

ધર્માભિલાસી—બાપડા મરનારાના આત્માને પણ પોતાની શબની સાથે આવી વર્તણુક થતા જોઈ કેટલુ બધુ

દુ ખ થતુ હશે ? એના મુકાબલામા જે પ્રજાઓમા માનપુર્વક ન્હાવરાવી ખુશબુદાર અને સુગધીદાર પદાર્થો ચોળી મસળી કફનાવી માન આબરૂ અને ગભીરતાની સાથે કબ્રસ્તાનમા લઈ જઇ ધરતી માતાના પેટમા જેમાથી જન્મ્યો હતો તેમા દફનાવવાની રીત ચાલુ છે તે કેવી આત્માને શાતી દેનારી અને ખુશ કરનારી છે ! તેની નિશાની કાયમ રહે છે તેની ભલાઇઓ અને નેકીઓ યાદ આવતા તે જગ્યાએ જઈ શકાય છે મનમા તેની ઉચ્ચ ભાવનાઓ પ્રેરાય છે તેના પગલે ચાલવાનુ સ્મરણ થાય છે અને મનને એક પ્રકારની શાતી મળે છે આત્મા પણ પોતાની કબરની મુલાકાતે આવેલા સ્નેહી યાત્રાળુને જોઇ કેવો ખુશ થાય છે ?

ધર્માભિમાની—આત્મા દેહી ત્યાગ્યા પછી તેની દેહીની ચિતા કરતો નથી

વિશ્વપ્રેમી—એ તમે કેવી રીતે જાણ્યું ? આત્માના ઉપર દેહીના સસ્કાર રહે ત્યારે શુ દેહીના ઉપર આત્માના સસ્કાર નહી રહેતા હોય ? મરણ પછી એક બીજાની સાથે કાઈ સબધ નહી રહેતો હોય ? આપણે જેને ચાહતા હોઇએ અને આપણો પ્રિય જન હોય તેને કાઈ દુ ખ થાય છે ત્યારે જો કે તેનુ શરીર આપણા શરીરથી તદ્દન જુદુ હોય છે છતા આપણને પણ દુ ખ થાય છે એ આપણો આત્મા શા માટે એ દુ ખ અનુભવે છે ? એટલાજ માટેને કે તેને એની પ્રતિ લાગણી હોય છે ? શુ આત્માને તેના શરીર પ્રતિ મરણ પછી લાગણી નહી રહેતી હોય ? નથી રહેતી એ કહેવુ ઘણુ મુશ્કેલ છે તમે જે ઘરમા રહેતા હો તે ઘર વેચી નાખો છો, વેચ્યા પછી તે પારકાની મિલ્કત

બને છે, તે તમારે રહેતા નથી છતા જ્યારે સાભળો છો ત્યારે તમારા આત્માને દુ ખ થાય છે કે નહી? તેથી જો આત્મા મર્ણ પછી પોતાના દેહીથી આકર્ષાએલો રહે તો એમા શી નવાઇ? હા, વખત ગયે તે દેહીને વીસરી જાય તો તે જુદી વાત છે પણ આ તો મરણ પછી તરત દેહીને સાથે અગ્નિના સસ્કાર કરવામા આવે છે જ્યારે દાટવાની રીતમા આવો ભય હોતો નથી એટલે દાટવાની–દફ્નાવવાની રીત ઉત્તમ છે એમ માનવામા શો વાધો છે આપણામાએ મહાન પુરૂષો, સાધુસતોને દાટવામાજ આવે છે એ રીતે માત્ર સામાન્ય સર્વના માટે હોય તો ઘણુજ સારૂ થાય એટલુજ અમે કહિયે છીએ વળી તમે જે કહ્યુ કે, આત્મા દેહી ત્યાગ્યા પછી તેની દહીની ચિતા કરતો નથી એ બધા આત્માના સબધમા ખરૂ હોઇ શકે નહી જે આત્મા જ્ઞાનવડે પ્રકાશીત થયો હોય છે જે પોતાની દેહીને એ જ્ઞાનના પ્રભાવવડે પોતાની માનતો હોતો નથી–જે દેહીને માત્ર એક વાહન સમાન ગણતો હોય છે તેવા આત્માને પોતાની દેહીની ચિતા ન થતી હોય એ માની શકાય, પણ બધા આત્માઓ એવા જ્ઞાનથી રગાએલા હોતા નથી ત્યારે સર્વની દેહીઓને માન અને આબરૂની સાથે જમીનમા પરદેપોશ કરી દઇએ એજ આપણા માટે બહેતર અને ઉત્તમ રસ્તો છે

ધર્માભિમાની—તમે તમારા વડવાઓ કરતા વધારે ડાહ્યા છો? તમને જે દેખાયુ છે તે તેમને દેખાયુ નહી હોય? તેઓ આ બધુ સમજ્યા નહી હોય? તમે યવનો અને મલેચ્છોની–કે જેમના સ્પર્શ માત્રથી આપણે અપવિત્ર

થઇએ, રીતને પસદ કરી તમારા વડવાઓના મહાતમ્યને લાછન લગાડો છો, એ શુ સમજી શકતા નથી? માટે કાળા કાળની રીત એજ ઉત્તમ છે

વિશ્વપ્રેમી—હુ વડવાઓ ઉપર કોઈ પ્રકારની ટીકા કરતો નથી તેમજ તેમને લાછન લગાડતો નથી તેમને વિચારતા જે ઉચિત જણાયુ તે પ્રમાણે તેમણે કર્યુ એમા બેશક તેમની વડાઈ અને મ્હોટાઇ હતી પરતુ હુ તો આપણા વિશે કહુ છુ આપણે વિચારીએ છીએ કાઈ, અને કરીએ છીએ કાંઈ આપણા કૃત્યો, આપણા વિચાર અને આપણી સમજ પ્રમાણે હોતા નથી આ રાત દિવસની રેહેણીની ઘણી બાબતોના આપણા વડાઓથી જુદા પડી જુદી રીતે વર્તતા હોઈએ તો આવા અગત્યના મહાન વિષયમા આપણા વિચારો અને માન્યતાઓ ને અનુસરી આપણે ચાલીએ તો એમા વડવાઓને લાછન લગાડવા જેવુ શુ છે?

ધર્માભિલાસી—ભાઈ દલીલના મુકાબલામા દલીલ હોય વડવાઓની વડાઈની વાતો ન હોય સમજ્યા?

ધર્માભિમાની—અમે તો ક્યારના સમજ્યા છીએ તમે બધા મુસલમાનોની ભુરકીમા આવી ગયા છો તમને જેમ દોરે છે તેમ દોરાઓ છો, પણ મારા સાહેબ! આપણી આર્ય ભુમી અને આર્યધર્મની ખુબીજ એ છે એ સમજવાની આપણામા શક્તિ નથી આપણા ધર્મ શાસ્ત્રોનો અભ્યાસ તે કાઈ બચ્ચાઓની રમત નથી માત્ર સસ્કૃત ભાષાનુ વ્યાકરણ શીખવવામા દસ પદર વરસ વહી જાય છે એવો તો આપણા ધર્મ શાસ્ત્રોનો મહિમા છે તમે થોડુ ઘણુ

પોપટીયા જ્ઞાન મેળવી એ કોયડા ઉકેલવા મથો તો ક્યાથી બને ? એતો આપણા વિદ્વાન પડિતોનાજ કામ છે

વિશ્વપ્રેમી—એ મહિમા અમે ક્યા માનતા નથી અમારા દેશના એવા ઉચ્ચા સાહિત્ય માટે તમારા જેટલોજ ગર્વ ધરાવીએ છીએ પણ જો એ સમજવાની આપણામા શકિત નહોય અથવા તને શીખવામા આખી જીદગી અર્પણ થઇ જતી હોય તો એ આપણા માટે હોય નહી આપણા માટે સમજી શકીએ એવુ સ્હેલુ અને સરળ શીખી શકીએ એટલુ જરૂરી થોડુ હોય તો ઘણુ છે સમજ્યા વગર ઘણુ કરવા કરતા સમજીને થોડુ કરવુ એજ શ્રેયકર અને લાભ દાયક છે ધર્મ આત્માને માટે હોય છે જ્યારે આત્મા સમજેજ નહી ત્યારે એ ધર્મથી શુ ગાએ શાનો આજે હજારો વર્ષથી એકઠા થતા આવતા એ વિધવિધ—શાસ્ત્રો રચી કાઢવા માટે આપણા પડિતોને ધન્યવાદ આપીએ, પણ તે આપણે શા કામના ? શીખ્યા વગર સમજાય નહી અને શીખવા જઇએ તો જીદગી તેમાજ જાય અને લોકોના પુન્ય દાન ઉપર જીવવાનો વખત આવે, આધળાની પેઠે દોરવાયા કરતા ઇશ્વિરે જે બુદ્ધિ આપી છે તેનો ઉપયોગ કરીએ તોજ કલ્યાણ થાય, સમજ્યા સાહેબ ?

ધર્માભિમાની—ભાઇ ! જ્યારથી વિશ્વધર્મ મડળની સ્થાપના કીધી છે અને તેમાએ પેલા ઢેડાને પેસવા દીધો છે ત્યારથી અમે તો તમારી આશા મુકી છે

એટલામા "ચાલો ભાઇઓ" ની બુમ પડી સભા ભળી ચુકર્યું હતુ સહુ અમૃતધારામા સ્નાન કરવા જતા હતા એટલે આ પણ તેમનામા જઇ ભળ્યા

બેગમ સાહેબની બાજી.

નુરિયો પોતાની બાલા (મારી) મારફત સર્વ હકીકત બેગમ સાહેબાને કહેવરાવે છે બેગમ સાહેબા સુધરેલા વિચારના, ભણેલા અને સમજુ હોઇ લગારે ઉશ્કેરાયા વિના સર્વ હકીકત સાભળે છે, તેમને અબ્બુ અને નબ્બુ ઉપર અગાઉથી કાંઈ શકા હતી એટલે તે હકીકત માનતા અચકાતા નથી તેમને અબ્બુ નબ્બુ અને નવાબ સાહેબ ત્રણે ઉપર ઘણો ગુસ્સો આવ્યો પણ સાથે સાથે નવાબ સાહેબને સુધારવા રમુજી બાજી સુઝી તેમણે નુરિયા અને મારીઆને વિશ્વાસમા લીધા અને મિસ મેરીને બાલાની હકીકતથી વાકેફ કરી મિસ મેરી આ નહી ધારેલી કે સ્વપ્ને પણ ન આવી હોય તેવી વાત જાણી ઘણી બ્હીની અને તાજુબી પામી બેગમ સાહેબે નવાબ સાહેબને સુધારવાની જે બાજી મનમા ગોઠવી હતી તે બાજીમા મિસ મેરી ઘણી મુશ્કેલીથી ભળી તેણીને ડગાવનારા ઘણા વિચારો આવ્યા પણ હિમતવાન અને દ્રઢ મનની હતી તેનાથી બેગમ સાહેબનુ વેણ ઠેલી શકાય તેમ હતુ નહી તેથી તેણીએ હીમત કીધી તેણી નવાબ સાહેબ માટે બહુ માન ધરાવતી હતી અને તેઓ બુરી સંગતથી બચી સુધરે એ બગ જીગરથી ચાહતી હતી તેથી તે બેગમ સાહેબાની સહકારી બની નવાબ સાહેબને બેગમ સાહેબ જેવી સ્વરૂપવાન, ચારિત્રવાળી ખાનદાની અને ભણેલી ગણેલી પત્નિ હોવા છતા પોતે કેમ પસદ આવી હશે? અને પોતા માટે એવી નીચ યુક્તિ કેમ રચી શક્યા હશે એ સમજી શકી નહી તેણીને તેના પાળક પિતાની કલ્પનાપુરી આવતા વખતની શીખામણ યાદ આવી

ખરેખર "જેટલુ ઉજળુ એટલુ દૂધ હોતુ નથી" અબ્બુ અને નબ્બુ નવાબ સાહેબના મુસાહેબો હોવાથી ગૃહસ્થોમા ખપતા હતા અને નવાબ સાહેબ ભણેલા ગણેલા હોઈ નેક અને સમજુ ગણાતા હતા પણ ભીતરમા આવા નીચ કાવત્રાબાજ હતા એ જાણી તેને વણો અચબો થયો તેણે આયદાથી સાવચેતી પુર્વક રહેવાનો અને જેટલુ ઉજળુ એટલુ દૂધ નહી સમજવાનો નિશ્ચય કર્યો, તેને તેના પાળક પિતાની શીખામણ અક્ષરક્ષ ખરી લાગી શાદી લાયક ઉમર થએ શાદી ન કરવી એ હમેશા ભયમા રહેવા બરાબર છે જવાન થએ બેટીની પહેલી ફરજ શાદી કરી લેવાની છે એ હવે તેને સ્પષ્ટ સમજાયુ બેગમ સાહેબાની બાજીમા સહકારી થવાથી તેણીએ જોખમ વ્હોર્યુ છે એમ તેને જણાયુ પણ બેગમ સાહેબે તેને વાકેફ કરી બચાવી હતી એ એહસાન બેગમ સાહેબાનુ કાઇ થોડુ હતુ નહી એ વિચાર આવ્યાથી તેણીએ પોતાનુ મન મજબુત કરી લીધુ

જુમેરાતનો દિવસ આવ્યો "નિશાતબાગ"ના દિવાનખાનાને ઘણોજ શણગારવામા આવ્યો સાજના ચાર વાગ્યા પછી બાગના કોઈપણ માણસને અદર રહેવાની મનાઈ થઈ આ બાગ બેગમ સાહેબાને જહેઝમા મળેલો હોઈ અને તેમની મિલ્કત હોઈ તેનો માળી નવાબ સાહેબ કરતા બેગમ સાહેબાને વધારે આધિન હતો અને તેથી તે આજની બેગમ સાહેબાની બાજીનો સાથી હતો નિશાત બાગનુ દિવાનખાનુ મોગલાઈ ઘાટનુ હતુ, તેની એક બાજુ ખુલ્લા ચોકમા પડતી હતી અને ત્રણ બાજુઓએ ઓરડાઓ હતા, જેના દરવાજાઓ દીવાનખાનામા ઉઘડતા હતા આમા

અંગ્રેજી ફેશનનુ ફર્નીચર ગોઠવવામા આવ્યુ હતુ નવાબ સાહેબ રાત્રે નવ બજે પધારવાની વરધી આવી હતી

બેગમ સાહેબાએ આજે સાંજે લેડીઝ પરદા પાર્ટીમા જવાની રજા મંગાવી હતી જે ખુશીથી આપવામા આવી હતી બેગમ સાહેબાના સાંજના છ બજ્યાથી રાતના બાર સાડાબાર સુધી પાર્ટીમા રોકાએલા રેહવાના સંભવથી નવાબ સાહેબ ખુશ થયા હતા

નિશાત બાગમા ઇશ્ક બાજી

સાંજના સાડા પાંચ થતા બેગમ સાહેબ પોતાની સર્વ ખવાસો (દાસીઓ) સહિત લેડીઝ કલબની પરદા પાર્ટીમા જવાનુ કહી મહેલમાંથી રવાના થઈ જાય છે સંધ્યા થઇ જતા મીરઝા, નરગિસ તથા બીજા બે જણ બગીચામા આવી સંતાઈ જાય છે નવાબ સાહેબ રાત્રે નવ બજે ઘોડા ગાડીમા પધારે છે અબ્બુ ગાડી હાંકે છે અને નબ્બુ સાઈસી કરે છે ગાડી સાળીને સોંપી બંને જણા નવાબ સાહેબની સાથે દિવાનખાનામા જગ્યા લે છે નવાબ સાહેબને તેઓ ખુશ પાઠ ભણાવે છે સાડા દસ વાગે છે ત્યારે અબ્બુ મિસ મેરીને ટેલીફોન કરે છે મિસ મેરી ટેલીફોન પર આવે છે અને તેને કહે છે "નિશાત બાગમે એક મુલાકેમા મરીઝા (બીમાર નોકર બાઈ) હૈ ઉનકી હાલત ખરાબ હૈ નવાબ સાહેબ ગાડી ભેજ રહે હૈ લેહાઝા આપ મહેરબાની ફરમાકર તશરીફ લાએ ઔર ઉસે દેખ જાએ" મીસ મેરી તૈયાર હોય છે એટલે જવાબ આપે છે "બહોત ખુબ મૈ હાઝીર હોતી હુ"

અન્ધા કલાકમા ગાડી મીસ મેરીને નિરાત બાગમા લાવે છે મીસ મેરી ગાડીમાથી ઉતરે છે મીસ મેરીનુ હૃદય ધબકે છે, પણ હિમત રાખે છે નવાબ સાહેબ મીસ મેરીને દીવાનખાનામા લઈ જાય છે હસ્ત મેળાપમા મીસ મેરીને નવાબ સાહેબનો હાથ ધ્રુજતો લાગે છે અબ્બુ નબ્બુ દિવાનખાના આગળથી ગાડી ખસેડી બાજુએ લઈ જાય છે તરતજ ઝાડીમાથી પગથી માથા સુધી કાળા બુરકા પહેરેલા ચાર માણસો નીકળે છે બે જણ અબ્બુને અને બે જણ નબ્બુને ઉપાડી જાય છે ગાડીના ઘોડા બાગનો માલી સભાળે છે અબ્બુ નબ્બુ રાડ પાડવા જાય છે પણ આ કાળા બુરકાપોશ ભુતો મોઢામા લુગડાનો ડુચો ઠોસે છે નવાબ સાહેબ મીસ મેરીને લઈ જઈ વચલા કોચ ઉપર બેસવા કહે છે મીસ મેરી આના કાની કરી કહે છે " અયસી બે અદબી મુજસે નહી હો સકતી આપ કોચ પર તશરીફ રખે મે સામને બેઠતી હુ "

નવાબ સાહેબ—આપ બેઅદબીકા ખ્યાલ ન ફરમાએ ઔર કોચહીપર બેઠે

મીસ મેરી—યે હરગિઝ નહી હો સકતા

નવાબ સાહેબ—ખેર, મે ઔર આપ દોનુ સાથ બયઠે, ઝગડા મિટા

મીસ મેરી—યેભી નહી હો સકતા

નવાબ સાહેબ—(ધ્રુજતા અવાજે,) કયું ?

મીસ મેરી—(શરમાતા) ઝાહિર હૈ ગૈરમર્દ ઔર ગૈર ઔરતમે ફાસલા (દુરી) હોના ઝરૂરી હૈ

નવાબ સાહેબ—યે તો આજકલકા ફેશન હય

મીસ મેરી—મુસલમાનોકા ફેશન નહી યે યુરોપિયન લોગોમે હોગા અલહમ્દો લિલ્લાહ મુસલમાનો મે કિતની ગેરત બાકી હે

નવાબસાહેબ—મગર તુમારે માથકા યે કાનલા (કરી) મે મિટાના ચાહતા હુ

મીસ મેરી—જીન કાસલેકો ખુદા વ રસુલ (સલ૦) ને કાયમ કિયા હો ઉસ્કો આપ કયસે મિટા સકતે હે ?

ખુદ વ રસુલનુ નામ સાભળી નવાબ સાહેબને થરથરાટી છુટે છે આચકો ખાય છે તેમની ઇમાનની લાગણી સતેજ થાય છે પણ પડી ગએલ કુટેવ અને વિષય અંધતા વિજય મેળવે છે કહે છે–

"લેકિન મેરે ખયાલમે અબ કાનલા રહા હી કહા હે ? તુમતો મેરે દિલમે જગા કર ચુકી હો"

મીસ મેરી—(શરમાઈ જાય છે પણ અણજાણ બની) આપકા શુકિયા અદા કરતી હુ મગર હા, મરીઝ (બીમાર સ્ત્રી) કહા હે ?

નવાબસાહેબ—મોઆફ કરમાએ, યહા મરીઝાતો કોઈ નહી, બેશક મરીઝ (બીમાર પુરૂષ) હાજિર હે

મીસ મેરી—મે મર્દોકા ઈલાજ નહી કરતી તાહમ આપકી ખાતિર ઉસ્કોભી દેખ લુગી જલ્દ બતલાઈએ વોહ કહા હે ?

નવાબ સાહેબ—કયા ગઝબ કરતી હો કયા આપને અબતક મરીઝકો નહી દેખા ?

મીસ—નહી તો

નવાબ સાહેબ—યેહ (પોતા તરફ ઈશારો કરી) કયા

ખડા હૈ?

મીસ મેરી—હૈ! યહે આપ કયા ફીકરમા રહે હૈં?

નવાબ સાહેબ—દર્દે દિલ સુના રહા હુ ખુદારા જલ્દ ઈલાજ કરો

હાથ ખુલ્લા કરી બાથમા લેવા આગળ વધે છે મીસ મેરી પાછળ હઠી—ગભરાઈ—ગુસ્સામા આવી કહે છે—"નવાબ સાહેબ! આપ યેહ કયસી ઉખડી ઉખડી બાતે કરતે હૈ?"

નવાબ સાહેબ—મજબુર હુ, મેરે હોશ બજા નહી

મીસ મેરી—યેહ બદ હવાસી ઓર મદહોશીકી વજહ, સબબ?

નવાબ સાહેબ—આહિર હૈ ઇશ્કકી બલામે મુબ્તેલા હુ

મીસ મેરી—કિસ્કા ઇશ્ક?

નવાબ સાહેબ—કયા ખુબ! ગોયા અબતક સમઝીહી નહી

મીસ—કયા ઈસ્લિએ મુઝે બુલાયા હૈ

નવાબ સાહેબ—ફીર ઔર કિસલિએ?

મીસ મેરી—તબ મરીઝોકા હીલા કયુ કીયા?

નવાબ સાહેબ—ઓર કોઈ ચારહી ન થા ઇસકે બગેર ચારાહી નથી

મીસ મેરી—સરકાર! મૈ ઇસ કાબિલ નહીં આપકો યેહ ઝેબા નહી ઇસ તરાહ કે હીલે રવા નહી

નવાબ સાહેબ—મનઝિલે ઇશ્કમે સબ કુચ્છ રવા હૈ

મીસ મેરી—ગલત હૈ જીસમે મક્ર ફરેબ, દગાસે કામ લિયા જાય વોહ ઇશ્ક નહી વોહ બુલહવસી હૈ વોહ

શહવત પરસ્તી હય ઇશ્કમે કશિશ હોતી હૈ અસર હોતા હે, અગર આપમે ઇશ્કકા સચ્ચા જઝબા હોતા તો મેરે દિલમે ઉસ્કા અસર હોતા, લેકિન ઇસકે બજાએ મેરે દિલમે આપકી તરફ નફરત પૈદા હો રહી હય નવાબ સાહેબ! મુજહે આપસે યેહ ઉમીદ હરગિઝ ન થી મે બસદ અદબ અર્ઝ કરતી હુ કે આપકો મેરી તવહીન (અપમાન) કરનેકા કોઈ હક હાસીલ નહી

નવાબ—હે હે !! મે તુમ્હારી તઝલીલ વ તવહીન કરૂ યેહ મુમકિનહી નહી મેતો તુમ્હારી ઈઝઝત ઓર બઢા રહા હુ

મીસ મેરી—કયા વાકઈ આપ મેરી ઇઝઝત બઢા રહે હૈ ?

નવાબ—ઇસમે શકહી કયા હૈ ?

મીસ મેરી—તમતો બા કાયદા પયગામ (સદેશા) ભેજનાથા મે ઉસપર ગોર કરતી ઓર જવાબ દેતી

નવાબ—તુમ સમઝી હી નહી અગર મેરે બેગમ નહોતી તો શાયદ અયસાહી કરતા

મીસ મેરી—ઇસકે મઅની તો સાફ યેહી હૈ કે આપ ખુદા વ રસુલ કે હુકમ કે ખિલાફ (વિરૂધ) તઅલ્લુક (સબંધ) પૈદા કરના ચાહતે હૈ યેહ મેરી તઝલીલ વ તવહીન નહી તો કયા હે? એક મુસલમાન કે હાથો મુસલમાન ઓરત ઝલીલ હો યેહ કિસકદર શર્મકી બાત હે ? મે અયસી તવહીનકી ર્વાદાર નહી

નવાબ—" કાફિરે ઇશ્કમ મુસલમાની મરા દરકાર નીસ્ત (હુ ઇશ્કનો કાફીર છુ મને મુસલમાનીની દરકાર નથી)

મીસ મેરી--મગર અલહમ્દો લિલ્લાહ મૈ તો મુસલમાન હુ મય યાદ દિલાના ચાહતી હુ કે સરકશ (મગરૂર) કાફિર મુસલમાનકે પાઉકી ઠોકરે ખાતા હય

નવાબ ક્રોધે ચઢે છે—" કયા તુમ મેરી દરખાસ્તકો રદ કરતી હો "

મીસ મેરી—બેશક બદકે ઉસપર નફરત કરતી હુ

નવાબ—દેખો મે કોન હુ ઇસકા ખ્યાલ કરો મે ફિર તુમ્હે ગોર કરનેકા મવકા દેતા હુ મેરી ઈઝઝત–મેરી શાનોશવક્ત મેરી તમકનત ઓર ઉલુ મરતબતકો દેખો ગુલ્શનાબાદકા નવાબ તુમ્હે ચાહ રહા હય, કોઈ મામૂલી (સાધારણ) આદમી નહી

મીસ મેરી—મામૂલી આદમી મેરી નિગાહમે આપસે બ દરજહા બ્હેતર હય વોહ અપનો આદમીયત કે બલપર જીતા હય ઓર આપ ઈન નુમાયશી આરઝી ઓર ફાની ચીઝો કે બલપર ઈતરાતે હય આપ અપની કીમત કરાનેકે લિએ ઇન સબ ચીઝો કે મોહતાજ હય અગર આપકે પાસ યેહ દૌલત અવર શાનો શવકત નહોતી તો આપ ઝાતસે કોઈ ચીઝ નહી એક મઝગએ ગોશ્ત* સે ઝયાદા કુછભી નહીં. ઈત્તિફાક સે શરીફ ઘરમે પયદા હુવે, શરીફ કહેલાએ વિરસેમે દોલત મિલી, દોલતમદ બને ઈસ પર લગે ફખ્ર કરને ઓર ઈતરાને આદમી વોહી હય જો ઈન ચીઝોકે બગેર ફખ્ર કર સકતા હો નવ્વાબ સાહબ ! ઈન ફાની ચીઝોકી કીમતકો અપની ઝાતકી કીમતસે બઢા રહે હો યે તો ફરમાઈયે કે આપ બડે યા આપકી યેહ ચીઝે બડી ?

* માસનો લોચો

નવાબ—બેશક, મે બડા યે ચીઝે તો મેરી ગુલામ હય

મીસ મેરી—ફિર આપ ઈન ચીઝોકો કયુ ગિનવા રહે હો ? જબ મે આપહીકો નિગાહમે નહી લાતી તબ ઈન ચીઝોકો કયા ખ્યાલમે લાનેવાલીથી

નવાબ—તુમ તુમ્હારી હયસીયત ભુલકર બાતે કરતી હો

મીસ મેરી—ઓર આપભી અપની હયસીયત ભુલ રહે હે બુરા ન માનીએ, ઈનસાન મીટકર હયવાન બન રહે હૈ

નવાબ—(અતિ ક્રોધમા આવી) કયા મૈ હયવાન ?

મીસ મેરી—શહવત પરસ્ત ઇનસાન (કામાંધ પુરૂષ) બેશક હયવાન હૈ

નવાબ—હયવાન કેહનેકા દેખ નુકસાન અભી ખીચ લેના હુ ઝબાન

મીસ મેરી—અલ્લાહ, તેરી શાન કયસા ગાફિલ ઈનસાન !

નવાબ ગુસ્સામા દીવાના જેવો બ્હાવરો બની જાય છે કાંઈ શોધતો હોય તેમ ચારે તરફ ગુસ્સામા ધુમે છે એવામા આઠ દસ જણ એકે અવાજે બડબડ હસતા હોય તેવો અવાજ કાને પડે છે તે ચમકે છે-"હે યેહ કેહકહા કયસા ? મે સમઝા અબ્બુ ઓર બબ્બુ મેરી હસી ઉડા રહે હય, અબ મે ઈન્કે હાથો જિયાદા ઝલીલ ન હોઉંગા"

મીસ મેરી તરફ ફરી આગળ ધસી હાથ પકડી "લો માનતી હો યા નહી ?'

મીસ મેરી—હોશમે આઓ દુર હટો વરના સબ શેખી ભુલ જાઓગે ઉમ્રભર પચતાઓગે

નવાબ—યા અલ્લાહ યેહ કયગી રૂમવાઇ હે ?

મીસ મેરી—તુમ્હારી એ હયાઇ હય

નવાબ—મેરે હાથો તેરી તબાહી હય

મીસ મેરી—ખુદાકે સિપુર્દ મેરી અસમતપનાહી હૈ ખુદાનુ નામ સાભળી થોભે છે પણ જકે ચઢેલો હોઇ પાછો આગળ ધસે છે, મીસ મેરી વિક્રાળ સિહણની જેમ મુકાબલો કરે છે અને કહે છે–"બસ કરો વરના ઓરતકે હાથો ઝેર હોનેમે ઇઝ્ઝત નહીં"

નવાબ—જબ મેરા ગુસ્સા ભડકતા હે તબ મૈં શેરોકી ભી પરવા નહી કરતા તુમ બિચારી ઔરત કયા હકીકત રખતી હો ?

મીસ મેરી—ઐસા ?

નવાબ—હા ઐસા

મીસ મેરી—તબ દેખો ખુદાને મેરી ઇમદાદ કી તુમ્હારે સર પર વોહ બલા આઇ નવાબ પાછુ ફરી જુએ છે તો પગથી માથા સુધી તદ્દન કાળા લિબાસના બુરકામા છુપાએલી એક મૂર્તિ હાથમા પીસ્તોલ ઉગામો ઉભેલી દેખાય છે તેને જોતાજ નવાબના હોશ ઉડે છે, પણ બહાદુર હોઇ હીંમત લાવી તેને પુછે છે–"બતા તુ કૌન હૈ ?"

મૂર્તિ—મે કાલા દેવ હુ તેરી જાન લેને આયા હુ

નવાબ—અયસા ! અચ્છા તો મૈભી જાન લીએ બગયર જાન નદુગા અબે ઓ અબ્બુ ! અબે ઓ નબ્બુ ! લા મેરી તલવાર

મૂર્તિ—તલવાર કે આનેસે પેશતર યે પિસ્તોલ તેરા ખાતમા કરદેગા અગર જાન બચાના ચાહતા હય તો લિખ ઈસ કાગઝ પર કે " મય સિવાએ મેરી બેગમ કે ગયર અવરતોકો મા બહેન સમજુગા, અવર અબ્બુ નબ્બુ કો મુસાહિબતસે દૂર કરૂગા ' વરના તુઝે ઝિન્દા ન છોડુગા દીગર યેહ કે તુને ઈસ અવરતકી–પાક બાઝ અવરત કી તવહીન કી હય ઈસકી ઉસકે પાસ મોઆફી માગ અવર મેરે કદમો મે સર ઝુકા તાકે મે તુઝે ઝિન્દા છોડદુ

નવાબ—મે મુસલમાન હુ ખુદાકે સિવા કીસી કે સામને સર નહી ઝુકાતા બેશક મે ગુનેહગાર બદા હુ, મગર કાફિર નહી કે તેરે સામને સર ઝુકાઉ તુઝકો પિસ્તોલ ચલાના હો તો ચલા મે ભી અપની તલવાર લાતાહુ

નવાબ તલવાર લેવા પાછો ફરે છે એટલામા ત્રણ બાજુના દરેક ઓરડાના દરવાજા ફડાફડ ઉઘડે છે અને તેમાથી બીજા આઠદસ કાળા દેવો નીકળી પડે છે અને નવાબને ઘેરી લે છે નવાબ બે બાકળો થઈ જાય છે લખી આપવા તઈયાર થાય છે એક કાળો દેવ કાગળ કલમ અને ખડીયો હાજર કરે છે નવાબ લખાવ્યા મુજબ લખી આપે છે "બુરી સોહબતકા નતીજા દેખા? તેરે બદમઆશ મુસાહિબ અપને પેટ ભરનેકે લીએ તુઝે બરબાદ કર રહે હય આખેરત અવર અન્જામ બીનીસે દૂર હટા રહે હય"

મીસ મેરી—મુસીકીખાન કી ખવફે ખુદા કરનેકી–આખેરતકા ખ્યાલ કરનેકી અવર અન્જામબીની કી નસીહત જલ્દ ભુલાદી?

નવાબ—બેશક, મુઝસે નાકાબિલે મોઆફી લગઝિશ

સરઝદ હુઇ મે નિહાયત હી શર્મસાર હુ પચતાતા હુ અવર અપને કીયે પે નાદિમ હુ જનાબા ડાકટરની સાહબા ! મે તુમ્હારી મોઆફી ચાહતા હુ અગર તુમ્હારીસી સીરતદાર અવરતે જિયાદા હો તો દુન્યા મે સે બદીકા બીજ નાબૂદ હો જાય

કાળોદેવ—નવ્વાબ ! તુમમે એહસાસ કા વજીદ દેખકર મે ખુશ હુવા લેકિન તુમકો ઠગનેવાલે મુસાહિબ-હીલે હવાલો સે તુમ્હારા પયસા ખાજાનેવાલે મુસાહિબ અગર દૂર નહી કીયે જાએંગે તો ફિર તુમ ઉનકે દામમે ફ્સ જાઓગે લેહાઝા ઉનકો ઇસી વકત ઝલીલ કરકે નિકાલો.

નવાબ—મે તઇયાર હુ

કાળો દેવ સીટી વગાડે છે એટલે બગીચામાના બીજા ચાર કાળા દેવો અબ્બુ નબ્બુને હાજર કરે છે અહીં કાળા દેવોનો રાફડો ફાટયો હોય તેવુ જોઈ અબ્બુ નબ્બુના હોશ ઉડી જાય છે

કાળોદેવ—હરામઝાદો ! બોલો નવ્વાબને તુમકો રૂપિયે દીયે વોહ કહા હય ?

અબ્બુ—હમને ડાકટરની સાહબા કી નસોં કો ખિલા દીયે

એક કાળો દેવ એક કાળો સાપ જેવો કોરડો ઉગામે છે

નબ્બુ—ભાઇ સચ કેહ દે કે હમને આપસમે બાટ લીએ યહા જુઠ નહીં ચલેગા.

નવાબ—તો કયા તુમને મેરે સાથ દગા કી ?

અબ્બુ—હુઝુર જો કુછ સમજે હમને જો કુછ કીયા હમારે પેટ કે ખાતિર કીયા

નવાબ—નમક હરામો! મે હમેશા તુમ પર ભરોસા કરતા રહા, તુમ્હારી બાતોકો માનતા રહા, તુમકો અપના સમઝતા રહા ઇસ્કા યેહ સિલા? દિલતો યેહ ચાહતા હૈ કે તુમકો અચ્છી સઝાદુ કે દુન્યાકો ઇબરત હો, લેકીન તુમ મેરે નમક પરવરદા હો મુઝકો શર્મ આતી હૈ, તુમ મેરે સામને સે અપના કાલા મુહ લેકર નિકલ જાઓ ઇત્નીહી સઝા કરતા હુ

અબ્બુ નબ્બુને પકડી લાવનાર કાળાદેવો જોડાઓનો મારમારી બન્ને ને હાકી મુકે છે

નવાબ કાળા દેવોને કહે છે—"તુમ કોઇ દેવ હો એસા મે હરગિઝ નહી માન સકતા કીસી તરાહસે યેહ રાઝ ફાશ હો ગયા ઓર તુમને યેહ સાઝિશકી હય લેકીન યે રાઝ કયસે ફાશ હોગયા ઉસકા મુઝકો તઅજ્જુબ હૈ ખૈર કુછભી હો, મુઝે બતાઓ તુમ લોગ દોસ્ત હો યા દુશ્મન હો"?

કાળો દેવ—અગર તુમ ખુદા વ રસુલ કે હુકમો પર ચલો તો દોસ્ત હૈ વરના દુશ્મન હે

નવાબ—મે મુસલમાન હુ ખુદા વ રસુલ કે હુકમે કે ખિલાફ કયસે જા સકતા હુ? લેકિન તુમ મેરે સાથ કયા દુશ્મની કર સકતે હો?

કાળોદેવ—તુમ્હારી બેગમ કો યે બાતકી ઇત્તેલા દી જાયગી ઓર દસ લાખ અશરફીકી મહેરકા મુતાલેબા કરાયા જાયગા

નવાબ આથી ચમકયો જો આવી મ્હોટી મહેરની રકમનો દાવો બેગમ કરે તો તેની આબરૂના કાકરાજ થઈ

જાય એટલે બોલ્યો –" મગર મેને તોબા કી હૈ ઓર આય દાસે એહતિયાત કા અહદ "

કાળોદેવ—તબ હમ તુમ્હારે દોસ્ત હૈ તરતજ કાળો દેવ પોતાના માથા ઉપરનો બુરકો ઉતારી નાખે છે બેગમ સાહેબા નો કાતિવાન ચ્હેરો પ્રગટી નીકળે છે નવાબ ચક્કર ખાય છે, શરમાય છે આગળી કરડે છે, તેને આપઘાત કરી મરી જવા જેવુ થાય છે બીજા કાળા દેવો પણ ઝનાનખાનાની દાસીઓ હતા તેમને જોઈ અતિ શરમીદા બની ઝ ખવાણો પડે છે

મીસમેરી—કયો ઓરતો કે હાથો સે કયસે ઝલીલ હુવે?

નવાબ—સચ હૈ

વધારે તાણતા ટુટી જાય અથવા રખેને કાઇ સાહસ કરી લે એવા ભયથી **મીસ મેરી** અને બેગમ સાહેબા નવાબ સાહેબને દીલાસો દે છે અને સર્વ હકીકતથી વાકિફ કરે છે નવાબ સાહેબની આખ ઉઘડે છે ઝનાનખાનાની વીર નારીઓ કેવા પરાક્રમ કરી શકે છે તે જોઈ શકે છે મીરઝા અને નુરીયા ઉપર નવાબ સાહેબ ઘણા પ્રસન્ન થાય છે તે બન્નેને નવાબ સાહેબ અને બેગમ સાહેબા તરફથી ભારે ઈનામો મળે છે મીરઝાની પાયરી ઉપર ચઢાવવામા આવે છે અને તે નવાબ સાહેબના આખા ગાડીખાના અને મોટરખાનાનો દારોગો બને છે

નવાબ સાહેબ ઘણા સુધરી જાય છે નેકીના કામોમા રોકાય છે પોતાની દોલતનો ઉપયોગ ધાર્મિક સેવાઓમા કરે છે અને દાનિશમદ બેગમની સાથે અપુર્વ સુખ ભોગવે છે

એક લાખનો ચેક.

ઉદ્ધતરાય તેના પિતાની સર્વ ક્રિયાઓ અને કારજથી પરવારી ચુકયો છે આ થોડા દિવસોમા તેણે લોકલાગણી પોતાની તરફ ખેચી લીધી છે સહુ એક જીભે તેના વખાણ કરે છે અને કહે છે કે ગમે તેવો તોપણ ખાનદાની જવાનીમા તો સહુ થોડા ઘણા બ્હેકે છે પણ ધન્ય છે ઉદ્ધતરાય જેવાઓને કે ઠોકર વાગતા સુધરી જાય છે જગમોહનરાયની કરોડોની મિલ્કત અને દોલતનો વારસ અને માલીક બનતા સર્વે વાતાવરણ બદલાઇ જાય છે સરકાર દરબારમાથી મુબારકબાદીઓ મળે છે અમલદારો અને આબરૂદાર શહેરીઓ સહુ સ્નેહ, પ્રેમ અને જુના નાતા અને સબધ દાખવના હાજર થાય છે પણ ઉદ્ધતરાયને તો એકજ લગની છે તેણે મુમીકીખાનના શબ્દો પકડી લીધા છે તે પોતાના માથા ઉપરનુ દુન્યાનુ કરજ ઉતારવાની ચિતામા છે શ્રીમત ખાનદાન છે કરોડોની મીલકત નોકરોને સોપી આ એકજ ફીકરમા રહે છે આજે ઉદ્ધતરાય ચતુરદાસને પોતાની પાસે બોલાવી પુછે છે–"કા ચતુરદાસ ! હવે કાઇ કામ બાકી રહ્યુ નથી "

ચતુરદાસ—જી હા એ વિષેનું હવે કાંઈ કામ બાકી રહ્યુ નથી

ઉદ્ધતરાય—ત્યારે ચતુરદાસ આશ્રમને દેવાના રૂપીયા એક લાખનો ચેક લખી લાવો હુ સહી કરી આપુ

ચતુરદાસ—(એક લાખની રકમ સાભળી ચમકે છે) પણ તમે તો પચાસ હજારની વાત કીધી છે

ઉદ્ધતરાય—એ ખરૂ છે પણ પીતાશ્રીએ એક લાખ

આપવાની ઇચ્છા દર્શાવી હતી એ કેમ ભુલી જાય છે?

ચતુરદાસ—તમે તમારૂ વચન પુરૂ કરવા બધાએલા છો એ જીવ્યા હોત તો એમનું ધાર્યું કરત વળી એ વિષે તેઓ તમને કાંઈ વસીયત પણ કરી ગયા નથી

ઉદ્ધતરાય—પિતાશ્રીની ઇચ્છાને માન આપવુ મ્હારી પેહલી ફરજ છે

ચતુરદાસ—એ વિચાર સારો છે પણ એમની ઇચ્છા એમની સાથે ગઈ

ઉદ્ધતરાય—તેમની કરોડોની મિલ્કત હુ ભોગવુ, તે ઉપર તાગડધીન્ના ઉડાવુ અને તેમની ભલી ઇચ્છાઓને અમલમા ન મુકુ એમ કહેવા તુ માગે છે?

ચતુરદાસ—ના સાહેબ હુ એમ કહેતો નથી તેઓએ તમારા છુટકારાની ખુશાલીના આવેશમા એ ઇચ્છા બતાવી હતી, પણ જો જીવ્યા હોત તો બીજા ઘણા પુન્યના કામમા ખરચત આ મુસ્લિમ આશ્રમને આટલી મ્હોટી રકમ આપતા લોકોમા ચર્ચા થશે અને કોઈ હીદુઓના ધર્માદામા ન ખરચતા તેમા ખરચવાથી વગોવાશો અને આપણી નાતજાતમા હલકા પડશો

ઉદ્ધતરાય—હુ અતિ ઘોર પાપ કરવામા લોકોની નિંદાનો લગારે ખ્યાલ કરતો નહી **નામે વિનયરાય હોવા છતા ઉદ્ધતરાય કહેવાતો** તોપણ મને લોકોની દરકાર હતી નહી ત્યારે શુ જેને હુ પુન્યનુ કામ ગણુ—મારી પ્રતિજ્ઞાનું પાલન **સમજાવુ** છુ—મ્હારા વડીલની ઇચ્છાને પુર્ણ કરવુ ગણુ છુ તેવુ કામ કરવામા હુ લોકોની નિંદાની પરવા કરીશ? તુ માને અથવા ન માને પણ મ્હારી તો

એજ માન્યતા છે કે હુ મુગ્મીકીખાનના શ્રાપના કારણે ફસાયો હતો અને તેમની આશીશના કારણે છુટયો છુ મુગ્મીકીખાન મુસ્લિમ આશ્રમના શિક્ષિત છે, મુગ્મીકીખાનના જ્ઞાનથી મને લાભ થયો છે એ જ્ઞાન મુસ્લિમ આશ્રમનું ધન છે એટલે મુસ્લિમ આશ્રમનો એક રીતે મ્હારા ઉપર ઉપકાર થએલો છે એ ઉપકારનો બદલો આ નાનકડી રકમથી વળે તેવો નથી, માટે જલ્દી ચેક લખી લાવ મારે બીજા ઘણા કામ છે, જો ત્હારો જીવ ન ચાલતો હોય તો લાવ ચેક બુક મને આપ હુ પોતે લખી નાખુ

ચતુરદાસ—તમે મુખ્તેયાર છો જેને ચાહો તેને આપી શકો છો, પણ પ્રથમ આટલી મ્હોટી રકમ મુસલમાનોની સસ્થાને આપવી યોગ્ય દેખાશે નહી માટે પહેલાં કોઈ આપણી સસ્થામા એવી મ્હોટી રકમ આપો અને પછી મુસ્લિમ આશ્રમને આપો તો એટલુ બધુ ખોટુ દેખાશે નહી

ઉધ્ધતરાય—આપણી કઇ સસ્થામા તુ અપાવવુ સુચવે છે ?

ચતુરાશ—મને શુ પુછો છો? તમેજ વિચારોને! 'ચકલાઓને દાણો', 'કબુતરોને દાણા', 'પાજરાપોળમા ઘાસ', 'કુતરાઓને રોટલા', 'અમૃતધારામા પકડાતા માછલાઓની મનાઇ', 'ગૌરક્ષા', 'સાધુ સતને સદાવ્રત', 'કસાઇખાનુ કલ્પનાપુરીની મ્યુનિસિપાલીટીની હદની બહાર કઢાવવાનુ ખરચ' ઈત્યાદિ અનેક પુન્યના કામો છે નાતજાતમા તો એથીજ આબરૂ વધે છે અને એક હીંદુને એજ શોભતુ છે"

ઉદ્ધતરાય—ત્હારી સકુચિત દ્રષ્ટિ અને મર્યાદિત

હૃદય લાગણી જોઇને મને તાજુબી થાય છે એ સર્વથી નાતજાતમા આબરૂ વધતી હશે પશુપક્ષી–જાનવરો બચતા હશે આળસુઓના પેટ ભરાતા હશે, પણ એથી હીંદુ મુસ્લિમ પ્રજામા કુસ પના બીજ રોપાય છે કુસ પથી માણુઓ હણાય છે મ્હારો પ્રયાસ તો એ બન્ને પ્રજાઓમા સમજુતી અને ભ્રાતૃ ભાવ વધારવાની દિશામા છે સમજ્યો ?

ચતુરદાસ—હીંદુ મુસ્લિમ પ્રજામા સ પ વધે એતો હુએ ચાહુ છુ પણ–આપણુ ધન આપણી પ્રજામા વપરાય એ પહેલો ધર્મ છે

ઉદ્ધતરાય—સહુ એકજ પ્રજા છે, એકજ આકાશી પિતાના સહુ પુત્રો છે જાતિભેદ એતો ત્હારા જેવા ટુકી નજરના અને ટુકી બુદ્ધિના લોકોએ ઉત્પન્ન કર્યો છે વારૂ, કહેતો ખરો કે આ સર્વ ધન મુળ કોનું છે ?

ચતુરદાસ—મુળ તો મ્હોટા શેઠ **વનવ તરાયનુ** કમાએલુ છે

ઉદ્ધતરાય—ધનવ તરાયના પિતા **નિર્ધનરાય** ગરીબ હતા, કેમ ખરૂ કે નહી ? ભાગ્યજોગે તેઓ બાદશાહી ઝનાનખાનામા બેગમના પાનદાન ખરચનો હીસાબ રાખવા માટે નોકર થયા હજુ નોકર થયાને બે ચાર માસ થયા હતા કે તેમનો કાળ આવ્યો **ધનવ તરાય** ન્હાના હતા બેગમ સાહેબને દયા આવી બાદશાહ હજુર તેમની સિફારશ કરી ધનવ તરાયની પરવરશ કરાવી–કેળવી બાદશાહના ઝવેરી બનાવરાવ્યા, આથી ધનવ તરાય અખુટ દોલત કમાયા આ બાદશાહ અને બેગમ મુસલમાન હતા આ સર્વ ધન દોલત એ મુસલમાન બાદશાહ અને બેગમનો

પ્રતાપ છે ચતુરદાસ જો ! એ ભલા બાદશાહ અને બેગમ ત્હારા જેવી ટુકી નજરના અને જાતિભેદ માનનારા હોત તો આ ઉજળો દહાડો આપણે ન જોઈ શક્યા હોત માટે મુસલમાનોની એ દોલતમાથી કદાચ એક લાખ રૂપીયા ગરીબોની કેળવણી પાછળ ખર્ચાય તો એથી શુ ? મુસલમાનોની મ્હાય બીજાઓ કરે બીજાઓની સ્હાય મુસલમાનો કરે, એક બીજાની પડખે ઉભા રહેતા થાય ત્યારેજ હિદુ મુસ્લિમ ઐક્યતા સધાય અને ભારતનુ ભાવી બધાય ચતુરદાસ ! કાઈ વિશાળ નજર રાખ આપણે તો સહુ સાધનો મુસલમાનોનાજ પ્રતાપે મેળવ્યા છે હુ જેના પ્રતાપે છુટીને આવ્યો તે પણ મુસલમાનજ છે

ચતુરદાસ—(લાચાર થઈ) પણ મ્હારી ના કયા છે ? મે તો માત્ર સુચના રૂપે વાત કીધી હતી

પછી તે ચેક લખી લાવે છે ઉદ્ધતરાય સહી કરી મુમીકીખાનને ત્યા આવી તેમને આપે છે મુમીકીખાન તે ચેક મવલાનાને બીડી દેવરાવે છે

સુશીલાના લગ્ન અને ગુણવતી વનિતા આશ્રમ

વિધ્યાસાગર અને સુશીલાના લગ્ન ઘણી ધામધુમથી ઉજવવામા આવે છે આગ્રહપુર્વકનુ આમત્રણ હોવાથી મવલાના વિધ્યાનગરથી પધારે છે સુશીલાની માતાનો હરખ સમાતો નથી તેણી મુમીકીખાનના ચરણ ધોઈ પીયે છે

વિધ્યાસાગર ઉદ્ધતરાયના બચાવનો બેરીસ્ટર હોવાથી ઉદ્ધતરાય સુશીલાને બ્હેન બનાવે છે અને કાપડામા રૂપીયા

પચાસ હજાર રોકડા આપે છે વિશ્વધર્મ મડળના સર્વ મેમ્બરોમા હર્ષ વ્યાપી રહે છે મવલાના અને મુઝીકીખાનને ઉપરા ઉપરી આમ ત્રણો મળે છે સુશીલાના લગ્ન થઈ જતા તથા ધર્મવિલાસીની સ્ત્રી પાછી આવી જતા ઉધ્ધતરાય, મુઝીકીખાન અને રૂપાળીને પોતાને ત્યા લઇ જાય છે અને પોતાના 'શાતી વિધાન' નામના મકાનમા રાખે છે મવલાના અને મુઝીકીખાનની સલાહથી રૂપીયા પાચ લાખની થાપણ વડે 'ગુણવતી સ્મારક વનિતા આશ્રમ'ની સ્થાપના કરે છે આમા નાતજાતના ભેદ વિના દુખી સ્ત્રીઓને સર્વ પ્રકારની રાહત આપવાની યોજના તઈયાર કરે છે મીસ મેરી અને સુશીલા તેની સેકરેટરીઝ નીમાય છે સુમતિને રૂપીયા ત્રણસોના માસીક પગારથી તે આશ્રમના સુપરવાઈઝર નીમવામા આવે છે આ આશ્રમ ખુલ્લુ મુકવાની ક્રિયા મવલાના અબ્દુલ્લાહના હાથથી કરવામા આવે છે મવલાના અબ્દુલ્લાહ આશ્રમની કમાનો ઉપર હઝરત પેગમ્બર સાહેબની નીચેની બે હદીસો મ્હોટા અરબી અક્ષરોમા તરજુમા સહિત લખાવરાવે છે

અલ સખીયો હબીબુલ્લાહ વલવ કાન ફાસેકૉ

અર્થ—સખી અને ઉદાર માણસ દુરાચારી હોય તો પણ તે અલ્લાહનો મિત્ર હોય છે

અલ બખીલો અદુવુલ્લાહ વલવ કાન ઝાહેદા

અર્થ—બખીલ અને કજુસ માણસ ધર્મનિષ્ટ હોય તો પણ તે અલ્લાહનો શત્રુ હોય છે

રા'હીકો.

શાંતી વિધાનમા બે ત્રણ ન્હાના બગલાઓ છે એક બગલો મુસીફીખાનને આપવામા આવ્યો છે, અને એક રૂપાળીને ચતુરદાસ આજે ફરતો ફરતો શાતી વિધાનમા આવે છે તે નોકરના મકાનોની તરફ જાય છે શાતિ વિધાનના ચોકીદાર પઠાણ રહીમખાનના મકાનની પાસે એક દુબો-ઘેટો બાધેલો જોઈ પઠાણને હાક મારે છે પઠાણ ઘરમા હોતો નથી તેથી તેની ઓરત પરદા પાછળથી જવાબ દે છે—"શેઠજી વોહ તો રૂપાલી બાઇકે વહા હોગે"

રૂપાળી બાઇને ત્યા હોવાનુ સાભળી **ચતુરદાસ** ચમકે છે કાઇ વિચારીને કહે છે–"પઠાની, બાઇ તમારે ધણી કો રૂપાલી કે ઘેર જાવને દેના સાર નહી વો દુષ્ટા સ્ત્રી હે,"

પઠાની—નહી શેઠજી વોહ મુસલમાન હો ગઇ, અબ તો વોહ હમારી બ્હેન હૈ પઠાન કો ભાઈ કહેતે કહતે ઉસ્કા મુહ સુખ જાતા હૈ

ચતુરદાસ–ઉદ્ધતરાય કુભી ભાઈ કબ નહી કહેવતીથી?

એટલામા પઠાન આવે છે ચતુરદાસને સલામ કરે છે અને કહે છે—"શેઠજી આપને મુઝે દો મહીનેકી તનખ્વાહ પેરાગી (એડવાન્સ) દેને કા વાયદા કીયા થા મગર નહી દી મેરે બચ્ચે કે બાલ ઉતારનેકા દિન આ પહોચા આજ જો દો તો બહોત અચ્છા હૈ યહા શાહ સાહબભી હૈ, મવલાનાભી આએ હે, ઉનકે રૂબરૂ હમારી યેહ તકબરી (કારજ) હો જાએ

ચતુરદાસ—દો મહીનેકી પગાર એડવાન્સ લેકર કયા

કરેગા એક મહીનેકી લેવ બ્હોત દેવા સારા નહી

પઠાન—શેઠજી, એગી ખુશી ખુદા દિખાએ, મેરા પહેલા બચ્ચા હૈ, દોસ્ત બિરાદરો કે હાથ અબ નહીં ધુલવાઉંગા તો કબ ધુલવાઉગા શાદી કિસને દેખી હૈ ?

ચતુરદાસ—દો મહીનેકી નહી દેવેગા, અભી એકકી મીલેયગી

પઠાન—તો મૈ બડે શેઠકો અરઝ કરૂગા

ચતુરદાસ—ઠીક પેઢીપર આવના પન યેહ બાકરેકુ કાહેકુ યહા બાધેલા હૈ ?

પઠાન—યેહ તો યુંહી હમારે મઝહબ મે બાલ ઉતારનેમે યાઅને અકીકા કરનેમે ઇસ્કી ઝુરૂરત પડતી હૈ

ચતુરદાસ—કયા ઝુરૂરત પડતી હૈ ?

પઠાન—બકરા હોનેકી

ચતુરદાસ—પણ કાહેકુ ?

પઠાન—શેઠજી તુમ સમજતે નહી, તુમ્હારે જાનનેકી બાત નહી

ચતુરદાસ—તબ અહીયા હત્યા કરેવગા ? અહીયા એસા કામ નહી કરને દેવુગા

પઠાન—શેઠજી, યહા નહી કરૂગા તો કહા કરૂગા ? મેરા ઘર યહા હૈ તો યહા હી કરના પડેગા

ચતુરદાસ—એસા કામ નહી બનેવગા મે પગારભી નહી દેવુગા

પઠાન—(ચીરડાઇને) મે નોકરીકા રાઝીનામા દઉગા મગર મેરે મઝહબકી અદાયગીસે બાઝ ન આઉગા

ચતુરદાસ—રાઝીનામેકી ધમકી દેવતા હૈ ? હમારે

ઘરમે હત્યા કરેવગા ? યહ કૈસે બનવેગા ?

પઠાન–ધમકી નહી, હમકો જબ હમરી જગાહ ઘર દો

ચતુરદાસ—ઘર કાથી દેવે ?

પઠાન—તબ હમ અકીકા યહા હી કરેગા

ચતુરદાસ કાંઈ આવેશમા આવી બગીચાના માળીને હુકમ આપે છે કે આ બકરાને અહીંથી કાઢો માળી કહે છે—"સાહેબ, એ મ્હારાથી નહી બને પઠાણ જુનો નોકર છે, વળી સ્વભાવે તીખો છે મારવા મરવા તૈયાર થાય તો મ્હારે શુ કરવુ ?" **ચતુરદાસ** કહે છે "બીહે છે શા માટે હુ છુ ને ?"

પઠાણ ગુસ્સે થઈ કહે છે—"શેઠજી, યેહ અચ્છી બાત નહી હમારે મઝહબ કે કામમે દખલ દેના નહી ચાહીયે તુમ નોકરીમે હુકમ કરો, મઝહબમે નહી જો કોઇ અકલાતુનભી આકર કહેગા તો મે નહી માનુગા "

ચતુરદાસ—પોલીસ બુલાકર કઢાવુ ગા

પઠાન—(ચીગડાઇને) અચ્છા બુલાઓ તો સહી તુમ્હારે સામને બકરે કો ઝબેહ કરતા હુ, ઈઝઝત રખના હુ યુ યટત જાતે હો

ચતુરદાસ—મ્હોટા બહાદુર આયલા હૈ જુનો આદમી છે, તો છોડ દેતા હુ બાપડી બકરી કો મારનેકી બ્હીક બતાતા હે, કોઈ વખત તો મારો બકરી ઈદ કરતે હો પણ વાઘ ઈદ કાહેકો નહી કરતા ?

પઠાન—શેઠજી મઝહબ કે કામમે મત બોલો હમારા ખુન ગરમ હૈ, કુચ્છ સખત મુહસે નિકલ જાએગા તો અચ્છા નહી

ચતુરદાસ—પઠાનની જાતજ જીદ્દી હોય છે, તેને કોણ મોઢે લગાડે ?

પઠાન—શેઠજી જાત પર મત જાઓ—

એટલામા વિશ્વપ્રેમી, ધર્મવિલાગી, સુશીલા ગાડીમા બેસી મુગીકીખાનને મળવા આવે છે, ચતુરદાસ અને પઠાનની ચડસા ચડસી સાભળવા રોકાય છે નજીવી વાતમા પઠાણ જેવા અજ્ઞાનની સાથે તકરાર કરવી છાજે નહી કહી ચતુરદાસને પોતાની સાથે મુગીકીખાનની પાસે લઈ જાય છે મુગીકીખાન અને મવલાના સહુનો સત્કાર કરે છે મુગીકીખાન ચતુરદાસને ઉશ્કેરાએલો જોઇ પુછે છે "કેમ ચતુરદાસ! આજે કાઈ ઉશ્કેરાએલા દેખાઓ છો?

ચતુરદાસ—એ તો સ્હેજ, તમારા મુસલમાનો જેવા માથા ફરેલા તો ભાગ્યેજ હશે રીતની વાતમા પણ સમજે નહી સાહેબ! બધુ સ્હેવાય પણ જીવ હિસા અમારાથી ન સ્હેવાય અને એ પણ અમારાજ ઘેરમા

મવલાના—તમારા ઘેરમા જીવ હિસા કોણ કરે છે?

ચતુરદાસ—પેલો ચોકીદાર પઠાન

એટલુ કહી મવલાના અને મુગીકીખાનને સર્વ હકીકત કહી સભળાવે છે મુગીકીખાન તેને તેમ કરતો અટકાવવાનું વચન આપે છે

સુશીલા—(મવલાનાને) શુ 'વાળ મુવાળાની' ક્રિયામા કુરબાની કરવી પડતી હશે? એ વગર ન ચાલે? તમારા ધર્મમા મને એટલીજ વાત પસદ પડતી નથી

મવલાના—હા તે અકીકો કહેવાય છે તમને પસદ ના આવે તે વાત ખરી! પણ ધર્મમા તેવુ ફરમાન છે

સુશીલા—હુ તો એ માનતી નથી મને તો એ પાછલા લોકોએ ઘડી કાઢેલી હકીકત લાગે છે

મવલાના—ના તે હઝરત પયગમ્બર સાહેબનુ ફરમાન છે

ચતુરદાસ—બાપડા ગરીબને સહુ કોઈ મારે વાઘને મારવા જાય તો ખબર પડે

મવલાના—વાઘને મારનાર વાઘને પણ મારે છે કાળા માથાનો માનવી શુ નથી કરી શકતો? પણ વાઘનો ગોશ્ત શરીઅતમા હરામ છે

સુશીલા—બકરીનો ગોશ્ત હલાલ અને વાઘ વરૂનો હરામ એ તો એટલા માટે હશે કે વાઘ વરૂ સ્હેજે મરે નહી

મવલાના—ના, જે પ્રાણીઓનો ગોશ્ત-માસ માણસના શરીરને પોષનાર અનુકુળ હોય છે તે પ્રાણીઓનો ગોશ્ત હલાલ છે અને જે પોષવાને બદલે નુકસાન કર્તા હોય છે તે હરામ છે માણસની પ્રકૃતિમા સર્વ પ્રાણી વર્ગના ગુણ રહેલા હોય છે જેમ એક હાડામા અસ ખ્ય જુદા જુદા પદાર્થો નાખી ચુલા ઉપર ઉકાળી તેનો સત્વ (અરક) ખેચી કાઢીએ તેમ માણસ આખા બ્રહ્માડ માહેની સર્વ વસ્તુઓનો સત્વ (અરક) છે માણસમા સીહની ખુ ખ્વારી, બકરાની નરમી, બિલાડીની સ્વચ્છતા, ડુક્કરની ગ દકી, ઉટનો દ્વેશ, ગધેડાની સહન શીલતા એવી રીતે દરેક પ્રાણીનો સ્વભાવ રહેલો છે માણસ એક ગતિમાન 'પ્રાણીશાળા' છે તેમા તમને દરેક પશુ પ ખી અને જીવજ તુ જડશે માણસ અને પ્રાણીઓના આકાર અને સ્વભાવ એકજ પ્રકારના

પદાર્થોથી બધાય છે એકજ જાતના પદાર્થોથી માણસનું અને પ્રાણીઓનું જેવાકે કુતરા બિલાડાનુ કે ગાયનુ શરીર બને છે માત્ર પદાર્થોના ઓછા વત્તા પ્રમાણથી જુદા જુદા શરીરોની રચના થાય છે અમુક પ્રમાણમા પદાર્થો હોય તો કીડી બને અને અમુકથી હાથી બને પદાર્થોના આ જુદા જુદા પ્રમાણોથી જેમ જુદા જુદા શરીરો બને છે તેમ જુદા જુદા સ્વભાવો પણ બને છે ગાય અને ઉટ એકજ પ્રકારના પદાર્થોથી બનેલા હોય છે પણ જુદા જુદા પ્રમાણોના કારણે જુદા જુદા આકારના થાય છે તેમ જુદા જુદા સ્વભાવ પણ ધરાવે છે એકમા જ્યારે દ્વેષ હોય છે ત્યારે બીજામા નમ્રતા સાલસાઈ અને ગરીબાઈ હોય છે માણસ આ વિષે બીજા પ્રાણીઓથી જુદો પડે છે જ્યારે દરેક પ્રાણી અમુક પ્રમાણના પદાર્થોથી બનેલુ હોઈ ખાસ અમુક સ્વભાવ અને પ્રકૃતિ ધરાવે છે ત્યારે માણસનો સ્વભાવ અને પ્રકૃતિ એવા મર્યાદિત હોતા નથી તેને સર્વ ગ્રાહી ઢાળામા ઢાળવામા આવેલો હોય છે દરેક પ્રાણીમા તેની બનાવટમા વપરાએલા પદાર્થોના પ્રમાણથી જે સ્વભાવ રહેલો છે, તે સ્વભાવ–દરેક પ્રાણીનો સ્વભાવ એકત્ર રીતે માણસમા હાજર હોય છે, કારણકે માણસ આખા બ્રહ્માંડના સત્વ (અરક) રૂપે છે કોઈ પણ પ્રાણી તેના વર્ગના સ્વભાવથી વિશેષ કાંઈ કરી શકતો નથી તે પોતાના સ્વભાવને રોકી શકતો નથી વાઘ શિકારને જુએ તો તેને ભક્ષણ કરી જવાની તેના સ્વભાવની વલણને અટકાવી–શકતો નથી પણ માણસ જે સર્વ સૃષ્ટિના સ્વામી સમાન છે તેનામા સર્વના સ્વભાવ એકત્ર હોય છે અને

વધારામા તેના પોતાના સ્વભાવના વલણને અટકાવવાની શક્તિએ હોય છે આ ઉપરથી જણાશે કે માણસ જે પ્રાણીનો ગોસ્ત-માસ ખાય છે તે પ્રાણીનો ગોસ્ત માણસના શરીરનો ભાગ-અગ બને છે અને માણસના શરીરમા તે પ્રાણીના શરીરના જે પદાર્થો તત્વો અગાઉથી હોય છે તે પદાર્થો અને તત્વોને વધુ પોષણ આપે છે, અને તેથી તે પ્રાણીનો સ્વભાવ તે માણસમા વધુ પ્રમાણમા ખીલે છે, વાઘ એક ખુખાર જાનવર છે જો માણસને વાઘના ગોસ્ત-માસની પરવાનગી હોય તો માણસમા ખુખારી અને ક્રુરતા વધી જાય જો ગદા જાનવરોના ગોસ્ત-માસની પરવાનગી હોયતો માણસના સ્વભાવમાથી હલકાઈ-ગદકી અને નીચતા પ્રગટી નીકળે, એટલે ઈસ્લામે અમુક જાનવરો પ્રાણીઓના ગોસ્ત-માસ હરામ ગણ્યા છે અને અમુકના હલાલ જે હલાલ ઠરાવેલા છે તે સર્વના સ્વભાવ ઉચ્ચ સ્વચ્છ અને નમ્ર હોઈ, માણસમા તેવા ગુણો ઉમેરે છે સાપ્રત સમયની સાયન્સની શોધ પણ મ્હારી દલીલને ટેકો આપે છે માણસના શરીરમા સર્વ પ્રાણીઓના જતુઓ હોય છે એ સિદ્ધ થઈ ચુકયુ છે કેટલાક બીમારોના લોહીની જ્યારે તપાસ કરવામા આવે છે ત્યારે તેમા કેટલાક પ્રાણીઓના સુક્ષ્મ આકારો નજરે પડે છે લોહીના ટીપામા હાથી, ઘોડા, કુતરા અને ડુક્કરો સુક્ષ્મ જતુરૂપે દેખાયા છે આ ઉપરથી એમજ સિદ્ધ થાય છે કે માણસના શરીરમા સર્વ પ્રાણીઓના જીવજતુ રહેલા છે અને તેથી આપણે જે પ્રાણીને ખાઈએ તે પ્રાણીના જીવજતુ આપણા શરીરમા પોષાય અને પરિણામે તે પ્રાણીઓના સ્વભાવ

આપણામા પ્રગટે—એટલે ઇસ્લામ ખુદા તરફનો ધર્મ હોઈ માણસને પોષવા-તેના શરીરને તથા આત્માને તથા સ્વભાવને પોષવા શુ લાભદાયક છે અને શુ નુકશાન કર્તા છે તે જાણતો હોઈ તેણે અમુક પ્રાણીઓ હલાલ ઠરાવ્યા છે અને અમુકને હરામ ઠરાવ્યા છે

સુશીલા—એ બધુ ખરૂ, પણ વનસ્પતિ ઉપર કયા જીવાતુ નથી

મવલાના—વનસ્પતિ ઉપર જીવી શકાય છે પણ માસ ત્યાગના કારણે માણસમાની ઘણી શક્તિયોને જોઈએ તેવુ પોષણ મળતુ નથી કારણ કે ઘણી લાભદાયક વનસ્પતિઓ આપણે ખાઈ શકતા નથી જો આપણે તે ખાઈએ તો તે આપણને હાની પહોચાડે તેવી હોય છે પણ જાનવરો તે ખાઈ શકે છે જાનવરો તે ખાય છે એટલે તેના ગુણ જાનવરોના શરીરમા બધાય છે અને તે જાનવરોને આપણે ખાઈએ છીએ એટલે તે વનસ્પતિના ગુણ આપણામા આવે છે જે વનસ્પતિઓ આપણે ખાઈ શકતા નથી તે વનસ્પતિના ગુણ આપણામા આપવામા આવે છે જે વનસ્પતિઓ આપણે ખાઇ શકતા નથી તે વનસ્પતિઓ જનાવરોનો ગોશ્ત-માસ દ્વારા આપણે ખાઇએ એવો ક્રમ કુદરતે બનાવ્યો છે ઘણી પુષ્ટિની દવાઓ આપણે સીધી ખાઈ શકતા નથી તે સર્વ કોઈ મરઘડાને દિવસોના દિવસો સુધી ખવરાવવામા આવે છે અને તે વડે બીમાર સારો થાય છે આવી રીતે આમા લાભ રહેલા છે

ચતુરદાસ—માસ ત્યાગનારા કાઈ મરી જતા નથી

સુશીલા—ખરૂ છે તમે ગમે તેવી દલીલો કરો, અમારે ગળે તો એ વાત ઉતરતી નથી

એટલામા મવલવી હક મવલાનાને મળવા આવે છે અને તે ચર્ચા બધ રહે છે

સગઠન

મવલવી હક સહુની સાથે હસ્ત મેળાપ કરી કુશળતા પુછી આસન લે છે મવલાના તેમને કહે છે—"કહો આજકલ ક્યા રાગલ હૈ?"

મવલવી હક—યેહી આર્યોને જો આગ સુલગાઈ હૈ વોહ બુઝાનેકા સુના હૈ ચદ દિનોમે ઈન્કી એક શાખ યહા કલ્પનાપુરીમે ભી કાયમ હોગી મૈનેભી અબ્દુસ્સલામ (હઠયોગી)કો ઉન્કે જવાબ દેનેકો બુલાયા હૈ

મવલાના-મેરીભી યેહી રાએ હય કે વોહ કલ્પનાપુરીમે અપના રિસાલા જારી કરે તો બ્હેતર હય ખુદા ભલા કરે નવાબ સાહેબ ગુલશનાબાદકા કે અચ્છી મદદ દી હય

મવલવી હક—હમારે યહા કે રઈસોમે ફકત યેહી એક નવ્વાબ હય કે દીની કામોમે પુરી મદદ દેતે હય વરના દુસરેતો ખ્વાબે ખરગોશમે પડે હય હીદુ રઈસોકો દેખીએ આર્યોકો કયસી કયસી મદદ દે રહે હય બડે બડે મહારાજગાન મુસલમાનોકો મુરતદ બનાને કે લીએ ખઝાને ખાલી કર રહે હય મગર મુસલમાન હય કે કાન પર જુ તક નહી રેગતી મવલાના! હીદુઓસે બુએ વફાકી ઉમેદ નહી (વિશ્વપ્રેમી વિગેરેને) મોઆફ કરના, અગર મેરે કલામમે કુચ્છ સખ્તી હો હમારે દિલો

પર તુમ લોગોકી તરફસે અયસેહી ઝખમ પડે હય હીંદુ મુસલિમ ઈત્તેહાદ (નપ) મે તફરકા (જુદાઈ) ડાલનેકા સબબ તુમહી હુવે હમારે સરપર ઇસ્કા ઝિમ્મા નહીં, મુસલમાન હીંદુ ઓરતોપર હમલા કરતે હય મુસલમાન ઝબરદસ્તી મુસલમાન બના લેતે હય મુસલમાન કમઝોરોકો દબા લેતે હય વગયરા વગયરા જુઠે ઇલઝામ (તોહમત) રખકર લોગોકો ઉભાર કર મુલ્કમે બદઅમની (અશાતી) ફયલાના–અવામ કે જઝબાતકો મુશ્તઈલ કરકે ફસાદ બરપા કરના ખુદા જાને કિસ તરહ જાયઝ સમઝા ગયા હય? પુરાને કિસ્સે કહાનીયા બ્યાન કરકે એક દુસરેકા દુશમન બનાના ખુદા જાને ઈન્કો કયુ અચ્છા માલુમ હુવા? મવલાના! યેહ સબ કુસુર મુસલમાનોકા હય મુસલમાનોકી સાદા લોહી (ભોળપણ) ઓર ઈખિલાસમદાના રવિશકા ઓર મુસાવાત (સમાનતા) કે બરતાવકા નતીજા હય મુસલમાન ન ઈતને ભોલે હોતે ન યેહ તોહમત સુનને પાતે, વલ્લાહ કયા ખૂબ કેહતે હય! મુસલમાનોને ઝબરદસ્તી તલવારકે ઝોરસે ઈસ્લામ ફયલાયા રાજપુત જો બહાદુર શુજા તલવારકી ધની કવમથી ઉસ્કો તો તલવારકે ઝોરસે ઈસ્લામ મનવાયા મગર હિંદુઓકી દુસરી કવમે જો તલવાર તો કયા છુરીસે ભી ભાગતી હય ઉન્કો મુસલમાન કીયે બગયર છોડ દીયા? અગર મુસલમાન તલવાર ચલાતે તો આજ બાઈસ કરોડ હિંદુ કહાસે બાકી હોતે? યેહ મુસલમાનોકી રવાદારી ફયાઝી ઓર બલદ હોસલગી હય કે જહા ગએ વહાકી કવમોકો અપનેસે હુકુક દીએ અવર ઉન કવમોંકો બાકી રખખા હીંદુઓકી તારીખ દેખો માતેહતકી

કવમો કે સાથ ઉન્હોને કયા સુલુક કીયે હય? બતાઓ આજ હીંદુસ્તાનકે અસલી બાશન્દે (મુલવતની) કહાં હે કયા ઉનકો હઝારહા સાલ હુએ તાહુમ પહાડોમે અવર જંગલોમે રહેના નહી પડતા? જો હીંદકોમ અપની મફતુહ (પરાજીત) કોમકે સાથ હઝારહા સાલતક અયસા ઝબુન બરતાવ કરતી રહે વોહ હીંદુ કવમ, મુસલમાનોકો જો અપની મફતુહ કવમકા સિર્ફ બાકી હી નહીં લેકીન કલને કુલને હેકર સર સબ્ઝ રખે, ઉનકી ઈબાદત ગાહો (મદીરો)કો જાગીરે દે, ઝાલીમ ઓર તલવારકે ઝોરસે ઈસ્લામ મનવાનેવાને વાલે કહે યેહ ખુદાકી શાન હય બતાઓ દુન્યામે કોઈ અયસી કવમ સિવાએ મુસલમાનો કે હય કે જીસ્ને ગુલામો તકકો બાદશાહ બનનેકા મવકા દીયા હો? બતાઓ, સિવાએ મુસલમાનોકે અવર કોઈ કવમ અયસી હય જીસ્ને ઉમુરે સલતનતમે ગયરો કો અપના બરાબરકા શરીક બનાયા હો? અફસોસ! મુસલમાનો કે યેહ સબ અહેસાન પસ પુશ્ત ડાલે જાતે હય મવલાના સય યેહી દર્દ સુનાને આપકે પાસ આયા હુ સંગઠનકી આફત તઈયારકી જા રહી હય દેખો સ્પેનમે મુસલમાનોકા જો હાલ હુવા વોહ કહી હીંદુસ્તાનમે ન હો, સ્વરાજ અભી કોસો દૂર હય, સ્વરાજકે લીએ હીંદુ-મુસ્લિમ ઈત્તેહાદકી ઝરૂરત બતાઈ જાતી હય તો હમ અયસી ના ઈત્તિફાકીકા બીજ બોયા જાતા હય, હમારે ખુદ અકીદા (શ્રધાળુ લીડરાન હમે યેહી કહેતે હય કે સ્વરાજ કાયમ હો જાને દીજીએ, સબ ઠીક હો જાયગા, મે કહેતા હુ સ્વરાજ્ય બગયર જબ યેહ શોરિશ હય તો સ્વરાજ મિલનેપર

કયા હોગા ? કયા યેહ સબ ઈત્તેહાદ ઓર સગઠનકે હામી અવર મદદગારોકે કલ્બ (દિલ) ઉનવક્ત બદલ જાએગે ? કમઝોરીમે મુખાલિફતમે બાઝ નહી આતે તો કયા ઝોરકી હાલતમે બાઝ આએગે ? મેરી સમઝમે ઈન્કી મનતિક નહી આતી

અહી સુધી મવલવી હકનો ઉભરો સાભળી વિશ્વપ્રેમીથી ન રહેવાયુ અને બોલ્યા—"મીયા સાહેબ ! સગઠનથી ગભરાઓ છો શા માટે ? પાડોશીનુ બળવાન હોવુ–મિત્રનુ બળવાન અને તાકાતદાર હોવુ પોતાના બળવાન અને તાકતદાર હોવા સમાન છે, '

મવલવી હક—યેહ સચ હય મગર હમકો ઝુલમગાર બતા કર, હમારે ઝુલ્મ બયાન કરકે સગઠનકી ઝરૂરત કાયમ કરના દોસ્તીકો બઢાનેવાલા નહી મગર દુશ્મનીકો બઢાનેવાલા હય

વિશ્વપ્રેમી—એ નાદાનીની વાતો છે

મવલવી હક—નાદાનોકી નહી બડે બડે દાનિશમદોકી બાતે હય

વિશ્વપ્રેમી—પરતુ એ ઘણા થોડા છે

મવલવી હક—થોડે હય મગર બ્હોતો પર હકુમત કરતે હય ઉન્કા અસર બહોતો પર હય

વિશ્વપ્રેમી—સામાન્ય રીતે હીદુઓ એ હીલચાલને ના પસદગીની નજરથી જુએ છે

મવલવી હક—યેહ મે માનનેકો તઈયાર નહી વાકેઆત ઈસ્કે ખિલાફ હય

મવલાના—મુસલમાનોકો તદબ્બુરસે કામ લેના

ચાહીએ અપને દોસ્તાના બરતાવસે હીદુઓકો મિલા લેના ચાહીએ

મવલવી હક—(વિશ્વપ્રેમી વિગેરેની માફી માગી) બુત પરસ્ત, ચાહે વયસા દોસ્તાના બરતાવ કરે, ખુદા પરસ્તોકે દોસ્ત હુવે હય ન હોગે

સુશીલા—તમે ધર્મ ઉપર હુમલો કરો છો તમે શા આધારે હીદુઓને બુત પરસ્ત કહો છો ? તેઓતો ખુદાને-પરમાત્માને માને છે

મવલવી હક—હમ ઉન્કો બુતો (મુર્તિઓ) કો પુજતે દેખતે હય ખુદાકો પુજતે નહી દેખતે ઇસલીએ, હમ બુતોકે મદર દેખતે હય ખુદાકે નામકા-પરમાત્માકે નામકા એક ભી મદર નહી દેખતે અગર તુમ ખુદાકે પુજારી-પરમાત્માકે પુજારી હોતે તો પરમાત્માકા ભી કોઈ મદર હોતા

સુશીલા—જ્યારે માણસ પરમાત્માને સમજતો થાય છે ત્યારે તેને મદિરની જરૂરત હોતી નથી આખુ વિશ્વ પરમાત્માનુ મદિર હોય છે

મવલવી હક—અચ્છા જબ બતાઓ યે બુતોકે મદર કાહેકો હોતે હય ?

સુશીલા—એ તો અજ્ઞાન લોકોને માટે છે

મવલવી હક—અજ્ઞાન-જાહિલ લોગોકો અપની પુજાકે નિશાન (મદીર) કી ઝરૂરત હય તો ક્યા જ્ઞાની લોગોકો ઉન્સે જુદા પડનેકે લિએ કોઈ નિશાનકી ઝરૂરત નહીં ? હા જબ દુન્યામે કોઈ બુતપરસ્ત ન રહે, સબ ખુદા પરસ્ત હો જાએ તબ યે વિશ્વ પરમાત્માકા મદર હો સકતા હય

મગર જબ તક બુત પરસ્ત ઓર ખુદા પરસ્ત દો જુદા જુદા ટોલે હો તબ તક હરએક કી પહેછાનકે લિએ નિશાન હોના ઝરૂરી હય બેશક, વિશ્વ પરમાત્માકા મદદર હય લેકીન જબ બુતો કે મદર હય તો પરમાત્માકે નામકા ભી મદર હોના ચાહીએ મગર હમને પરમાત્માકા મદર દેખા નહી ઈસલીએ હમ તો સબકો બુત પરસ્તહી સમજતે હય

સુશીલા—(મવલાનાને કહે છે) હુ બુતપરસ્તી વિરૂદ્ધ છુ તેને ધિક્કારૂ છુ પણ મવલવી સાહેબની સાથે બુત પરસ્તોના મુદ્દાથી વિવાદ કરવા ચાહુ છુ તેથી કહુ છુ

મવલાના—ખુશીથી

સુશીલા—હીદુઓ બુતોને પુજતા નથી, એતો પરમાત્માને પુજે છે જુદી જુદી મુર્તિઓ પરમાત્માના જુદા જુદા સ્વરૂપો છે

મવલવી હક—અચ્છા તબ પરમાત્માકે જુદે જુદે સ્વરૂપ યેહ મુર્તિયો જયસે હોગે

સુશીલા—પરમાત્માને આકાર નથી એ તો નિરંજન નિરાકાર છે

મવલવી હક—જબ વોહ નિરંજન નિરાકાર હય તો યેહ મૂર્તિયો કો કિસ વાસ્તે ઉસકે નામ દિયે ગયે હય?

સુશીલા—ચિત્ત ચોટાડવા માટે ધ્યાન સ્થિર થવા માટે-ભક્તિભાવ વધારવા માટે

મવલવી હક—અજીબ, જો કોઈ તુમ્હારા ચાહને-વાલા કોઈ જાનવર કો તુમ્હારા નામ દેકર ઉસ્કી પુજા કરે તો ઉસ્ને તુમ્હારી પુજા કી અયસા સમઝોગે?

સુશીલા—એથી તો મ્હારૂ અપમાન થાય, મને

જાનવરની ઉપમા આપી ગણાય

મવલવી હક—તબ પરમાત્મા જો સબકો પયદા કરનેવાલા–પાલનેવાલા હય ઉસ્કા અપમાન ન હોગા ?

સુશીલા—પરમાત્મા નિર્વિકારી છે, તેને માન અપમાન હોય નહિ, તે તો માત્ર ભક્તની ભક્તિ ભાવના જુએ છે

મવલવી હક—ક્યા બગેર મુર્તિયો કે ઉસ્કી ભક્તિ નહી હો સકતી ?

સુશીલા—ભક્તિ થાય પણ ચિત્ત ચોટે નહી

મવલવી હક—કિસપર ?

સુશીલા—પરમાત્મા પર

મવલવી હક—મગર યહા તો પત્થર હોતે હય ?

સુશીલા—પત્થરની મુર્તિઓની પ્રતિષ્ટા કરાવવામા આવે છે પ્રતિષ્ટાની ક્રિયા વડે તે મૂર્તિઓમા ઇશ્વર શક્તિ આવે છે

મવલવી હક—યેહ ક્રિયા કોન કરતા હય ?

સુશીલા—મ્હોટા વિદ્વાન માણસો, પંડીતો

મવલવી હક—ઇસમે તો આદમી કા મરતબા બઢતા હય આદમી પત્થરકો વડતા હય ઉસ્કા પ્રતિષ્ટાકી ક્રિયાસે ઇશ્વરી શક્તિ દેતા હય તબ અયસે મરતબે વાલે આદમીકો ઉસ્કી પુજા કરનેકી ક્યા ઝરૂરત હય ? છોટી ચીઝ બડીકો પુજે ?

સુશીલા—પણ માણસને પ્રભુના માર્ગમા એવા સાધનોની જરૂરત હોય છે

મવલવી હક—મગર અયસે સાવન (અસબાબ) બગયર આદમી પ્રભુકે માર્ગમે જા સકતા હોતો સાધનકી

કયા ઝરૂરત હય ? દેખો ઇસ્કોલમે બચ્ચા પઢને જાતા હય ઓર ગિન્તી સીખના હે તબ ઉસ્કો લાલ નીલે પીલે લખોટો મે ગિન્તી સીખાઈ જાતી હય મગર જબ બડા હોતા હય તબ ગિન્તી કરતે વક્ત યેહ લખોટોકો નહી રખના અગર રખેતો બેવકુફ કહેલાએ ઇસી તરાહ જબ દુન્યા કદિમો હુન્નરમે કિત્ની આગે બઢી હય તબ અયસે સાધન રખના બે વકુફી નહી તો કયા હય ? ખુદાકી કુદરત આશકાર હય ઝર્રે ઝર્રેમે વોહ નઝર આતા હય અ ધાભી ઉસ્કી કુદરતકે તમાશે દેખ સકતા હય અયસી હાલતમે બુતપરસ્તીકા કાયમ રખના ગુનાહ હય—ઓર બડા ગુનાહ હય

સુશીલા—(હસે છે અને કહે છે) મવલવી સાહેબ ! તમે ઘણા જનુની છો

મવલવી હક—હક બાતકા જુનુન હરએકકો હોના ચાહીએ

મુસીકીખાન—મવલવી સાહેબ ! આજ આપને બડી તકલીફ ફરમાઈ

મવલવી હક—આજ આપ સાહેબાનકી ખિદમતમે હાઝિર હોનેકાહી ખ્યાલ આયા

મવલાના—આપકી ઇનાયતકા શુક્રિયા પછી મવલવી હક ત્યાથી રજા લઇ ચાલતા થાય છે

જીગરનુ આશ્વાસન.

રાતના નવ દસ વાગ્યા છે ઉદ્ધતરાય અને મુસીકીખાન ઉતાવળા ઉતાવળા ચાલ્યા જાય છે એક સાકડી ગલીમા

એક વરની પાસે રોકાય છે ઘરની આગળ મ્યુનિસિપાલીટીના ફાનસનુ ઝાખુ અજવાળુ પડે છે આખી ગલી તદ્દન શાન્ત છે ઉદ્ધતરાય ઘરનુ બારણુ ખખડાવવા જાય છે પણ અંદરથી કોઈ સ્ત્રીનો વિલાપ કરતો અવાજ કાને પડે છે મુગીકીખાનને ઈશારો કરી પાસે બોલાવે છે બન્ને કાન લગાડી સાભળે છે વિલાપ કરતી બાઇ તિક્ષણ અવાજે રડતી જાય છે અને પોતાના દુર્ભાગ્યને નિંદતી જાય છે —

"મને અને મ્હારા બચ્ચાઓને આવી રીતે કેમ રઝળતા મુક્યા ? ઉદ્ધતરાય તારા પાપ તને નડયા જો એ ત્હારી સગતે ચઢયો ન હોત તો આજ મ્હારી આવી દશા શાને થાત ? અરે પણ કોને દોષ દઉ ? એ તો મ્હારૂજ અભાગ્ય'

માતાને રડતી જોઈ ન્હાના બચ્ચાઓ જેઓ નવ દસ કરતા વધુ ઉમરના ન હતા, સમજાવે છે પણ બાઈ વિલાપ ચાલુજ રાખે છે

ઉપલા શબ્દોથી બાઇના કરૂણાજનક રૂદનથી, બચ્ચાઓના સમજાવવાના પ્રયત્નોથી ઉદ્ધતરાયનુ હ્રદય કપી ઉઠે છે તે નિશ્વાસ નાખે છે પોતાના કપાળ ઉપર જોરથી હાથ મારે છે મુગીકીખાન ઇશારા વડે તેને શાત થવા કહે છે વળી તે બાઇ કહેતી સભળાય છે

"આબરૂદાર ઘર, માથે કરજ, બચ્ચાઓ ન્હાના અને કમાનાર કોઇ નહી હે પ્રભુ ! હવે હુ આ પાપી પેટ કેવી રીતે પાળીશ ? આથી તો મને મોત આવે તો સારૂ પણ મ્હારા બચ્ચાઓનુ કોણ ? આ નિરાધારોનો કોણ બેલી ?"

એક બચ્ચુ –બા ! ત્હારા રડવાથી અમારા કલેજા ઉથલી જાય છે અમને ભય લાગે છે, આ ઘર કરડવા દોડે

છે, માટે શાંત થા

બચ્ચાની આ લાગણી ભરી અવાજ ઉદ્ધતરાયને તીર જેવી વાગે છે તેને મુર્છા આવ્યા જેવુ થાય છે પણ મુસીકીખાન તેને સભાળી લે છે અને દરવાજો ખખડાવે છે વિલાપ કરતી બાઇ બારણાનો ખખડાટ સાભળી ચમકે છે ઝટ પટ આસુ લુછી નાખે છે, અને એક છોકરાને કોણ છે તે જોવા મોકલે છે છોકરો બ્હીતો બ્હીતો બારણા પાસે આવે છે ધીમેથી બારણુ ઉઘાડી ઉદ્ધતરાયને જોઈ બારણુ પાછુ બધ કરી તેની મા પાસે દોડયો જાય છે અને કહે છે—"ઉદ્ધતરાય કાકા છે"

ઉદ્ધતરાયનું નામ સાભળતા, બાઈ ઘણીજ બ્હીને છે ઉદ્ધતરાય રાત્રે ત્યા શા માટે આવ્યો હશે? શુ તેની દાનત કાઈ કાળી તો નહી હોય? એવા અનેક તરગોમા ગરકાવ થાય છે વળી બારણાનો ખખડાટ થાય છે "ભાભી! કૃપા કરી બારણા ઉઘાડો" કહેતો ઉદ્ધતરાય સભળાય છે બાઈ બારણાની પાસે આવી કહે છે "અત્યારે રાત્રે ચોરની પેઠે કેમ આવ્યા છો? હજુ શુ જુલમ ગુજારવો બાકી છે? તમે અહીથી આબરૂસર ચાલ્યા જાઓ નહી તો રાડ પાડી મહેલ્લાને જગાડીશ તો સારૂ કહેવાશે નહીં"

ઉદ્ધતરાય—(ધીમે અવાજે) ભાભી! હુ શત્રુ બનીને નહીં પણ મિત્ર બનીને આવ્યો છુ માટે કોઈ ન જાણે તેમ મળીને ચાલ્યો જઈશ

બાઈ—મ્હારૂ નખ્ખોદ વાળીને મિત્ર બનતા શરમ આવતી નથી? હુ તો તમારૂ મોહ પણ જોવા માગતી નથી

ઉદ્ધતરાય—બેશક હુ એજ લાયક છુ હુ મિ

બનીને આવ્યો છુ કે રાત્રુ એ આ શાહ સાહેબને જેઓ મ્હારી સાથે છે પુછી જુઓ

બાઇએ શાહ સાહબને દીઠા હતા તેથી ઓળખતી હતી શાહ સાહેબની ખ્યાતિ નિષ્કલક હતી તેથી તેણીએ બારણાની તડમાથી બહાર નજર નાખી આખા અજવાળામા ઉભેલા શાહ સાહેબ નજરે પડયા બાઇએ પુછ્યુ— "સુશીલા બ્હેનને ત્યા રહેતા શાહ સાહેબ તમેજ છો ને ?"

મુસીકીખાન—હા હુ એજ ખાકસાર છુ

બાઇ—હુ તમારા ઉપર વિશ્વાસ મુકુ ? જુઓ ઉદ્ધતરાય કાઈ દગો રમવા આવ્યો નથી ને ?

મુસીકીખાન—નહી બલ્કે તે માફી માગવા આવ્યો છે

બાઈ બારણા ઉઘાડે છે બનેને અદર લઇ જાય છે

ઉદ્ધતરાય બાઇના સામે હાથ જોડી માથુ નમાવી કહે છે—"હુ તમારી ક્ષમા માગવા આવ્યો છુ જીભનુ નહીં, બગ જીગરનુ આશ્વાસન દેવા આવ્યો છુ"

બાઈ—તમે ક્ષમા માગવા આવ્યા છો કે મ્હારૂ દુખ જોઇ હાસી ઉડાવવા આવ્યા છો ? તમારી સખાવતો અને ઉદારતા જોઈ ભલે જગત છેતરાતુ હોય—ભલે તમારી કીર્તી ગવાતી હોય પણ હુ છેતરાઇશ નહીં આ શાહ સાહેબના વિશ્વાસે મે બારણા ઉઘાડયા છે તમારી મ્હારા પ્રતિની અપમાન ભરી અને નિર્દય વર્તણુક હુ ભુલી ગઈ નથી મિત્ર દ્રોહીનો વિશ્વાસ તો મૂર્ખજ કરે, તે ગમે તેવા હતા પણ પોતાનો જીવ આપીને તમને બચાવતા ગયા છે નહીં તો આજ તમે ફાસીને લાકડે લટકતા હોત

હુ એમને દરરોજ કહેતી કે તમારી મિત્રાચારીમાએ માલ નથી તેમ તમારી સાથેની દુશ્મનીમાએ માલ નથી સારા માણુસો તો અપાત્રથી દુશ્મનીએ કરતા નથી

આટલુ બોલી બાઈ ડુસકે ડુસકે રડે છે મુસીકીખાન આશ્વાસન દે છે અને બાઇને ખામોશ થવા સમજાવે છે ઉદ્ધતરાય બચ્ચાઓને પોતાની પાસે બોલાવે છે પણુ તેઓ બીહીને આવતા નથી

મુસીકીખાન—બ્હેન શ્રી! જે થવાનું હતુ તે થઇ ગયુ તુમાખી અને ઉદ્ધતરાય મિત્ર હતા પાછળથી શત્રુ બન્યા હતા પણ હવે ઉદ્ધતરાય ખરા પશ્ચાતાપની સાથે દુખ અને દીલસોજીની પુર્ણ લાગણી સાથે તુમાખીનો નહી તો તેના કુટુબનો મિત્ર થવા આવ્યો છે, આ મિત્રતાની પાછળ લગારે શત્રુતાનો ભય ગખશો નહી, કારણુ કે ઉદ્ધતરાયને પોતાના દોષ દેખાયા છે અને તે માટે તે ખરેખર દીલગીર છે

બાઇ—મ્હારૂ સૌભાગ્ય ખડિત થયુ, મ્હારૂ સર્વસ્વ લુટાઈ ગયુ, હવે તેઓ શુ મિત્રાચારી કરશે?

મુસીકીખાન—તમારા દુખમા ભાગ લેશે, તમને સુખી કરવા પ્રયત્ન કરશે

બાઇ—મ્હારૂ સહુ સુખ તો તેમની સાથે ગયુ જો આ બચ્ચાઓ ન હોત તો હુ પણુ તેમની પાછળ પ્રાણુ આપત

મુસીકીખાન—ઉદ્ધતરાય તુમાખીદાસનો રૂણી છે તેણે મરીને તેને જીવતદાન આપ્યુ છે બદલામા તે આપઘાત કરી શકતો નથી, પણુ તેનાથી બની શકે તેટલુ તમારૂ દુખ ઓછુ કરવા તૈયાર છે તમારા ભરણુ પોષણુ અને તમારા બચ્ચા-

ઓની કેળવણી માટે પુરતો બદોબસ્ત કરવા ચાહે છે તમારૂ સર્વ કરજ ચુકાવી દેવા માગે છે તુમાખીદાસની ક્રિયા અને કારજમા તમારે જે ઘર ઘરાણે મુકવુ પડયુ છે તે છોડાવી દેવા ઇચ્છા છે તમે માત્ર માફ કરો અને તેની તરફનો મનમાનો દોષ કાઢી નાખો એટલીજ તેની વિનતી છે

બાઇ—હુ એ કબુલ કરૂ તો જગતમા શુ મોઢુ દેખાડુ ? વગોવાઉ નહિ ? ધણીની આખ બધ થતા તેના દુશ્મનનો ઉપકાર લઉં એ તે કેમ બને ?

મુસીફીખાન—એવા વિચારો મુકીદો, ઉદ્ધતરાય જે કરવા માગે છે અને જે કરશે તે કોઇને કહેવાનો નથી એ વાતતો હુ, એ અને તમેજ જાણીશુ ચોથો કોઇ જાણવાનો નથી, એટલે વગોવાનો ભય નથી માટે બધા વિચારો ત્યજીને હા પાડો અને એ સહુ કબુલ કરી લ્યો

બાઈ ઉંડા વિચારમા પડી જાય છે પ્રથમતો તેને શકા આવે છે, પણ શાહ સાહેબના કહેવાથી તેને વિશ્વાસ બેસે છે તેથી કહે છે—“ તમારી એવી ઇચ્છા છે તો એમ કરો પણ જોજો કાઇ દગો ન થાય ”

મુસીફીખાન—એનો હુ ઝામીન છુ

બાઇ મુસીફીખાન આગળ વળી રડી પડે છે

ઉદ્ધતરાય—હુ કોઇપણ રીતે તમારી ઉપર ઉપકાર કરતા હોઉ, અગર તમને મ્હારા ઓશીયાળા થવુ પડયું હોય એવુ લગારે મનમા આવવા દેશો નહિ હુ લેશે ઉપકાર કરતો નથી હુ તો માત્ર મારા માથા ઉપરનુ તમારૂ કરજ ચુકવુ છુ માટે શાતી રાખો અને સુખી થાઓ

બચ્ચાઓને ઉદ્ધતરાય પોતાની પાસે બોલાવે છે માથા

ઉપર હાથ ફેરવી અશ્રુપાત કરે છે તેના જીગરની લાગણી ઉભરાઇ આવે છે નિશ્વાસ નાખે છે અને ઉપકાર માનતો રજા લઈ મુનીકીખાનની સાથે રૂખસત થાય છે

ખરી ખાનદાની.

તુમાખીને ત્યાંથી નીકળી તેઓ બન્ને અમૃતધારા નદીને પલેપાર જ્યા વણાટના કારખાનાઓ અને મીલો આવલી છ, જતા જણાય છે એક મીલના કમ્પાઉન્ડના ઝાંપામા દુર ઝાડના નીચે એક મજબુત બાંધાનો દેખાવડો માણસ હોકો ભરતો બેઠેલો દેખાય છે, મુનીકીખાન દુર રોકાઇ જાય છે ઉદ્ધતરાય એકલો તેની તરફ જાય છે આ માણસનુ નામ સુરસીહ ઠાકોર છે મીલનો પહેરેદાર છે રાત્રે મીલની ચોકી ભરી ગુજરાન કરે છે તે ઉદ્ધતરાયની વધતી જતી કીર્તીનો અને તેની સખાવતોનો ખ્યાલ કરતો સળગતી આગમા લાકડા ઉમેરતો હોકો ભરતો હોય છે, એવામા ઉદ્ધતરાય ત્યા જઇ પહોચે છે

સુરસીહ ઉદ્ધતરાયને જોઇ ચમકે છે સ્વસ્થ થાય છે ઉદ્ધતરાય, તે કાંઈ બોલે તે પહેલા કહે છે—"ઠાકોર! હુ અર્ધ રાત્રિએ તમારી પાસે એક જરૂરી કામે આવ્યો છુ"

સુરસીહ—(મનમા ભય પામતો–બ્હીતો કે રખેને ભેદ ખુલ્લો પડી ગયો હોય) મ્હારી પાસે? કહો શુ કામ છે?

ઉદ્ધતરાય—(ગજવામાથી રીવોલ્વર કાઢી) લ્યો આ રીવોલ્વર, હુ તમારો ગુનેહગાર છુ મે તમારી જીદગી ધુળધાણી કરી છે તમારા હાથથી એ વેર લેવાઇ જાય તો મને શાતી થાય મ્હારી દોલતની મસ્તીમા મ્હારાથી નહી

છાજતુ મહા ઘોર પાપ થયુ છે, તેનો આજ બદલો હોઇ શકે માટે હ્યો, ઘા કરો અને વેર વાળી શાત થાઓ

સુરસીંહ—(તેના હાથમાથી રીવોલ્વર લઇ લે છે આવેશમા આવે છે તેની વૈર વૃત્તિ ઉશકેરાય છે રીવોલ્વર ઉગામે છે ઉદ્ધતરાય શાત ઉભો રહે છે સુરસીહને કાઇ વિચાર આવે છે રીવોલ્વર ફેકી દે છે) જાઓ ઉદ્ધતરાય ! મને તમારી સાથે કશુ વેર નથી મ્હારો શત્રુ, મ્હારો દુશમન મને કલક લગાડનાર ઉદ્ધતરાય—બદમાશ ઉદ્ધતરાય બીજો હતો તમે તો હવે પુન્યવત ગુણવત અને કીર્તિવત

ઉદ્ધતરાય—નહિ, નહિ ખરા વિનયરાય છો મ્હોટા શેઠના અવસાન પછી તમે જે કીર્તિ મેળવી છે, તમે જે કારી કામો આદર્યા છે તે કામો કરનાર દુન્યામા ઘણુ જીવો મને દિલગીરી માત્ર એટલીજ છે કે તમારે બદલે બિચારી ગુણવતી મ્હારી શિકાર થઇ પડી તમે કદાચ જાણતા નહિ હો કે એ ઝેર તુમાખીદાસે નહી પણ તેના શીખવવાથી મ્હારા હાથે દેવાયુ હતુ તમારો નોકર અમૃત ધારામાથી તમારા માટે દરરોજ પાણી લેવા આવતો તુમાખીદાસે પાણીના ભોટવામા ઝેર ભેળવાનુ સુઝ્યું, ઝેર તેણે આણી આપ્યુ હુ હમેશા લાગમા રહેતો એક દિવસ મ્હારો લાગ ફાવ્યો તમારો નોકર ભોટવો ભરી કીનારે આવેલી સાધુની ઝુપડી આગળ મુકી ન્હાવા મડયો હુ ત્યા બેઠો હતો સાધુ ઝુપડીમા હતો પુરેપુરો લાગ મળ્યો જોઇ મનમા અનેક શકાઓ અને ભય આવ્યા છતા ઝેરનુ પડીકુ ભોટવામા ઠલવી ભોટવાના મોહનો દાટ દઇ દીધો મે ઘણુજ પાપ કર્મ કર્યું તેનુ તરતજ મને ભાન

થયુ કાઇ યુક્તિથી પાણી પાછુ ઢોળી દેવા વિચાર થયો પણ એટલામા માધુ બહાર આવ્યો અને હુ સુડી વચ્ચે સોપારી જેવો થઈ બેશી રહ્યો નોકર ભોટવો લઇ ગયો અને અતિ હૃદય ભેદક બનાવ બન્યો અમે રજપુત એવો નીચ ઘા કરીએ નહિ પણ કિસ્મતમા એ કલક બેસવાનુ હશે તે બેઠુ

ઉદ્ધતરાય—એ હુ જાણુ છુ જુઓ તમારી આ ચીઠ્ઠી

સુરસીંહ જુએ છે અને બીહે છે

ઉદ્ધતરાય—(તેને બ્હીતો જોઈ ચિઠ્ઠીને સળગતી અગ્નિમા નાખી દે છે) ત્યારે તમે મને માફી બક્ષો છો ?

સુરસીહ—ગુણવતીના ખૂનની હુ માફી ચાહુ છુ

ઉદ્ધતરાય—એ તમારી ખરી ખાનદાની છે મારા તરફથી માફી છે ત્યારે આવો આપણે ભાઈ ભાઇ થઇ ભેટીએ

બન્ને જણા અશ્રુ વ્હેવગવતા ભેટે છે ઉદ્ધતરાય મુસીફીખાનને બોલાવે છે સુરસીંહ મુસીફીખાનને ઓળખતો હતો નમસ્કાર કરે છે અને ચર્ણોમા પડે છે ઉદ્ધતરાય સર્વ હકીકત કહી સભળાવે છે મુસીફીખાન ધન્યવાદ આપે છે અને કહે છે—"ખરી ખાનદાની, ખરી અમીરી ક્ષમા કરવામા રહેલી છે વીરલા નરોથીજ એ બની શકે છે"

સુરસીહ—હુ તમારા પગની રજ છુ

મુસીફીખાન—નહિ, ભાઈ છો દેશના ગર્વ છો—ગઉરવ છો

સુરસીંહ—આપ મહાત્મા છો આપની એ વડાઈ છે

ઉદ્ધતરાય—ઠાકોર ! હવે આપણે ભાઇ થયા તમારાથી હવે આ નોકરી નહી કરી શકાય તમારી કરજમા ડુબેલી જાગીર

છોડાવી આપવા ચાહુ છુ મ્હારી નજીવી ભેટનો સ્વીકાર કરી આભારી કરશો

સુરસીંહ—મને તમે શરમના બોજા તળે નાખો છો

ઉદ્ધતરાય—તેમા શરમ જેવુ કશુ નથી હુ તમારા ઉપર ઉપકાર કરતો નથી તમારી મદદ કરતો નથી માત્ર મિત્ર ધર્મ બજાવવા ઈચ્છુ છુ

સુરસીહ નીચુ જુએ છે મુગે મોઢે ઉપકાર માને છે પછી મુસીફીખાન અને ઉદ્ધતરાય ત્યાથી રજા લઇ વિદાય થાય છે

રૂપાળીના અહોભાગ્ય.

ઉદ્ધતરાય સર્વની માફી માગી ચુકે છે બની શકે ત્યા સુધીના દુખ ટાળી ચુકે છે ગાડીમા કચડાઇ ગએલા અધ મા બાપના પુત્રની યાદગારમા આધળા, લુલા, લગડા અને નિરાશ્રિતના માટે મ્હોટા પાયા ઉપર "**નિરાશ્રિતગ્રહ**" સ્થાપે છે તેને એક બાળકની યાદી થાય છે પણ એ વિષે તેને કાઈ રસ્તો સુઝતો નથી મનમાને મનમા વિચાર્યા કરે છે કોઇને વાતે કરતા નથી ચતુરદાસને કહે છે તો તે એ વિષે શબ્દ ન ઉચ્ચારવાની બે હાથ જોડી વિનતી કરે છે આ શુ કિસ્સો છે તે અમારાથી પણ કહી શકાતુ નથી ઉદ્ધતરાય એ વિષેનુ પ્રાયશ્ચિત કરવુ આયદા ઉપર મુલતવી રાખે છે

તુમાખીદાસનુ કુટુબ સુખમા દીવસો ગાળે છે તેના બચ્ચાઓને ઉંચી કેળવણી આપી શકાય તેવો બદોબસ્ત કરી આપવમા આવે છે તેનુ કરજ વિગેરે ચુકવી દેવામા

આવે છે, અને તુમાખીની વિધવા ઉદ્ધતરાય ઉપર આશીર્વાદ વરસાવે છે સુરસીહ ઠાકોરની જાગીર કરજ મુક્ત કરાવી દેવામા આવે છે અને તેને બીજુ ઘર પણ કરાવી આપવામા આવે છે માત્ર રૂપાળી વિષેનો બદોબસ્ત બાકી છે રૂપાળી શાતી વિધાનમાના એક મકાનમા રહે છે તેનુ મુસલમાની નામ **તાએબા** પાડવામા આવે છે મુસીફીખાનની પાસેથી ઇસ્લામી દીનના અરકાનો (ક્રિયા) નો અભ્યાસ કરે છે, અને પોતાના વખતનો ઘણો મ્હોટો ભાગ મુસીફીખાનના શીખવેલા ઝિક્ર અઝકાર (જાપ) મા ગાળે છે ઉદ્ધતરાય આજે શાતી વિદ્ધાનમા આવે છે મુસીફીખાનને મળે છે અને **રૂપાળીને** તેના મકાનમાથી બોલાવરાવે છે

રૂપાળી મુસલમાન થઈ ગયા પછી તદ્દન બદલાઈ ગએલી દેખાતી હતી જો કે તેણે મુસલમાની ઓરતો જેવા લુગડા પહેર્યા ન હતા તો પણ શરમ અને લજ્જાથી તેણે લગભગ આખુ શરીર ઢાકી દીધુ હતુ તેના ચ્હેરા ઉપર નિર્મળ શાતી ચમકતી દેખાતી હતી તે નમસ્કાર કરી બેસે છે એટલે ઉદ્ધતરાય મુસીફીખાનને પુછે છે "સાહેબ ! કહો હવે **રૂપાળી** વિષે મને શી આજ્ઞા છે ?"

મુસીફીખાન—રૂપાળીને તમે કલકિત કીધી છે માટે તેને ન્યાય આપવો તમારી ફરજ છે

ઉદ્ધતરાય—એ કેવી રીતે આપુ ? એટલુજ જાણવા માગુ છુ તેનો ગુમ થએલો મોભો કેવી રીતે પાછો આપવો? એ હુ પોતે સમજી શકતો નથી માટે પુછુ છુ

મુસીફીખાન—ખરો ન્યાય તો કર્યો ત્યારેજ ગણાય કે જ્યારે તમે તેને પરણીને ગ્રહિણી બનાવો પણ હવે

તમારાથી એ બની શકે તેવુ નથી, કારણ કે તે મુસલમાન સ્ત્રી પરધર્મીને પરણી શકતી નથી

ઉદ્ધવરાય—પણ તમારી આજ્ઞા હોય તો હુ મુસલમાન થવા તૈયાર છુ હુ કશી પરવા કરતો નથી હુ તો માત્ર મ્હારૂ કર્તવ્ય બજાવવા ચાહુ છુ દુન્યા મને કહેવુ હોય તે કહે, હુ કાઇ દરકાર કરતો નથી

મુસીકીખાન—મુસલમાન થવુ ન થવું તમારી મરજીની વાત છે નાએ પાડી શકુ નહિ તેમ હાએ કહી શકુ નહિ એ કેવળ તમારે પોતાને વિચારવાનો સવાલ છે

તાએબા—મને ન્યાય આપવાની ખાતર-મને પરણવાની ખાતર જો મુસલમાન થતા હો તો મને એ પસદ નથી હા જો ઇસ્લામ ધર્મ તમને પસદ આવ્યો હોય-જો તમે આ લોક અને પરલોકમા પોતાનુ કલ્યાણ ઇચ્છતા હોવ, જો તમને પાલણહાર પરવરદિગારના નામની લગની લાગી હોય-ભવસાગર પાર ઉતરવા અને માલિકની અનત કૃપાઓના અધિકારી બનવા ઉત્કઠા હોય તો ખુશીથી ઇસ્લામ કબુલ કરો પણ મને પરણવાની ખાતર નહિ મને તો ઇસ્લામમા દાખલ થયા પછી નવો જન્મ મળ્યા જેવુ દેખાય છે બીજાઓ શા માટે આવી અનત બક્ષિશથી નિર્ભાગી રહેતા હશે ? તમે મને પરણવા ઇચ્છતા હશો પણ હવે હુ ઇચ્છતી નથી મ્હારૂ જીવતર બદલાઇ ગયું છે મને હવે એની લગારે ઇચ્છા નથી તેમ લગ્નનો મોહ નથી મને તો માત્ર અલ્લાહ અલ્લાહ કરવુ ગમે છે આમા આટલો બધો આનદ હશે એનુ મને સ્વપ્નુએ ન હતુ અનુભવ્યું ત્યારે જાણ્યું જો તમારે એ અનુપમ અલૌકિક આનદ લેવો હોય તો તમે

પણ એજ રસ્તો હયો

ઉદ્ધતરાય—મને એની ના નથી હુ તો ઇસ્લામનો આશક મુસીકીખાનની પહેલીજ મુલાકાતથી બની ચુકયો છુ મને ઇસ્લામેજ તાર્યો છે ઉગાર્યો છે મને એનાથીજ શાતી મળી છે માત્ર હુ પ્રસગની વાટ જોઉ છુ, પ્રસગ વિના જાહેર થવામા હાલ ઘણુ નુકસાન છે

તાએબા—સત્ય કબુલવામા પ્રસગની વાટ જોવી એ આત્મ ઠગાઈ છે ઉદ્ધતરાય હજુ પુરા રગાયા નથી

ઉદ્ધતરાય—સત્ય છે પણ મને મુસીકીખાન આજ્ઞા કરે એટલી વાર છે

મુસીકીખાન—તમે મુસલમાન થાઓ, મ્હારા દીનના શરીક થઇ મ્હારા ભાઈ બનો, કલમાના શરીક થાઓ એ કરતા વિશેષ ખુશી થવા જેવુ બીજુ હોય નહિ નેકી કરવામા ઢીલ શા માટે ? હા પણ મે આજ્ઞા કરી એટલા માટે તમે મુસલમાન થયા એ હુ કહેવરાવવા માગતો નથી (તાએબાને) પણ તાએબા ! તુ મુસલમાન થઇ, ત્હારી ભાવનાઓ ઉચે ચઢેલી જોઈ મને ખરો હર્ષ થાય છે તે કહ્યુ કે મને પરણવાની ઇચ્છા નથી—લગ્નનો મોહ નથી એ ખરૂ છે પણ ઈસ્લામ ધર્મ કાઈપણ મજબુત અને સગીન કારણ વિના ઘર કર્યા વગર રહેવાની પરવાનગી આપતો નથી માટે ત્હારી ઈચ્છા ઈસ્લામના ફરમાનોને આધિન હોવી જોઇએ અને ત્હારે ઘર કરી બેસવુ જોઈએ ઉદ્ધતરાય મુસલમાન થાય અને ત્હારા નિકાહ તેની સાથે થાય તો એ કરતા વધારે સારી નેકી બીજી હોય નહિ

તાએબાઃ—એ સત્ય છે પણ હાલતો મને એ ઈચ્છા નથી

હુ તો આપની સેવામા રહુ, આપના ઉપદેશ વડે મ્હારૂ પરલોકનુ કલ્યાણ સાધુ ઝિક્ર ફિક્રની ધુન મચાવુ એટલુજ ચાહુ છુ મને આ ક્ષણ ભગુર જગતની મોહ આનદ આપતો નથી ઇબાદત (ભક્તિ) મ્હારો ખરો આનદ નિવડે તો બસ

મુસીકીખાન—ઘર કરી બેસવુ એ પણ એક ઇબાદત છે વળી તુ મ્હારી સેવામા આ સ્થિતિમા રહે એ હુ મ્હારા માટે પસદ કરતો નથી યુવાન બાઇનુ પાસે હોવુ મહા ભયનુ કાર્ય છે શેતાન એથી અખતરા કરવા આકર્ષાય છે શેતાનના અખતરા ગજબના હોય છે શેતાનનો મુકાબલો તો અવલીયાઓથીજ થઈ શકે હુ તો એક ગુનેહગાર બદો છુ

તાએબા—મને આપના મત મગજમા, આપના જ્ઞાનદાનમા ઘણો રસ આવે છે ઉદ્ધતરાય તેવા જ્ઞાનના ઘુટડા પાઈ શકે નહિ એટલે મે આપનોજ પાસે રહેવાનો નિશ્ચય કર્યો છે

મુસીકીખાન—પણ એ નિશ્ચય ઇસલામ વિરૂદ્ધ છે તુ અને ઉદ્ધતરાય બન્ને પવિત્ર ગાઠથી બધાઈ એક બીજાના સહકાર વડે પુન્યશાળી બનો એ મને વધારે પસદ છે

ઉદ્ધતરાય.—હુ પણ એજ ઇચ્છુ છુ

તાએબા—(ઉદ્ધતરાયને) તમારો આગ્રહ તો નથીને ?

ઉદ્ધતરાય—ત્હારી ઇચ્છા વિરૂદ્ધ મ્હારો આગ્રહ નથી

તાએબા—ત્યારે તો હુ એ ચાહતી નથી

મુસીકીખાન—તુ એ નથી ચાહતી એ હુ સમજી શકુ છુ, પણ શરીઅતના કાયદાથી તુ છુટી શકતી નથી

તાએબા — ચારે ઉપર પ્રમાણેની મ્હારી ભાવના જ્યા પુરી થાય ત્યા મ્હારો નિકાહ કરાવી આપો પણ તેમા ઉદ્ધતરાયને વાધો હોવો જોઈએ નહિ

ઉદ્ધતરાય—તને ન્યાય આપવા, જો તુ ચાહતી હોય તો, મુસલમાન થઈ ત્હારી સાથે નિકાહ પઢવા તૈયાર છુ, અને જો તુ તેમ ન ચાહતી હોય અને ત્હારી મરજી મુજબ વર્તવા ચાહતી હોય તો મને કશો વાધો નથી હુ ખુશીથી તેમા મદદ કરીશ

અહી વિદ્યાસાગર અને સુશીલા પ્રવેશ કરે છે બન્નેના ચ્હેરા સસાર સુખથી ચમકતા દેખાય છે સુશીલા ચાલતી સર્વ હકીકતથી વાકેફ થઈ ઉમેરે છે, "બ્હેન ! ત્હારી એ ભાવનાતો મુસીકીખાન પોતે કબુલ કરે તો પુરી થઇ શકે—"

મુસીકીખાન—સુશીલા ! એવી રમુજ ન કર

ઉદ્ધતરાય—જો એમ થતુ હોય તોહુ ઘણો ખુશ થાઉ

વિદ્યાસાગર—મહારાજ ! આપે કહેલુ મને યાદ છે કે 'હુ ઘરભગ છુ યોગ્ય ઘરની તપાસમા છુ મળેથી કરી લેવાનો વિચાર રાખુ છુ ' જો એમ હોય તો એમાં શુ ખોટુ છે ? તમારા હાથે પાવન થએલી તમારો હાથ ગ્રહે એના જેવુ બીજુ શુ હોય ? હા, જો તમે એને યોગ્ય સમજતા ન હો તો તે જુદી વાત છે

મુસીકીખાન—જેનુ હૃદય તોબા-પશ્ચાતાપ વડે વોવાઇ શુદ્ધ થયું હોય તેની શુદ્ધતામા સવાલ ન હોય

સુશીલા—ત્યારે સાહેબ ! બોલો બિસ્મિલ્લાહ કેમ રૂપાળી ! ત્હારી શી મરજી છે ?

તાએબા—જો તેઓ મને કબુલ કરતા હોય તો

મ્હારા અહો ભાગ્યને ! પણ ઉદ્ધતરાયને પુછો

ઉદ્ધતરાય— હુ તો કહી ચુકયો છુ કે જો એ થાય તો હુ ઘણો ખુશ થાઉ

તાએબા—(શરમાતી) હુ તમારો આભાર માનુ છુ

ઉદ્ધતરાય—(તાએબાને) હુ તારા નામ ઉપર રૂપીયા બેલાખની મિલ્કત ચઢાવી આપવા ચાહુ છુ

તાએબા—મ્હારૂ જીવતર સુધરતુ હોય તો મને મિલ્કતની કશી દરકાર નથી

મુસીકીખાન—હુ ખુદાના શુક્ર બજાવુ છુ

મુસીકીખાન પોતાના ગુરૂ મવલાના અબ્દુલ્લાહના હાથે નિકાહ પઢવાનુ પસદ કરે છ મવલાના વિધાનગર ગયા હતા તેથી સુશીલા તેમને તાર કરી બોલાવે છે

મિસ મેરી અને ઉદ્ધતરાય.

બપોરનો વખત છે ગરમ લુ ચાલે છે પશુ પખી વિશ્રાતી લઈ રહ્યા છે મિસ મેરી ખસની ટટ્ટીની આડમા પલગ ઉપર, નિરાત બાગ વાળી હકીકત યાદ કરતી–વિચારતી અર્ધ ઉંઘતી અર્ધ જાગતી પડી છે તની છાતી ઉપર તેના પાળક પિતાનો હમણાજ મળેલો પત્ર પડયો છે આ પત્ર તે વારવાર વાચે છે પત્ર નીચે મુજબ છે

“બેટા,

ત્હારી સુખાકારી જાણી પરવરદિગારનો શુકર કર્યો ઉદ્ધતરાય વિષેની હકીકત ઘણી ઇબ્રત (શીખામણ) લેવા જેવી છે બેશક પરવરદિગારની રહેમત અનત છે શેતાન જેવાને ફરિશ્તા જેવો બનાવી દેવો તેને મન રમત છે જ્યારે

કોઈ કામિલનો પરિચય થાય છે ત્યારે એમજ બને છે રૂપાળી મુસલમાન થઈ એ હકીકતથી ઘણો ખુશ થયો શુ ઉદ્ધતરાય મુસલમાન થયો નહી ? હઝરત મૌલાઅલી (અ૦) નું કહેણુ સત્ય છે

લા શરફે અઅલા મિનલ ઈસ્લામ ઈસ્લામ કરતા વિશેષ મહાન પદવી બીજી કોઈ નથી રૂપાળી તેની પહેલાની જીદગીમા ગમે તેવી હોય, ઈસ્લામ કબુલ્યાથી અતિ માનવતી છે તેને મ્હારા સલામ કહેજે ખુદા કરેને ઉદ્ધતરાય મુસલમાન થાય, જો તે મુસલમાન થાય અને નેકીના કામોમા પ્રેરાય તો તેની સાથેનો ત્હારો પરિચય વધારજે તને તેની પાસેથી ઘણી સ્હાય મળશે જ્યારે આટલી હદે વાત પહોચી છે ત્યારે તે વહેલો મોડો જરૂર મુસલમાન થઈ જશે હુ તેના ખાનદાનથી વાકેફ છુ તે શાહી વખતનુ ખાનદાન છે મુસલમાન બાદશાહો અને અમીર ઉમરાવોના નિકટના સબધમા રહેલુ હોવાથી મુસલમાની રગમા રગાએલુ છે જો તે મુસલમાન થશે તો તેની શાદીનો સવાલ પણ ઉભો થશે હુ તો સમજુ છુ કે તે રૂપાળીની સાથે નિકાહ કરશે વસ્સલામ

દોઆગો

શેખ અબ્દુર રહેમાન"

'તેની સાથેનો ત્હારો પરિચય વધારજે તને તેની પાસેથી ઘણી સ્હાય મળશે' એ વાક્ય મેરી વારવાર વાચે છે ગુલશનાબાદના નવાબ સાહેબના હુમલા પછી મિસ મેરીને શાદી કરવાની અગત્ય દેખાઈ હતી પણ પોતે કોઈ જાતનુ ખાનદાન ધરાવતી ન હોવાથી પોતાને શાદી માટે કોણ કબુલ કરશે એ વિચાર તેને શાદી વિશેનો શબ્દ ઉચ્ચારવા

દેતો ન હતો તેના પિતાશ્રીએ આ અગાઉ શાદી વિષે કાંઈ લખ્યું ન હતુ પણ આ પત્રમા ઉદ્ધતરાયની શાદીનો સવાલ છેડી તેને કાંઈ યાદ દેવરાવ્યુ હોય તેમ તેને લાગ્યુ પોતે શાદી કરવા તૈયાર થાય તો કોની સાથે કરવી—એવો કોણ છે જે તેના ખિન ખાનદાન હોવાને કબુલે અને તેનુ માન જાળવે એ ખ્યાલ તુરત તેના મનમા ઉગી આવ્યો, જો કે ઈસ્લામની મહાન કિતાબ કુરઆને શરીફમા સ્પષ્ટ ફરમાવવામા આવ્યુ છે **અકરમકુમ ઈન્દલ્લાહે અતકાકુમ** અલ્લાહની પાસે તમારામા એ માનવતો છે કે જે પરહેઝગાર હોય’ છતા શાદીના વિષયમા વ્યક્તિગત ગુણ દોષ ઉપરાંત ખાન દાન જોવાય છે એ બીના તેના ધ્યાન બહાર ન હતી પણ ઉદ્ધતરાય મુસલમાન થાય અને જો રૂપાળીને ન પરણે તો કદાચ કાંઈ રસ્તો નીકળે એમ તેને ખ્યાલ આવ્યો પણ તે ખ્યાલ આવવાની સાથે તેણે તે કાઢી નાખવા પ્રયત્ન કર્યો તેણે મનમા કહ્યુ આજ મને શુ થયુ છે? કેમ આવા વિચારો આવે છે? પણ આ વિચાર એવો દ્રઢ બેસી ગયો હતો કે મનમાથી નીકળતો ન તો તેણે વિચારના વેગને બદલવા પલંગ ઉપરથી ઉઠી સુમતિના ઓરડા તરફ જવા માડયુ તરતજ બંગલા બહારથી ઉદ્ધતરાયનો અવાજ સભળાયો ‘ મેરી બાઈ છે કે ?” આવા મન્યાન્હે શા સારૂ આવ્યા હશે ? વિચારતી બહાર દોડી ગઈ

ઉદ્ધતરાય—આવા મધ્યાન્હે તસ્દી આપ્યાની માફી ચાહુ છુ

મીસ મેરી—આપના પધારવાથી તસ્દી શાની ? અંદર પધારો

તેને સીટિન્ગ રૂમમા લાવી બેસાડે છે મિસમેરીનું હૃદય ધબક ધબક થાય છે પોતે જેનો ખ્યાલ કરતી હતી તેજ આવી પહોચ્યો એની એને નવાઈ લાગે છે એમા કુદરતની કાઇ રમત તો નહી હોય?

ઉદ્ધતરાય—ગુણવતી સ્મારક વનિતા વિશ્રામમા સુવાવડખાનું ખોલવાની નવી યોજના ઘડવાનુ તમે વચન આપ્યું હતુ તે તૈયાર હશે? મને મુસીકીખાને એક નસીહત કીધી છે-'જે નેક કામ મનમા ઉગે, અને તે તુરત થઈ શકે તેવુ હોય તો તુરત કરી લેવુ તેમા ઢીલ અને વિલબનુ પરિણામ ઘણીવાર એવુ આવે છે કે નેકી કર્યાની તક હાથમાથી નીકળી જાય છે' મને અત્યારે એ યોજના વિશે યાદ આવ્યું એટલે ચાલ્યો આવ્યો બપોરનો વખત છે તમે કદાચ સુતા હશો તો પાછો ચાલ્યો આવીશ અને નહી તો યોજના મેળવવાની તક લઈ શકીશ એમ ધારીને આ વખતે નીકળ્યો

મિસમેરી—(નેકી કરવા આટલી બધી તત્પરતા જોઈ પોતાના આળસુપણાથી શરમાતી) આવા ખરા મધ્યાન્હે તમે આટલી બધી તસ્દી લીધી એ તમારી પરમાર્થ બુદ્ધિને ધન્ય છે હુ ઘણી શરમીંદા છુ હજુ તે યોજના તૈયાર કરી શકી નથી બ્હેન સુશીલાએ આવવા વચન આપ્યું હતુ પણ હજુ સુધી તેઓ આવ્યા નહી, અને તે કામ પડતર રહ્યુ હવે અમે બન્ને મળીને જેમ બનશે તેમ ઉતાવળે તે ઘડી કાઢીશુ

ઉદ્ધતરાય—બ્હેન સુશીલા સવારે 'શાતી વિધાન'મા આવ્યા હતા તમને જાણીને આશ્ચર્ય અને હર્ષ થશે કે

રૂપાળી અને મુસીફીખાન એ બન્નેના નિકાહ ઠરાવી ગયા છે

મિસમેરી—શુ રૂપાળી અને મુસીફીખાનના નિકાહ? ત્યારે તમે શુ કરશો?

ઉદ્ધતરાય—હુ એ કાંઈ તજવીજ કરી લઈશ કારણ કે ઘરભગ રહેવુ એ અતિ નુકશાન કર્તા છે

મિસમેરી—પણ આ તો સ્વપ્ને એ ન હતુ તેવુ થયુ લાગે છે રૂપાળીને તમે મુકો એનો ખ્યાલે કેમ થાય?

ઉદ્ધતરાય—હુ તો તેને લાવવા ખુશ હતો પણ રૂપાળીની પોતાની મરજી ન હતી

મિસમેરી—કદાચ તમને મુસલમાન થવુ પડતુ હશે એટલે—

ઉદ્ધતરાય—નહી, નહીં તે જો મ્હારા ઘરમા આવવા રાજી હોત તો હુ તુરત મુસલમાન થવા તૈયાર હતો, પણ તેની મરજી મુસીફીખાનની સાથે થઈ એટલે હુ લાચાર

મિસમેરીના મનમા એક પળવારમા હજારો વિચારો જન્મે છે અને સમાઈ જાય છે તે પુછે છે—"ત્યારે તમે હવે મુસલમાન તો થવાના નહી, કેમ?"

ઉદ્ધતરાય—એ હુ કહી શકુ નહી, પ્રસગ મળે તો થાઉ એ ખરો

મિસમેરી—કેવો પ્રસગ?

ઉદ્ધતરાય—હાલ હુ મુસલમાન થાઉ તો એકલો પડી જાઉ મ્હારો સાથી કોઈ રહે નહીં, એટલે હાલ હુ જાહેર પડતો નથી

મિસમેરી—તમે કેવો સાથી શોધો છો?

ઉદ્ધતરાય—(મનમા કાઇ અચાનક નવો વિચાર

સ્ફુરાયો હોય તેમ આતુર બની) નેક, જે મ્હારી ભલી ઇચ્છાઓને અમલમા મુકવા સ્હાય રૂપ થાય વારૂ, મેરીબાઇ! તમને માઠુ ન લાગે તો એક પ્રશ્ન કરૂ ?

મિસમેરી—ખુશીથી

ઉદ્ધતરાય—તમે શા માટે શાદી કીધી નથી ? મુસલમાનોમા તો ઉમર લાયક થયા પછી શાદી થવી જરૂરી મનાય છે તમે કેમ હજુ સુધી કુવારા છો ? હમેશા કુવારાજ રહેવા વિચાર છે ?

આ સીધા અને સચોટ સવાલથી મિસમેરી ઘણી શરમાઈ-મુઝાઈ બોલતા જીભ અચકાઈ પણ સ્વતત્ર વાતાવરણમા ઉછરેલી હોઈ એટલુ કહી શકી કે -"એ ખરૂ છે, પણ મને એ પ્રસગ મળ્યો નથી મનમાનતો પ્રસગ આવશે ત્યારે થઈ રહેશે "

ઉદ્ધતરાય—તમે મનમાનતો પ્રસગ કયો ગણો છો ?

મિસમેરી—(વળી ગભરાઈ) એજ કે મન માને

ઉદ્ધતરાય—પણ તમારો કાઇને કાઈ આઈડીઅલ તો હશેજ ને ?

મિસમેરી—નેક, તદુરસ્ત, સ્વતત્ર, મ્હારૂ માન જાળવે અને અન્યો અન્ય સુખ વૃદ્ધિના પ્રયાસ કરે એવો કોઈ હોય તો કદાચ -

ઉદ્ધતરાય—(ઉતાવળો થઇ) મુસીકીખાનને વારવાર કહેતા સાભળ્યા છે કે શરીઅતમા શરમ હોય નહી તમે જાણો છો કે રૂપાલી તેની સ્વેચ્છાથી મ્હારા ઘરમા બેઠી નહીં હુ મુસલમાન થવાને તૈયાર હતો જો હજુ કોઈ મને મ્હારા ઘરની અદરની જીદગીમા દીલાસો દેનાર

ઉત્તેજનાર સાથી મળે તો હુ મુસલમાન થવાને તૈયાર છુ ત્યારે શુ તમે મને પોતાના માટે યોગ્ય ગણી શકશો? જો કબુલશો તો મ્હોટુ માન મળ્યુ માનીશ બેશક મ્હારી અગાઉની જીદગી ઘણીજ બદનામી ભરેલી છે, કલકિત છે એટલે સુધી કે ઉદ્ધતરાય કહેવાઉ છુ એટલો બદનામ થએલો છુ કે તેવા નામ વિષેની લાગણી પણ ખોઈ બેઠેલો છુ, તેથી તમે આચકો ખાઓ એ સ્વભાવિક છે પણ હવે મે એ સર્વ બદનામી ધોઈ નાખવાનો દ્રઢ નિશ્ચય કીધો છે મ્હારા આ નિશ્ચયમા મને મ્હાય અને ઉત્તેજન મળે એટલા માટે મે આ ઇચ્છા જાહેર કીધી છે મને એટલો વૈરાગ ઉત્પન્ન થયો છે કે જો મુમીકીખાન મનાઈ ન કરત તો હુ સાધુ થઈ જાત કહો હુ તમારી સ્હાય મેળવી શકુ છુ?

જેવી રીતે કોઇ વસ્તુની લેવડ દેવડ થતી હોય તેવી રીતે પરણવાની સીધી વાતચિતનો રિવાજ ઘણોજ ઓછો હોવાથી મિસ મેરી કાઈ જવાબ દેવાને બદલે શરમાઈ ગઈ ઉદ્ધતરાયે વળી આગ્રહ પુર્વક કહ્યુ, “અભણ અને અજ્ઞાન જેવી શરમ તમારામા હોય નહી મ્હારો પ્રશ્ન સીધો અને સાદો છે સીધો જવાબ ‘હા’ અથવા ‘ના’ નો મને સતોષી શકશે, ના પાડશો તો મને દુખ થવાનુ નથી, કારણ કે એ તમારી સ્વતત્ર મરજીની વાત છે હા પાડશો તો અતિ ખુશ થવાનો છુ, કારણ કે તેમા મને મ્હારો ઉદ્ધાર દેખાય છે

મિસમેરી—વારૂ મ્હારામા એવુ શુ જોયુ કે તમને આવો ખ્યાલ આવ્યો?

ઉદ્ધતરાય—પરમાર્થ બુદ્ધિ

મિસમેરી—માત્ર એટલાજ કારણે તમે તૈયાર થયા છો કે બીજુ એ કોઇ કારણ છે ?

ઉદ્ધતરાય—હુ લાબા વખતથી તમને જોતો આવ્યો છુ, તમારા માટે ઉચો અભિપ્રાય ધરાવતો રહ્યો છુ આજે હુ અહી આવ્યો ત્યારે તેવી દરખાસ્તનો મને ખ્યાલે ન હતો અહિં આવ્યા પછી મારા મનમા અતિ વેગની સાથે ખ્યાલ ચમકી ઉઠયો હુ કોઈની મારફત આ વાતચિત શરૂ કરાવત પણ તમે સમજુ છો, સ્વતત્ર છો અને એવી વાતચિતમા માઠુ માનો એવા નથી એમ જાણી આ દરખાસ્ત કીધી છે માટે મને ઉત્તર દેશો તો આભારી થઈશ

મિસમેરી—તમે મ્હારા જેવીની સાથે આખી જીદગીનો સબધ બાધવા એકાએક તૈયાર થાઓ તે પહેલા લગાર વધારે વિચાર કરવુ એ ઉચિત છે કદાચ હુ દેખાઉ છુ તેવી ન નિવડીતો—

ઉદ્ધતરાય—એની ફિકર ન કરો જેની જીદગી સિદ્ધાતપુર હોય છે તેના વિષે એવો ભય હોતો નથી મ્હારો અને તમારો પરમાર્થમા જીવન ગાળવાનો સિદ્ધાત છે એટલે આપણે એક બીજાના સહકારથી ઘણુ કરી શકીશુ વળી તમે મ્હારામા હજુ રહેલી ઘણી ખામીઓને દૂર કરી શકશો

મિસમેરી—મ્હારામા એવી લાયકાત હોય એમ મને દેખાતુ નથી

ઉદ્ધતરાય—તમે એમ કહી તમારી કીંમત ઓછી આકો છો

મિસમેરી—તમારા આવા પક્ષપાત માટે આભારી છુ પણ મને વિચાર કરવા જેટલો તથા મ્હારા પાળક પિતાને પુછવા જેટલો વખત આપશો

ઉદ્ધતરાય—ઘણી ખુશીથી

મિસમેરી પોતે રાજી છે એમ ઉદ્ધતરાયને જણાયુ તેથી ઘણો ખુશ થયો તે તરત ત્યાથી રજા લઈ ચાલતો થયો

મિસમેરી તરત સુમતિના ઓરડામા જઈ સર્વ હકીકત કહે છે સુમતિ એ દરખાસ્તને અનૂમોદન આપે છે બન્ને સુશીલાને ટેલીફોન કરી બોલાવડાવે છે સુશીલા અને સુમતિ મિસમેરી પાસે હા પડાવી મુસીકીખાન પાસે આવે છે મુસીકીખાન ઘણા ખુશ થાય છે મુસીકીખાન પાસેથી મેરીના પાળક પીતાને પત્ર લખાવી, રજા મગાવવામા આવે છે તેઓ લખે છે –

"ઉદ્ધતરાય તોબા કરી મુસલમાન થાય અને એક નેકીના ફિરીસ્તા જેવો બની જાય તો તેવાની સાથે મેરીના નિકાહ પઢાવવામા વાધો હોય નહિ વળી મેરીની મરજી હોય તો તે સ્વતત્ર છે તેને તેનો પુર્ણ હક છે મારે વિરૂદ્ધ જવાપણુ હોયજ નહી"

મેરી એથી ઘણી ખુશ થાય છે

બીજે દિવસે વિશ્વપ્રેમી, ધર્મવિલાસી,, વિધાસાગર, ધર્મ ભિલાષી, સુશીલા અને વિશ્વધર્મ મડળના બીજા કેટલાક મેમ્બરો શાતી વિધાનમા એકઠા થાય છે એ સર્વની હાજરીમા મુસીકીખાન ઉદ્ધતરાયને કલ્મો ભણાવી મુસલમાન બનાવે છે આ સમાચાર વીજળીના વેગે આખી કલ્પનાપુરીમા પ્રસરી જાય છે છાપાઓમા મ્હોટા મ્હોટા

લેખો લખાય છે હોહોકાર મચી જાય છે ચતુરદાસ બાવરો બની જાય છે "આથી તો ફાસીએ લટકી મુવો હોત તો સારૂ" ના ઉદગારો નીકળતા સભળાય છે આખુ વિશ્વધર્મ મડલ વગોવાય છે હાજર રહેલા મેમ્બરોને નાત બહાર કાઢવાની હિલચાલ શરૂ થાય છે બીજી તરફ અન્જુમને ઇસ્લામ તરફથી મોહટા દબદબા ભરી પાર્ટી અને માનપત્ર આપવામા આવે છે મુસલમાનોની મસ્થાઓમા રાત્રે રોશની કરવામા આવે છે ઉદ્ધતરાયનુ ઇસ્લામી નામ અબ્દુત્તવ્વાબ રાખવામા આવે છે

મવલાના અબ્દુલ્લાહ વિધાનગરથી અને મેરીના માતપિતા હુન્નરપુરથી મેરીનો તાર મળતા કલ્પનાપુરી આવે છે

ઉદ્ધતરાય જેવા શેહરીના મુસલમાન થઈ જવાથી શાહેરમા જેટલો કોલાહલ થાય તેટલો બેશક થોડો ગણાય જો મુસીકીખાનનો હાથ તેમા હોત નહી તો મોટુ તોફાન જાગત, પણ મુસીકીખાનના મોભાથી સપ જળવાઈ રહ્યુ મોટુ તોફાન ઉપડયું હતુ પણ ધીમે ધીમે શાત થયું

મુસીકીખાન અને અબ્દુત્તવ્વાબના નિકાહ પ્રથમ વિધાસાગરને બગલે ઠરાવવામા આવ્યા હતા પણ વિશ્વધર્મ મડળના મોભાને નુકશાન ન પહોચે એ ખાતર એ બન્ને નિકાહ ત્યાથી બદલી અન્જુમને ઇસ્લામના હોલમા ઠરાવવામા આવ્યા

રાત્રે મવલાનાએ મુસીકીખાનના નિકાહ તવ્વાબાની સાથે અને મોલવી હકે અબ્દુત્તવ્વાબના નિકાહ મેરીની સાથે પઢાવી દીધા આ સાદી ક્રિયા વખતે સુશીલા ખાસ હાજર રહી હતી તેણી હમણાજ લગ્નની લાબી ક્રિયા

અને વિધિમાથી પસાર થઇ હતી એટલે મુસલમાનોની ક્રિયા અને વિધિ જોવા ઘણી ઉત્સુક હતી મુસલમાન થવાની ક્રિયા જેવી સાદી અને સીધી તેને દેખાઇ હતી તેવીજ સાદી સીધી અને સરળ આ નિકાહની ક્રિયા પણ તેને જણાઈ આટલી બધી સ્હેલાઈ અને સરળતાની તેને નવાઇ લાગી તેણીએ ખ્રિસ્તી લોકોમા થતા લગ્ન જોયા હતા, અને તે ક્રિયા તેને ઘણી સરળ અને સીધી લાગી હતી પણ ઈસલામી રીત તો એ કરતા એ વધુ સાદી અને સરળ હતી એમ તેને માનવુ પડયુ વળી ખ્રિસ્તી લોકોની લગ્નની રીતમા તેને સ્ત્રી પુરૂષ વચ્ચેની સમાનતા દેખાઈ હતી નહી કારણ કે તેણીએ જોયુ હતુ કે પાદરી કન્યા કને ધણીની તાબેદારી–ખિદમત–સેવા કરવાની પ્રતિજ્ઞા લેવડાવતો હતો બીજા શબ્દોમા લગ્નની ગાઠથી બધાતાની સાથેજ ધર્મ વિધિ વડે સ્ત્રીને તાબેદાર સેવિકા અને પુરૂષને સેવા લેનાર માલિક ઠરાવતો હતો ઈસ્લામી રીતમા આવુ કશુ હતુ નહી જેવી રીતે સ્ત્રી પાસેથી પરણનારને કબુલ કરવાની કબુલાત લેવામા આવતી હતી તેવી રીતે પુરૂષ પાસેથી પણ કબુલાત લેવામા આવતી હતી ઈસ્લામ સ્ત્રી પુરૂષની સમાનતાનો સ્થાપક છે કાયદામા તે બન્નેને સરખો હક આપે છે તે આ નિકાહની રીત ઉપરથી તેને સ્પષ્ટ દેખાયુ હતુ જ્યારે આ સરળ સાદી અને સીધી રીત તેને પસદ આવી ત્યારે બીજાઓની લાબી રીત પ્રતિ તેને નાપસદગી ઉત્પન્ન થઇ જ્યારે તેના ધર્મમા ધર્મગુરૂની હાજરીમા તેનાજ હાથે–અથવા ખ્રિસ્તીઓમા પાદરીના હાથેજ લગ્ન ક્રિયા કરી શકાવાય ત્યારે ઇસ્લામમા એવુ કશુ ન હતુ–

ગમે તે નિકાહ પઢાવી શકે એ જોઈ તેને વિશેષ હેરત થઈ તેણીએ અબ્દુત્તવ્વાબ અને મરીયમ (મેરી) બન્નેને ખરા જીગરથી મુબારકબાદ આપી મરીયમના પાળક માતાપિતા જેઓ આ ક્રિયા વખતે હાજર હતા તેઓ ઘણા ખુશ થયા ખુશાલીમા ખારેકો વ્હેચાઈ અને શાદીનો જલસો વિસર્જન થયો

ગાર્ડન પાર્ટી.

બીજે દિવસે કલબ ઓફ યુનીવર્સલ બ્રધર હુડમા વિદ્યાસાગરે અને સુશીલાએ અબ્દુત્તવ્વાબની શાદીની ખુશાલીમા મ્હોટા પાયા ઉપર ગાર્ડન પાર્ટી આપી બહોળા પ્રમાણમા આમત્રણ કરવામા આવ્યા હતા પણ જેઓ જુના વિચારના અને ધર્મચુસ્ત હતા તેઓ હાજર થયા નહી પણ બીજા ઘણા સુધરેલાઓએ હાજરી આપી. મવલાના અને શેખ અબ્દુરરેહમાન ઉપરાત બીજા ઘણા મુસલમાનોએ પણ આમત્રણને માન આપી પાર્ટીમા ભાગ લીધો હતો

કમ્પાઉન્ડમા નાના ગોળ ટેબલો, અને દરેક ટેબલની આસપાસ બેન્ડવુડની કુરસીઓ ગોઠવી દેવામા આવેલી હતી મ્હેમાનોના ટોળા પોતપોતાની મેળે જગ્યા લેતા હતા અને રમત ગમતમા મોજ માનતા હતા એક તરફ મવલાના શેખ અબ્દુરરેહમાન અને મુસીકીખાન બેસી વાર્તાલાપ કરતા હતા તેમા વિશ્વપ્રેમી અને ધર્મ વિલાસી આવી ભરાયા

શેખ અબ્દુરરેહમાન–(વિશ્વપ્રેમીને) તમારા પ્રયાસથી કલ્પનાપુરીની લીલા કાઇ ઓરજ થઈ ગઇ છે. આજનો

પચરંગી મેળાવડો અને ખાધા પીધાની છુટ એ તમારા પ્રયાસનુંજ પરિણામ છે તમારો ઇસ્લામ અને મુસલમાનો પ્રતિનો પક્ષપાત જોઇ મને ઘણી ખુશી થાય છે મવલાના અને મુસીકીખાન જેવા બુઝુર્ગો બેઠા હોય ત્યા કાંઈ બોલવુ એ અદબી ગણાય તોપણ મ્હારે કહેવુ જોઇએ કે તમારો એ પક્ષપાત કેવળ સત્યનો પક્ષપાત છે દુન્યા ભલે ઇસ્લામની વિરૂદ્ધ પોકાર ઉઠાવ્યા કરે, પણ તે અજાણપણે ઇસ્લામના સિદ્ધાંતો કબુલતી જાય છે એ નિર્વિવાદ છે, કારણ કે ઈસ્લામ સ્વભાવિક અને ખુદાનો પસંદ કીધેલો દીન છે બીજા ધર્મોના પુસ્તકોમા ગમે તેવા શિક્ષણ–ગમે તેવી ક્રિયાઓ અને વિધિઓ અને નિયમોની આજ્ઞાઓ હોય– અત્યાર સુધી ગમે તેવી રીતે તેના અર્થ સમજવામા આવેલા હોય, હાલ તો એ સર્વના અર્થ ઈસ્લામી શિક્ષણોને મળતા કરવામા આવે છે જ્યારે ઈસ્લામ બીજાઓના કોઈ શિક્ષણ ઉપર કાંઈ ટીકા કરે છે ત્યારે જવાબ એમજ દેવામા આવે છે કે અમારામા પણ તેવુજ શિક્ષણ છે જેઓ એથી જુદુ સમજે છે તેઓ અજ્ઞાન છે એવી રીતે ઇસ્લામ પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે આખા–જહાનમા પોતાની બરકત ફેલાવતો જાય છે યુરોપમા પણ એજ સ્થિતિ છે ખ્રિસ્તી ધર્મ જેવી રીતે શીખવવામા આવેલો છે– તેમાથી લોકો કંટાળી ગયા છે અને તેઓએ પોતાના માટે નવો ધર્મ ઉભો કર્યો છે, જે તેઓના સ્વભાવે–બુદ્ધિએ સૂચવેલો હોઈ ઈસ્લામના સિદ્ધાંતોને મળતો છે માત્ર તેમનું મિથ્યા અભિમાન તેમને ઇસ્લામનો ખુલ્લો સ્વિકાર કરવા દેતુ નથી અબ્દુત્તવ્વાબની સાથે મરયમને પરણાવવા હુ

તૈયાર થયો તેનું કારણ માત્ર તેની મરદાઇ અને જાહેર રીતે મુસલમાન થવાની હીમત છે જે માણસને સત્ય દેખાય છે–તેને માને છે છતા તેને જાહેરમા કબુલવાની હીંમત કરતો નથી, તે માણસનુ ચરિત્ર ખીલતુ નથી

આહી સુશીલા પણ આવી ભળે છે

ધર્મવિલાસી—તમારૂ કહેવુ સત્ય છે અમને ઈસ્લામના સત્ય હોવા વિષે કાંઈ શકા રહી નથી અમે સહુ લગભગ મુસલમાન જેવાજ થઈ ગયા છીએ અમારો ફુરસતનો વખત અમે ઇસ્લામી સાહિત્યના વાચનમાજ ગાળીએ છીએ અને વિશ્વધર્મ મડળ દ્વારાએ સાહિત્યમાથી મેળવેલા સત્યો સામાન્ય લોકોમા પ્રચારવા ચાહીએ છીએ ઉદ્ધતરાયના સજોગો અમારાથી તદ્દન જુદા હતા–તે સ્વતત્ર હતો અમે સ્વતત્ર નથી અમને વ્યવહારની અનેક ઉપાધિઓ નડે છે મ્હારે મીસીઝ ધર્મવિલાસીની સાથે દરરોજ એજ કજીયા થાય છે તેણી દરરોજ એમજ કહે છે કે "આપણુ ઘર મુસલમાન થઈ ગયુ છે" કહેવાય વગોવાય છે જો અમારો ઉદ્દેશ વિશ્વધર્મ મડળ દ્વારા અન્ને કોમોમા સમજુતી ઉત્પન્ન કરી સત્ય પ્રસારવાનો હોત નહી તો અમે પણ ઉદ્ધતરાય જેવી સ્વતત્રતા અને હીંમત બતાવત કેમ ભાઈ ધર્માભિલાષી?

ધર્માભિલાષી—એમા શુ શક છે?

વિશ્વપ્રેમી—વળી મ્હારે કહેવુ જોઈએ કે મુસલમાનોમા મવલાના અને મુસીકીખાન જેવા ઉદાર વૃત્તિના અને દીર્ઘ દ્રષ્ટીના સમજદાર લોકો ઘણા થોડા છે તેમનામા ધર્માધપણું–જનુન વિશેશ છે અને આચરણ આકર્ષે એવા નથી એકજ માલિક, એકજ હાકેમ, પરવરદિગારને માનવુ,

તેનીજ સત્તાને સ્વિકારવી, હઝરત મોહમ્મદ સ૦ને તેના છેલ્લા અને સૌથી મ્હોટા પૈગમ્બર તરીકે કબુલવા–તેમના સદેશાને વિશ્વ સદેશ તરીકે આખા વિશ્વમા પ્રસારવો એમા કોઈને એ વાંધો હોઈ શકે નહી પરતુ મુસલમાનો આચાર વિચારે અને રહેણી કરણીએ જુદા હોઇ, લગાર જનુની હોઈ બીજાઓ તેમના નામથી ગભરાય છે મુસલમાન–જેનો અર્થ સલામતી ચહાનારો, સલામતી પ્રસારનારો થાય છે તે શબ્દ ગેર સમજુતીના કારણે એટલો બધો અપ્રિય થઈ પડયો છે અમારા મડળનો પ્રયાસ એવી ગેર સમજુતીઓ દૂર કરી એક બીજાને ખરા સ્વરૂપમા જોતા શીખવાડવાની દિશામા ચાલુ રાખવાનો છે

સુશીલા–મે જ્યારથી ઇસ્લામની–મુસલમાન શબ્દની ફીલોસોફી–અર્થ સાભળ્યા છે ત્યારથી તે પ્રતિની મ્હારા મનની ધિક્કારની લાગણી બદલાઈ ગઇ છે, અને મને મુસલમાન થવામા કે કહેવડાવવામા કશુ વાધા પડતુ લાગતુ નથી બલ્કે એ કહેવાવુ ઇચ્છુ છુ તો પણ જ્યારે એવો ખ્યાલ આવે છે કે મુસલમાન કેહેવાતા જતા મ્હારી ગણતરી નૂરિયાની નાતમા થશે ત્યારે મને અભાવો થાય છે

મવલાના—એ સર્વ મુસલમાનોની આર્થિક સ્થિતિ બદલાવવાનુ કારણ છે મુસલમાનોના હાથમાથી સત્તા જતા એ દશાએ પહોચ્યા છે ગરીબીના કારણે કેળવણી વગરના રહ્યા છે શુ કેળવાએલા અને સારી સ્થિતિના મુસલમાનોને મળ્યા પછી તમને એવો અભાવો થયો છે ?

સુશીલા—ના

મવલાના—ત્યારે દરેક ટોળામા કાળા ધોળા તો હોય

સુશીલા હસે છે અને શેખ અબ્દુરહેમાન તરફ ફરી કહે છે–"તમારી દયાની દાસ્તાન મેરીની જીભે સાભળી તમને મળવા અમે સહુ ઘણા ઉત્સુક હતા પ્રભુનો મ્હોટો ઉપકાર કે આ પ્રસગ પ્રાપ્ત થયો"

શેખ અબ્દુરરેહમાન—એ તમારી મીઠી નજર અને મહેરબાની છે બાકી હુ શુ અને મ્હારી દયા શી? બ્હેન! ખરી દયા અને કૃપા તો ખુદાની–જે માણસને કોઈપણ હક વિના પાળે છે, પોષે છે અને માન આપે છે તેનો રહેમ (દયા) ચારે તરફ પ્રસરેલો છે એ રહેમના બધા પ્રતિબિંબ છે એટલે એ સહુ ખુદાના રેહમનુ કારણ છે

સુશીલા—ખગીવાત છે ખુદાનો રહેમ ચારે તરફ પ્રસરેલો છે એની ના નથી, પણ એ રહેમમા રગાવવુ એ પણ નાની સુની વાત નથી હુ કોઈપણ રીતે તમારા ઉપર હુમલો કરવા માગતી નથી માત્ર સમજવા માગુ છુ એટલે પુછુ છુ કે જે માણુસ આવી રીતે રહેમની મુર્તિ સમો હોય તે માણસનો પ્રાણીઓના ગળા કાપતા જીવ કેમ ચાલતો હશે?

વિશ્વપ્રેમી—આ પ્રમાણેનો સીધો સવાલ આ પ્રસગે યોગ્ય નથી તુ સમજુ થઈ અત્યારે એ ચર્ચા શા માટે કરે છે? (શેખ અબ્દુરરેહમાનને) "હુ એની તરફથી માફી માગુ છુ"

સુશીલાથી કહેતા કહેવાઈ ગયુ પણ ઘણી શરમાઈ તેને તે શેખ અબ્દુરરેહમાનની જાત ઉપર ચોકખો હુમલો કર્યા જેવુ લાગ્યુ શેખ અબ્દુરરેહમાન તેની આ લાગણી સમજી ગયા તેથી તરત બોલ્યા—"નહીં ખુશીથી ચર્ચા

કરો આપણે મિત્રોમા ખુલ્લા મનની વાતચિતજ ઇચ્છિત હોય ”

વિશ્વપ્રેમી—એ અમારી જાતિના સસ્કારનુ કારણ છે એ વિષે અમારા લોકમા ઘણો મમત છે તેથીજ વારવાર એ વિષય તરી આવે છે મ્હારા ધારવા પ્રમાણે એકલી એજ વાત મુસ્લિમ અને હીદુ પ્રજા વચ્ચે કડવાશના કારણ રૂપ છે

શેખ અબ્દુરરેહમાન—એ હુ સારી પેઠે સમજુ છુ હુ દલીલો કરૂ તે કરતા એટલુજ કહેવુ પસદ કરૂ છુ કે અમારા ધર્મમા તેનો બાધ નથી

વિશ્વપ્રેમી—કોઇએ ધર્મમા બાધ હોય એ તો હુ માનતોજ નથી પણ ગમે તે કારણે હીદુઓમા એની વિરૂદ્ધ સખત લાગણી છે મુસલમાનો જો એ વિષયમા લગાર ઉદારતા બતાવે તો બન્ને કોમમા ઐકય સાધવાનુ કાર્ય ઘણુ સરળ થઈ પડે

શેખ અબ્દુરરેહમાન—હીદુ મુસ્લિમ ઐકય જેટલુ તમને પ્રિય છે તેટલુ અમને પણ પ્રિય છે પણ ખોટા સિદ્ધાતો ઉપર રચાએલુ ઐકય-સ્થાયિ હોતુ નથી તેનો પાયો કમજોર હોય છે અને તેથી ટુટી પડે છે

વિશ્વપ્રેમી—ખોટા સિદ્ધાતો ઉપર કેમ ?

શેખ અબ્દુરરેહમાન—માસાહાર અથવા પ્રાણી વધ મુસલમાની ધર્મમા હલાલ છે વળી તે મુસલમાનોનો મુખ્ય ખોરાક છે તેમનો પુરાતન કાળથી ચાલતો આવેલો હક છે, એ વિરૂદ્ધની જુબેશ એક બીજામા ગેર સમજુતીનુ કારણ ઉત્પન્ન કરે છે આ ગેર સમજુતી દેશના ઘણા અગત્યના સવાલોને અસર કરે છે, અને તેથી દેશનો વૃદ્ધિ

કરવાનો ઉદ્દેશ પાર પડતો નથી અને ઐકય કાયમ રહેતુ નથી

વિશ્વપ્રેમી—તમારૂ એ કહેવુ સત્ય છે પણ જો મુસલમાનો માત્ર ગાયના સબધમા ઉદારતા બતાવે—હીદુઓની લાગણીનુ માન જાળવે તો પછી કેવળ માસાહાર વિરૂદ્ધ જુબેશ ચાલુ રહે નહીં, અને ચાલુ રહે તો હીદુઓનો કોઈપણ સમજુ માણસ સાથી થાય નહીં વળી ગૌવધ અટકાવવાથી દેશની આર્થિક સ્થિતિ સુધરે, આબાદાની વધે અને અત્યારે આપણે જે ગરીબાઈ અને દુખ દરિદ્રતામા સબડયા કરીએ છીએ તે દુર થાય. આવી રીતે ગૌવધ પ્રતિબધ માત્ર ધર્મનોજ નહીં પણ દેશની આર્થિક સ્થિતિ સુધારવાનો સવાલ છે

શેખ અબ્દુર્રેહમાન—ગૌવધ પ્રતિબધથી દેશની આબાદાની વધે એ વ્યવ્હારીક દ્રષ્ટિએ જોતા મને તો ખરૂ લાગતુ નથી જો કે ગૌરક્ષાના હિમાયતી તેને ધાર્મિક ઉપરાત આર્થિક સવાલ ગણે છે પણ હુ સમજી શકયો નથી કે તે આર્થિક કેવી રીતે છે?

વિશ્વપ્રેમી—એતો ચોકખુ છે દેશનો આધાર ગાય અને તેની નસલ ઉપર છે જો ગૌવધ બધ થાય તો જાનવરોની સખ્યા વધે અને તેથી ખેતી વધે અને આબાદાની વધે

શેખ અબદુરરેહમાન—એમ કહેવુ સ્હેલુ છે પણ વ્યવહારિક રીતે ઘણુ કઠણુ છે જુઓ આજ કાલ વર્ષાદની તગીના કારણે ખડ ઘાસની ઘણી તગી છે ખડઘાસ વિના જાનવરો ટપોટપ મરે છે ખેડુઓને જાનવરો સભાળવા મુશ્કેલ થઈ પડયા છે ખેડુઓ ખડ ઘાસ નહીં હોવાથી તેમને રઝળતા મુકી દે છે, અને જાનવરો ભુખ્યા અને

તરસ્યા તલપી તલપીને મરે છે આવી રીતે મરણ પામેલા જાનવરો તદ્દન નકામા જાય છે જ્યારે વધ થવામા તે ખોરાક તરીકે કામમા આવી શકે છે વળી ખસુસ નકામા થઈ ગએલા જાનવરો, કામને લાયક જાનવરોના ખોરાકમાથી ભાગ પડાવે છે આથી નબળા જાનવરો કામમા આવતા નથી તેમ બળવાન અને તદુરસ્ત જાનવરો પુરતો ખોરાક નહી મળવાથી જોઇએ તેટલુ કામ આપી શકતા નથી આ શુ આર્થિક નુકસાન નથી ? માત્ર દયા ભાવની દ્રષ્ટિએ નહીં, વ્યવ્હારિક દ્રષ્ટિએ જોશો તો તમારે મ્હારી સાથે સમ્મત થવુ પડશે મ્હારો એ ધધો હોઈ મને એનો અનુભવ છે ઘણા ખેડુઓ જ્યારે ગાયો વેચવા મ્હારે ત્યા આવે છે ત્યારે ગાયો શા માટે વેચો છો એ સવાલના જવાબમા એમજ કહે છે કે આ હવે નક્કામી થઈ ગયેલી છે ન દૂધ દે છે ન વેતરને લાયક રહેલી છે જો હવે તેને રાખીએ તો મફત ખવડાવવુ પડે છે અમે અમારા કામના જાનવરો પાળીએ કે આ નક્કામા થઇ ગયેલાને પાળીએ ? તમે કહેશો કે માણસાઈ તેને પાળવામા છે હુ પણ એ કબુલ કરૂ છુ, પણ જે માણસ નકામુ એકે જાનવર રાખી શકે તેવી સ્થિતિમા ન હોય તે બીચારો શુ કરે ? તેના માટે શુ રસ્તો સૂચવો છો ? તમે કહેશો કે પાજરાપોળમા મોકલે બેશક પણ પાજરાપોળ એ પણ દેશનેજ બોજ છે કે બીજા કશાને ? એકઠા કરવામા આવેલા નક્કામા જાનવરો માટે વપરાતુ ખડ ઘાસ જો આવા વખતે પાજરાપોળ કામના જાનવરો માટે બચાવી શકે તો દેશને કેટલી મ્હાય મળે ? માટે જો આર્થિક સ્થિતિ વિષે કહેતા હો તો જાનવરોના વધમાજ

આર્થિક આબાદાની રહેલી છે જે જાનવરો નક્કામાં થઈ જાય તે નાહક બોજારૂપ ન થઈ પડે એટલા માટે ખોરાકના કામમા વપરાય અને તેમ થવાથી એટલા અનાજની બચત રહે એજ તેના ઠેકાણે પાડવાની ઉત્તમ રીત છે પ્રતિબધથી તો નક્કામા જાનવરો કામના જાનવરોનો ખોરાક ઓછો કરશે–પોતે તડપી તડપી મરશે અને બીજા તદુરસ્તને વહેલા મારશે અને મુરદાર થઈ કશાએ કામમા ન આવતા તદ્દન નક્કામા જશે માસાહારની છૂટથી આવો ભય રહેતો નથી, વળખા મારી જીવતા–હાડચામ એક થઈ ગયેલા–પશુ પખીઓના વાર વારના હુમલાઓથી ઝખમી થએલા–કાગડાઓ અને ચીલોની ચાચોના પ્રહારથી ખોતરાએલા–નોચાએલા માસના લટકતા લોચા અને ઉંડા ઉડા ઘાવાળા જાનવરો જે કયાક ક્યાક નજરે આવી આપણી દયાની લાગણી ઉશ્કેરે છે તેવા અનેક દ્રશ્યો એ પ્રતિબધથી ઠેક ઠેકાણે નજરે પડશે માટે આર્થિક નજરે અને દયાની નજરે એવો પ્રતિબધ ઉચિત નથી કુદરતે જાનવરોને પેદા કર્યા છે તે માણસના કામમા આવવા કાજેજ પેદા કર્યા છે તે પેદા થાય, મ્હોટા થાય, મજબુત અને તદુરસ્ત હોય ત્યાસુધી કામ કરે, કામ કરવા લાયક ન રહે ત્યારે ખોરાક બને એવો કુદરતે ક્રમજ બનાવ્યો છે આ ક્રમ વિરૂદ્ધ તમે જેટલા પ્રયત્ન કરશો તેટલા અફળ જવાના

સુશીલા—મને તો એ ક્રમથી કપારી છુટે છે આર્થિક લાભ હોય કે હાની હોય બીચારાઓને મારી તે ન ખાય? અને ખોરાક તરીકે કેમ ખવાય? મને માફ કરશો એ વિરૂદ્ધની જુંબેશ તો જ્યા સુધી ફળીભુત નહીં થાય ત્યાં

સુધી ચાલુજ રહેવાની અને એ ચાલુ રહે એમ હુ પણ ઇચ્છુ છુ જો કે વિશ્વપ્રેમી મ્હારા મતના નથી, તેઓ તમારા જેવો અભિપ્રાય ધરાવે છે, જે કેવળ તેમના સખત હૃદયનુ કારણ છે માણસનો મહિમા હૃદયની સખતાઇના કારણે નહી પણ દયાભાવના કારણે છે એ જીવ દયાનો સવાલ છે, જેના મનમા દયા નહીં એ માણસ નહીં

વિશ્વપ્રેમી—મે તને એકવાર સમજાવ્યું હતુ, છતાએ જીવ દયાનો સવાલ પાછો ઉપાડે છે ?

શેખ અબ્દુર્રેહમાન—આજ બાબત અમારાથી સમજી શકાતી નથી, કોઈ વાર તેને જીવ દયાનો સવાલ બતાવવામા આવે છે ત્યારે કોઇવાર તેને આર્થિક અને દેશની આબાદીનો સવાલ કહેવામા આવે છે, અને કોઈ વાર ધર્મના સામે વિરોધ કરવામા આવે છે આવી ઉલ્ટી સુલ્ટી દલીલો અમારા મનનું સમાધાન કરી શકતી નથી જો ધર્મની ખાતર એ જુબેશ હોય તો કોઈના તેવા ધર્મ વિશે મ્હારાથી કાંઈ બોલાય નહી પણ જો દેશની આબાદાની, સુખાકારી, આર્થિક સ્થિતિ અગર કરકસર અને ધનવૃદ્ધિના સિદ્ધાંત એ જુબેશ ચલાવાતી હોય તો એ સવાલમા અમારૂ હિત રહેલુ છે અને તેથી અમને પુરો બોલવાનો હક છે અને મને ખાત્રી છે કે તે મનાવવા તમારે વધારે સગીન પ્રયાસો કરવા જોઇશે

વિશ્વપ્રેમી—હુ તો એને ઉપલી વાતોમાની કોઇનોએ સવાલ માનતો નથી માત્ર રૂઢ થઈ ગએલી લાગણીનો સવાલ માનુ છુ બન્ને કોમોના હિત આ દેશમા સામાન્ય છે એ હિતની સાધના માટે જો મુસલમાનો એ લાગણીને

માન આપે તો અમારા લોકોનુ વલણ સારૂ નિવડે

શેખ અબ્દુરરેહમાન—કાઈ પણ દલીલ વિના માત્ર લાગણી અને મિત્રાચારીને માન આપવા ખાતરજ હોય તો મુસલમાનોને તેવુ માન રાખવામા કાઈ વાધો હોય નહી આ સર્વ તોફાન તો જાહેર જુબેશ અને અરસ પરસની દલીલોનું છે મિલનસારી અને મિત્રાચારી વડે લોકોને સમજાવવામા આવે તો ગૌવધ ઘણો ઓછો થાય પક્ષ તો જાહેર જુબેશથી બધાય છે તમે મેરીના સ્નેહી છો, તમે મેરીને અહી ઘણો આશ્રય આપ્યો છે આજે મેરીની શાદીનો પ્રસગ ખુદાએ મને દેખાડયો છે, તમારી લાગણી–ખસુસ બ્હેન સુશીલાની લાગણીને હુ માન આપવા માગુ છુ તેથી આ ખુશાલીમા હુ ગોવધ અટકાવવાની પહેલ કરૂ છુ જો ગૌવધ પ્રતિબધથી હીંદુ મુસ્લિમ પ્રજાઓમા ઐક્ય બધાતુ હોય–ગેર સમજુતીઓ દૂર થતી હોય તો હુ મ્હારો ગોવધનો ધધો બધ કરવાનું વચન આપુ છુ એટલુજ નહીં પણ જ્યા જ્યા મ્હારી લાગવગ હશે ત્યા પણ બધ કરાવવાની કોશીશ કરીશ જેઓ અમારા પાડોશી હોય–જેઓ અમારી સાથે સ્નેહ અને માયા મોહબતથી વર્તતા હોય તેમની લાગણી ન દુખાવવી એ અમારો મોહટો ધર્મ છે

સુશીલા—(ખુશીના આવેશમા બોલી ઉઠી) ધન્ય છે

વિશ્વપ્રેમી, ધર્મવિલાસી પણ “ શાબાશ શાબાશ ”ના પોકારો કરી ઉઠયા બીજાઓ જેમનુ ધ્યાન આ તરફ ન હતુ તેઓ આ પોકારથી આહી ખેચાઈ આવ્યા અને ચર્ચાથી વાકેફ થઈ હીંદુ મુસ્લિમ અઈકયના જયનાદ કરવા

મડી પડયા શેખ અબ્દુરરેહુમાને તેમને આટલા બધા ખુશી થએલા જોઇ ઉભા થઈ કહ્યુ –

ભાઈઓ ! મ્હારા ધર્મમા માસાહારની છુટ છે, ગૌવધની છુટ છે એ મુસલમાનોનો જન્મ સિદ્ધ, ધર્મ સિદ્ધ, કાળા કાળનો હુક છે એ હુકને કોઇ રીતે નુકસાન ન પહોચે એવી રીતે કાયમ રાખી કેવળ તમારી મિત્રાચારીની, તમારી લાગણીઓના માનની ખાતર હુ ગૌવધ તજુ છુ, અને ગૌરક્ષા અર્થે રૂપીયા પચાસ હજાર ફાળામા આપુ છુ પણ જુઓ ગૌવધ પ્રતિબધ વિષે રાજમા કે મ્યુનિસિપાલિટીમા કોઇ કાયદો પસાર કરાવવા પ્રયત્ન થશે તો હુ સ્પષ્ટ કહી દેવા માગુ છુ કે હુ તેવો કાયદો પસાર થવા દેવા વિરૂદ્ધ રહીશ કારણુ કે ,જે વસ્તુ મ્હારા ધર્મમા કાયદેસર અને હલાલ હોય તે વસ્તુને ગયર કાયદે અને હરામ ઠરાવવામા મ્હારાથી ભાગ લઈ શકાય નહીં હુ રૂપીયા પચાસ હજાર વિશ્વધર્મ મડળને આપુ છુ, કારણુ કે તેના મેમ્બરોની લાગણીનુ માન મને મજુર છે તે જેવી રીતે ચાહે તેવી રીતે મ્હારા ફાળાની રકમનો ઉપયોગ કરે પણ મ્હારા ઉપલા સિદ્ધાતને નજરમા રાખે.

વળી "શાબાશ" છે "ધન્ય છે"ના પોકારો થયા અબ્દુત્તવ્વાબ આ પોકારો સાભળી બગલામાથી બહાર દોડી આવ્યો સહુએ મુબારકબાદી આપી અબ્દુત્તવ્વાબ શેબ અબ્દુરરેહુમાનના આ કાર્યથી ઘણો ખુશ થયો. તેને એક પ્રકારે પ્રોત્સાહન મળ્યુ જોશમા આવ્યો અને રૂપીયા એક લાખ તે ફાળામા પોતાની તરફથી ઉમેર્યા લોકોમા જય જયકાર થઈ ગયો. વિશ્વપ્રેમી અને સુશીલા વિગેરે

ઘણા ખુશ થયા ઉદ્ધતરાયના મુસલમાન થઈ જવાથી વિશ્વધર્મ મંડળ ઘણુ વગોવાનું શરૂ થયું હતુ અને વિશ્વપ્રેમી અને તેના પક્ષકારો વિરૂદ્ધ સખત લાગણી ઉત્પન્ન થઈ હતી પણ ગૌરક્ષાનો આ ફાળો મેળવવાથી પોતાનો મોભો પાછો સંપાદન કરવાની આશા ઉભી થઈ ચતુરદાસ જે પોતાના શેઠના મુસલમાન થઈ જવાથી તથા મેરીની સાથે તેના પરણવાથી નાખુશ થએલો હતો અને ચિંતાગ્રસ્ત રેહતો હતો તે પણ અબ્દુતવ્વાબના આ પગલાથી કાંઈક ખુશ થયો સુધરેલા લોકો–ભણેલા ગણેલા લોકો ઉદ્ધતરાયના મુસલમાન થઈ જવાથી જાહેરમા જો કે કાંઈ બોલતા ન હતા પણ અંદર ખાનેથી ઘણા નારાજ હતા, તેઓ પણ અબ્દુત્તવ્વાબને ખરા જીગરની મુબારક બાદીઓ આપવા તુટી પડયા સુશીલા હરખમા સમાતી ન હતી કારણ કે ગૌરક્ષાનું નર્વમાન તેને સીર હતુ આ પ્રમાણે લોકો માંહોમાંહે ખુશાલી જાહેર કરી રહ્યા હતા તેવામા ગુલશનાબાદના નવ્વાબ પધાર્યા સર્વે જણાઓએ તેમના માન મરતબા મુજબ તેમનો સતકાર કર્યો નવાબ સાહેબ પણ આ હકીકત સાભળી ઘણા ખુશ થયા અને તેમણે શેખ અબ્દુરરેહમાન અને અબ્દુત્તવ્વાબને આ વિષે અભિનંદન આપ્યા

વિશ્વપ્રેમી, સહુ ગૌરક્ષાના હિમાતીઓ તરફથી અને ખસુસ સુશીલા તરફથી શેખ અબ્દુરરેહમાન અને અબ્દુત્તવ્વાબનો આભાર માનવા ઉભા થયા તેમણે કહ્યુ —

"હુઝુર નવ્વાબ સાહેબ, શેખ અબ્દુરરેહમાન સાહેબ, અબ્દુત્તવ્વાબ સાહેબ અને ગ્રહસ્થો !

મને મુસલમાની સાહિત્યનો ઘણો શોખ છે, એ કહે-

વાની ભાગ્યેજ જરૂર જોઉ છુ હીદુ મુસ્લિમ કોમના ઐક્ય કેમ સધાય, આખા વિશ્વમા સલાહ સપ અને ભ્રાતૃભાવ કેમ વધે એ વીષેનો હુ હમેશાનો અભ્યાસી છુ અને તેથી દરેક પ્રજાનુ બની શકે છે તેટલુ સાહિત્ય વાચતો રહુ છુ તેમની તવારીખથી માહિતગાર થઈ તેમના આશયો અને ઉદ્દેશો જાણી સામાન્ય તત્વો શોધી કાઢવા મથુ છુ દરેક પ્રજાના ઓછા વધતા અહવાલો મે વાચ્યા છે એમા જો મને વૃત્તિ અને વિશાળ દ્રષ્ટિના સિદ્ધાંતો ક્યાએ દેખાયા હોય તો તે ઇસ્લામમા છે મારો આ અભિપ્રાય ઘણાને રૂચશે નહી પણ મને ખાત્રી છે કે જેવી શુદ્ધ નેમથી હુ તેનો અભ્યાસ કરૂ છુ તેવી શુદ્ધ નેમ અને નિષ્ટાથી જો તેઓ તેનો અભ્યાસ કરશે તો ખચિત મ્હારા મતને મળતા થશે તેવી ઉદાર વૃત્તિ અને વિશાળ દ્રષ્ટિના નમુના આ શેખ અબ્દુરરેહનાન જેવાઓ તમારી સનમુખ બેઠા છે જે વિનય-રાયને આપણે ઉદ્ધતરાય કહેતા તે કોના સતસગથી એક દેવદૂત જેવો થઈ ગયો એ ઉપર વિચાર કરશો તો જણાશે કે એ પણ ઇસ્લામના શિક્ષણનો પ્રતાપ છે હુ એમ કહેવા માગતો નથી કે આપણે બધા મુસલમાન થઈ જઈએ ધર્મનો, દેશનો અને જાતનો જેટલો ગર્વ તમે ધરાવો છો તેટલો હુ પણ ધરાવુ છુ પણ સામાવાળામા જે ખુબીઓ અને ઉત્તમ ગુણો હોય તે કબુલતા તે ગર્વ અવરણ રૂપ ન થાય એટલુજ કરી શકીએ તો ઘણુ છે જુઓ ! આ ગુલશનાબાદના નવાબ સાહેબ ! તેઓએ પણ પોતાની હદમા ગૌવધ કેવળ આપણી લાગણીની ખાતર બધ કર્યો છે એ સર્વ શુ એમ સૂચવતા નથી કે મુસલમાનો આપણા મિત્ર

બની શકે છે, આપણા સાથી બની શકે છે, આપણા સુખ દુ ખમા ભાગ લઈ શકે છે? માત્ર આપણને મિત્ર બનાવતા આવડવુ જોઇએ બળથી જીતાતુ નથી, પ્રેમથી જીતાય છે શેખ અબ્દુરરેહમાન સાહેબ અને અબ્દુત્તવ્વાબ સાહેબ! મને એક ફારસી શાએરનુ એક પદ યાદ આવે છે તે કહે છે—

"દિલબદસ્ત આવુર કે હજ્જે અકબરસ્ત"

"દિલને જીતકે તે મ્હોટામા મ્હોટી હજ છે"

તમે બન્નેએ અમારા દિલને જીત્યા છે અને મ્હોટામા મ્હોટી હજ કર્યાનુ પુન્ય પ્રાપ્ત કર્યુ છે હુ તમને બન્નેને મ્હારા તરફથી, સુશીલા તરફથી અભિનદન આપુ છુ તમારા જેવાઓના ઉત્તમ દાખલાઓથી અમારી શુદ્ધ નિષ્ઠાઓ અને નિર્મળ પ્રેમથી આપણા દિલો સધાય અને સર્વ અશાતીની પ્રવૃત્તિઓ નાશ પામી વિશ્વપ્રેમમા સહુ ગઠાઈ એકત્ર થઈ વિશ્વપતિનો મહિમા સ્થપાય એવી પ્રાર્થના કરૂ છુ બોલો "અલ્લાહો અકબર" અને "વદેમાતરમ"

ગાંડી ડોશી.

સહુ "અલ્લાહો અકબર" અને "વદેમાતરમ"ના પોકારવડે મેળાવડાને ગજવી મુકે છે ગુલશનાબાદના નવાબ કાઈ બોલવાને ઉભા થયા છે પણ તેટલામા "હુરિયો–હુરિયો"ના મોહલ્લાના છોકરાના અવાજ કાને પડે છે સહુનુ ધ્યાન એ તરફ ખેચાય છે પચાસ પચાવન વરસની ગાડી જેવી ડોશી આગળ આગળ અને છોકરાઓનુ ટોળુ પાછળ પાછળ નજરે પડે છે

ચતુરદાસ ઘણાજ ધ્યાનથી તાકી તાકીને ડોશીની તરફ જુએ છે અને કાંઈ ગભરાતો હોય એમ દેખાય છે ડોશી કમ્પાઉન્ડમા દાખલ થાય છે કેટલાકો તેને ઘુસવા દેતા નથી પણ ડોશી ઝબરદસ્તી ઘુસી જાય છે, અને જ્યા વિશ્વપ્રેમી વિગેરેની ઠઠ જામી હતી ત્યા બેઠક પાસે ચાલી આવે છે, અને ક્યા છે એ કસાઈ? બતાવો મને કસાઈ, કહેતી ચોમેર બેબાકળી નજર ફેરવે છે ચતુરદાસ, "આ વળી અહી ક્યાથી આવી?" ગભરાઈ બોલી ઉઠે છે અબ્દુત્તવ્વાબ ઉભો થઈ જાય છે, ક્યા છે એ કસાઈ? બતાવો મને એ કસાઈની બુમોથી શેખ અબ્દુરરેહમાનના હોશ ઉડી જાય છે તેમને ભય થાય છે કે આ નવી આફત શું હશે? તે મને શામાટે શોધતી હશે? તેઓ લગાર સ્વસ્થ થઈ કહે છે "શુ છે માઈ? આ રહ્યો કસાઈ"

એટલામા ડોશી અબ્દુત્તવ્વાબની પાસે પહોચી જાય છે અને તેની પીછોડી પકડી ધ્રુજતી ધ્રુજતી "લાવ મ્હારૂ બાળક, હમણાને હમણા લઈશ,' કહે છે ચતુરદાસ તેને છોડવવા જાય છે ડોશી તેના અગરખાની ચાળ પકડી લે છે અને કહે છે "તુ તો મ્હોટો ચોર છે, આજે નહી મુકુ" ચતુરદાસ ચાળ છોડવવા પ્રયત્ન કરે છે અને "કાઢો ગાડીને કાઢો ગાડીને' બુમો મારે છે અબ્દુત્તવ્વાબ સ્તબ્ધ પુતળા જેવો બની જાય છે, શેખ અબ્દુરરેહમાન અને બીજાઓ તેને ગાડી સમજી ખસેડવા જાય છે ડોશી સહુને ઘુરકાવે છે, નૂરિયો આવી અબ્દુત્તવ્વાબને અને ચતુરદાસને છોડાવી ડોશીને ખેચવા માડે છે, 'નિકલ દીવાની' કહી ધમકાવે છે ડોશી એ બન્નેને મુકી દે છે અને સહુ તરફ જોઈને કહે

છે "ભાઈઓ! આ લુચ્ચાઓ કહે છે તેમ હુ ગાડી કે દીવાની નથી હુ એમની પાસે મ્હારો ન્યાય માગવા આવી છુ જો તમે પણ ગાડી કહી કાઢશો તો મ્હારો શ્રાપ તમને બેસશે"

શેખ અબ્દુરરેહમાન—નહી માઈ! શુ ન્યાય માગવા આવી છે તે કહે

ચતુરદાસ—મ્હારા સાહેબ! તમે પણ ગાડાને જોઈને ગાડા થાઓ છો? ન્યાય શુ અને વાત શુ? એતો એનો લવારો છે ઝટ કાઢો એને

અબ્દુત્તવ્વાબ—નહી ચતુરદાસ, એ નહી બને, ન્યાય આપવો પડશે

ચતુરદાસ—સાહેબ! આપની મતિ કયા છે?

અબ્દુત્તવ્વાબ—મ્હારી મતિ ઠેકાણે છે, ત્હારી મતિ બ્હેર મારી ગઈ છે

તરતજ અબ્દુત્તવ્વાબ ડોશીનો પાસે જાય છે અને 'કાકી' કહી સબોધે છે સહુ વિસ્મય પામે છે ડોશી 'દુર હટ પાપી' કહી ડોળા કાઢે છે શેખ અબ્દુરરેહમાન અને મેહમાનો કાઈ ન સમજી શકવાથી હૈરત પામે છે મીસ મેરી ત્યા દોડી આવે છે ડોશીને જોઈ તેના મનમા રહેમ આવે છે શેખ અબ્દુરરેહમાન અબ્દુત્તવ્વાબને પુછે છે—"આ શુ છે? કોણ છે"

ચતુરદાસ ત્યાથી ચાલતો થવા ઉભો થાય છે ડોશી કહે છે "જો ન્યાય આપવો હોય તો એને જવા દેશો નહી"

અબ્દુત્તવ્વાબ તેને હાજર રહેવા હુકમ કરે છે અને શેખ અબ્દુરરેહમાનને કહે છે—"તે મ્હારી કાકી છે આજ

પચીસ વર્ષથી ગાડી થઇ ગઈ છે 'લાવ મ્હારૂ બાળક' 'લાવ મ્હારૂ બાળક' તેની ઘેલછા છે એની કહાણી અતિ દુઃખ ભરી છે હૂ શુ કહુ અને કેવી રીતે કહુ ? હાલતો તે વિદાય થાય તો સારૂ"

ડોશી—એ જુઠો છે હુ ગાડી નથી મને ગાડી જાહેર કરવામા આવી છે હુ એમ વિદાય થવાની નથી

ચતુરદાસ—સાર વિનાની વાતમા શુ માથા ફોડી માડી છે? એને જલદી કાઢો

વિશ્વપ્રેમી—બાપડીની વાત તો સાભળો, એ ગાડી હશે પણ હાલતો ડાહી જેવી વાત કરે છે

સુશીલા—ચતુરદાસ! આટલા બધા કઠોર શુ બનો છો? બાપડી કેટલી બધી દુઃખી દેખાય છે ઉદ્ધતરાયની ગાડી કાકી કહેવાતી તે આજને

ડોશી—હા, હુ એજ અભાગણી છુ જુઓ આ ચતુરીયાએ અને એના શેઠે મને અભાગણી બનાવી છે

સર્વ શાત થવા તેને કહે છે ચતુરદાસ મુઝાતો ગભરાતો ચુપ રહે છે

અબ્દુલ્લાખાન—કાકી કહો જે કહેવુ હોય તે કહો હુ પહેલાનો ઉદ્ધતરાય નથી જે કહેશો તે પ્રાયશ્ચિત કરીશ

ડોશી—ન્યાય કરજો પક્ષપાત ન કરજો હુ એની કાકી છુ મને ઓળખનારા ઘણા આ શહેરમા બાકી હશે હુ ભર જુવાનીમા વિધવા થઈ, ત્રણ વર્ષ તો એ અવસ્થામા ગાળ્યા. મ્હારા કમનશીએ મનોહરરાય જે જગમોહનરાયના મુનીમ હતા અને તેના હાથ નીચે આ ચતુરીયો મહેતો હતો, તેમની સાથે મ્હારો સબધ થયો. હુ પુનર્લગ્ન કરવા

ચાહતી હતી પણ આના બાપ જગમોહનરાયે ઘરની આબરૂ જાય કહી તે થવા દીધા નહીં મ્હારો અને મનોહરરાયનો પુરો જીવ મળ્યો હતો એટલે અમે દેવતાઓની શાહેદીથી લગ્ન કર્યા મને તેમનું શ્રીમત રહ્યું જગમોહનરાયને ખબર પડયા તેઓ ઘણા ગુસ્સે થયા, મનોહરરાયને નોકરીમાથી યુક્તિસર બાતલ કર્યા અને મ્હારા ઉપર સખત પહેરો ગ ાવી ગર્ભપાત ક ાવવાના પ્રયત્ન આદર્યા પણ હુ સાવધાન થઈ ચુકી હતી. મને બચાવતી રહી બાળક અવતરવાનો વખત નજીક આવ્યો, ત્યારે મનોહરરાય ગુજરી ગયા મને પુત્રિ અવતરી, જગમોહનરાયને આ ખબર પડયા કોઈને પણ ખબર પડવા ન પામે તેવો જાપ્તો રખાવ્યો બે ત્રણ દહાડા થયા ત્યારે જગમોહનરાય આવ્યા અને મ્હાગ ઉપર ઘણા ગુસ્સે થયા કુળ લજ્જાનુ શુર ચઢયું રાતનો વખત હતો "બાળક બાર ઉછેરાશે–ઘરમા નહી" કહી મ્હારી પાસેથી બાળક છીનવી લીધુ હુ ઘણી અશક્ત હતી મ્હારી પાસે તેમની પગારદાર નર્સ વિના બીજુ કોઈ મ્હારો પક્ષ તાણે તેવુ હતુ નહીં મ્હારા સગાઓમાનુએ કોઇ મળે નહીં એટલે મ્હારૂ કશું ચાલ્યું નહીં આ ઉદ્ધતરાય તે વખતે પદર સોળ વર્ષનો હશે અને આ ચતુરીઓ નવો મુનીમ બન્યો હતો પહેલા ચતુરીયાને બાળક સોપ્યું અને કહ્યુ કે–"એનો બારોબાર બદોબસ્ત કર" ચતુરીઆએ કહ્યુ કે–"એધાણુ માટે ઉદ્ધતરાય મ્હારી સાથે જોઇએ" શેઠે કહ્યુ –"એ બચ્ચુ છે વાત છુપાવી શકશે નહી માટે તુ એકલો બદોબસ્ત કર" તેણે કહ્યુ –"તમારૂ અગત માણસ હોય તોજ

બને" એટલે શેઠે ઉદ્ધતરાયને બોલાવ્યો અને બાળક બન્નેને સોંપ્યુ અને મને બાળક વિષે શબ્દ ઉચ્ચારવાની મનાઈ કીધી પણ મ્હારાથી બાળકનો વિયોગ સહેવાયો નહીં મને તેની ઝખના લાગી. "લાવ મ્હારૂ બાળક, લાવ મ્હારૂ બાળક"ની જકે ચઢી શેઠ ગભરાયા, મને ઘણા સમજાવે, ફોસલાવે, પણ હુ માનુ નહીં તેઓ મ્હારી પાસે કોઈને આવવા દે નહીં માત્ર ડાકટર આવતો ત્યારે તે સાથે આવતા અને જ્યારે હુ કાંઈ કહેવા જતી ત્યારે મને ઘેલછા વળગ્યાનુ કહેતા છેવટે તેઓએ ડાકટરનુ સર્ટીફીકેટ લઈ મને ગાડી ઠરાવી અને ગાડાઓની ઇસ્પીતાલમા મોકલી દીધી, આહી મે મ્હારી જીદગી ગાડામા જણાઈ ગાળી ડોકટરને શેઠ તરફથી પગાર હતો એટલે તે મ્હારી પાસે કોઇને આવવા દેતો નહી અને મ્હારી વાત સાભળતો નહી કોઈ ભોગ જોગે મ્હારી પાસે આવી ચઢતુ અને હુ મ્હારી હકીકત કહેતી ત્યારે તે મને ગાડીજ સમજી ચાલ્યુ જતુ શેઠના મરવા પછી તેમનો વિશ્વાસુ ડોકટર પણ મર્ણ પામ્યો નવો ડોકટર ભેદની હકીકત જાણતો ન હતો એટલે તે મ્હારી ઉપર એટલો સખ્ત નહોતો! ઈસ્પીતાલના નોકરોની માહો માહેની ચર્ચા ઉપરથી હુ શેઠ જગમોહનરાયના મરણની હકીકતથી, ઉદ્ધતરાયના પકડાવા, બચી જવા અને મુસલમાન થઈ જવાની હકીકતથી વાકેફ થઈ તેની શાદી થયાનુ મે રાત્રે સાભળ્યું અને સાજની પાર્ટીની હકીકત પણ સાભળી. ઇસ્પીતાલ પાસે છે કોણ જાણે મને શુ સુઝયુ કે લાગ જોઈ આહી દોડી આવી, હુ બીજુ કાંઈ નહીં પણ મ્હારૂ બાળક માગુ છુ "

એટલામા ઇસ્પીતાલના નોકરો પણ ડોશીને શોધતા આવી પહોચ્યા સહુએ તેમને "ડોશી ગાડી નથી અને શાંત છે" કહી તેને પકડી જતા વાર્યા

વિશ્વપ્રેમી–(અબ્દુત્તવ્વાબને) શુ આ હકીકત ખરી છે?

અબ્દુત્તવ્વાબ—અક્ષરે અક્ષર ખરી છે

ચતુરદાસ—શુ ખરી છે? ગાડીની વાતનો તે ભરોસો હોય?

અબ્દુત્તવ્વાબ—પાપ પકડાયા પછી પણ પશ્ચાતાપ ન કરવો એ કેવળ મૂર્ખાઈ છે ભાઇઓ! બાળકના વિયોગમા હુ એને ખરેખર ગાડી થઇ ગએલી સમજતો હતો હુ આજે એને લગભગ બાવીસ ત્રેવીસ વર્ષે મળુ છુ ગાડી થઇ ગએલી કાકી ગાડાની ઇસ્પીતાલમા છે એટલુ માત્ર જાણતો હતો પણ હવે મ્હારે એને એનુ બાળક આપવુ ક્યાથી? એના બદલામા જે માગે તે આપુ જો કહે તો પ્રાણ કાઢી આપુ પણ બાળક આપી શકાય તેવી સ્થિતિમા નથી

સુશીલા—શુ તે બાળક મરી ગયુ?

અબ્દુત્તવ્વાબ—તે હુ કહી શકતો નથી મોટા શેઠે મને અને ચતુરદાસને તે બાળક ઠેકાણે પાડવા આપ્યું અમે રાતે દશ બજે મોટરમા નીકળ્યા મોટર હુન્નરપુરની સીધી સડકે હાકી ચાર વાગ્યા સુધી મોટર હકારે ગયા પણ કોઇ જગ્યા બાળક મુકવા જેવી જણાઈ નહીં બાળક કયા મુકવુ તે સુઝયુ નહીં. સવાર પડશે તો પકડાશુ ના ભયથી બાળકને ભર જગલમા એક વાવની અદર મુકી દીધુ અને અમે પાછા નાશી આવ્યા. હુન્નરપુરના જગલ-

માની વાવનુ નામ સાભળતા શેખ અબ્દુરરેહમાન ચમકયા "ઓ ખુદા ? તારી કુદરત" બોલી ઉઠયા મેરી આ સર્વ હકીકત અધીરા જીવે સાભળતી હતી તે પણ ચમકી તેણીએ ડોશી તરફ આશ્ચર્ય અને અધીરાઈ મિશ્રીત નજરે જોયુ તેના હૃદયમા પ્રેમ અને મોહબતનો ઝરો ઉભરી આવ્યો ઓ મ્હારી મા ઓ મ્હારી મા તેના મુખમાથી નીકળતા નીકળતા રહી ગયુ

અબ્દુત્તવ્વાબે આગળ ચલાવ્યુ—"તે વાવમા તેની શી દશા થઈ હશે તે હવે મ્હારાથી કેવી રીતે કહી શકાય ?"

શેખ અબ્દુરરેહમાને સ્વસ્થ થઇ પુછ્યુ—"તે બાળકની કાઇ નીશાની–કાઇ એંધાણી આપી શકો છો ?"

ડોશી—તેના ગળામા કાળા દોરામા પરોવેલો વાઘ નખ પહેરાવેલો હતો !

શેખ અબ્દુરરેહમાન—ઓ રહીમ પરવરદિગાર ! ઓ કરીમ પરવરદિગાર ! તારી કુદરતના નિસાર "માઈ (મેરીનો હાથ પકડી) લો આ તમારી પુત્રી"

આખો જલસો સ્તબ્ધ બની ગયો મેરી મોહબતના જોશમા ડોશીને વળગી પડી ડોશી ખરેખર ગાડા જેવી થઈ ગઈ ડોશી અને મેરી એક બીજાની બાથમા ઘણીવાર સુધી અશ્રુપાત કરતા રહ્યા શેખ અબ્દુરરેહમાને મેરી મળ્યાનો સર્વ કિસ્સો કહી સભળાવ્યો કુદરતની કૃતિ કેવી ન્યારી છે એનુ સહુને ભાન થયુ

અબ્દુત્તવ્વાબ તો આભોજ થઈ ગયો જેને પોતે પરણ્યો છે તે તેનાજ હાથથી વાવ વરૂના મોહમા મુકાએલુ નિર્દોષ બાળક હતુ જાણી અબ્દુત્તવ્વાબના આશ્ચર્યનો પાર

રહ્યો નહીં ડોશી હર્ષ ઘેલી બની ગઈ ઘણા વખત સુધી મેરીને માથે હાથ ફેરવતી રહી તેણે શેખ અબ્દુરરહેમાનના ઓવારણા લીધા અને ઘણી આશીશો દીધી

અબ્દુત્તવ્વાબ ડોશીને ચરણે પડયો ડોશીએ બેટા કહીને સંબોધ્યો સુશીલા વિગેરે ઘણા ખુશ થયા ચતુરદાસને નિગત વગી સર્વ જલસામા હર્ષ અને હર્ષ પ્રસરી રહ્યો મવલાના મુગીકીખાન અને શેખ અબ્દુર્રેહમાન ખુદાના શુકરાના બજાવી લાગ્યા સહુ એકે અવાજે **“અલ્લાહો અકબર”** પુકારી ઉઠયા અને આ નવા જોડાની સલામતીની સાથે વિદાય થયા

પ્રિય વાચકો ! કલ્પનાપુરી ઉપર પરદો પડે છે અંધકાર છવાઈ જાય છે એ અંધકારમા માત્ર “ આશા ’ શબ્દ લખાએલો દેખાય છે

“ વસ્સલામો અલામનિત્તબે અલ હોદા. ”

ઉપદેશના સન્માર્ગના પંથીને સલામતી હોજો

સમાપ્ત.

આ પુસ્તક નીચલા સ્થળોએ મળશે.

સોલ એજન્ટ

અમીર હસન નિઝામી પાચપટી-અમદાવાદ.

સબ એજન્ટસ

નિઝામીયા બુક ડિપો. ત્રણ દરવાજા-અમદાવાદ.

મી. બદરૂદ્દીન હુસેનુદ્દીન નિઝામી
ત્રણ દરવાજા—અમદાવાદ.

અલીમોહમદ અબદુલ્લા મોતીવાલા
ઝવેરી બજાર ધર્મના કાટા સામે-મુંબઇ.

એમ. એચ અલ્લુ ના ૩૭૬ સી સુરતી બજાર-રંગુન

એમ. ઇ. ઓ કુરેશી ના ૧૬૮ પ્રીન્સલુ સ્ટ્રીટ
પ્રીટોરીઆ-(ટ્રાસવાલ)

એ આર સુલેમાનજી
પી ઓ બોકસ ૯૫ લોરેન્સો મારકવીસ
(ડેલાગોઆબે) પી ઈ આફ્રીકા

અબદુલ ગફાર પ્રાઇવેટ ટીચર
ના ૨૩૦, ગ્રે સ્ટ્રીટ ડરબન—(નાટાલ)

શાહેનજાત ઑફીસ-ભાવનગર